## ☆ દીની સાહિત્યનો પ્રચાર કરો ! ☆

આ સાહિત્યનો યુગ છે, વિશ્વમાં દરેક બાતિલ મઝહબવાળા પોતાના સાહિત્યના જોરે પ્રસિધ્ધિ મેળવવા તનતોડ કોશિશ કરી રહ્યા છે. વિશ્વની વિવિધ ભાષાઓમાં ગુમરાહ જમાઅતોની કિતાબો ફેલાઈને દીની અજ્ઞાનતા ધરાવનારા નવયુવાનોનાં માઈન્ડ વોશ કરીને તેમને પોતાની જમાઅતની ચુંગાલમાં ફસાવી રહી છે.

એવા નાઝુક દૌરમાં દરેક સુન્ની મુસલમાનની ફરજ બને છે કે **મઝહબે હક્ક અહલે સુન્નત** યાને **મસ્લકે આ'લા હઝરત**ના સાહિત્યનો ભરપુર પ્રચાર કરે. ઘરે ઘર દીની કિતાબોને પહોંચાડવા માટે સુન્ની નવયુવાનો, વડીલો કામે લાગી જાય અને આપણી આ સંસ્થાને મજબૂત કરે જેથી ઉર્દૂ ભાષાની ઉચ્ચ આલિમોની લખેલી કિતાબો વધુને વધુ લોકો સુધી પહોંચે અને ઈમાન તથા અમલ પુખ્તા બને. એ માટે શું કરશો ?

★ **૧૫૦ રૂા. M.O. કરીને આ સંસ્થાના સભ્ય બનો.**

★ **તથા લિલ્લાહ, ઝકાત, સદકા, નિયાઝની રકમો વગેરે મોકલી સહાય કરો.**

# ★ અમારા તદ્દન નવા પ્રકાશનો ★

## ૧. કુર્આન એક ઝિંદા મો'જિઝો

(૪૮૮ પેજીસ) **(કિંમત : ૫૦ રૂા.)**

**લેખક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યુનુસ મિસ્બાહી**

જેમાં ચારેય આસ્માની કિતાબોની વિગતે ચર્ચા કરવામાં આવી છે. આગલી કિતાબોમાં હેરફેર કરવામાં આવી છે તેની સાબિતી તથા કુર્આનની હક્કાનિયતને સાબિત કરવામાં આવી છે. ઉપરાંત કુર્આનની ફઝીલત તેની સૂરતોની ફઝીલત પર ઈમાન અફરોઝ ચર્ચા દર્શાવી છે.

## ૨. ઈસ્લામ અને વિશ્વશાંતિ

(૩૫૨ પેજીસ) **(કિંમત : ૫૦ રૂા.)**

**લેખક : હઝરત અલ્લામા બદરુલ કાદરી મિસ્બાહી (હાલ હોલેન્ડ)**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

વિશ્વની ઈસ્લામ વિરોધી તાકતો ઈસ્લામના ખરા ચહેરાને બેડોળ કરીને ઈસ્લામના ન્યાયિક કાનૂનોને વિકૃત કરીને દુનિયા સમક્ષ ગલત પ્રચાર કરીને ઈસ્લામને નીચો પાડવા પ્રયત્નો કરે છે તેવા દૌરમાં ઈસ્લામની હક્કાનિયત તથા ઉચ્ચતાને રજુ કરતી કિતાબ આજે જ મંગાવો !

## ૩. રહનુમાએ હક્ક (૩૫૦ પેજીસ)

**લેખક : હઝરત અલ્લામા મૌલાના અબુલ કલામ રઝવી**
**અનુવાદક : જનાબ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી**
**(કિંમત : ૫૦ રૂા.)**

તમામ બાતિલ ફિર્કાઓની પેહચાન કરાવતી કિતાબ જરૂરથી મંગાવો.

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)

(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

# ★ આજે જ મંગાવો ! ★

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા **મૌલાના યુનૂસ મિસ્બાહી સાહબ**ની લખેલ અણમોલ કિતાબો તમારા ઘરોમાં વસાવો, મા બહેનોને વંચાવો, દુલ્હનોને ભેટ રૂપે આપો ! જેમાં જીવન જરૂરી દીની જ્ઞાનનો ખજાનો છે તે કિતાબો આજે જ મંગાવો !

| | |
|---|---|
| **તોહફાએ નજાત (ભાગ–૨) ૨૦ રૂા.** | **તોહફાએ નજાત (ભાગ–૬) ૫૦ રૂા.** |
| **તોહફાએ નજાત (ભાગ–૩) ૨૫ રૂા.** | **તોહફાએ નજાત (ભાગ–૭) ૫૦ રૂા.** |
| **તોહફાએ નજાત (ભાગ–૫) ૫૦ રૂા.** | |

**તે ઉપરાંત.........**

**સલ્તનતે મુસ્તફા** ૨૦.૦૦ રૂા.
લેખક : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**રહમતે ખુદા બવસીલાએ ઔલિયા** ૨૦.૦૦ રૂા.
લેખક : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

***તેમજ દિલોમાં ઈન્કિલાબ પેદા કરનારી કિતાબ....***

**ખુત્બાતે નૂરી (હિસ્સા–૧)**
મૌલાના મોહંમદ શાકિર રઝવી સાહબનાં બયાનો ગુજરાતી લિપિમાં ૨૦.૦૦ રૂા.

**સ્ત્રી પુરૂષ ઈસ્લામી રોશનીમાં** ૧૫.૦૦ રૂા.
**રૂહાની હિકાયતો (ભાગ–૧)** ૨૦.૦૦ રૂા.
**ઈમામ અહમદ રઝા વિશ્વના વિદ્વાનોની દ્રષ્ટિએ** ૨૫.૦૦ રૂા.
**ઝિના ગુનાહે કબીરા** ૫.૦૦ રૂા.
**અકાઈદે ઉલમાએ દેવબંદ** ૫.૦૦ રૂા.
**અરબીમાં જુમ્આ તથા ઈદના ખુત્બાની કિતાબ** ૨૦.૦૦ રૂા.

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)

(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

(૪૮૮ પેજીસ) **(કિંમત : ૫૦ રૂા.)**

**લેખક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યુનુસ મિસ્બાહી**

જેમાં ચારેય આસ્માની કિતાબોની વિગતે ચર્ચા કરવામાં આવી છે. આગલી કિતાબોમાં હેરફેર કરવામાં આવી છે તેની સાબિતી તથા કુર્આનની હક્કાનિયતને સાબિત કરવામાં આવી છે. ઉપરાંત કુર્આનની ફઝીલત તેની સૂરતોની ફઝીલત પર ઈમાન અફરોઝ ચર્ચા દર્શાવી છે.

(૩૫૨ પેજીસ) **(કિંમત : ૫૦ રૂા.)**

**લેખક : હઝરત અલ્લામા બદરુલ કાદરી મિસ્બાહી (હાલ હોલેન્ડ)**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

વિશ્વની ઈસ્લામ વિરોધી તાકતો ઈસ્લામના ખરા ચહેરાને બેડોળ કરીને ઈસ્લામના ન્યાયિક કાનૂનોને વિકૃત કરીને દુનિયા સમક્ષ ગલત પ્રચાર કરીને ઈસ્લામને નીચો પાડવા પ્રયત્નો કરે છે તેવા દૌરમાં ઈસ્લામની હક્કાનિયત તથા ઉચ્ચતાને રજુ કરતી કિતાબ આજે જ મંગાવો !

**લેખક : હઝરત અલ્લામા મૌલાના અબુલ કલામ રઝવી**
**અનુવાદક : જનાબ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી**
**(કિંમત : ૫૦ રૂા.)**

તમામ બાતિલ ફિર્કાઓની પેહચાન કરાવતી કિતાબ જરૂરથી મંગાવો.

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા **મૌલાના યુનૂસ મિસ્બાહી સાહબ**ની લખેલ અણમોલ કિતાબો તમારા ઘરોમાં વસાવો, મા બહેનોને વંચાવો, દુલ્હનોને ભેટ રૂપે આપો ! જેમાં જીવન જરૂરી દીની જ્ઞાનનો ખજાનો છે તે કિતાબો આજે જ મંગાવો !

| | |
|---|---|
| **તોહફાએ નજાત (ભાગ-૨) ૨૦ રૂા.** | **તોહફાએ નજાત (ભાગ-૬) ૫૦ રૂા.** |
| **તોહફાએ નજાત (ભાગ-૩) ૨૫ રૂા.** | **તોહફાએ નજાત (ભાગ-૭) ૫૦ રૂા.** |
| **તોહફાએ નજાત (ભાગ-૫) ૫૦ રૂા.** | |

લેખક : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

લેખક : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

| | |
|---|---|
| **ખુત્બાતે નૂરી (હિસ્સા-૧)** | |
| મૌલાના મોહંમદ શાકિર રઝવી સાહબનાં બયાનો ગુજરાતી લિપિમાં | ૨૦.૦૦ રૂા. |
| **સ્ત્રી પુરૂષ ઈસ્લામી રોશનીમાં** | ૧૫.૦૦ રૂા. |
| **રૂહાની હિકાયતો (ભાગ-૧)** | ૨૦.૦૦ રૂા. |
| **ઈમામ અહમદ રઝા વિશ્વના વિદ્વાનોની દ્રષ્ટિએ** | ૨૫.૦૦ રૂા. |
| **ઝિના ગુનાહે કબીરા** | ૫.૦૦ રૂા. |
| **અકાઈદે ઉલમાએ દેવબંદ** | ૫.૦૦ રૂા. |
| **અરબીમાં જુમ્આ તથા ઈદના ખુત્બાની કિતાબ** | ૨૦.૦૦ રૂા. |

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)

## ★ અમારા તદ્દન નવા પ્રકાશનો ★

૧. કુર્આન એક ઝિંદા મો'જિઝો

૨. ઈસ્લામ અને વિશ્વશાંતિ

૩. રહનુમાએ હક્ક (૩૫૦ પેજીસ)

(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

## ★ આજે જ મંગાવો ! ★

તે ઉપરાંત.........

| | |
|---|---|
| સલ્તનતે મુસ્તફા | ૨૦.૦૦ રૂા. |
| રહમતે ખુદા બવસીલાએ ઔલિયા | ૨૦.૦૦ રૂા. |

*તેમજ દિલોમાં ઈન્કિલાબ પેદા કરનારી કિતાબ....*

(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

# ★ અનુક્રમણિકા ★


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | બે બોલ | ૧ |
| ૨ | એક ભ્રામક ખયાલ | ૨ |
| ૩ | તાઝીમે નબીને શિર્ક કહેનારની આ વાત પણ સાંભળો ! | ૩ |
| ૪ | મૌદૂદી વિશે કેટલાંક મંતવ્યો | ૪ |
| ૫ | પ્રારંભિક વાત | ૯ |
| ૬ | મૌદૂદિયત પર એક નજર—મૌદૂદી સાહબના ઈલ્મની પહોંચ | ૨૦ |
| ૭ | હદીષથી અજ્ઞાનતા | ૨૩ |
| ૮ | ઘરનો ભેદી લંકા બાળે ! | ૨૭ |
| ૯ | ડો. અબ્દુલ વદૂદની રાય | ૨૭ |
| ૧૦ | ઘર ફૂટે ઘર જાય ! | ૩૦ |
| ૧૧ | મૌલાના મોદૂદી કારી અબ્દુલહમીદ દેવબંદીની નજરમાં | ૩૮ |
| ૧૨ | કૌષર નિયાઝીના પત્ર અને રાજીનામાનું ઉડતી નજરે અવલોકન | ૩૯ |
| ૧૩ | દાવા તથા અમલમાં વિરોધાભાસ ! | ૪૨ |
| ૧૪ | કારી અબ્દુલહમીદનો રિવ્યૂ | ૪૪ |
| ૧૫ | મૌદૂદી સાહબની "મૈં" | ૪૪ |
| ૧૬ | બુખારી શરીફની ટીકા | ૪૬ |
| ૧૭ | હદીષોને "કહાની" માનનાર મૌદૂદી | ૪૭ |
| ૧૮ | કાણા દજ્જાલ વિશે મૌદૂદીનું મંતવ્ય | ૪૮ |
| ૧૯ | હદીષો પર અવિશ્વાસ | ૪૮ |
| ૨૦ | મુજદ્દિદોની બારગાહમાં તૌહીન | ૫૦ |
| ૨૧ | મુજદ્દિદની વ્યાખ્યા | ૫૩ |
| ૨૨ | ઈમામ મેહદીનું આગમન અને મૌદૂદી | ૫૭ |
| ૨૩ | પૂર્વજ બુઝુર્ગ અને મૌદૂદી | ૬૧ |
| ૨૪ | રસૂલ, સહાબી તથા પૂર્વજ બુઝુર્ગોની પૈરવી મૌદૂદીની નજરમાં | ૬૨ |
| ૨૫ | મુજદ્દિદ અલ્ફેષાની તથા અન્ય બુઝુર્ગોની તૌહીન | ૬૩ |
| ૨૬ | સુન્નત પ્રમાણે દાઢી અને મૌદૂદી | ૬૬ |
| ૨૭ | યૂરોપની તારીફમાં ઝમીરનો અવાજ કે ડોલરનો ! | ૭૦ |
| ૨૮ | મૌદૂદીના રંગ અનેક ! | ૭૪ |
| ૨૯ | જમાઅતે ઈસ્લામી શું છે ? | ૭૬ |
| ૩૦ | પૂર્વજ બુઝુર્ગોની પૈરવી કરવી કે મૌદૂદીની ?! | ૭૮ |
| ૩૧ | ફિકહના ઈમામોની બારગાહમાં ટીકા | ૮૦ |
| ૩૨ | મૌદૂદી દીનમાં ઉલમાથી હટીને નવી રવિશ ચાહે છે ! | ૮૧ |
| ૩૩ | મૌલાના મૌદૂદી ઉલમાને કુર્આન—હદીષથી હટીને કર્યો માર્ગ સૂચવે છે ?! | ૮૩ |
| ૩૪ | મૌદૂદીનો ભ્રામક ભટકાવનાર ખયાલ | ૮૬ |
| ૩૫ | મૌદૂદીનું સ્થાન શું છે ? | ૮૭ |




# ★ અનુક્રમણિકા ★


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૩૬ | છેતરામણો ગુમરાહ કરનાર ખયાલ | ૮૯ |
| ૩૭ | સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની ટીકા | ૯૦ |
| ૩૮ | હઝરત ઉમર ની ટીકા | ૯૧ |
| ૩૯ | હઝરત ઉષ્માન તથા અલી رضی اللہ عنہما ની ટીકા | ૯૨ |
| ૪૦ | સૈફુલ્લાહ હઝરત ખાલિદ رضی اللہ عنہ ની ટીકા | ૯૩ |
| ૪૧ | આમ સહાબાની ટીકા | ૯૩ |
| ૪૨ | સહાબા પ્રતિ નફરત પેદા કરવાનો પ્રયાસ | ૯૩ |
| ૪૩ | નબીની કામયાબી મૌદૂદીની દ્રષ્ટિએ | ૯૪ |
| ૪૪ | કુર્આન સાથે મૌદૂદીનું વર્તન | ૯૫ |
| ૪૫ | શું આ બિદઅત નથી ? | ૯૬ |
| ૪૬ | હરમે કા'બાના વ્યવસ્થાપકો અને મૌદૂદી | ૯૭ |
| ૪૭ | મૌદૂદીનો ધોકામય ખયાલ | ૯૯ |
| ૪૮ | મોતાઅ વિશે ગૈર ઈસ્લામી મૌદૂદી વિચારધારા | ૧૦૦ |
| ૪૯ | બની બેઠેલ મુજતહિદનો ગૈર શરઈ ઈજતેહાદ | ૧૦૧ |
| ૫૦ | પયગંબરોના વિશે મૌદૂદી ખયાલ | ૧૦૨ |
| ૫૧ | મૌદૂદીનો શેખચલ્લી ખયાલ ! | ૧૦૩ |
| ૫૨ | મૌદૂદી શરીઅતમાં ફિલ્મ જોવી જાઈઝ ! | ૧૦૪ |
| ૫૩ | મૌદૂદીનાં "હું" અને "મૈં" ભર્યાં નિવેદનો | ૧૦૫ |
| ૫૪ | હજ્જ ન કરનાર વિશે મૌદૂદી ફત્વો ! | ૧૦૭ |
| ૫૫ | ઈસ્લામ કેવળ મૌદૂદીઓમાં જ છે ! | ૧૦૮ |
| ૫૬ | વર્તમાન સમસ્યાઓનો હલ કેવળ મૌદૂદી પાસે | ૧૦૮ |
| ૫૭ | પોતાના જેવા સૌને મૌદૂદી સસ્તા જાણે છે ! | ૧૧૦ |
| ૫૮ | મુસ્લિમ કૌમ મૌદૂદીની કલમના નેજા પર ! | ૧૧૧ |
| ૫૯ | શું ખુદા ચાલબાઝ છે ?! | ૧૧૩ |
| ૬૦ | નબીની શાનમાં ગુસ્તાખી | ૧૧૩ |
| ૬૧ | હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગુસ્ખાતી | ૧૧૪ |
| ૬૨ | હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષોની ટીકા | ૧૧૫ |
| ૬૩ | મુહદ્દિષો તથા ઈમામો પર અવિશ્વાસ ! | ૧૧૫ |
| ૬૪ | અંબિયા—ઔલિયાની બારગાહમાં બેઅદબી | ૧૧૬ |
| ૬૫ | મુહક્કિકો તથા મુફક્કિરોની તૌહીન | ૧૧૭ |
| ૬૬ | મૌદૂદીની દ્રષ્ટિએ મુસલમાન કોણ ? | ૧૧૮ |
| ૬૭ | ચોરની સજા અને મૌદૂદી શરીઅત ! | ૧૧૯ |
| ૬૮ | ઝિના તથા તોહમતની ઈસ્લામી સજા અને મૌદૂદી શરીઅત ! | ૧૧૯ |
| ૬૯ | આખરી અપીલ... | ૧૨૦ |

# ★ બે બોલ ★

કુખ્યાત ફિર્કા 'વહાબિયત–નજદિયત'ની શાખો,દેવબંદી–તબ્લીગ ઢોંગીઓ, કહેવાતા અહલે હદીષ, ગૈર મુકલ્લિદ તથા નેચરી....વગેરેની જેમ, કહેવાતી 'જમાઅતે–ઈસ્લામી' યાને "મૌદૂદી–જમાઅત" પણ બારગાહે અંબિયા, અવલિયાની 'ગુસ્તાખ જમાઅત' છે અને આ જમાઅતના સ્થાપક મૌલાના મૌદૂદીએ તમામ અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ, મુજતહિદ ઈમામો તથા મહાન મહાન બુઝુર્ગો, સૌની બારગાહમાં બેબાકીભરી ટીકા ટીપ્પણી કરીને પોતાની બુધ્ધિની ઉચ્ચતા પૂરવાર કરવાની કોશિશ કરી છે અને તેમની અક્કલનો ઘોડો બારગાહે સૈયદુલ અંબિયા હુઝૂર મદની તાજદાર صلی اللہ تعالیٰ علیہ وسلم માં પણ ગુસ્તાખીપૂર્ણ રીતે દોડયો છે તથા કુર્આન, હદીષને પણ પોતાની ટીકાઓનું નિશાન બનાવેલ છે.

કેટલાક પોતાને 'એજ્યુકેટેડ' તથા 'બુધ્ધિશાળી' સમજતા લોકો આ જમાઅતની લપસણી વાતોના ફંદામાં ફસાઈને તેના પ્રતિ ઘસડાઈ જાય છે અને છેવટે તેમના જેવી વિચારસરણી અપનાવીને ઈમાનથી પણ હાથ ધોઈ બેસે છે. તો એવા એજ્યુકેટેડ (અનએજ્યુકેટેડ) ભાઈ બહેનોના ઈમાનની હિફાઝત માટે 'જમાઅતે ઈસ્લામીની અસલિયત' રજુ કરવાના ઈરાદાથી પ્રસ્તુત કિતાબ (કહેવાતી) 'જમાઅતે ઈસ્લામીનો શીશમહેલ'નો અનુવાદ અવામ સમક્ષ મૂકતાં હું ખુશી અનુભવું છું. પ્રસ્તુત કિતાબના લેખક ખતીબે મશ્રિક, પાસબાને મિલ્લત **હઝરત અલ્લામા મૌલાના મુશ્તાક અહમદ નિઝામી** رحمۃ اللہ علیہ જે દીનો સુન્નિયતના સાચા ખાદિમોમાંની એક મહાન હસ્તી હતી અને જે જિંદગીની પળ ોને દીનને ખાતર કુર્બાન કરતી રહી અને છેવટે દુનિયાને અલવિદા કહી, અલ્લાહની રહમતમાં સિધાવી ચૂકી છે. મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં તેમની કબ્ર પર રહમતોની સતત વર્ષા કરે, અને તેમના મર્તબાને સતત બુલંદી અતા કરે–આમીન. હવે ધ્યાનથી આગળ આવતાં લખાણો વાંચશો અને ખુદાનો ખૌફ રાખી ઈન્સાફથી ફૈંસલો કરતા ચાલશો.

–લિ. અનુવાદક



## એક ભ્રામક ખયાલ... સિનેમા જાઈઝ છે !
## *મૌદૂદી સાહબનો નાદિર શાહી ફત્વો*

'હું આ પહેલાં પણ કેટલીયે વાર એ ખયાલ પ્રદર્શિત કરી ચૂકયો છું કે, સિનેમા જાતે પોતે જાઈઝ છે. અલબત્ત, તેનો નાજાઈઝ ઉપયોગ તેને નાજાઈઝ કરી દે છે. સિનેમાના પડદા પર જે તસ્વીર જોવા મળે છે તે વાસ્તવમાં 'તસ્વીર' નથી પણ બલ્કે (પ્રતિબિંબ) પડછાયો છે, જેવી રીતે આઈનામાં જોવા મળતી હોય છે, એટલા માટે એ 'હરામ' નથી. રહી તે છબી, જે ફિલ્મની અંદર હોય છે. તો તે જ્યાં સુધી કાગળ કે કોઈ અન્ય ચીજ પર છાપી લેવામાં ન આવે, ન તેના પર તસ્વીરનો હુકમ લાગુ પડશે અને ન તે એ કામોમાંથી કોઈ કામના માટે વાપરી શકાય છે, જેનાથી દૂર રહેવાના માટે જ શરીઅતમાં તસ્વીરને હરામ કરવામાં આવી છે. આ કારણોને લીધે મારી દ્રષ્ટિએ સિનેમા પોતાના સ્થાને પોતે મુબાહ છે.'

*(રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૨૯૧, વિષય : 'ફિકહિય્યત')*

**તાઝીમે નબીને 'શિર્ક' કહેનારની આ વાત પણ સાંભળો !**

**મૌલાના આમિર ઉષ્માની (દેવબંદી), મૌલાના મૌદૂદીની તા'રીફમાં લખે છે :–**

*'તે શખ્સ મૌલાના મૌદૂદી પર શું ઘા કરશે, જેણે મૌસૂફની ખુદાદાદ મહાનતા તથા વિશેષતાના આસ્તાના પર દિવસની રોશનીમાં નિયાઝમંદીના સિજદા લૂટાવ્યા હોય !'*

*(તજલ્લી, ફેબ્રુ.–૧૯૬૩, પેજ–૫૪)*

**એક ઠેકાણે લખે છે :–**

*'જ્યાં જ્યાં આ (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)ની કલમ કાબૂ તથા સાવધાનીની હદો તોડીને જોશ તથા જઝબાના મેદાનમાં જ્યારે કદમ રાખે છે, ત્યારે અમારું દિલ ચાહે છે તેને ચૂમી લઈએ !....*

*કહેવા દો કે, તેમની કેટલીક બેકાબૂ બનીને થયેલી 'લગઝિશો' જ તેમની ઉચ્ચતા તથા મહાનતાનું એલાન છે !*

*(મૌલાના આમિર ઉષ્માની, તજલ્લી, જૂન–૧૯૫૯)*



# ★ મૌદૂદી વિષે કેટલાંક મંતવ્યો ★

**"બરેલ્વી" નહીં તેવી વિચારસરણી ધરાવનારાઓનાં અમુક મંતવ્યો (મૌલાના મૌદૂદી વિષે) "ઈન્કેશાફાત"ના હવાલાથી રજુ કરીએ છીએ.**

(પેજ–૧૫૬ થી ૧૬૬)

## (૧) શૌરિશ કાશ્મીરી

*"મૌલાના અબુલ આ'લા (મૌદૂદી) જે ઈસ્લામી બંધારણ ઉપસ્થિત કરવાના પોલિટિકલ નિમંત્રક (દાઈ) છે, તેમની સાથે એક પણ દીની પેશ્વા નથી. તે પોતાનો ચિરાગ એકલે હાથે સળગાવવા ચાહે છે, અને ઉલમા તથા ઈમામો તેમની સાથે એક કદમ પણ ચાલવા તૈયાર નથી. જે લોકો દીની સમજના મામલામાં વિશિષ્ટ હતા અને તેમની સાથે હતા તેઓ પણ હવે એક એક કરીને કટ થઈ ચૂકયા છે. અમને એમાં જાત જાતના ખતરા જોવા મળી રહ્યા છે, જે ખૂદ મૌલાના (મૌદૂદી)ની દા'વતના માટે પણ લાભદાયી નથી. એવું ન બને કે મૌલાના (મૌદૂદી)ની પોલીટીકલ હસ્તી, પોતાની દીની એકલતાનો અણસમજ રીતે, તે લોકોથી બદલો લેવાની ધુનમાં પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેસે !*

**(આગળ જતાં શૌરિશ કાશ્મિરી સાહબનો, મૌલાના મૌદૂદીના બારામાં અધિક એક આવકારને પાત્ર ફેંસલો પણ જુઓ)**

*'હક્ક એ છે કે, મૌલાના (મૌદૂદી) દીનના પ્રશ્નોને દીની (ધાર્મિક) લોકો થકી જ હલ કર્યા કરે. કદાચ તેમણે પોતાના વ્યકિતત્વના પ્રભાવની અસર હેઠળ, એના પર કદી વિચાર નથી કર્યો કે તેઓ દીની જમાઅતો અને દીની રહનુમાઓથી ઉચ્ચતર થવાની કોશિશમાં ઈસ્લામની મૂળ શકિતથી વંચિત થઈ ગયા છે. જે ગિરોહને સાથે લઈ તેઓ ચાલી શકતા નથી, તે તેમની સાથે નથી અને જે ગિરોહને સાથે લઈને ચાલવા ચાહે છે તેમનું સિયાસી (પોલીટિકલ) ઝમીર તેમની દઅવતથી સંતુષ્ઠ નથી બલ્કે, તેમને પોલીટીકલ તૌર પર ઈસ્તેમાલ કરી રહેલ છે."*

(ત્યાર બાદ ૪–જાન્યુઆરી, ૧૯૫૬ના પત્રમાં શૌરિશ સાહબ લખે છે :–)

'મૌલાના અબુલ આ'લા મૌદૂદી તથા તેમના અનુયાયીઓએ ઈસ્લામને, પોતાનો વારસો સમજી લીધો છે અને પોતે એવા વહેમમાં સપડાયેલા છે કે, ઈસ્લામને જેવી રીતે એ લોકો સમજે છે તેવું બીજું કોઈ નથી સમજતું ! જાણે કે તેમના સિવાય અન્ય સૌને માટે ઈસ્લામી બાબતોમાં સમજ તથા દ્રષ્ટિના દરવાજા બંધ થઈ ચૂકયા છે !' –શૌરિશ કાશ્મિરી

## (૨) મૌલાના નજમુદ્દીન સાહબ ઈસ્લાહી–સીવહારવી

"મૌદૂદી સાહબના માટે એવું કહેવું કે, તેઓ 'જાહિલ' છે એ મારી દ્રષ્ટિએ ગુનાહમાં પડવા જેવું છે, જો કે મને એવું કહેવામાં જરા પણ ખચકાટ નથી કે મૌસૂફનો 'ઈલ્મ', 'તેહકીક' વિનાનો છે અને જૂઠ તથા હઠ (જીદ) પર અવલંબિત છે ! જેની સાબિતી મૌદૂદી સાહિત્યમાં (અધિક) અંશે જોવા મળે છે. આગળ જતાં એ પણ જાણવા મળશે કે, વિરોધાભાસી બયાન દરેક ઈલ્મી મસ્અલામાં મૌજૂદ છે અને આ કોઈ ઘણો મોટો અયબ કે જુર્મ નથી કેમ કે, એ ગિરોહને ખબર હશે જ કે, મતભેદ અને વિરોધાભાસ માનવ વાણીની ખાસિયત છે."

**વલવ્ કાન મિન્ ઈન્દિ ગૈરિલ્લાહિ લવજદૂ ફીહિખ્તિલાફન્ કષીરા** (અર્થાત : અલ્લાહના સિવાય તરફથી હોત તો તેમાં, તમે ઘણો વિરોધાભાષ પામત.)

વિચારવાની વાત એ છે કે, મૌદૂદી સાહબ જ્યારે કે એક તત્વચિંતક, એક ઈતિહાસકાર અને એક અચ્છા ખાસ્સા લેખક બની શકે છે તો પછી શું કારણ છે કે, તેમના લખાણમાં મતભેદ તથા વિરોધાભાસ ન માનવામાં આવે, અને તેમના સર્વ લખાણોને અયબથી પાક અને મસ્લકે અહલે સુન્નત વ જમાઅતના વિરૂધ્ધ ખયાલોને સાચા ગણવામાં આવે !? શું એ હકીકત નથી કે, મૌદૂદી સાહિત્ય પર જ્યારે પકડ કરવામાં આવી તથા તેનામાં ગુમરાહી ફેલાવાનો નિર્દેશ કરવામાં આવ્યો તો આખી પાર્ટી ગુસ્સે થઈને માનસિક સંતુલન ગુમાવી બેઠી અને કદી પણ શાંત ચિત્તે



આખેરતની પૂછતાછ અને પકડનો ખૌફ તેના માટે રહમતનો સબબ બનવા નથી પામ્યો. આમિર ઉષ્માની* જેવા આર્થિક જરૂરતથી મજબૂર જેમનો અભ્યાસ વિશાળ અને ન તો ઈલ્મ તથા બુધ્ધિ કે જેના થકી, મોતી અને છીપલામાં તફાવત કરી શકે, તે જાંગ ઠોકીને (પહેલવાનની જેમ) મેદાનમાં ઉતરી આવ્યા ! તે બિચારા શું જાણે કે આ કાંટાદાર જમીનમાં આશિક પણ ઉઘાડા પગે મૌજૂદ છે ! (માખૂઝ અઝ : 'દેવબંદકા' એક નાદાન દોસ્ત)

## (૩) મૌલાના અશરફઅલી થાનવી

"મારું દિલ આ તેહરીકને કબૂલ નથી કરતું." (અશરફુસ્સવાનેહ, પેજ–૨૪, છેલ્લો ભાગ)

## (૪) મૌલાના હુસૈન અહમદ ટાંડવી

'અત્યાર સુધી અમે મૌદૂદી સાહબની જમાઅત યાને કહેવાતી 'જમાઅતે ઈસ્લામી'ની ઉસૂલી ગલતીઓનું વર્ણન કર્યું છે કે તે અતિશય કક્ષાની ગુમરાહીમાં છે. હવે અમે તેમનો કુર્આન શરીફ તથા સહીહ હદીષોના 'ઉઘાડા વિરોધ'નો ઉલ્લેખ કરીએ છીએ જેનાથી સ્પષ્ટ જાહેર થઈ જશે કે, મૌદૂદી સાહબનું વારંવાર કુર્આન તથા હદીષનું વર્ણન કરવું નર્યો ઢોંગ છે. ન તેઓ કિતાબને માને છે અને ન સુન્નતને માને છે બલ્કે તેઓ પૂર્વજ બુઝુર્ગોની વિરૂધ્ધ, એક 'નવો મઝહબ' બનાવી રહ્યા છે અને એના પર લોકોને ચલાવીને જહન્નમમાં ધકેલવા ચાહે છે.' (હવાલો : 'મૌદૂદી દસ્તૂર ઔર અકાઈદકી હકીકત', પેજ–૪૬)

## (૫) મૌલાના અહમદ અલી લાહોરી ............

'ઈસ્લામી ભાઈઓ ! મૌદૂદી સાહબની તેહરીકને ધ્યાનપૂર્વક જોવામાં આવે તો તેમની કિતાબોથી જે ચીજ સાબિત થાય છે તે એ છે કે, મૌદૂદી સાહબ એક 'નવો ઈસ્લામ' મુસ્લિમો સમક્ષ રજુ કરવા ચાહે છે અને નવો ઈસ્લામ લોકો ત્યારે જ કબૂલ કરશે જ્યારે પૂરાણા ઈસ્લામની દરો દિવારને તોડી પાડીને બતાવી દેવામાં આવે, અને મુસલમાનોને એ વાતનું યકીન થઈ જાય કે ૧૩૫૦ વરસનો ઈસ્લામ જે તમે લઈને ફરો છો, તે સ્વીકારને પાત્ર તથા અમલને પાત્ર નથી રહ્યો ! એટલા માટે આ

નવા ઈસ્લામને માનો અને તેના પર અમલ કરો જે મૌદૂદી સાહેબે રજુ કર્યો છે ! હે અલ્લાહ ! મારા દિલની દુઆ કબૂલ ફર્માવ ! મૌદૂદી સાહબને હિદાયત ફર્માવ અને તેમના અનુયાયીઓને પણ આ નવા ઈસ્લામથી તૌબા કરવાની તૌફીક આપ અને તેમને પોતાનો મુહમ્મદી ઈસ્લામ ફરીથી નસીબ કર. આમીન, યા ઈલાહુલ આલમીન.' (હવાલો : હક્ક પરસ્ત ઉલમાકી મૌદૂદિયતસે નારાઝગીકે અસ્બાબ, પેજ–૪)

**(૬) મૌલાના મુહમ્મદ ઈસ્માઈલ સાહબ** (જમીઅતુલ અહલે હદીષ–પાકિસ્તાન)

"મૌલાના મૌદૂદી સાહબનો એક એક શબ્દ તેમનાં માનસિક અસંતુલનની બુરી ચાડી ખાઈ રહ્યો છે, અને જ્યારે હાલ આવો છે તો :– (શેઅર) અર્થાત : ઊંઘતાને ઊંઘતો કેમ કરી જગાડી શકે ?!

એક ઠેકાણે ઈર્શાદ ફર્માવે છે કે, મૌલાના મૌદૂદી કાદયાની શાઈરીનો પોશાક શરીર પર અપનાવે છે. અને એક ઠેકાણે ફર્માવે છે કે 'જમાઅતે ઈસ્લામી' સાથે, 'જમાઅતે અહલે હદીષ'નો વિરોધાભાસ તદ્દન સ્વાભાવિક જ છે.

**(૭) મૌલાના મુહમ્મદ દાઊદ સાહબ** (નાઝિમે આ'લા : જમાઅતે અહલે હદીષ, હિંદ)

જે જમાઅતનો (જમાઅતે ઈસ્લામીનો) સ્થાપક સહીહ બુખારી શરીફના વિશે એવો અકીદો ધરાવતો હોય કે, "એની સર્વ હદીષોને સહીહ જાણવી કોઈ શરીફ માણસનું કામ નથી !" તેની સાથે "જમાઅતે અહલે હદીષનો વિરોધાભાસ તદ્દન કુદરતી ચીજ છે."

**(૮) કારી તૈયબ સાહબ દેવબંદી** (નાઝિમે દારૂલ ઉલૂમ–દેવબંદ)

"જમાઅતે ઈસ્લામીના મોર્ડન ફિકહિય્યાત તથા તફક્કુહની શાખાકિય વાતો જે જનાબે લખીને મોકલી, તેને વાંચીને અફસોસ થયો. જાણવા મળે છે કે, કોઈ નવો 'ફિકહ' તૈયાર થઈ રહ્યો છે, અને પૂરાણા ફિકહનો લિબાસ ઉતારીને ફેંકવામાં આવી રહ્યો છે !! ઈન્નાલિલ્લાહિ....



**(૯) મૌલાના શમ્સુલ્ હક્ક–અફઘાની** (શયખુત્તફસીર : જામિઆ ઈસ્લામિયા, ભાવલપૂર)

"મૌદૂદી સાહબની તેહરીરો (લખાણો) પર નજર ફેરવવામાં આવી. તેમના વિષે આ હકીરનો પ્રતિભાવ એ છે કે, તે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના લાવેલા ઈસ્લામથી સંતુષ્ટ નથી ! એટલા માટે તેને પોતાની ઢબમાં લાવવા ચાહે છે, જેના માટે અસલી ઈસ્લામમાં ફેરફાર અનિવાર્ય (જરૂરી) છે પરંતુ તેને છુપાવવું પણ જરૂરી છે, એટલા માટે તે પોતાના આ ફેરફારના આ ભાંગફોડિયા (વિકૃત) અમલને લેખ લખનાર લેખકની લેખનવૃત્તિ, ઈકામતના નારાઓ, યૂરોપી ઢબના પ્રોપેગન્ડાઓના પર્દાઓમાં છુપાવવાની કોશિશ કરે છે. આ વિકૃતિ પેદા કરતા અમલના બે અસબાબ છે. 'નફસાની બડાઈ' અને 'ખૌફે ખુદાની કમી', અને અવામમાં પણ આ બે બિમારીઓમાં સપડાયેલા લોકોની કમી નથી. આ જ બાતિની હમરંગી (ઐકયતા) તેહરીકના વર્તુળના વિસ્તારો અસલી સામાન છે."

**(૧૦) મૌલાના ખૈર મુહમ્મદ સાહબ જાલંધરી :**

"મૌદૂદી અને તેના અનુયાયીઓના કેટલાક મસાઈલ અહલે સુન્નત વ જમાઅતના વિરૂઘ્ધ છે, તેઓ પૂર્વ જ બુઝુર્ગોની પયરવીના મુન્કિર છે, જેથી બંદો તેમને મુલ્હિદ (અધર્મી) સમજે છે."

# ★ પ્રારંભિક વાત ★

ઈલાહીની હુકૂમત, ખિલાફતે અલી, મિન્હાજુન્નબુવ્વત, અને ઈકામતે દીનની બુલંદ બાંગો તથા ના'રાઓની ધમાચકડીઓમાં મૌદૂદી સાહબ અને તેમની જમાઅતના કેટલાક વિશ્વાસુ શખ્સોએ સમયાંતરે કયારેક જે કહ્યું તથા લખ્યું તેને સંપાદિત કરવાનો મેં હક અદા કર્યો છે. એને સુસંજોગ કે, મારી આ કોશિશોના ફળ સ્વરૂપે કોઈ લોખંડી કિલ્લો તો ન બની શકયો, પણ જમાઅતનો એક અતિ આકર્ષક ભ્રામક "શીશ મહલ" ચોક્કસ બની ગયો, જેમાં બેસીને તેઓ સહાબા, ચાર મહાન ખલીફાઓ, ઈમામો, મુહદ્દિષો તથા મુજતહિદો, અલ્લાહવાળાઓ તથા મુજદ્દિદો પર પથરાવ કરી રહ્યા છે !! આ સ્થળે, એ વાત વિચારવા લાયક છે કે, મૌલાના મૌદૂદીની પશ્ચિમીઓ સાથે સાંઠગાંઠ થઈ ચૂકી છે અને હવે તેમને નાયબે રસૂલ ઉલમાની લાંબી અબાઓ (જભ્ભા) અને ઉલમાની શરીઅત પ્રમાણે (મુટ્ઠી જેટલી લાંબી) દાઢીઓ તેમને જોવીય નથી ગમતી, એ જ પ્રમાણે અલ્લાહવાળાઓ અને મશાઈખની, સાદગીની અચ્છાઈ, જે તેમને પોતાના પૂર્વજ બુઝુર્ગોના વારસામાં મળેલ છે તે હવે તેમની (મૌદૂદીની) નજરમાં એક હલકી કક્ષાનો દેખાવ તથા મામૂલી દરજાની રહેણી કરણી લાગે છે. (જેને હવે તેમની જમાઅત ઠઠ્ઠા મશ્કરીરૂપે રૂઢી ચુસ્તતા (જૂનવાણી) ગણાવે છે) ! અથવા મહાન બુઝુર્ગોએ નફસને સાફ કરવા માટે નવાફિલની અધિકતા અને તસ્બીહ તથા તહલીલની સાથે નફસને મારવા માટે ચિલ્લા તથા મુરાકબા જેવી રિયાઝતો નક્કી કરી છે, તે હવે મૌદૂદી સાહબની નજરમાં હંસી મઝાકને પાત્ર છે. છેવટે એ કયું દબાણ છે જે તેમને, ઈસ્લામી પોષાક ઓઢી રાખવા માટે મજબૂર કરે છે વાત ઘણી જ સ્પષ્ટ અને સાફ છે કે મૌદૂદી સાહબને પૂરાણી તફસીરના ખજાનાઓથી કાંઈ લેવા દેવા નથી ! કુર્આનની તફસીર વેપારના ધોરણે થવી જોઈએ અને તે પણ મનમાની ! જેને તફસીર બિર્રાય (પોતાના મત મુજબની તફસીર) કહેવામાં આવે. જે જમહૂરે ઈસ્લામની નજીક તદ્દન 'હરામ' છે. પણ તેમને જમહૂરે ઈસ્લામની શું પરવા ?! કેમ કે ઈસ્લામનો મિજાઝ અને ઈસ્લામની સ્પીરીટ જેટલા અંશે મૌદૂદી સાહબ સમજ્યા છે, તેટલા અંશે ન કોઈ આથી પહેલાં સમજ્યું હતું અને ને તો ભાવિમાં કોઈ સમજે તેવી આશા છે !! (જેમ કે તેમના લખાણોથી સાબિત થાય છે.) પોતાના વિષે ઉચ્ચતાની સમજની હદ એ છે કે, જે હદીષ



તેમની મરજી કે નિશ્ચયની વિરુધ્ધ હોય, તેના પર કોઈ વિગતવાર ચર્ચા કરવાને બદલે બસ આમ કહી દેવું પૂરતું સમજવું કે,

**"....પરંતુ મને એમ નથી લાગતું કે હુઝૂરે આવી વાત કહી હોય !"** (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૬૩, મસ્અલાએ મેહદીના પ્રકરણમાં)

જાણે મિઝાજને હદીષના માળખામાં ન ગોઠવવામાં આવે, બલ્કે તે જ હદીષ દલીલને પાત્ર સમજવામાં આવે જે ખૂદ મૌદૂદી સાહબના મિઝાજના માળખામાં ફીટ થાય તેવી હોય ! અતિ અફસોસ સાથે કહેવું પડે છે કે હદીષના સંબંધે આ કેટલો ખતરનાક વર્ણનનો અંદાજ કે જો હદીષો પ્રતિ વિમુખતાની આ રવિશ સામાન્ય કરી દેવામાં આવે અને જે ઉલમાનો મિઝાજ, મૌદૂદી સાહબની દિમાગી તથા વૈચારિક આઝાદીના સમાન ન થઈ શકયો, તેમના તરફથી જો આમ જ ઢીલ આપી દેવામાં આવી તો ખુદાની ખુદાઈમાં, મૌલાના મૌદૂદી જેવા (આઝાદ વિચારવાળા) લાખો જ્ઞાની તથા કલમકારો વસે છે, જો એમાંથી દરેક અલગ અલગ રીતે કેવળ એક એક હદીષના વિષે આ પ્રકારની કાટ–છાટ તથા ટીકા ટીપ્પણ કરીને પસાર થઈ જાય, તો ભલે સનદ તથા રિવાયતના લેહાઝથી હદીષ કેટલીયે વજનદાર હોય પણ **"મને એમ નથી લાગતું કે હુઝૂરે આવી વાત કહી હોય !"** કહી દે, તો હદીષનો પૂરો ખજાનો શંકાસ્પદ બની જશે, જેને મુહદ્દિષોની જમાઅતે, પોતાની પલકો વડે વીણી વીણીને એકત્ર કર્યો ! હાય અફસોસ ! આ ઈલ્મ તથા દાનિશને મોઢે ચઢાવવું નથી તો શું છે ? ખુદા તઆલા તે અસ્લાફ (આગલા બુઝુર્ગો)ની કબરોને, પોતાની રહમતોનો ખજાનો બનાવે, જેમણે પોતાની આખી જિંદગી હદીષ મુબારકની શોધ ખોળમાં પસાર કરી દીધી અને ન કેવળ હદીષ જમા કરવાની હદ સુધી મહેનત કરી બલ્કે હદીષના રાવીઓ (વર્ણન કર્તા) વિષે એટલી હદે જરૂરી માહિતી એકત્ર કરી કે, તેમની જન્મ તારીખ, મરણની તારીખ, એકની બીજા સાથે મુલાકાત, યાદશક્તિ, વંશ તથા અન્ય ઉસ્તાદોનો સિલસિલો (ક્રમ), શાગિર્દોનો શરફ અને જીવનની અન્ય હાલતો, જેનો હદીષની રિવાયતો સાથે ગાઢ સંબંધ છે, તે સૌને કલમથી કેદ કર્યું, ત્યાં સુધી કે આજે "તહઝીબુત્તહઝીબ'ની વિવિધ જાડા હિસ્સાઓમાં હજારો હજાર હદીષના રાવીઓની જરૂરી વિગતો, સ્થિતિઓની નોંધ કરેલી છે જે યકીનન પૂર્વજ ઉલમાનું એક એવું સોનેરી કારનામું છે, જેનું દ્રષ્ટાંત દુનિયાની કોઈ કૌમ રજુ

કરી શકે તેમ નથી.

તો પછી આ શું કયામત છે ? હદીષોને વૈચારિક રમત તથા દિમાગી ઐયાશીથી અલિપ્ત રાખી, મેહફૂઝ રાખવા માટે પૂર્વજ બુઝુર્ગોએ, પોતાના જિગરનું ખૂન વહાવ્યું, પરંતુ આજે બેલગામ શરાબીની જેમ, એક 'વંઠેલી' કલમ છે, જે કયારેક કુર્આનની તફસીર તથા મુફસ્સિરોને પોતાના વાક ચાતુર્યનો અખાડો બનાવે છે અને કયારેક હદીષના વિષયને તથા મુહદ્દિષોને પોતે રેસ ખેલવાની જગા ઠરાવીને તેમાંથી કીડા કાઢે છે. જેની વિચારધારા એટલી હદે કાબૂ બહાર અને આઝાદ થઈ ચૂકી છે કે, જો મઆઝલ્લાહ, કયારેક હઝરત ઉષ્માનગની અને હઝરત અલીમુર્તઝા પર ઘા મરે છે, તો કયારેક ફારૂકે આ'ઝમ, તો કયારેક હઝરત સિદ્દીકે અકબરની ખામીઓ તથા કમજોરીઓને (પોતાના ગુમાનથી–ઘડેલી) ગણાવીને, પોતાના ''મુજદ્દિદપણા''નો ઢંઢેરો પીટે છે. અને જ્યારે તે ફિકહ તથા મુજતહિદ ઈમામોની પ્રતિ ફરે છે તો કદીક ''આલમગીરી'' અને 'હિદાયહ' તથા 'બદાએઅ'ની મઝાક ઉડાડે છે અને કયારેક સૈયેદેના ઈમામે આ'ઝમ અબૂ હનીફા તથા અન્ય મુજતહિદ ઈમામોના મસાઈલ કાઢવાના તરીકાની મઝાક ઉડાડે છે. જેવી રીતે એક બેહકી ગયેલો અને તોફાને ચડેલો મસ્ત શરાબી, જેને ન તો કોઈ ચોરાહા પર ચૈન છે, ન તેને ખામોશી મયસ્સર થાય છે, તેને તો ફકત પોતાની ધૂનમાં ચાલવું છે, અને કાંઈને કાંઈ બબડવું છે, ભલે પછી નશો ઉતર્યા બાદ તેણે માફી ચાહવી પડે અથવા તેનું ખરું ખોટું અર્થઘટન કરવું પડે. બસ એ જ પ્રમાણે મૌદૂદી સાહબ, પોતાની 'ફિતરત'થી મજબૂર છે. તેમને તો ગમે તેમ પાનાં કાળા કરવાં છે, ભલે પછી મુજદ્દિદ અલ્ફેષાનીની અને શાહ વલીયુલ્લાહની ઈજ્જત તથા હુર્મતથી ખેલ ખેલવો પડે, અથવા અલ્લાહના વલીઓ તથા બુઝુર્ગાને દીનના ઈબાદતના તરીકાને અફીણની ગોળી તથા ખુરાફાત સાથે સરખાવવો પડે !

ગમે તેમ, તેમણે નવી વિચારસરણી પર એક નવા માળખામાં 'નવો ઈસ્લામ' (ડુપ્લીકેટ ઈસ્લામ) રજુ કર્યો છે. અને એ ત્યાં સુધી શકય નથી કે પૂરાણા ઈસ્લામની, ભરી મહેફિલમાં પાઘડી ન ઉછાડી દેવામાં આવે. એટલા માટે કુર્આનની તફસીર તથા મુફસ્સિરો, હદીષો તથા મુહદ્દિષો, સહાબા તથા ખુલફાએ રાશિદીન, મુજતહિદ ઈમામો તથા ફિકહની કિતાબો, અલ્લાહવાળા તથા તસવ્વુફનો માર્ગ, દાઢી તથા ઝભ્ભો, મહેદવિયત તથા મુજદ્દિયત સૌમાં



તેણે કીડા કાઢયા છે, જેથી ઈસ્લામની નિશાની તથા ઓળખથી લઈને તેનો પાયો સુધ્ધાં ડગમગી જાય, પછી પશ્ચિમી ઢબે એક ''નવો ઈસ્લામ'' રજુ કરી દેવામાં આવે. જે રાજ્યના વસનારા આવા 'નામ માત્રના મુસલમાન' હશે, જેમનાં દસ્તરખ્વાન, પૂર્વજ બુઝુર્ગોની સાદગીના બદલે, અંગ્રેજોના ચમચી, કાંટાથી સજજ હશે અને તેમની બેઠકો ચટાઈ તથા ફર્શને બદલે ખુરશી ટેબલથી સજાવેલ હશે, હુકૂમતે ઈલાહિયહ્ (ઈસ્લામી હુકૂમત) અને ઈકામતે દીનના નામ પર એવું થશે કે, ત્યાં જમાઅતે ઈસ્લામીનું ''ચિડિયાખાના'' નામનું રાજ્ય હશે જેમાં ખાનકાહોને બદલે સિનેમા હોલની ચહલ પહલ થશે. જેને જોવું તો અત્યારે મૌદૂદી શરીઅતમાં મુબાહ છે અને શકય છે કે, આવા રાજયની સ્થાપ્ના પછી મુસ્તહસન અથવાએનાથી વિશેષ મર્તબો મેળવી લે ! અલબત્ત, મૌદૂદી રાજ્યમાં તસવ્વુફથી બચવું એટલુ જ જરૂરી હશે જેટલું ડાયાબિટિશના દર્દીએ ખાંડથી ! હા ! એ વાત અધુરી રહી ગઈ કે, જ્યારે મૌદૂદી સાહબ કોઈ 'નવા ઈસ્લામ'ને જ પેશ કરવા ચાહે છે, તો પૂરાણા ઈસ્લામનો પોષાક ઉતારી કેમ નથી દેતા ? એની સ્પષ્ટતા પોતાના તરફથી કરવાને બદલે તેમનાં જ અનુભવથી વાત રજુ કરી દેવી વધુ મુનાસિબ સમજું છું.

''મન્સબે રિસાલત નંબર'' ડો. અબ્દુલ વદૂદ અને મૌદૂદી સાહબ વચ્ચે એક ખાસ મસ્અલામાં, પત્ર વહેવારનો એક સંગ્રહ છે, જેની પ્રસ્તાવનામાં મૌદૂદી સાહબે ખારજી તથા મોઅતઝલા ફિર્કાની એક સંયુકત ટેકનિકની, એક ઐતિહાસિક ગવાહી પૂરી પાડી છે. જેને વાંચીને એ વાત પર યકીન થઈ જાય છે કે, મૌદૂદી સાહબે 'ખારજી' તથા 'મોઅતઝલા'ની મુર્દા ટેકનિકને જીવંત કરીને તેમના અનુભવથી લાભ ઉઠાવવાની કોશિશ કરી છે ! લખે છે :

*''સુન્નતના ઈન્કારનો ફિત્નો, ઈસ્લામી ઈતિહાસમાં સૌ પ્રથમ બીજી સદી હિજરીમાં ઉઠયો હતો. અને તેને ઉઠાવનાર ખારજી તથા મોઅતઝલા હતા. ખારજીને એની જરૂરત એટલા માટે ઉભી થઈ કે મુસ્લિમ સમાજમાં તેઓ ગરબડ ફેલાવવા ચાહતા હતા, તેની રાહમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તે 'સુન્નત' આડે આવતી હતી જેણે આ સમાજને એક બંધારણમાં સ્થાપ્યો હતો અને તેની રાહમાં હુઝૂરના તે ઈર્શાદો તેમના માટે આડખીલીરૂપ હતા જેની મૌજૂદગીમાં ખારજીઓની કટ્ટરવાદી*

*માન્યતા ચાલી શકતી ન હતી, એના કારણે તેમણે હદીષોની સેહત (સહીહ હોવામાં) શક પૈદા કર્યો અને "સુન્નતની ઈત્તેબાઅ" વાજિબ હોવાના ઈન્કારની ડબલ પોલીસી અપનાવી. મોઅતઝલાને એની જરૂરત એટલા માટે ઉભી થઈ કે અજમી (અરબ સિવાયના) તથા યૂનાની તત્વચિંતકો સાથે તેમને પ્રથમ પાલો (પનારો) પડતાં જ ઈસ્લામી અકીદા તથા ઉસૂલો તથા હુકમોના બારામાં જે શંકા કુશંકાઓ દિમાગોમાં પેદા થવા લાગી હતી તેને પૂર્ણપણે સમજતાં પહેલાં તે કોઈ ન કોઈ રીતે તેને હલ કરી દેવા ચાહતા હતા. ખૂદ ફિલોસોફરોમાં તેમને એ દ્રષ્ટિ હાંસલ ન્હોતી થઈ કે તેનું વિવેચનાત્મક પરીક્ષણ કરીને તેની સેહત (સહીહ હોવું) તથા કુવ્વત (કવી હોવું) પારખી શકતા. તેમણે દરેક તે વાતને જે 'ફિલોસોફી'ના નામ પર આવી, તેને સરાસર બુધ્ધિનો તકાઝો સમજ્યો અને એ ચાહ્યું કે ઈસ્લામના અકીદા તથા ઉસૂલો તથા હુકમોના બારામાં જે શંકા કુશંકાઓ દિમાગોમાં ઉઠવા માંડી હતી, ખૂદ તે ફિલોસોફીમાં તેમને દ્રષ્ટિ હાંસલ ન થઈ કે તેનો પરીક્ષાત્મક અભ્યાસ કરીને, તેની સેહત તથા કુવ્વત પારખી શકે, તેમણે દરેક તે વાતને જે ફિલોસોફીના નામથી આવી તેને સરાસર બુધ્ધિનો તકાઝો સમજ્યો અને એવું ચાહ્યું કે ઈસ્લામી અકીદા અને ઉસૂલોની એવી તાબીર કરવામાં આવે જેનાથી તે નામ માત્રના "બૌદ્ધિક તકાઝાઓ" અનુસાર થઈ જાય. આ માર્ગે ફરી તે જ હદીષ તથા સુન્નત આડે આવી. એટલા માટે તેમણે પણ ખારજીઓની જેમ હદીષને શંકાસ્પદ ઠરાવી અને 'સુન્નત'ને દલીલ માનવાથી ઈન્કાર કરી દીધો તે બંનેનો હેતુ અને ટેકનીક સમાન હતો. (તર્જુમાને કુર્આન, ભાગ–પ૬, ક્રમ નં. ૬, મન્સબે રિઆલત નંબર, પેજ–૯, પ્રસ્તાવના, અઝ : મૌદૂદી)*

**બસ ! જેવી રીતે ખારજી તથા મોઅતઝલા પોતાની ચળવળની કામયાબીમાં જે જે ચીજોને માર્ગની રુકાવટ જાણતા હતા તેની સાથે સંપૂર્ણપણે વિમુખતા અપનાવી અથવા પોતાની મસ્લેહત હેઠળ તેને હલકુ પાડવા પર તેઓ ઉતરી આવ્યા. જેથી આમ તથા ખાસ લોકો નહીં તો કમસે કમ તેમના અનુયાયીઓની નજરમાં તે ચીજોનું વજન હલકુ બની જાય. બરાબર એ જ વિચારસરણીનો અંદાજ 'જમાઅતે ઈસ્લામી'નો પણ છે. જે મૌદૂદી સાહબનો**



**એક બનાવટી ખયાલ છે અથવા ખારજી તથા મોઅતલઝલાથી માંગી લીધેલો છે, જેને સામુહિક રીતે આખી જમાઅતે અપનાવી લીધો છે. એટલે સુધી કે ઈસ્લામી બાબતોથી કોરા હદીષ, ઉસૂલે હદીષ, ફિકહ તથા ઉસૂલે ફિકહ જેવી દીનની મહત્વની ચીજોથી બેખબર અને અજાણ કેવળ ઉર્દૂની અમુક કિતાબો અથવા ઉર્દૂ સાહિત્ય સુધી તેની જાણકારી છતાં જમાઅતે ઈસ્લામી સાથે સંબંધિત થતાં જ ફિકહી મસાઈલ બાબતે લેકચર આપવાનો રાત દિવસનો તેનો ધંધો બની જાય છે ! યાદ રાખશો કે આ વિચારસરણી આપોઆપ નથી બનતી, બલ્કે મૌદૂદી સાહિત્યનું એ જ રહસ્ય છે કે સહાબાને ટીકાથી પર ન સમજો ! પરંતુ ઉર્દૂની અમુક કિતાબોનો અભ્યાસ અને મામૂલી સુઝબુઝ પછી, શાહ વલીયુલ્લાહ, મુજદ્દિદ અલ્ફેષાની ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ શાફઈ જેવા મહાન બુઝુર્ગોની પણ ઉઘાડે છોગે ટીકા કરો ! અલબત્ત, ટીકાનો દરવાજો કયાંક બંધ છે તો ફકત મૌલાના મૌદૂદીની અર્શનશીન બારગાહ છે, જેની ઊંચાઈ તેમની પોતાની નજરમાં ટીકા માટે માનવ પહોંચથી ઉચ્ચતર છે ! કેમ કે એ એક સામાન્ય અનુભવ છે કે 'જમાઅતે ઈસ્લામી'ની એ જ વ્યકિતઓ, જેઓ પૂર્વ જ મહાન બુઝુર્ગો પર બેલગામ ટીકાઓ વરસાવવા પોતાને અધિકારી સમજે છે અને ખુદા રસીદા, કુદરતી સિફાત, બુઝુર્ગોની શાનમાં હલકામાં હલકા દરજાની ચર્ચામાં, તે ઉર્દૂ સાહિત્યનો પૂરો સરમાયો ખર્ચ કરી નાંખે છે, પરંતુ તે મૌદૂદી સાહબની કોઈ કાળે સાચી ટીકા પણ સ્વીકારવા તૈયાર નથી થતા. ઘમંડની એ જ મહામૂર્તિ છે જેની પૂજામાં 'જમાઅતે ઈસ્લામી'ની જમાઅત સર ઝુકાવીને બેઠેલી છે, પરંતુ પોતાની આ પૂજા પાઠનો તેમને એહસાસ સુધ્ધાં નથી ! જો કે જમાઅતે ઈસ્લામી તેમને ખુલ્લેઆમ મઅબૂદ કહેવાથી કતરાય છે, પરંતુ મૌદૂદીના આસ્તાના પર તેમની ન્યાઝમંદીની રીત જે ખતરનાક અકીદાની ચાડી ખાય છે તે તદ્દન એવી જ છે જેવી રીત બંદા પોતાના મઅબૂદથી સંબંધ સ્થાપ્યા પછી અપનાવે છે. જો સાચા અર્થમાં જમાઅતે ઈસ્લામી પોતાના આ દા'વામાં ખરેખર સાચી અને ન્યાયપ્રિય છે કે, રસૂલે ખુદા પછી કોઈને ટીકાથી પર ન સમજો, પછી તે નિયમાનુસાર એ હક્ક (અધિકાર) મને પણ મળવો જોઈએ, કેમ કે હું જમાઅતે ઈસ્લામીના લીડર મૌદૂદી**

સાહબને (જેમને પોતાને પણ પોતાના માટે મૌલાના નહીં બલ્કે 'લીડર' શબ્દ જ પસંદીદા છે, એટલે સુધી કે મૌદૂદી શરીઅતના હઝરત મેહદી પણ નવી સદીના નવી ઢબના લીડર હશે, તે મુલ્લા ટાઈપ જુની ઢબવાળા નહીં હોય) ખુદા કે નબી નથી સમજતો કે જેથી તેમને ટીકા ટીપ્પણીથી અપવાદ સમજીને તેમના પર ઈમાન લાવીને ખામોશ થઈ જાઉં, એવી ઈમાનની દૌલત, બસ જમાઅતે ઈસ્લામીના સભ્યોને જ મુબારક થજો, જે તેમનું પોતાનું નસીબ છે. જેમાં તેમનો કોઈ શરીક, ભાગીદાર નથી. પ્રારંભિક વાતમાં એ વાતને પ્રદર્શિત કરવું જરૂરી સમજું છું કે જયારે જમાઅતના મેમ્બરોને ખામોશ કરી આપે તેવા સવાલો કરવામાં આવે છે તો જવાબ ન આપવાની સ્થિતિમાં ભાગી છૂટવાનો એક તરીકો એ પણ અપનાવે છે કે, ઈસ્લામિયાત પર મૌલાના મૌદૂદીની જેટલા પ્રમાણમાં કિતાબો છે, તેટલા પ્રમાણમાં કોઈ અન્યની નથી ! આ દિમાગ તથા ફિક્રને પ્રભાવિત બનાવવા માટેનું એક એવું હથિયાર છે કે, મોટા ભાગના સ્થાને આ દાવપેચ તેમને કામ લાગી જાય છે અને છટકબારીનો એક માર્ગ નીકળી આવે છે. પરંતુ દાનિશમંદો તથા હકીકત પસંદ તબકામાં એ વાત છુપી નથી કે કોઈ પણ જમાઅતના અમીર તથા લીડર પર સવાલોના જવાબની આવી હાલત હકીકતમાં જવાબ છે કે, બચવા તથા છટકવાની એક ભૂંડી તથા કઢંગી હાલત છે !!!

વાંચકો ! એ વાતને ધ્યાનમાં રાખશો કે મૌદૂદી શરીઅતનું નવુ સાહિત્ય તેમના નવા ધર્મની 'રોશન દલીલ' છે, એનાથી વિશેષ તેની કોઈ હૈસિયત નથી અને ન તો કોઈ વજન. હું એ હકીકતનું ઉઘાડે છોગે એલાન કરું છું કે મૌદૂદી શરીઅતના હજારો પાનાંઓ પર ફેલાયેલા લખાણોથી 'અહલે કુર્આન' (ફિર્કા)ને પ્રોત્સાહન મળે છે, ગૈરમુકલ્લિદિયત ઉછેર પામે છે અને અહ્‌લે હદીષનો પણ પાયો મજબૂત થાય છે. કયાંક 'હનફિયત' ઘાયલ છે, તો કયાંક 'શાફઈયત' દમ તોડે છે. મતલબ કે આ તે ઊંટ છે જેનો કોઈ પુર્જો સીધો નથી ! જેથી એ જ બુનિયાદ પર લગભગ દરેક મકતબે ફિક્રના (ફિર્કાના) ઉલમાએ, મૌદૂદી ચળ વળનાં ખતરનાક પરિણામો અને ઝહેર મિશ્રિત બયાનોથી પોતાના અનુયાયીઓને સાવધાન કરવામાં મસ્લેહતકોશીને આડે ન આવવા દેતાં ઉઘાડે છોગે મૌદૂદી



શરીઅતના ચહેરા પરથી પડદો ઉલ્ટી નાંખ્યો છે, ભલે તે જમાઅતો જાતે પોતે ગમે તેટલી ગુમરાહીમાં સપડાયેલી હોય છતાં, તેમની પોતાની આ એક નિશ્ચિત માન્યતા છે, પરંતુ મૌદૂદી સાહિત્ય પોતાની માન્યતા તથા વિચારસરણીની પરેશાનીના કારણે ઉર્દૂ સાહિત્ય તથા પ્રવચન શૈલીનું એક નિર્જીવ પૂતળું બનીને રહી ગયું છે. જેમ કે તેની સાક્ષીમાં મૌદૂદી શરીઅતના અમુક નાદિર શાહી નિર્ણયો રજુ કરવામાં આવે છે :–

*(૧) "હું ન મસ્લકે એહલે હદીષને તેની તમામ વિગતોની સાથે સહીહ સમજુ છું અને ન હન્ફિયત કે શાફઈયતનો પાબંદ છું." (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૧૮૯)*

*(૨) "એ દાવો કરવો સાચો નથી કે બુખારીમાં જેટલી હદીષો લખેલી છે તેનાં લખાણને પણ જેમનું તેમ ટીકા ટીપ્પણ વિના કબૂલ કરી લેવામાં આવે. (અઝ : મૌદૂદી, તર્જુમાને કુર્આન, ઓકટો–નવે., નંબર–ઈસ. ૧૯૫૨)*

શું હજી પણ દિમાગના ખૂણામાં શંકા બાકી રહી જાય છે કે જેને તફસીરના પૂરાણાં ખજાના ન જોઈએ ! અને જે હદીષ તેની સ્વરચિત શરીઅત સાથે મેળ ન ખાય, તેના વિષે અલલ એલાન એવું કહી આપે કે, "હુઝૂરે આવી વાત નહીં કહી હોય !" એમાંય આશ્ચર્ય એ કે તેને અહલે હદીષ સાથે એકમતી નથી અને હનફિયત કે શાફઈય્યતનો તે પાબંદ પણ નથી. છેવટે તે હવે નવી શરીઅત નથી ઘડવા ચાહતો તો પછી તે સિવાય તેનો મકસદ શો છે ? આ એક પ્રશ્ન છે જેનો જવાબ આ કિતાબમાં તમારે શોધવાનો છે. એ સિવાય બીજુ શું સમજવામાં આવે કે મૌદૂદી સાહબ ચારેય ઈમામો એટલે કે ઈમામે આઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ અને ઈમામ અહમદ ઈબ્ને હંબલ رَضِیَ اللّٰہُ عَنۡہُمۡ ના ફિકહી મસાઈલનો ઘેરાવ કરીને એક નવા પાંચમા ફિકહને સંપાદન કરવા ચાહે છે. આ તો એવું જ થયું કે "હલવાઈની દુકાન અને દાદાના ફાતેહા !" મતલબ કમાઈ કોઈ અન્યની અને વહેંચણી આ જનાબના રહમો કરમ પર !

જમાઅતની યાદશકિતમાં તેમણે એ વાત સારી પેઠે મેહફૂઝ રાખવી

જોઈએ કે પાંચમા ફિકહને સંપાદિત કરતાં પહેલાં ખૂદ મૌદૂદી સાહબે પોતાનું સ્થાન અને પોઝિશનની સ્પષ્ટતા કરવી પડશે કે શું તે કોઈ ઈમામના મુકલ્લિદ છે અથવા જાતે પોતે ઈમામ કે મુજતહિદ છે ? જો સ્વગુમાનથી તે ઈજતેહાદી મર્તબા પર બિરાજમાન છે તો પછી આમ તેમ કર્યા વિના જાહેરમાં ઉઘાડે છોગે તેનું એલાન કરવું જોઈએ જેથી તેની કસૌટી પર તેમને પારખવામાં આવે. જો તેમના પર ઈજતેહાદી શાનનો પ્રભાવ છે તો જેવી રીતે મૌદૂદી શરીઅતમાં સિનેમા મુબાહ છે અને કુર્આને હકીમની સ્પષ્ટ દલીલ (નસ)ની વિરૂધ્ધ મૌદૂદી સામ્રાજ્યમાં ચોરનો હાથ કાપવો જુલ્મ છે, એ જ પ્રમાણે નફસની પાકી માટે અલ્લાહવાળાઓએ જે કાર્ય પધ્ધતિ નક્કી કરી તે મૌદૂદી શરીઅતમાં અફીણની ગોળી અને ચિન્યાબેગમ છે !! બસ ! એ જ પ્રમાણે પોતાની ઈજતેહાદી શકિત વડે બાકી અન્ય મસાઈલને પણ કાઢીને પાંચમો ફિકહ સંપાદિત કરીને પોતાની જમાઅતને સોંપી દેવો જોઈએ. ત્યાર બાદ એને પોતાની આંખે જોવો જોઈએ કે મૌદૂદી શરીઅતની દ્વિમુખી પોલીસી ફૂલે ફલે છે કે કબર તથા કફન વિના તેનો જનાઝો રઝડી પડે છે !

અંતમાં હું મારા પ્રત્યાઘાતો રજુ કર્યા વિના નથી રહી શકતો કે જમાઅતે ઈસ્લામી પોતાની કલમી ખિદમતો (સાહિત્ય) વડે દીનના અજાણોને દીનના જાણકાર તો ન કરી શકી, અલબત્ત, મુસ્લિમ ઘરાનાનાં તે બાળકો તથા યુવાનો જેઓ આઝાદ ખ્યાલ તથા પશ્ચિમી રંગે રંગાયેલા હોવા છતાં પૂર્વજ બુઝુર્ગોની તથા સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનની પોતાના દિલમાં અમુક અંશે ઈજ્જત ધરાવતા હતા તેય હવે મૌદૂદી સાહિત્યથી પ્રભાવિત થઈને તેમના વિશે ઉઘાડે છોગે ઝબાન ચલાવવા લાગ્યા. ખુદા ન કરે પણ આ ચળવળ આમ થઈ ગઈ તો દીનથી અમાન ઉઠી જશે અને સદીઓનો તે સરમાયો જેને ઉલમાએ હક્ક પોતાના કલેજાથી લગાડીને તેની રક્ષા માટે જાનની બાજી લગાડતા રહ્યા (મઆઝલ્લાહ) તે કેવળ બાળકોનો ખેલ (છોક રમત) બનીને રહી જશે !

જો આ કોઈ ટ્રેજડી (કરૂણતા) છે તો જમાઅતે ઈસ્લામીએ પોતાની સંપૂર્ણ નેક નિયતી સાથે પોતાની ચળવળ પર ફરી નજર ફેરવવી જોઈએ અને



નવેસરથી પોતાના સાહિત્યનો અભ્યાસ કરીને તેમાં સુધારો કરવો જોઈએ. જો સહાબા, ખુલફાએ રાશિદીન, ઈમામ અબૂ હનીફા, ઈમામ બુખારી, ગૌષે આઝમ, ખ્વાજા ગરીબ નવાઝ, મુજદ્દિદ અલ્ફેષાની જેવા દીનના મહાન બુઝુર્ગો, પયગમ્બર અને ખતાથી માસૂમ ન હતા તો પછી ૧૪મી સદીના મૌલાના અબુલ આલા મૌદૂદી ન પયગમ્બર છે અને ન તો ભૂલથી માસૂમ છે, માનવ સહજ કમજોરીઓના હેઠળ ડગલેને પગલે ખતાની શકયતા છે અને ખતાઓ થાય છે, એટલા માટે નફસની ઈચ્છાને ખાતર ઈસ્લામની ઈજ્જત તથા આબરૂ સાથે ખેલવાને બદલે અલ્લાહ તઆલાની પૂછતાછ તથા પકડથી ડરવું જોઈએ, જેની પકડ ઘણી જ સખત અને અઝાબ ઘણો જ દર્દનાક છે.

અમે એવું નથી કહેતા કે તમે ઈસ્લામિયાત (ઈસ્લામી બાબતો)માં પોતાની સમજ તથા બુધ્ધિ કે સમજબુઝનો દરવાજો બંધ કરી લો અને મને કમને ખુદાની આપેલ લાયકાતોને બેકાર કરી દો, પરંતુ જેવી રીતે રેલ્વેનું એન્જીન ચાહે તે ફાસ્ટ સ્પીડવાળું હોય કે ધીમી સ્પીડવાળું છતાં તેણે ચાલવાનું છે પણ પોતાની તે જ બે લાઈનો પર જે તેના માટે નિશ્ચિત છે. ઘડિયાળના કાંટાઓએ હલન ચલન કરવાનું છે પણ ઘડિયાળમાંના તે વર્તુળમાં રહીને જેમાં તેને ફિટ કરેલ છે, તેની બહાર તેઓ કેવળ કાંટા રહી જશે ! ઘડિયાળ નહીં ! બસ ! એ જ પ્રમાણે ઈસ્લામી બાબતો પર પોતાની સમજબુઝને અજમાવો અને તમારી સારી કાબેલિયતો થકી મન્કૂલાતને મઅકૂલાતની સાથે કરી દો, પરંતુ આ ક્ષેત્રમાં વિચાર તથા ચિંતનનો જે દસ્તૂર તથા નિયમ નિશ્ચિત છે તે હદોથી બહાર નહીં. નહીં તો તબાહી તથા બર્બાદી ખોળો ફેલાવીને ઉભેલી હશે. બસ ! જેવી રીતે રેલ્વેનું એન્જીન પાટા પરથી ઉતરી ગયા બાદ ખૂદ પોતે એકલું તબાહ નથી થતું બલ્કે તેની પાછળ એક કારવાં હોય છે, ડબ્બાઓનો કૂચ્ચો થઈ જાય છે. કેટલાયે બાળકો યતીમ થઈ જાય છે અને કેટલીય ઔરતોનો જીવતો જાગતો હસતો ખેલતો સુહાગ ઉજડી જાય છે, લોહીનાં વહેણો વહેવા માંડે છે અને આખુ વાતાવરણ દર્દ તથા કરાહની પીડાથી ગુંજી ઉઠે છે.

એ જ પ્રમાણે દીની બાબતોમાં મન માન્યતા ઈજતેહાદથી કેવળ અમીર તથા લીડર જ ગુમરાહ નથી થતા બલ્કે કૌમ ગુમરાહીના અંધકારની ઊંડી ખીણમાં

ગબડી પડે છે. ખૂબ જ સારી પેઠે જાણી લેશો કે આગલા બુઝુર્ગો તથા પેશ્વાઓને બુરા કહીને મોટા થવાનો ખ્વાબ ન કદી પૂરો થયો છે ને ન તો થશે. શકય છે કે ભાષા તથા સાહિત્યને જાણનારા લોકો પર આધારિત એક ટોળી બની જાય પરંતુ જમાઅત આવી વિચારસરણી વડે તે દિલોમાં ઘર નથી કરી શકતી જેમનાં દિલોમાં અલ્લાહનો ડર અને ખુદાના મહબૂબ બંદાઓની તાઝીમનો સાચો જઝબો છે. સહાબા, ખુલફાએ રાશિદીન, મુજતહિદ ઈમામો અને મુહદ્દિષો, પોતપોતાના સમયના મુજદ્દિદો કાલે પણ તાઝીમને પાત્ર હતા અને આજે પણ છે અને મુસ્લિમ સમાજમાં હમેશાં સન્માનને પાત્ર સમજવામાં આવશે, એ જાણવા છતાં કે ન તો તેઓ નબી હતા અને ન તો ખતાથી માસૂમ હતા. બલ્કે નબવી ફર્માન પ્રમાણે કે, "બેહતર જમાનો મારો જમાનો તે પછી જમાનો, તે પછીનો જમાનો...."તેઓ પોતાની દીની જાણકારી, ઈલ્મી સુઝબુઝ, ઈજતેહાદની શકિત, ઝોહદો તકવા, ઈબાદત તથા રિયાઝત, સુન્નતની પયરવી, રિવાયત તથા દિરાયત મતલબ કે એમાં ન તેઓ કેવળ આપણાથી વિશિષ્ટ હતા બલ્કે તેમની વિચારસરણી તથા અમલી પધ્ધતિ આપણા માટે દીવાદાંડી સમાન છે. આપણે તેમનામાં તથા તેમની ખિદમતોમાં ખામીઓ શોધીને તથા તેમને ટીકાથી પર ન સમજીને આપણે તેમની તૌહીન નહીં બલ્કે આપણી જ તબાહી નોતરી રહ્યા છીએ. એવું હોવું જોઈતું હતું કે બુઝુર્ગોની ખિદમતોને વધાવી લેતે, પણ બુરૂ થાય નફસના પ્રપંચનું કે પોતે સપડાઈને આખી કૌમને તબાહ કરી રહ્યા છે. આપનું બેલગામ સાહિત્ય ગૈરોના હાથોમાં ઝેરમાં બુઝાવેલ ખૂનની તરસી તલવાર આપી રહેલ છે.

સાચું કહ્યું શૌરિશ કાશ્મિરીએ કે :– "મૌદૂદી એકલા પોતાનો ચિરાગ જલાવવા ચાહે છે...."



## ★ મૌદૂદિયત પર એક નઝર ★

# ☆ મૌદૂદી સાહબના ઈલ્મની પહોંચ ! ☆

માણસનું જીવનમાં એક નિશ્ચિત સ્થાન હોય છે. જયાં રહીને તે કેવળ પોતાની શખ્સિયતને તરક્કી આપી શકે છે અને સમાજની પણ સેવા કરી શકે છે. તેની સૌથી મોટી બદનસીબી એ હોય છે કે તે કુદરતની આ ભેટને ઠુકરાવીને અન્ય કામોમાં પોતાની કાબેલિયતો અને શકિતઓને ખર્ચ કરીને પોતાને "ધોબીનો કૂતરો નહીં ઘરનો, નહીં ઘાટનો !" બનાવી દે છે.

મૌદૂદી સાહબને કુદરતે પત્રકારિત્વના માટે પેદા કર્યા હતા, બોલવાની શકિત, લોકોના માનસ પારખવાની કળા એક પત્રકારના માટે ઉજ્જવળ ભાવિની ઝમાનત પૂરી પાડે છે. અને કુદરતે તેમને તેમાંથી દરેક ચીજ વડે નવાઝયા હતા. પણ તેમણે કુદરતની મહામૂલી ભેટને ઠુકરાવી દીધી અને પત્રકારત્વને બદલે રાજકારણમાં પાછલા દરવાજે દાખલ થવાની તેમણે કોશિશ કરી. તેમના ચાહકોના સમય પૂરતા પ્રત્યાઘાતોએ તેમના દિમાગી સંતુલનને ડગમગાવી દીધું અને તે "હું કાંઈક છું !"ના ખ્વાબ જોવા લાગ્યા. એક પત્રકારની જિંદગીમાં સૌથી ખતરનાક તે મુકામ હોય છે જયારે તેના ચાહક (વાંચકો) તેની ગરમજોશીને તેના ઝાતી ખુલૂસ અને તેના ઊંચા અવાજવાળી તકરીરને તેના કિરદારની પુખ્તગી, તેની જાહેરી યોગ્ય જણાતી દલીલોને તેની યોગ્ય રાય, લીડરશીપની લાયકાત અને છીછરી પણ વિવિધ પ્રકારની જાણકારીને, તેની સર્વ જાણકારી અને ઈલ્મી સમૃધ્ધિનું પરિણામ સમજીને કયારેક તેને રાજકીય લીડર અને કયારેક સર્વ ઈલ્મનો જ્ઞાની પુરૂષ, સમયનો અલ્લામહ્ સમજીને આસ્માન પર ચઢાવવાની કોશિશ કરે છે. આ સમય ઘણો નાઝુક હોય છે, અને અહીંથી જ સામાન્યતઃ મોટા ભાગના પત્રકારોની પત્રકારત્વની જિંદગીમાં ઉલ્ટી ચાલ શરૂ થાય છે. બુધ્ધિશાળી પત્રકાર એવા પ્રસંગે "મન આનમ કે મન દાનમ" (હું શું છું તે હું જાણુ છું !) ના નિયમ પર અમલ કરીને પોતાની મર્યાદાની બહાર નથી જતો, અને અકીદતમંદ વાંચકોની પ્રશંસાઓથી ધોકો નથી ખાતો.

પરંતુ મૌદૂદી સાહબને પહેલેથી જ પોતાના ઈલ્મો ફઝલના વિષે અતિશય આત્મવિશ્વાસ રહ્યો છે અને ઉંમરના પ્રારંભથી જ તે લીડર બનવા તથા

પછાત મુસ્લિમ કૌમની ખિદમત કરવાનો નિશ્ચય કરી ચૂકયા છે. ઈ.સ. ૧૯૪૦ ના રાજકીય ઉથલપાથલના સમયમાં મૌદૂદી સાહબે "મુસલમાન ઔર સિયાસી કશ્મકશ" કિતાબ લખી. આ એક સિલસિલો પોતાની પૂરજોશ પ્રવચન શકિતના કારણે લોકોમાં ખૂબ મકબૂલ થયો. જો કે જે ઈલ્મી તજવીઝ તેમાં રજુ કરવામાં આવી હતી તે હકીકત પસંદીથી પર હતી, જેથી કોંગ્રેસ તથા મુસ્લિમ લીગે તેને બાળકની હરકતથી વિશેષ ન જાણ્યું પરંતુ આમ લોકોની ટેમ્પરરી લોકપ્રિયતાથી મૌદૂદી સાહબનું દિમાગી સંતુલન ખસી ગયું અને તેમને પોતાના વિષે એક રાજનીતિજ્ઞ હોવાની ખુશ ફહમી (ભરમ) પેદા થઈ ગઈ. એ અગાઉ તે કેવળ ધાર્મિક મસાઈલ પર કલમ ચલાવી ચૂકયા હતા. જેનું બુલંદ અવાજવાળું બયાન લોકોને પ્રભાવિત કરી ચૂકયું હતું, જો કે તેમના છીછરાપણા અને અયોગ્યતાની બિના પર કલમકારોએ કદી પોતે તેમને ધ્યાનપાત્ર નથી સમજ્યા. આ સૌ ચીજોનું સામુહિક પરિણામ એ આવ્યું કે તે મુજતહિદ, મુજદ્દિદ અને મેહદી મવઊદ બનવાના ખ્વાબ જોવા લાગ્યા. ઉલમાના તબકાએ તેને પણ મજઝૂબની એક બકવાસ સમજી. જેમ કે મૌલ્વી અશરફ અલી થાનવીએ આ જમાઅતના વિશે કહ્યું હતું કે, "મારૂં દિલ આ ચળવળને કબૂલ નથી કરતું."

(૨૮ વરસ પહેલાં જ્યારે જબલપૂરમાં મૌલાના મૌદૂદીના એક લેખ પર "તાજ" (અખ્બાર)ના પ્રિન્ટર, પબ્લિશરની ધરપકડ થઈ તો મૌદૂદી સાહબ "તાજ"ના તંત્રી હતા. ધરપકડથી બચવા માટે એકાએક દિલ્હી ભાગી ગયા હતા. (હિલાલે નવ, મુંબઈ, ૧૦–ઓકટોબર, ૧૯૪૮)

મોલ્વી અબ્દુલ માજિદ દર્યાબાદીએ તેમના (અશરફઅલી થાનવીના) પ્રત્યાઘાતો આ પ્રમાણે નકલ કર્યા છે :–

"હઝરતનો ઝૌકે સલીમ (રાય) તે જમાનામાં તે જમાઅત તરફથી ખટકી ગયો હતો અને હઝરતની ફરાસતે દીની તે જ સમયે જમાઅતના અમીરની પ્રતિ બદગુમાન થઈ ગઈ હતી, જો કે તે સમય સુધી તો જમાઅત તરફથી તે ખુરાફાતભરી વાતો પ્રદર્શિત પણ થઈ ન હતી, જે બાદમાં થઈ."

હિંદના ભાગલા થયા બાદ જ્યારે ગૈર મશહૂર વ્યકિતઓ રાજકીય સત્તાના આસ્માન પર ચમકવા લાગી તો મૌલાના મૌદૂદીએ નક્કી કરી લીધું કે વધુ ને વધુ રાજકીય શકિત પ્રાપ્ત કરીને છેવટે હુકૂમતના મિશન પર કબજો જમાવી



લઈએ. પરંતુ દ્રષ્ટિવાન લોકો સમક્ષ મૌલાના (મૌદૂદી)ના રાજકીય (પોલીટીકલ) થીન્કીંગને કોઈ સ્થાન ન હતું. જેથી તેમણે મઝહબી બુનિયાદ પર એક રાજકીય (પોલીટીકલ) જમાઅત બનાવી નાખી, જેનું નામ "જમાઅતે ઈસ્લામી" છે. જો કે આ જમાઅત બનાવતાં પહેલાં મૌદૂદી સાહબ એ વાતના સખ્ત વિરોધી હતા કે મઝહબી લાઈનમાં મઝહબી નામથી કોઈ જમાઅત બનાવવામાં આવે, એનાથી ઈસ્લામમાં ફિર્કાબંદી પેદા થઈ જાય છે ! મઝહબી લાઈન પર એક નવી જમાઅતની રચના કરવા માટે જરૂરી હતું કે મૌદૂદી સાહબ પબ્લિકની સમક્ષ એક આલિમનો પોશાક પહેરીને આવે. બદકિસ્મતીથી એ પહેલાં જે મઝહબી મસાઈલના વિષે તેમણે પોતાના અપરિપકવ ખયાલોને લેખિતમાં રજુ કર્યા હતા, જેને તીવ્ર દ્રષ્ટિવાળા ઉલમાએ તો તેને નોંધપાત્ર ન સમજ્યા, જેથી તે તેમની પકડથી બચી ગયા, પણ હા ! આમ લોકોમાં તેમના ઊંચા અવાજવાળા બયાનોના કારણે તે લોકપ્રિય થઈ ચૂકયા હતા. આમેય મૌદૂદી સાહબને હમેશાંથી પોતાના ઈલ્મ તથા ફઝ્લના વિષે ખૂબ જ ઉમદા ભરમ હતો. મતલબ કે હુકૂમતના મિશન (રાજસત્તા ક્ષેત્ર) પર કબજો જમાવવાનો ખયાલ તેમના દિમાગમાં એટલા પ્રમાણમાં જામી ગયો હતો કે તેમણે કુદરતની આ અણમોલ ભેટને ઠુકરાવી દીધી અને પત્રકારિત્વના બદલે રાજરમતના મેદાનમાં ચોર દરવાજેથી પ્રવેશવાની કોશિશ કરી અને હવે પોતાની આ રવિશમાં તે એટલા અંશે બેનકાબ (ઓપન) થઈ ચૂકયા છે કે આ મસ્અલો હવે તેમના માટે વિચાર ચિંતનને પાત્ર નથી બલ્કે કેવળ એક સામાન્ય મસ્અલો છે.

પરંતુ તેનું પરિણામ નજીકમાં જ તેમને મળી ગયું. તેમની રાજનીતિ દ્રષ્ટિવાનો સમક્ષ હાંસીપાત્ર બની ગઈ અને ઈલ્મો ફઝ્લનો દાવો ઢોલનું પોલ સાબિત થયો ! જેથી મુફતી કિફાયતુલ્લાહે એક સવાલના જવાબમાં લખ્યું કે :–

"મૌદૂદી જમાઅતના મુખ્ય લીડર અબુલ આ'લા મૌદૂદીને પણ જાણું છું, તે કોઈ યોગ્ય તથા વિશ્વાસપાત્ર આલિમના શાગિર્દ અને સોહબતનો ફયઝ પામેલા નથી. જો કે તેમની નજર તેમના અભ્યાસની વિશાળતાના લેહાઝથી વિશાળ છે, તેમ છતાં દીની ઝુકાવ કમજોર છે. ઈજતેહાદી શાન જોવા મળે છે...."

મુફતી સાહબે પોતાની રાય પ્રદર્શિત કરવામાં ખૂબ જ અધિક પ્રમાણમાં સાવધાની તથા ઉદાર દિલીનો લેહાઝ રાખ્યો, જ્યારે કે મૌદૂદી સાહબનું ઈલ્મ

એથી પણ અધિક કડક આલોચનાને પાત્ર છે. દ્રષ્ટાંત રૂપે એક ચીજ રજુ કરવામાં આવે છે :–

## ★ હદીષથી અજ્ઞાનતા ★

આ રાયની સૌથી મોટી સાબિતી તો તેમની હદીષથી અજ્ઞાનતા છે. જે નિરાશાજનક હદે પહોંચેલ છે. જે હદીષના વિષે તેમની બેપરવાઈનો સબબ છે. દા.ત. લખે છે :–

*"કુર્આન તથા સુન્નતની તાલીમ સૌના પર અગ્રસ્થાને છે પણ તફસીર તથા હદીષના પૂરાણા ઝખીરાથી નહીં." (તન્કીહાત, પેજ–૧/૩)*

મુહદ્દિષોએ "અસ્માઉર્રિજાલ"નો અઝીમુશ્શાન ખજાનો પૂરો પાડયો જે નિઃશંક અમૂલ્ય છે. પણ તેમને (મૌદૂદીને) કઈ ચીજ છે જેમાં ભૂલો નથી જણાતી ! (જુઓ તન્કીહાત, પેજ–૨૯૨) જાહેર છે કે, આ પ્રકારના ખયાલો છે જેના પર હદીષના ઈન્કારનો સાચા અર્થમાં હુકમ લાગી શકે છે. અને જો આ શરીઅતને હલકુ જાણવું નથી તો પછી શરીઅતને તુચ્છ જાણવું કોને કહે છે ?!!

અહીં એ પ્રશ્ન ઉઠી શકે છે કે હદીષે રસૂલ કે જે કુર્આન સિવાયના વહીની જેમ અને દીને મતીનનો મહત્વનો સ્તંભ છે. એનાથી આ અધર્મતાભરી બેપરવાઈ શા માટે ? એના જવાબના સંબંધે આપણે માનવ ફિતરતના તે ઉસૂલને ન ભૂલવો જોઈએ કે માણસ જે ચીજમાં પોતાની કમજોરી મેહસૂસ કરે છે, હમેશાં તેના હલકાપન પર ઉતરી આવે છે, આ સામાન્ય નિયમ છે, અને મૌદૂદી સાહબ પણ એનાથી અપવાદ નથી. મુફતી કિફાયતુલ્લાહની રાય ઉપર વર્ણન થઈ ચૂકી કે, "તે (મૌદૂદી) કોઈ આધારભૂત વિશ્વાસપાત્ર આલિમના શાગિર્દ અને ફૈઝ પામેલ નથી." શકય છે કે મૌદૂદી હઝરાત મુફતી સાહબની આ રાયને પૂર્વગ્રહ ઠરાવે, પરંતુ એ વાત સિધ્ધ થયેલી છે કે તે દર્સીયાત સુધી બાકાએદા નથી પઢયા. પ્રારંભિક વયમાં જ તેમના વાલિદ સાહબનો ઈન્તેકાલ થઈ ગયો; જેના લીધે રસ્મી તાલીમનો સિલસિલો ભાંગી પડયો. જો કે મશ્હૂર છે કે, ગૈર રસ્મી તૌર પર તેમને ઈલ્મી માર્ગદર્શન મૌલાના અબ્દુસ્સલામ નિયાઝી તરફથી મળ્યું જે રામપૂરના મશ્હૂર ફિલોસોફર હતા તો તેનું પરિણામ પણ ઉઘાડું જ છે !



(૧) ઈસ્લામને સમજવા માટે તેમની (મૌદૂદીની) દર્સી તાલીમ એટલી પણ નથી થઈ જે એક મામૂલી અરબી તાલિબે ઈલ્મને હોય છે.

(૨) મૌલાના અબ્દુસ્સલામ નિયાઝી ફિલોસોફર હતા અને જે લોકોએ યથાશક્તિ તેમનાથી ફૈઝ હાંસલ કર્યો તે કેવળ ફિલોસોફી તથા હિકમતમાં જ કર્યો, થોડાક જ લોકોએ અન્ય વિષયોની કિતાબો તેમનાથી પઢી છે.

(૩) મૌલાના અબ્દુસ્સલામ નિયાઝીના મૌદૂદી સાથે સંબંધો તેમજ મૌદૂદી સાહબના સાદા બયાનના તરીકાથી કેટલાક લોકોને એવો ધોકો થાય છે કે મૌદૂદી સાહબ કુર્આન, હદીષ, ફિકહ, ઉસૂલે ફિકહ અને દીની ઈલ્મોમાં તો નહીં, હા ! ફિલોસોફી તથા કલામમાં મહારત ધરાવે છે. ખૂદ મૌદૂદી સાહબને પોતાના વિષે ફકીહ તથા મુતકલ્લિમ હોવાનો ભરમ છે. જેમ કે ફર્માવે છે :– "ફિકહ તથા કલામના મસાઈલમાં મારો એક ખાસ મસ્લક છે, જેને મેં મારી ખૂદની તેહકીકના આધારે અપનાવ્યો છે."

પરંતુ તીવ્ર દ્રષ્ટિવાળા હઝરાત જાણે છે કે તેમના લખાણોમાં જાહેરી ફિલોસોફી જે એક આકર્ષક અંદાઝવાળા પત્રકારત્વનું બીજું નામ છે. કોઈ ચીજ એવી નથી જે તેમના ફિલોસોફીના જ્ઞાન અને ઈલ્મે કલામની જાણકારીની ખાત્રી કરાવતી હોય. રહી એ ચીજ જેને કલામમાં પોતાનો એક ખાસ મસ્લક બતાવે છે અને જેના વિષે તે કહે છે કે, "મેં મારી અંગત તેહકીકના આધારે અપનાવ્યો છે." તેની હકીકત ફકત એટલી છે કે તે તેમનો દિમાગી પ્રભાવ અને યૂરોપિયન જ્ઞાની પુરૂષોના કથનોના ઈલ્મી પ્રભાવ તથા પશ્ચિમીપણાની રદના મોટા મોટા દાવા વચ્ચે એક કઢંગુ સમાધાન છે. તેનું કારણ એ થયું કે તેમને ગૈર મુસ્લિમોના અમુક એવા વાંધાઓથી ટકરાવાનું થયું જેને વાંધો ઉઠાવનારાઓએ ઐતિહાસિક પ્રસંગોથી સમર્થિત કરીને સોચ સમજવાનો આધાર બનાવી દીધો હતો. અને આ તરફ હાલત એ હતી કે મૌદૂદી સાહબનો ઈતિહાસનો અભ્યાસ ઘણો જ છીછરો હતો.

આ સર્વ ચીજોનું પરિણામ એ આવ્યું કે તેમણે વાંધાઓ સમક્ષ પોતાની લાચારીભરી ખામોશી વડે મોહર મારી દીધી અને તેનાથી બચવાના માટે તેમણે ઈસ્લામની કેટલીક ઉસૂલી (પાયાની) તાલીમાતથી ઈન્કાર કરી દીધો. જેમ કે તેમની કિતાબ "તજદીદો અહયાએ દીન"માં લખ્યું કે :–

*''ઈસ્લામી ઈસ્તેલાહ (પરિભાષા)માં જેને ફરિશ્તા કહે છે, તે લગભગ એ જ ચીજ છે જેને યૂનાન તથા હિન્દુસ્તાન વગેરે વગેરે દેશોના મુશ્રિકોએ દેવી તથા દેવતા ઠરાવ્યા છે.''*

વળી મૌદૂદી સાહેબે ''કુર્આનકી ચાર બુન્યાદી ઈસ્તેલાહેં''માં લખ્યું છે :–

*''આ જ ફરિશ્તાઓને અન્ય મુશ્રિક કૌમોમાં દેવતા ઠરાવવામાં આવ્યા છે.''*

વાંચક મિત્રો ! આ છે મૌદૂદી સાહબનો કલામના મસાઈલમાં એક ખાસ મસ્લક !

(શેઅર) **નાતિક્હ્ સર બગિરેબાં હૈ, ઈસે કયા કહીયે !**

જયારે ફિકહ તથા કલામના ઈલ્મોમાં મૌદૂદી સાહબની ઈલ્મી વિપુલતાની આવી હાલત છે ! તો પછી ઈલ્મે હદીષમાં એમની શું હાલત હશે તે સમજી શકાય છે. તેમના હદીષના (અ)જ્ઞાનની એ હાલત છે કે એક આખી કિતાબ સવાસો (૧૨૫) પેજીસની ''તજદીદો અહયાએ દીન'' નામથી લખી નાખી ! પણ નફસે તજદીદે અહયાએ દીન (મૂળભૂત તજદીદ તથા દીનને જીવંત કરવાની મૂળ વાત)ના વિષે એક હદીષ પણ ન લખી શકયા ! બલ્કે આખી કિતાબમાં કુલ એક હદીષ નકલ કરી છે ! અને તે પણ હાશિયામાં અને તે હદીષ પણ કોઈ કિતાબમાંથી નથી લીધી ! કેમ કે મૌલાના મૌદૂદીને નફસની ખ્વાહિશ તથા દીનને ઉલટવા પલટવાથી એટલી ફુરસદ કયાં હતી જે હદીષોની કિતાબોના અભ્યાસમાં દિમાગ ફોડી કરી શકે, ન કોઈ જુર્મમાં પકડ કે તેના છૂટકારા માટે આગલા પાછલા મુહદ્દિષોના કથનો એકત્ર કરી શકે. ટૂંકમાં કે મૌલાના મૌદૂદીએ એ એક હદીષ પણ ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ 'મન્સબે ઈમામત'માંથી નકલ કરી છે જેમણે તેને ''શાતબી''ના ''મુવાફેકાત''માંથી લીધી છે !

આ છે મૌલાના મૌદૂદીની હદીષદાની અને હદીષથી બેપરવાહી ! અહીં મૌદૂદી સાહબ તથા તેમના વકીલોને કેવળ એક જ સવાલ કરવાનો થાય છે જેની વિસ્તૃત ટિપ્પણી તેમની હદીષદાની (હદીષની જાણકારી) તથા હદીષથી બેપરવાઈને ઓપન કરી નાખશે.

મૌદૂદી સાહબે ''તજદીદો અહ્યાએ દીન''ના વિષયમાં ૧૨૫ (સવા સો) પેજીસની આખી કિતાબ લખી નાખી.



સવાલ એ છે કે :–

(૧) નફસે તજદીદે અહ્યાએ દીન દીની કામ છે કે ગૈર દીની ?

(૨) જો ગૈર મશ્રૂઅ (ગૈરદીની) છે તો આ ગૈર મશ્રૂઅ કાર્યને શું કહેશો ? તજદીદો અહ્યાએ દીનનો દાવો અને ગૈર મશ્રૂઅ કામમાં પડવું !

(૩) જો ગૈર મશ્રૂઅ છે તો શરીઅતમાં તેની અસલ છે કે નહીં ?

(૪) જો શરીઅતમાં તેની અસ્લ છે તો શું છે ?

(૫) જો નથી તો દીનમાં નવી વાત પેદા કરવું બિદઅત બને છે કે પછી અહ્યાએ દીન કે પછી દીનમાં ફસાદ નાખવું છે ?

(૬) શું એની મૌદૂદી સાહબને ખબર હતી કે નહીં ?

(૭) જો મૌલાના મૌદૂદીને તજદીદે અહ્યાએ દીનની અસ્લે શરઈ (શરીઅતની અસલ) માલૂમ હતી તો પછી કયા કારણે તેના ઈલ્મી ઘમંડે પોતે તેને નોંધપાત્ર ન જાણ્યું અને આ ઘમંડને તમે શું કહેશો ? હદીષથી બેપરવાઈ, સુન્નતની મઝાક ઉડાડવું કે ખુદા વ રસૂલના હુકમો વચ્ચે તફાવત ઉભો કરવું ?

(૮) જો મૌલાનાને તજદીદો અહ્યાએ દીનની અસ્લે શરઈ માલૂમ ન હતી તો મૌલાનાની ઈલ્મી વિપુલતા અને અભ્યાસની વિશાળતા જાહેર છે ! અને તેમ છતાં તેમનો દા'વો છે કે તે ઈસ્લામના ઉસૂલ પર એક નવા સામુહિક બંધારણ અને એક નવી તેહઝીબના ઘડતરનો પ્રોગ્રામ લઈ ઉઠયા છે !

આ છે તજદીદો અહ્યાએ દીનના દાવેદાર જે પાયાની તાલીમાત (શિક્ષણ)થી નિરાશાજનક સ્થિતિએ અજાણ છે ! અને છતાં દાવો છે કે ૧૦૦% ઈસ્લામી તેહઝીબનો પાયામાં સુધારો કરીશું. મસ્અલાની જેટલા અંશે શંકાઓ થઈ શકતી હતી તે લખવામાં આવી અને આ શંકાઓનો કોઈ ન કોઈ જવાબ સાબિતીમાં આપવો પડશે અને જવાબની ખરાબી જાહેર છે !

કયાં તો મૌલાના મૌદૂદીએ ઈરાદાપૂર્વક અસ્લે શરઈ (મૂળ દીન)ને પોતાની બેલગામ તેહરીર (લખાણ)માં રુકાવટ સમજીને પોતે તેને નોંધપાત્ર ન સમજી. આ રીતે શરીઅતના મઝાકનો બુરો જુર્મ કર્યો અથવા તો મૌલાનાને દૌરાએ હદીષનો રસમ મુજબ અથવા ગૈર રસ્મી તૌર પર મૌકો જ નથી મળ્યો. જયારે કે કોઈ તાલિબે ઈલ્મ પણ એ દૌરાને પઢવાથી બેનિયાઝ (બેપરવા) નથી થઈ શકતો.

આ બાબત તેમની હદીષની નાવાકેફપણાની ન્યાયી (નિર્ણયાત્મક) સાક્ષી છે અને તેમના ઈલ્મની ઉણપની રોશન દલીલ છે. આ મસ્અલો સ્પષ્ટ થઈ ગયા પછી મૌદૂદીઓએ પોતાની કાર્યપધ્ધતિ પર ફેર નજર કરી લેવી જોઈએ કે તેઓ સમયના કયા મુજતહિદની તકલીદ કરી રહ્યા છે ! કિતાબ તથા સુન્નતથી જે શખ્સની નાવાકેફી તથા તેના દીનની હાલત આવી છે તો તેની દા'વતે દીન એ હક્કની દા'વત છે કે બાતિલની દા'વત ?

## ★ ઘરનો ભેદી લંકા બાળે ★

જનાબ કૌષર નિયાઝી "શહાબ" અઠવાડિક લાહોરના તંત્રીનું જમાઅતે ઈસ્લામીથી રાજીનામુ જુઓ જેની એક એક લીટી બોધપાઠ ગ્રહણ કરવાના સ્થાને છે, તેને વાંચીને જમાઅતના પોલથી વાકેફિયત મેળવો.

સાચુ છે કે એને વાંચીને દિલોની દુનિયા બદલાઈ જશે અને શરીરનું રવે રવું ઉભુ થઈ જશે અને તમે એનો સહી અંદાઝો કરી શકશો કે "હુકૂમતે ઈલાહિયહ્" અને "ઈકામતે દીન"ના પડદામાં કેવા ડ્રામા ખેલવામાં આવી રહ્યા છે.

રાજીનામાથી પહેલાં મૌદૂદી સાહબ વિશે ડો. અબ્દુલ વદૂદની એક રાય મેં રજુ કરી દીધી છે જે "મન્સબે રિસાલત નંબર"થી લીધેલ છે. પ્રથમ તેને વાંચો બાદમાં કૌષર નિયાઝી સાહબનો પત્ર તથા રાજીનામુ વાંચશો.

## ★ ડો. અબ્દુલ વદૂદની રાય (મંતવ્ય) ★

"તર્જુમાન કુર્આન", ભાગ–૫૬, ક્રમ–૬, મન્સબે રિસાલત નંબર, પેજ–૧૨૯માં છે :–

*"છેવટે તે કઈ મૂર્તિ છે જેની આગળ ઝુકવા માટે કહેવામાં આવ્યું હતું ? અને કઈ શખ્સિયત પરસ્તીની તમને દાવત આપવામાં આવી હતી." –મૌદૂદી*

*"તે મૂર્તિની શોધમાં તમારે કોઈ મંદિરમાં જવાની જરૂરત નથી, તે મૂર્તિ તમે પોતે જ છો ! તમારી જીભ તથા કલમ વડે જે કાંઈ નીકળી જાય તેને તમે ખુદા તથા રસૂલનુ ફર્માન ઠરાવો છો. તેની સામે ઝુકવું હક્ક (રબ)ની સામે ઝુકવું છે અને આપની દ્રષ્ટિએ તેનાથી વિમુખ થવું ખુદા વ*



*રસૂલથી વિમુખ થવા જેમ છે ! જે તમારાથી મતભેદ કરે તેની વિરૂધ્ધ તમે તથા તમારા ચેલાઓ જે કાંઈ કરે છે તેનો એક આલમ સાક્ષી છે. ત્યાં સુધી કે જે લોકો વરસો સુધી આપના ચાહક રહ્યા અને ત્યાર પછી તે બીચારાઓએ તમારી કોઈ વાતથી મતભેદ કર્યો તો તમે લોકોએ જે કાંઈ તેમની વિરૂધ્ધ કર્યું તે પણ સૌ સમક્ષ જાહેર છે. આ જ તે આપની મૂર્તિ છે જેની સમક્ષ ઝુકવાના માટે આપ મને કહી રહ્યા છો અને મારા ન ઝુકવાને કારણે મને ખુદા વ રસૂલથી વિમુખ થવાના મહાન જુર્મમાં સપડાયેલો ઠરાવી રહ્યા છો.*

*હે કાશ ! કે તમને એ જાણ થઈ શકત કે તમારી આ રવિશે (પધ્ધતિએ) વિચારશીલ તબકાની દ્રષ્ટિમાં તમારો વકાર કેટલા પ્રમાણમાં ગુમાવી દીધો છે. તમે મારા પત્રોમાંની અમુક કિતાબતની ગલતીઓને ઉછાળીને એવો હાઉ ઉભો કરવાની કોશિશ કરી છે કે હું કુર્આની આયતોને સહીહ ઈમ્લા કરવાનુ (લખવાનું) નથી જાણતો. મને મારી ઈલ્મી હદોનું સારી પેઠે ભાન છે, પરંતુ જરા વિચારો કે તમે જે વાત કહી છે તે કેટલા અંશે હલકી કક્ષાની છે ! મારા પત્રોની કિતાબત કોઈ અન્ય વ્યક્તિએ કરી હતી. કિતાબતમાં સામાન્ય રીતે જે ગલતીઓ રહી જાય છે તેની કોને ખબર નથી ?! મને જો તમારી આવી વિચારસરણીની જાણ હોત તો હું તે આયતોને જાતે ચેક કરી લેત. તમને પણ એનો તો અનુભવ હશે કે તમારી આટલી ઈલ્મિયત (ઈલ્મીપણુ) અને સાવચેતી છતાં તમારી કિતાબોમાં કિતાબતની ગલતીઓ (પ્રિન્ટીંગ મિસ્ટેક્સ) રહી જાય છે તો શું એ ગલતીઓના કારણે શું તમને જાહિલ ઠરાવી દેવામાં આવે ?*

*મને અફસોસ છે કે મારે પ્રારંભમાં આ બધુ લખવુ પડયું છતાં એનાથી પણ મારો મકસદ એ છે કે કદાચ એનાથી તમે પોતાની સુધારણા કરી લો. તમારા ચાહકોના વર્તુળમાં રહેનારાઓની સ્થિતિ એવી જ હોય છે કે તેમનામાંથી કોઈ પણ આવું બતાવવાની હિંમત નથી કરતો.*

**શેઅર : "કહતી હૈ તુઝકો ખલ્કે ખુદા ગાઈબાના કયા !"**

**એટલા માટે જરૂરત હોય છે કે કોઈ તટસ્થ વ્યકિત સામે આવીને તેમની સમક્ષ આઈનો ધરી આપે જેમાં તેમને પોતાનો સાચા દેખાવ જોવા મળે. એ અલગ**

વાત છે કે તે હબ્શીની જેમ કે જેણે આઈનામાં પોતાના ભયાનક ચહેરાનો પ્રતિબિંબને જોઈને આઈનો ફોડી નાખ્યો હતો. (તેની જેમ તમે પણ) હકીકત ઉઘાડી પડી જતાં ગાળો પર ઉતરી આવ્યા. –ડો. અબ્દુલ્લાહ'' (હવાલો : તર્જુમાને કુર્આન, ડિસેમ્બર–૧૯૬૦, પેજ–૧૭૫)

**નોંધ :–** વાત આવી જ ગઈ છે તો એના હેઠળ મૌદૂદી સાહબના વિશે ડો. અબ્દુલવદૂદની એક પ્રમાણિત રાય જોઈ લો ! ત્યાર બાદ કૌષર નિયાઝી તંત્રી અઠવાડિક ''શહાબ''નું રાજીનામુ વાંચશો અને મૌદૂદી સાહબની પ્રપંચજાળનો અંદાઝો લગાડશો.

*''તમે એના જવાબમાં પોતાની સર્વ ક્ષેત્રિય જાણકારી તથા પ્રશ્નકર્તાની જેહાલતના વિશે અગણિત પાનાંઓ ચીતરી કાઢયાં પરંતુ એ પ્રશ્નોના વિશે જે કાંઈ કહ્યું તે એનાથી વિશેષ કર્યું છે, કેમ કે એનો જવાબ તમારી પાસે નથી ! એના પરથી મને એકદમ તે લાલ બુઝક્કર (ચિમ્પાન્ઝી વાનર) ની વાત યાદ આવી રહી છે કે જેના ગામમાંથી એક વાર એક હાથી પસાર થયો. તેના ચાહકોનું વર્તુળ તેની પાસે એકત્ર થઈ ગયું અને તેને પૂછયું કે આ શું હતું ? આ સાંભળીને લાલ બુઝક્કર સાહબ ચોધાર આંસૂએ રડવા લાગ્યા, તેને જોઈને ચાહકો પણ રડવા લાગ્યા. જ્યારે કાંઈક રાહત થઈ તો તેમણે પૂછયું કે જનાબ ! તમારા રોવાનું કારણ શું છે ? તો તેણે ઠંડો નિસાસો નાખ્યો અને કહ્યું કે, મને રડવું એ વાત પર આવી ગયુ કે અત્યારે તો તમારી એ હાલત છે કે જેવી કોઈ મુશ્કેલ વાત સામે આવે છે તો તમે લોકો મારી પાસે દોડી આવ્યા અને ઈત્મિનાન પામી લીધું, પણ કાલે જ્યારે હું નહીં હોઈશ તો તમને આ વાતો કોણ બતાવ્યા કરશે ?! તો આ સાંભળી અકીદતમંદોનું વૃંદ ફરી રડવા લાગ્યું ! શાંત થતાં તેમણે પૂછયું કે, હઝરત ! હવે તો જણાવો ! કે એ શું હતું જે પસાર થયું ?! લાલ બુઝક્કર સાહબે જવાબમાં કહયું કે, મને પણ ખબર નથી કે એ શું હતું ?! તમારામાં અને આ લાલ બુઝક્કરમાં તફાવત ફકત એટલો જ છે કે તેનામાં પોતાની અજ્ઞાનતાનો સ્વીકાર કરવાની હિંમત હતી પરંતુ તમે તેને છેતરામણા સાહિત્યના પડદાઓમાં છુપાવવાની કોશિશ કરો છો ! જેથી ચાહકોના વર્તુળ આપના વિશેનો*



*ભરમ બાકી રહે.'' –ડો. અબ્દુલ વદૂદ (હવાલો : તર્જુમાને કુર્આન, ભાગ–૫૬, ક્રમ–૬, મન્સબે રિસાલત નંબર, પેજ–૧૩૨)*

**નોંધ :** હવે જમાઅતે ઈસ્લામીના એક સક્રિય કાર્યકર જેને જમાઅતનો સત્તર (૧૭) વરસનો અનુભવ છે એટલે કે કૌષર નિયાઝી લાહોરના ''શહાબ'' સાપ્તાહિકના તંત્રીનું રાજીનામુ વાંચો જેને મોહદ્દિષે આ'ઝમે હિંદના સાહબઝાદા હઝરત સૈયદ હસન મુષન્ના મિયાં (એમ. એ. અલીગ)એ પોતાની કિતાબ ''દસ્તૂરે જમાઅતે ઈસ્લામી હિંદકા તન્કીદી જાએઝા''માં પ્રકાશિત કરીને કિતાબની ઉપયોગિતામાં ચાર ચાંદ લગાડી દીધા છે. મને યકીન છે કે જે દિલમાં રાઈના દાણા બરાબર ઈમાન તથા ઈન્સાફ હશે તે 'કૌષર નિયાઝી'ના પત્ર તથા રાજીનામાને વાંચ્યા બાદ જમાઅતે ઈસ્લામીથી એવી રીતે ભાગી છૂટશે જેવી રીતે તીર કમાનથી ! ખુદાએ કદીર હિદાયતના માટે દરવાજાઓને ખોલી દે, આમીન. મેં મારા તરફથી કેવળ અંદર લાઈનનો જ વધારો કર્યો છે.

## ★ ઘર ફૂટે ઘર જાય ! ★

એના અનુસંધાનમાં જૂના પ્રસંગોને તો જવા દો, હાલ ગયા મહીનાની વાત છે કે જનાબ કૌષર નિયાઝી સાહબે જે પાકિસ્તાની જમાઅતે ઈસ્લામીની મજલિસે શૂરા (સલાહકાર સમિતિ)ના સભ્ય રહી ચૂકયા છે, અને લાહોર ક્ષેત્ર અમીર તથા નિગરાં પણ તથા સાપ્તાહિક ''શહાબ''ના માલિક તથા તંત્રી પણ છે. આ જમાઅતથી પોતાના રાજીનામાનું એલાન તથા પ્રદર્શન જે દર્દનાક અને ખતરનાક શબ્દોમાં કર્યું છે તે જમાઅતે ઈસ્લામી (ચાહે પાકિસ્તાનની હોય કે હિંદુસ્તાનની એટલા માટે કે પાયાના નિયમો તથા માન્યતાઓના હિસાબે બંનેમાં કોઈ ફરક નથી.)ના માટે અધિક સબકના સામાનની હૈસિયત ધરાવે છે. કૌષર નિયાઝીનો તે લાંબો પત્ર જે તેમણે ૧૨ ફેબ્રુઆરીએ અમીરે જમાઅત જનાબ અબુલ આલા મૌદૂદી સાહબના નામે મોકલ્યો અને જેનું કુદરતી પરિણામ એક લાંબા રાજીનામાના રૂપમાં ઉપસ્થિત થયું. તે બંનેને ઉર્દૂના અગ્રગણ્ય વર્તમાન પત્ર ''કૌમી આવાઝ'' લખનૌએ પ્રસિધ્ધ કરી દીધો છે. નીચેના લખાણમાં કૌષર નિયાઝી સાહબના લાંબા પત્ર અને લાંબા રાજીનામાં બંનેના અમુક ભાગો રજુ કરવામાં આવે છે. –(સૈયદ હસન મુષન્ના)

**જનાબ કૌષર નિયાઝી સાહબે ઈ.સ. ૧૨–૨–૧૯૬૫ વાળા પત્રમાં**

**લખ્યું હતું :-**

''..................... જમાઅતે પ્રમુખના ઈલેકશનમાં પોતાના પાછલા સિધ્ધાંતને છોડીને મોહતરમા ફાતિમા જિનાહની હિમાયતને ઈસ્લામ ધર્મનો તકાઝો તથા જેહાદ ઠરાવી દીધો. તમે બહાર આવતા રહયા અને જમાઅતની પૂરી શકિતને તમે આ ઈલેકશનની કોશિશમાં ઝોંકી દીધી. ..................... તેનાં ભયાનક પરિણામો જમાઅતના કાર્યકરોમાં વધતી નિરાશા, સુસ્તી અને કામ સ્થગિત થવાના રૂપમાં આપણી સમક્ષ છે. ......................... જે ખયાલો હેઠળ હું જમાઅતે ઈસ્લામીમાં સામેલ થયો હતો આજે તે ખયાલો તથા નજરથી અદ્રશ્ય થઈ ચૂકયા છે. અને પોતાની સ્વ સુધારણા તથા પરિ પૂર્ણતાનો જે મકસદ મને જમાઅતમાં લાવ્યો હતો તો જમાઅતની પોલીસી અને કાર્યપધ્ધતિએ મને અન્ય મેમ્બરોની જેમ તેનાથી વંચિત જ નથી રાખ્યો બલ્કે ઘણે દૂર નાખી દીધો છે. ..................... પ્રમુખના ઈલેકશનની ચળવળ દરમ્યાન ................ .......... અમલદારોએ એના અનુસંધાનમાં જે ઠરાવ મંજૂર કર્યો છે તેના પર સતત ચિંતન સંશોધન કર્યા બાદ હું એ નિર્ણયે પહોંચ્યો છું કે એનાથી જમાઅત એવા માર્ગ પર નાખી દેવામાં આવી છે જે દીની એતબારથી સખ્ત દોગલાપણુ (મને આ સખ્ત શબ્દ માટે માફ કરશો) બલ્કે નિફાકનો (મુનાફિકપણાનો) માર્ગ છે. અને રાજનૈતિક હૈસિયતથી સમજબૂઝ અને હિકમત તથા શાણપણના પાસાથી આપણે દેવાળિયા થઈ જવાનું જાહેર એલાન છે. ......................... આ સમયે આપણી સ્થિતિ એ છે કે અન્ય ઘણીયે ઉસૂલી ગલતીઓ ઉપરાંત આપણે ઔરતના પ્રમુખપણાના મસ્અલામાં જે રવિશ અપનાવી તેની અલ્લાહ તઆલાને ત્યાં જે સજા મળશે તેનો મસ્અલો તો અલગ છે પણ આ દુનિયામાં પણ દેશની અંદર તથા બહાર આપણી દીની હૈસિયત ખત્મ થઈ ચૂકી છે. .......................... <u>એના માટે આપણે ગરીબ ઈસ્લામ પર જે નવાઝિશ કરી છે અને હુર્મતોની કાયમી તથા ટેમ્પરરી વહેંચણીનો જે નવિન તરીકો રજુ કર્યો છે ત્યારથી દીની ક્ષેત્રો તો એક બાજુ રહ્યાં અન્ય નિષ્પક્ષ તત્વો ત્યાં સુધી કે વિરોધીઓ સુધ્ધાંના અમુક જાણીતા લોકો આપને ઈબ્નુલ વકત તથા રાજકરણ ખાતર દીનમાં ફેરફાર કરનારુ ગૃપ સમજે</u>



<u>છે.</u> ............... જો તમે રજા આપો તો લખું કે, હુર્મતોમાં (હરામ બાબતોમાં) કાયમી તથા ટેમ્પરરી વહેંચણીને માની લીધા પછી આપણી માન્યતા હદીષના મુન્કિરો (ઈન્કાર કરનારા)ની ગુમરાહ કરનારી માન્યતાથી પણ વિશેષ ખતરનાક થઈ જાય છે. ....................... .......... અને એ તો તમને ખબર જ છે કે <u>જમાઅતી પોલીસીના જબરદસ્તીપણા હેઠળ</u> હું પોતે તમારી આ વિચારસરણીનો સામનો કરનારાઓમાં સામેલ રહ્યો છું પણ તેમ છતાં આ વિચારસરણીની અચ્છાઈ મારી સમક્ષ સ્પષ્ટ નથી થઈ શકી. .......... ............... હું ઘણો જ ગુનેહગાર છું, મારી આખી જિંદગીના ગુનાહ એક તરફ અને એકલો આ ગુનોહ બીજી તરફ, કે મેં <u>જે વાતને શરીઅતની રૂએ યોગ્ય જાણી ન હતી તે કેવળ જમાઅતના કાનૂનો તથા બંધારણના કારણે આ ગુના માટે મજબૂર થઈ ગયો કે હવે એનું પ્રતિનિધિત્વ કરું !</u> અલ્લાહ મારા આ ગુનાહને માફ ફર્માવે, નહીં તો ડરું છું કે કયાંક આ જુર્મના કારણે મારું દિલ રહ્યા સહ્યા ઈમાનથી પણ મેહરૂમ ન થઈ જાય. ....................... મારી રાય એ છે કે હવે આપણી પ્રિય જમાઅત 'જમાઅતે ઈસ્લામી' એક વિચિત્ર સંજોગો સાથે ટકરાઈ છે. .................. આપણે ઉમેદવારીને હરામ ઠરાવી દીધી. એના માટે સહાબીઓ સુધ્ધાંની કોઈ મહાન હસ્તીમાં ઉમેદવારીનું કોઈ પાસુ આપણા સમક્ષ રજુ કરવામાં આવ્યું તો <u>આપણે પોતાની ઈજતેહાદી રાયને નસ (કુર્આની દલીલ)નો દરજ્જો આપીને તેના પર ટીકા કરવામાં પાછી પાની નથી કરી.</u> પણ હવે આપણે વિરોધીઓ સાથે મળીને ઉમેદવારો પાસેથી ખૂદ દરખાસ્તો માંગી રહ્યા છીએ. આપણે કહ્યું કે નેક પ્રતિનિધિ પંચાયતી સિસ્ટમથી આવે ચાહે કોઈ પણ જમાઅત અથવા ગિરોહ સાથે પણ સંબંધ રાખતો હોય, પછી આપણે નેક પ્રતિનિધિઓને જમાઅતના વર્તુળમાં ખાસ કરી દીધા. પહેલાં આપણે પાર્ટી ટિકિટને લા'નત કહેતા હતા હવે મહાઝ(ઈલેકશનના મુકાબલાના મેદાન)ની સાથે જોડાઈને ''ગૈર સાલેહીન''ને પણ ટિકિટ વહેંચી રહ્યા છીએ. અમે નોટ પર કાઈદે આ'ઝમની તસ્વીર છાપવા પર ખૂબ ગુસ્સે હતા, પણ પ્રમુખના ઈલેકશનમાં આપણા કાર્યકરોએ પોતાની બહેનના ફોટાઓને ગલી ગલીએ વેચ્યા. પહેલાં આપણે સદારતીથી વધીને કરામાતી ખિલાફતનો ખયાલ પેશ કર્યો હતો અને હવે આપણે

પાર્લામેન્ટી લોકશાહી બંધારણને ઈસ્લામી ઠરાવીએ છીએ. પહેલાં આપણે એસેમ્બલીઓમાં સભ્યોની અલગ પાર્ટીઓ બનાવવાને ગૈર ઈસ્લામી ઠરાવવતા હતા. બાદમાં આપણે જાતે જ એના પર અમલ કર્યો. પહેલાં આપણે મિશ્ર જલસાઓમાં શરીક થતા ન હતા અને હવે મિશ્ર જલસાઓનું પ્રમુખ સ્થાન સંભાળીએ અને તેમાં પ્રવચન કરીએ છીએ. પહેલાં આપણે ઉલમાના ઈત્તેહાદ (એકતા)ની કોશિશ કરતા હતા અને વર્તમાન પાર્ટીઓની સાથે મળવું ગલત સમજતા હતા, હવે ઉલમાના ઈત્તેહાદથી બેપરવા અને રાજકિય પાર્ટીઓના મહાઝને મજબૂત કરવાને ઈસ્લામનો તકાઝો સમજીએ છીએ. પહેલાં આપણે સ્ત્રીઓને વોટનો હક્ક આપવા રાજી ન હતા, હવે તેમના પ્રમુખપણા માટે કોશિશ કરી રહ્યા છીએ. પહેલાં આપણે "અપવા"ના સખત ટીકાકાર હતા હવે તેનો એક હિસ્સો "મુત્તહિદા હઝબે ઈખ્તેલાફ"ની બહેનોની કમિટીના રૂપમાં બનેલ છે, અને આપણા મોટેરાંઓની બેગમો તેણીઓના જલસાઓમાં પ્રવચનો કરે છે. પહેલાં આપણે વિદ્યાર્થીઓને અમલી રાજકરણમાં ભાગ લેવાથી રોકતા હતા અને હવે તેમને અમલી રાજકરણમાં જોડાવાની અપીલ કરીએ છીએ. આપણે જલસાઓ અને નારાઓને ગૈર ઈસ્લામી કહેતા હતા, હવે કા'બાના ગિલાફ સુધ્ધાંનુ જુલૂસ કાઢીએ તથા આપણા લીડરો માટે ઝિંદાબાદના નારાઓ મારીએ છીએ. પહેલાં આપણે તે ઈન્સાની (ગૈર ઈસ્લામી) કાનૂનો પર ચાલનારી અદાલતોમાં મુકદ્દમા (કેસો) લઈ જવાને મહાન ગુનો સમજતા હતા, અને હવે તે જ અદાલતોને આપણે અદ્‌લ ઈન્સાફનુ મેદાન (મહાઝ) ઠરાવીએ છીએ. પહેલાં આપણે વકીલોને શૈતાની બિરાદરીના મેમ્બર સમજતા હતા, હવે તેને જ લોકશાહીનો સરપરસ્ત કહીએ છીએ. ............................ યકીન માનશો ! અતિશય દુ:ખ સાથે મેં જમાઅતી ઈતિહાસ પ્રતિ આ નિર્દેશ કર્યો છે .................. .................. એ સ્થિતિ હોય કે જેની સરદારી અવ્વલથી આખર સુધી પગારદાર હોય, જેમાં મંતવ્ય રજુ કરવા પર પ્રતિબંધ હોય, જેમાં મુઠ્ઠીભર લોકો વોટનો હક્ક ધરાવતા હોય, જેમાં તમારી રજુ કરેલી ઈલ્મી કે દીની રાયથી મતભેદ કરવો જમાઅતનો વિરોધ કરવા સમાન હોય ! એમાં એવો માણસ કેવી રીતે દાખલ થઈ શકે છે જે ખૂદ સોચવા સમજવાની ક્ષમતા ધરાવતો હોય ? એવો શખ્સ વિગતો માલૂમ કર્યા વિના



દાખલ થઈ પણ જાય તો તે અહીં નભી પણ શકશે નહીં. ...................... જ્યાં સુધી હું એ જોઉં છું કે જમાઅતની અખ્લાકી હાલત (હું મને પોતાને અપવાદ ઠરાવીશ નહી) અતિશય કક્ષા સુધી પતન થઈ ચૂકી છે અને ......................... હાલતો દિન પ્રતિ દિન બદથી બદતર થતી જઈ રહી છે તો મારી નિરાશા અધિક સખત થતી જાય છે. મેં એના બારામાં કેટલીયે વાર આપનું ધ્યાન દોર્યું છે અને દરેક વાર આપ ગમગીન બનીને માથુ પકડીને બેસી જતા હતા, અને સ્વીકાર કરતા હતા કે આ સર્વ કાંઈ તમને ખબર છે પણ તમે કાંઈ નથી કરી શકતા. ૩૧—ઓક્ટોબર ઈ.સ. ૧૯૬૩ મારા હોદ્દેથી રાજીનામુ દેતી વખતે મેં લેખિતમાં વિનંતિ કરી હતી કે ............... દીનને જીવંત કરવાનું કામ કરવા માટે જે ઓછામાં ઓછા જરૂરી ગુણો આપણામાં હોવા જોઈએ તેની આપણી જિંદગી સાક્ષી નથી પૂરતી. જમાઅતના તમામ પર કબજો ધરાવનાર ભારે ભારે પગારો લેનારા આપણા અમુક રહનુમા એકબીજાની ટાંગ ખેંચે છે ! આક્ષેપો લગાડે છે અને ચુગલી તથા ગીબત કરવામાં મશગુલ રહે છે. કેટલાકની તો બોલ ચાલ આપસમાં બંધ રહે છે ! મને યકીન છે કે "ગીલાના બ્રધર્સ" અને "કરાચી ગૃપ" વગેરેની અફસોસનાક બોલીઓ આપના કાનોના માટે પણ અજનબી નહીં હોય. મંતવ્યમાં મતભેદને સહન કરવામાં નથી આવતુ. ............... હા માં હા મિલાવનારા ઈલ્મે દીનથી કોરા અને અરબી ભાષામાં તદ્દન અંગૂઠા છાપ લોકોને જમાઅતની પ્રથમ હરોળમાં લાવવાની કોશિશ કરવામાં આવી રહી છે. ................. આપણી તન્ઝીમમાં એ વિચારસરણી આપણા માટે સૌથી મોટો ખતરો છે અને અત્યારે લોકો જો આપણા આપસમાં સહકાર તથા સંબંધોના પ્રશંસક છે તો એનો સબબ એ છે કે અન્ય જમાઅતોની જેમ આપણી આંતરિક હાલતો ખુશ કિસ્મતીથી અખ્બારોમાં પ્રસિધ્ધ નથી થતી. ........... .. જમાઅતમાં આપસમાં અદાવતો પ્રગતિમાં છે, લેણદેણના મામલામાં કાર્યકરો તો એક તરફ રહ્યા આપણા રહનુમાઓ સુધ્ધાં અફસોસજનક કિરદાર ધરાવે છે. અમાનતો વેડફાઈ રહી છે. ઉશ્ર તથા ઝકાતની રકમો રાજનૈતિક તથા ઈલેકશનની પ્રવૃત્તિઓ અને કાયમી કાર્યકરોના પગારો પર ખર્ચવામાં આવી રહી છે. વર્તમાન રાજકરણની ચર્ચાઓ એટલી આમ થઈ ચૂકી છે કે આપણી

*મજલિસોમાં ખુદા વ રસૂલની ચર્ચા પણ નામ માત્રની રહી ગઈ છે. ઈબાદતોમાં આપણે સખત સુસ્તીનો શિકાર છીએ. કદાચ આપણા સાહિત્યની અણધાર્યી અસર છે જેમાં ઈબાદતોને હેતુઓ માટે ઝરીયો તથા વસીલો ઠરાવવામાં આવ્યો. .................. મારો પત્ર લાંબો થઈ ગયો, એમાં અમુક તકલીફદાયક વાતો પણ યકીનન હશે. અને તમે હમેશાં મારા પર જે પ્રેમભાવ રાખતા રહ્યા છે તેને જોતાં આટલી હિંમત પણ મને દિલેરી જણાય છે પરંતુ ખુદા ગવાહ છે કે મેં આ સર્વ કાંઈ પૂર્વગ્રહથી નહીં પણ એક હકીકી શુભેચ્છક તથા હમદર્દીના જઝબાથી લખ્યું છે. ................ જમાઅતથી મારો પંદર સોળ વરસનો સંબંધ મજબૂર કરે છે કે હું આપના અન્ય સલાહકારોની જેમ "બધું બરાબર છે" નો રિપોર્ટ આપની સમક્ષ રજુ ન કરું બલ્કે સત્ય હકીકત પર તમોને ચિંતન મનનની દાવત આપું. હવે શું થાય ! મારી સમાજમાં કાંઈ આવતુ નથી. –(કૌમી આવાઝ, લખનૌ, ૧–૪–૧૯૬૫)*

**કૌષર નિયાઝી સાહબે આ પત્રમાં તજવીજ પણ રજુ કરી હતી કે ઉપરોકત સમસ્યાઓ પર ચર્ચા વિચારણા કરવા માટે કુલ પાકિસ્તાન જમાઅતે ઈસ્લામીના સભ્યોની મિટિંગ બોલાવવામાં આવે. પરંતુ અમીરે જમાઅત જનાબ અબુલ ઉલા મૌદૂદી સાહબે ન કેવળ એ કે તેમની તજવીજને રદ કરી દીધી બલ્કે તેમને જમાઅતથી રાજીનામુ આપવાની સૂચના આપી અને સાથોસાથ એ વાતનો ભય પ્રદર્શિત કર્યો કે આ ટીકાની પાછળ અન્યના હાથો છે.** (જુઓ કૌમી આવાઝ, લખનૌ, ૨૭–ફેબ્રુ–૧૯૬૫)

**અમીરે જમાઅતની સૂચના મળતાં જ કૌષર નિયાઝી સાહબે ૧૯–ફેબ્રુ. ૧૯૬૫ ઈ.સ. ના રોજ પોતાનું રાજીનામુ તેમની સમક્ષ રજુ કરી દીધું અને આ રીતે કૌષર નિયાઝી સાહબે છેવટે ઐતિહાસિક દસ્તાવેજ સંપાદિત કરી દીધો જે કહેવાતી જમાઅતે ઈસ્લામીની નબળાઈ, અખ્લાકી પડતી, દસ્તૂરમાં ભંગાણ, બડાઈની વૃત્તિ, કિરદારી પસ્તી અને દીનના પ્રચારના નામ પર રાજનૈતિક યોજનાઓનું પ્રતિબિંબ પાડે છે. રાજીનામાના લખાણનો દરેક શબ્દ માતમ તથા હાયપીટ અને ઈબ્રતનું તોફાન સમાવતો જોવા મળે છે. તમે પણ જુઓ :–**

*"આપના તરફથી મારા તા. ૧૨–૨–૧૯૬૫ના પત્રનો જવાબ મળ્યો. મને અફસોસ છે કે મારા પત્રના અંતિમ હિસ્સામાં મેં જે ભય વ્યકત કર્યો હતો કે કયાંક દર્દભર્યી રજુઆતો પર વિચાર કરવાને બદલે તમે ગુસ્સામાં*



*ન આવી જાવ ! તો તેવું જ થયું અને તમે સંક્ષિપ્ત જવાબમાં તે સર્વ કાંઈ કહી દીધું જે ગુસ્સાની હાલતમાં કહી શકાતું હતું.*

*તમે કહ્યું કે જમાઅતની પોલીસી અને હાલતના વિશે એક મુદ્દતથી હું જે મનોમંથનમાં હતો તેના હોવાને લઈને મારે ઘણા અરસા પહેલાં રાજીનામુ આપી દેવાનું હતું. તમારું કહેવું જાહેરી રીતે સ્વીકારપાત્ર જણાય છે પણ તમે થોડી વારના માટે જઝબાતમાં આવવાને બદલે ઠંડા દિલથી વિચાર કરત તો આ પ્રકારનો અંદાઝ હરગિઝ ન અપનાવત. જે ઉચ્ચ અપેક્ષાઓ અને સ્વજાતની સુધારણા અને દીનની ખિદમતોની જે હસીન આરઝૂઓ સાથે જમાઅતે ઈસ્લામીમાં મેં પ્રવેશ કર્યો હતો તેમાં એટલી શકિત હતી કે હું જ્યારે જમાઅતની તબાહ કરનારી ગલતીઓથી બેચૈન થઈને જમાઅતને છોડવાનો ઈરાદો કરતો હતો તો મને એવું મેહસૂસ થતું કે જાણે મારી રૂહ કબ્જે થઈ રહી છે અને આ એક મનોવૈજ્ઞાનિક સ્થિતિ છે જેને દરેક શખ્સ સરળતાપૂર્વક સમજી શકે છે જેના સીનામાં દિલ હોય. જેણે દીનની ખિદમત અને આખેરતની મુક્તિના માટે કેવળ કોઈ તન્ઝીમમાં ભાગ ન લીધો બલ્કે તેના માટે મા બાપ તથા સગા સંબંધીઓને છોડયાં, પોતાનાંને પરાયાં બનાવ્યાં અને દુનિયાભરની સાથે લડાઈ વહોરી લીધી.*

*બીજુ કારણ જમાઅતમાં સતત સામેલ રહેવાનું એ હતું કે જમાઅત એક મુદ્દતથી કસૌટીના એક દૌરથી પસાર થઈ રહી હતી અને જો કે એ કસૌટી જમાઅતની અમુક ભૂલોનું જ પરિણામ હતી, પરંતુ હું ઈચ્છતો ન હતો કે જમાઅત આજમાઈશ તથા ઈમ્તેહાનના સંજોગોમાંથી પસાર થઈ રહી હોય અને હું તેનાથી અલગ થઈ જાઉં. .........................*

*ત્રીજુ કારણ એ હતું કે મેં જ્યારે એ ખરાબીઓને જ્યારે કયારેક આપ સમક્ષ રજુ કરી તો આપે જાહેરમાં ખૂબ જ ચિંતા વ્યકત કરી અને એવી પ્રતીતિ કરાવવાની કોશિશ કરી કે તમે આ હાલતોથી માહિતગાર પણ છો અને સુધારણાની કાંઈ ન કાંઈ ભાવના રાખો છો. જાહેર છે કે જ્યાં સુધી હું સંપૂર્ણપણે નિરાશ ન થઈ જાઉં અને યકીન ન કરી લઉં કે અન્ય લોકોની જેમ જમાઅતને બર્બાદીની ગુફામાં ધકેલવાના માટે ખૂદ તમે પણ પૂરી રીતે ઝિમ્મેદાર છો ત્યાં સુધી આ પગલાને માટે તૈયાર થઈ શકતો ન હતો. અને હવે જ્યારે કે આ હકીકત ખુલ્લી સ્થિતિમાં મારી સમક્ષ છે તો હું એક પળના*

પણ વિલંબ વિના આ ફર્ઝથી રાજીનામુ આપી રહયો છું................ મેં જમાઅતને હક્કની ઝંડાધારી સમજી તો તેની એક એક વાતની તબ્લીગ તથા સમર્થનમાં કોઈ કસર નથી બાકી રાખી અને જે લોકોએ જમાઅતનો વિરોધ કર્યો તેમના હુમલાઓથી એને સલામત રાખવા માટે આ તમામ શક્તિઓને ખર્ચી કાઢી ............. ................. હવે જો હું મારા સત્તર (૧૭) વરસોના અનુભવોના આધારે આ અંતિમ ફેંસલા પર પહોંચી ચૂકયો છું કે જમાઅત વૈચારિક અને અમલી (પ્રેકિટકલી) બંને પાસાંએથી સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગે)થી ભટકી ચૂકી છે અને આ નિર્ણયનું પ્રદર્શન હું એટલા માટે લોકો સમક્ષ કરું કે જે હજારો વ્યકિતઓને મેં જમાઅતની ઓળખ કરાવી કમસે કમ તેમની સમક્ષ હું જિમ્મેદારીથી મુકત થઈ જાઉં તો મારું આ પ્રકારનું કદમ શા માટે ખુદાને ખાતર અને હકીકી શુભેચ્છા પર આધારિત નહીં ગણાય ? એ વિચિત્ર વાત છે કે એક તરફ તો "તજદીદ વ અહ્યાએ દીન"નું કામ કરવાને માટે પ્રાથમિક જરૂરત એ અનુભવો છો કે સદીઓ પહેલાં વિસાલ કરનારી તે પવિત્ર હસ્તીઓની સખ્તથી સખ્ત ટીકા કરો જે તકવા, લિલ્લાહિયત, ઈખ્લાસ અને દીનના માટે કુર્બાની આપવામાં અજોડ હોય અને પછી એ જરૂરતને પૂરી કરવા માટે આપ સતત કિતાબો પ્રસિધ્ધ કરો. પરંતુ જો કોઈ શખ્સ પ્રમાણિકપણે સતત અનુભવો અને સાક્ષીઓના થકી એ રાય પ્રદર્શિત કરે કે આપની કાર્યપધ્ધતિ ગલત, દીનની વિરૂધ્ધ અથવા મુસલમાનો માટે ગુમરાહ કરનાર છે અને તે પોતાની રાયને બાકાયદા દલીલો સાથે રજુ કરે તો તમે તે વ્યકિતના બારામાં એવો ફત્વો બહાર પાડી દો કે તે ઈખ્લાસ અને લિલ્લાહિયતથી મેહરૂમ થઈ ચૂકયો છે અને અમુક અન્ય બળો હેઠળ તે કામ કરી રહયો છે !

....................... ઈ.સ. ૧૯૪૧થી લઈને અત્યાર સુધી જે કોઈ શખ્સે મતભેદ કર્યો અથવા અલગતા અપનાવી તો તમે હમેશાં તેના બારામાં તે જ બીજા બળોનો ઉલ્લેખ કર્યો છે અને એવું સાબિત કરવાની કોશિશ કરી છે કે તે આ મતભેદમાં નિખાલસ ન હતો. ........................... તો પછી મારા જેવો સરાપા ગુનેહગાર આપની આ નવાઝિશથી શા માટે બાકી રહી જાય ! અલબત્ત આ વાત અત્યંત



આશ્ચર્યનો સબબ છે કે કાલ સુધી જે શખ્સ ખૂદ તમારી દ્રષ્ટિએ પૂરા ક્ષેત્રના નિગરાંથી લઈને અમીર સુધીના અતિશય લાયક માણસ હતો. આ ફેંસલા પછી તમે તેના અન્ય ઉશ્કેરનારા બળો નિશ્ચિત કરવા લાગ્યા છો ! શું આ કાર્યપધ્ધતિ પછી તે લોકો પર ટીકા કરી શકાય છે જેઓ રાજકિય મતભેદ છતાં પોતાના વિરોધીઓને અપ્રમાણિક અને તકસાધુ કહીને પ્રમાણિકતાના ઠેકેદાર બને છે !

જમાઅતમાં મારા સમાવેશના પ્રેરકબળો કયા હતા અને જે કાંઈ થોડી ઘણી દીનની ખિદમત અલ્લાહની તૌફીકથી મેં અંજામ આપી છે તેના પ્રેરક બળો કયા હતા અને આપની આ કાર્ય પધ્ધતિ વિરૂધ્ધ રાય પ્રદર્શિત કરવાના પ્રેરક બળો કયા છે ? તેનો ભેદ તે દિવસે ખુલશે જે દિવસે સર્વ ચહેરાઓ પરથી પર્દો ઉઠી જશે અને તે દિવસે હું અલ્લાહ તઆલાની સમક્ષ તમારાથી હું આ બીજા પ્રેરકબળો નિશ્ચિત કરવાનો સવાલ કરી શકીશ.

આપના આ પત્ર પછી હવે હું જમાઅતમાં જોડાયેલો રહેવાની કોઈ યોગ્યતા જોતો નથી જેથી હું જમાઅતે ઈસ્લામીના સભ્યપદેથી રાજીનામુ આપુ છું અને મારા રઉફ તથા રહીમ રબથી અતિશય શર્મિંદગી તથા આજિઝીની સાથે દુઆ કરું છું કે જમાઅતના બળાત્કારી બંધારણ હેઠળ મેં જમાઅતની જે ગલત વાતોને સમર્થન કર્યું છે અને ખાસ કરીને જે અમુક દીની હકીકતોને જમાઅતના ગલત ફેંસલાઓથી ગલત અર્થઘટનોના રૂપમાં રજુ કરવામાં સંડોવાયો છું તેને અલ્લાહ તઆલા માફ ફર્માવે અને મને તેની માફી માંગવાની તૌફીક અતા ફર્માવે." (કૌષર નિયાઝી)

—કૌમી આવાઝ, લખનૌ, ૪—માર્ચ, ૧૯૬૫

## ★ મૌલાના મૌદૂદી કારી અબ્દુલહમીદ દેવબંદીની નજરમાં ★

**"મિસ્ટર મૌદૂદી, મુજદ્દિદુદ્દાલ્લીન (ગુમરાહોનો મુજદ્દિદ), ઈસ્લામનો બાગી, શરીઅતે મુહમ્મદીનું પોસ્ટમોર્ટમ કરનાર, હકીકતમાં ખરેખર ઈસ્લામને બર્બાદ કરનાર, દીન તથા ઈમાનને બગાડનાર, મહાન ફિત્નાખોર, બેઅમલ પ્રપંચી મુલ્લો, દીન તથા ઈમાન ખોઈ બેસનાર તથા હારનાર, ગુમરાહ, ઉમ્મતે**

મુહમ્મદિયહ્માં પ્રથમવાર મતભેદ તથા વિખવાદ પેદા કરનાર, સમયના અધર્મીઓનું ઉઘાડે છોગે સમર્થન કરનાર, દીનનો ખતરનાક દુશ્મન, મા બાપનો નાફર્માન, ગુસ્તાખ, કમજોર બુધ્ધિવાળો તથા પાગલ, નાસ્તિક, બદલગામ, પશ્ચિમી પ્રચારક, શરાબીઓ ઝાનીઓ અને ચોરોનો માર્ગદર્શક, ફિત્નો ઉઠાવનાર, બદમાશ, સોદાગરોનો બાપ, કલમ વેચનાર, મૌદૂદી પ્રસાદ, અબુલ હફવાત, અબુલ મુતઝાદ, અબુલ ઈલ્હાદ, કમ્બખ્ત, બદનસીબ, અબુલ કઝ્ઝાબ, પશ્ચિમી દગાબાઝ, લાલચી, અબુઝ્ ઝિન્દીક, અબુલ કેરેકટર વ હુર્રિયત, પશ્ચિમીઓનો ખુલ્લો એજન્ટ, અબુલ મોતઅહ્, અબુલ ઈજતેહાદ, અબુશ્શરીર, તૂરની ઉચ્ચતાનો દજ્જાલની જેમ ઈન્કાર કરનાર, હઝરત ઝકરિયા عليه السلام ની નબુવ્વતનો ઈન્કાર કરનાર, હદીષનો મુન્કિર, ઈસ્લામી નિશાનીઓ તથા સુન્નતે રસૂલનો ખુલ્લો દુશ્મન, કુર્આની હદો (સજાઓ)ને જુલ્મ અને તેને લાગુ પાડવાને અમલ કરવાને લાયક નહીં કહેનાર, ફુલ પાવર મોર્ડન ટાઈપ મુજદ્દિદે આ'ઝમ, અબુલ મગરૂર, હદીષને બર્બાદ કરનાર, ઈમાનનો દુશ્મન, ઈમાનનો પશ્ચિમી ડાકૂ, વાજિબુત્તઅઝીર (કોરડાની સજાને પાત્ર), અબુલ હુમકા (બેવકૂફોનો બાપ), અબુન્નાદાન, અબુલ ફિરઔન, ડબલ બોલી, ફિરઔને આ'ઝમ, અબુલ ફિત્તીન, અબુલ અઅ્મા, અબુલ જરાઈમ, કુર્આન તથા તફસીરનો વેપારી, ઈસ્લામ તથા પૂર્વજ બુઝુર્ગોનો વેપારી, બેગૈરત, નફસનો બંદો, આયાતે શરીફાને સ્પષ્ટ રીતે ઠુકરાવનાર, વિવિધ હદીષોને કેવળ કયાસ, અંદેશો અને કહાની સાબિત કરનાર." –('ઈન્કેશાફાત'માંથી)

## ★ કૌષર નિયાઝીના પત્ર અને રાજીનામાનું ઉડતી નજરે અવલોકન ★

**ઈત્ની ન બળ્હા પાકીએ દામાંકી હિકાયત**
**દામનકો ઝરા દેખ ઝરા બંધ કબા દેખ**

*"આપણે ગરીબ ઈસ્લામ પર જે નવાઝિશ કરી છે અને હુર્મતોની કાયમી તથા ટેમ્પરરી વહેંચણીનો જે નવો તરીકો પેશ કર્યો છે ત્યાર બાદ દીની ક્ષેત્ર તો એક તરફ અન્ય નિષ્પક્ષ તત્વો ત્યાં સુધી કે વિરોધીઓ સુધ્ધાંની અમુક વ્યકિતઓ આપને ઈબ્નુલ વકત (તકસાધુ) અને રાજકરણને ખાતર દીનમાં ફેરફાર તથા રદ્દોબદલ કરનાર ગૃપ સમજે છે." –નિયાઝી*



**નોંધ** : "જાદૂ તે છે જે માથે ચઢીને બોલે !" મારા પોતાના ખયાલમાં આ એટલી બોલતી ઈબારત (લખાણ) છે જે ખુલાસાની મોહતાજ નથી. બસ ! તેના અમુક વાકયોને વારંવાર વાંચો અને જમાઅતે ઈસ્લામીની જાહેરી પવિત્રતા અને આતરિક ગંદકીનો અંદાજો કરી લો. દા.ત. :–

*"અમે ગરીબ ઈસ્લામ પર જે નવાઝિશ કરી છે" ......... "અમને તકસાધુ અને રાજકરણને ખાતર દીનમાં ફેરફાર તથા રદ્દોબદલ કરનાર ગૃપ સમજવા લાગ્યા છે."*

*"જમાઅતી પોલીસીના બળાત્કારી વલણ હેઠળ હું ખૂદ તમારી આ વિચારસરણીનો પ્રતિકાર કરનારાઓમાં સામેલ છું." –નિયાઝી*

**નોંધ** : જમાઅતે ઈસ્લામીના લેખકો જમાઅતી પોલીસીના દબાણ હેઠળ અથવા પગારદાર હોવાની હેસિયતથી મૌદૂદી સાહબની ગલત માન્યતાઓની તાવીલ (અર્થઘટન) માટે મજબૂર બને છે, પોતાના પેટ તથા રોટીના ખાતર ગરીબ અવામ (પબ્લિક)ને ધોકામાં રાખીને તેમની આંખોમાં ધૂળ ઝોંકવામાં આવે છે.

*"હું જે વાતોને શરીઅતની રૂએ દુરુસ્ત જાણતો ન હતો પણ કેવળ જમાઅતી કાનૂનો તથા બંધારણના કારણે એ ગુનાહ પર મજબૂર થઈ ગયો કે હવે તેનું પ્રતિનિધિત્વ કરું." –નિયાઝી*

**નોંધ** : આ તે જ પ્રકારનું લખાણ છે જે ઉપર ગુજરી ચૂકયું.

*"આપણે પોતાની ઈજતેહાદી રાયને નસ (કુર્આની દલીલ)નો દરજ્જો આપીને તેના પર ટીકા કરવામાં પાછી પાની ન કરી." –નિયાઝી*

**નોંધ** : મૌદૂદી સાહબ હકપરસ્ત ઉલમા પણ કઠમુલ્લાની છાપ લગાડીને જે ઈજતેહાદની દાવત આપી રહ્યા છે તેનો માથાની આંખો વડે નગ્ન નાચ જુઓ :–

*"આપણે નોટ પર કાઈદે આ'ઝમની તસ્વીક છાપવા પર સખત નારાજ હતા. પ્રમુખના ઈલેકશનમાં આપણા કાર્યકરોએ તેમની બહેન "ફાતિમા જિન્નાહ"ના ફોટાઓ ગલી ગલી વેચ્યા." –નિયાઝી*

**નોંધ** : સિનેમાને તો એવું કહીને મુબાહ તથા જાઈઝ ઠરાવી દેવામાં આવી કે તે તસ્વીર નથી બલ્કે પ્રતિબિંબ છે ! એ ન જાણી શકાયું કે ફોટાઓના માટે સમયના મુજતહિદ ! મૌદૂદી સાહબે કઈ દલીલ પેશ કરી છે ?

*"આપણા મોટેરાંઓની બેગમો તે જલસાઓમાં પ્રવચન કરે છે." –નિયાઝી*

**નોંધ : આગે આગે દેખીયે હોતા હૈ કયા !**

*"જે જમાઅતની આવી પોઝિશન હોય, જેની લીડરશીપ શરૂથી છેલ્લે સુધી પગારદાર હોય, જેમાં મંતવ્ય પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ હોય." –(નિયાઝી)*

**નોંધ : મર્ગે અંબેહ જશ્ને દારદ** (વધુ લોકોની મૌત એક જશ્ન સમાન હોય છે.)

*"તમામ જમાઅતના પર કબજો ધરાવનાર મોટા મોટા પગારો લેનારા આપણા કેટલાક રહનુમા (માર્ગદર્શકો) એકબીજાની ટાંગ ખેંચવા, આક્ષેપો મૂકવા અને ચુગલી તથા ગીબત કરવામાં મશગૂલ રહે છે. કેટલાકની બોલચાલ સુધ્ધાં આપસમાં બંધ છે." (નિયાઝી)*

**નોંધ** : હું એ તો નથી કહી શકતો કે "ચુગલખોરોની જમાઅત" છે, અલબત્ત યાદ આવે છે કે કદાચ આવા જ લોકો માટે કહેવામાં આવ્યું છે કે "તનકે ઉજલે મનકે કાલે ! "અમુકની બોલચાલ સુધ્ધાં આપસમાં બંધ છે !"

શરીઅતે મુસ્તફવી صلی اللہ تعالیٰ علیہ وسلم માં તો એની ઈજાઝત નથી મળતી, શકય છે કે "શરીઅતે મૌદૂદી"માં એને જાઈઝ ઠરાવી દેવામાં આવ્યું હોય !

*"હા માં હા મિલાવનારા ઈલ્મે દીનથી કોરા અને અરબી ભાષાથી તદ્દન નાવાકેફ (અંગૂઠા છાપ) વ્યક્તિઓને જમાઅતની પ્રથમ હરોળમાં લાવવાની કોશિશ કરવામાં આવી રહી છે." –નિયાઝી*

**નોંધ :**

**યે શિકવા અબષ હૈ**
**નઝર અપની અપની પસંદ અપની અપની**
**ન ગૌરેકો દેખેં ન કાલેકો દેખેં**
**પિયા જિસ્કો ચાહેં સુહાગન વોહી હૈં**

*"અને અત્યારે લોકો આપણા આપસમાં સહકાર તથા સંબંધોના પ્રશંસક છે તો તેનું કારણ એ છે કે અન્ય જમાઅતોની જેમ આપણી આંતરિક પરિસ્થિતિઓ સદ્‌નસીબે અખ્બારોમાં પ્રકાશિત નથી થતી." –નિયાઝી*

**નોંધ** : બદકિસ્મતીથી તમે તેનું બીજ રોપી દીધું !

*"અમાનતો વેડફાઈ રહી છે, ઉશ્ર તથા ઝકાતની રકમો કેવળ રાજનૈતિક*



*તથા ઈલેકશનની પ્રવૃત્તિઓ અને કાયમી કાર્યકરોના પગારોમાં ખર્ચ કરવામાં આવી રહી છે." –નિયાઝી*

**નોંધ : રાજ્ય સ્થપાતા પહેલાં "ખિલાફતે ઉલા મિન્હાજુન્નબુવત"ની આ જીવંત તસ્વીર છે. રાજ્ય સ્થાપ્ના પછી ખુદા હિફાઝત કરે ! કદાચ કે યતીમોનાં કપડાં સુધ્ધાં ઉતારાવી લેવામાં આવશે !**

*"વર્તમાન રાજકરણની ચર્ચાઓ એટલી પ્રિય થઈ પડી છે કે આપણી મજલિસોમાં ખુદા તથા રસૂલનો ઉલ્લેખ નામ પૂરતો રહી ગયો છે." –નિયાઝી*

**નોંધ : એને પણ ગનીમત સમજો ! દિલ નહીં તો જીભ તો હાલી જાય છે !**

*"ઈબાદતોમાં આપણે સખત આળસના શિકાર છીએ અને એ પણ આપણા સાહિત્યની અણધાર્યી અસર છે, જેમાં ઈબાદતોને હેતુ પાર પાડવાનો ઝરીયો અને વસીલો ઠરાવવામાં આવેલ છે." –નિયાઝી*

**નોંધ : આ છે પતાની વાત ! કાશ ! કે જમાઅતના દાના માણસો નિયાઝી સાહબની હક્કની દાવત પર એકબીજા પર અગ્રતા મેળવી જવા માટે કોશિશ કરતે.**

## ★ દાવા તથા અમલમાં વિરોધાભાસ ! ★

**કુર્આનની ઈત્તેબાઅ (પૈરવી)ના મોટા મોટા દાવા અને ફકીહો તથા મુહદ્દિષો અને સહાબાની જમાઅતની રાય પર નિરર્થક વિવેચન કરનાર મૌદૂદી સાહબના દાવા અને અમલનો વિરોધાભાસ જુઓ :–**

*"જમાઅત જમાઅતના તૌર પર જ્યારે કોઈ ફેંસલો કરે તો તેને કોઈ બદલી નથી શકતું. મજલિસે મશાવેરતે (સલાહકાર સમિતિએ) મારી ગૈર હાજરીમાં મોહતરમા ફાતિમા જિન્નાહની હિમાયત (ફેવર કરવા)નો ફેંસલો કર્યો છે તે ફેંસલાથી હું કોઈ સંજોગોમાં પણ ઈન્કારની મજાલ નથી કરી શકતો." –(દૈનિક પત્ર કોહિસ્તાન, તા. ૧૦–૧૦–૧૯૪૬)*

## ★ મૌદૂદી લખાણ પર એક ઉડતી નજર ★

**મૌદૂદી સાહેબ લીડરશીપમય વિચારધારા, બેલગામ લેખનવૃત્તિ,**

મિલ્લતના બુઝુર્ગો પર નીડરપણે ટીકા, પોતાની મુજદ્દિદિયત તથા મહેદવિયતનું પર્દા પાછળ એલાન, પૂર્વજ બુઝુર્ગોથી બેઝારીનો ઈઝહાર, તેરસો વરસના ઈસ્લામ પર પૂરાણાપણાનો ઈલ્ઝામ, મદ્રસાઓ તથા ખાનકાહો પર ટીકા ટીપ્પણી, ઉલમા તથા મશાઈખની મઝાક... દરેક બાજુથી નજરો હટાવીને પોતાની શખ્સિયતને આલમગીર મર્કઝ બનાવવાના નિત નવા હેરાફેરા તો સાંભળી ચૂકયા હશો ! હવે આંખોથી જુઓ "ઉલ્ટી ગંગા વહી રહી છે !"

**કોઈ ઉન્કી કબાકી બંદિશોંકો કુછ નહીં કહતા**
**મેરા ઝૌકે જુનૂં હી મુફ્તમેં બદનામ હોતા હૈ**

## ★ નમ્ર વિનંતિ ★

હવે આગળ આવતા પૃષ્ઠોમાં તમે જે કાંઈ પણ વાંચશો તેની હૈસિયત "ઈન્કેશાફાત" પર હાશિયાની છે અથવા તેની શરહ ! અને તેને મેં "શીશ મહલ"ના હવાલા માટે ઠરાવ્યો છે.

"નોંધ"ના થકી લખાણનો ખુલાસો અને વિસ્તૃત ચર્ચા (રિવ્યૂ) થકી તેની વિગતે સમજુતી આપી છે.

હક્ક પસંદ વાંચકોને વિનંતિ છે કે આ કિતાબના અભ્યાસ પછી તમારી નિષ્પક્ષ રાયથી માહિતગાર કરશો જેથી ભાગ–૨ જે આના કરતાં વધુ વિસ્તારપૂર્ણ તથા વિગતવાર હશે તેમાં એને સમાવી લેવામાં આવે. –નિઝામી

*"આજકાલની મેડિકલ કોલેજો અને નર્સિંગના ટ્રેનિંગ સેન્ટરો તથા હોસ્પિટલોમાં મુસલમાન છોકરીઓને મોકલવાથી લાખ દરજ્જા બહેતર એ છે કે તેણીઓને કબરોમાં દફન કરવામાં આવે. વર્તમાન ગર્લ્સ કોલેજોમાં જઈને તાલીમ હાંસલ કરવા અને પછી શિક્ષિકાઓ બનવાનો મામલો પણ એનાથી ઘણો જ અલગ છે. (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૧૩૨, બઉન્વાને ફિકહિય્યાત, અઝ : મૌદૂદી)*

**નોંધ** : વર્તમાનકાળના મુજતહિદ સાહેબ ! ઝોહદો તકવા ! હઝરત મૌલાના મૌદૂદી ખૂદ પોતાની વાણી પર કેટલા અંશે અમલ કર્તા છે તેને કારી અબ્દુલ હમીદ ની ઝબાનથી સાંભળો, લગભગ તે મૌદૂદી સાહબને ખૂબ જ નજીકથી જોનારાઓમાંથી છે, હું તો કેવળ તેને નકલ જ કરી રહ્યો છું :–



## ★ કારી અબ્દુલ હમીદનો રિવ્યૂ ★

"જો અબૂ ફરેબ, મક્કાર મુલ્લા મૌદૂદીનો આ ફત્વો શરીઅત મુજબનો છે અને પ્રમાણિકતા તથા નિખાલસતા પર જ આધારિત છે તો પછી તેઓ બતાવે કે પોતાની પુત્રીઓને બી.એ. તથા એમ.એ. કઈ આસ્માની કોલેજોમાં મોકલીને કરાવી છે ?! શું આનું નામ બદઅમલી નથી ? અને શું ઈસ્લામની પેશ્વાઈનો ઘમંડ રાખનાર અને આલમે ઈસ્લામમાં 'તજદીદો અહ્યાએ દીન' તથા 'ઈકામતે દીન'ના ઝંડાધારી અને દાવેદારના માટે આ વાત શરમજનક તથા લા'નતપાત્ર નથી ? કે પોતાના પુત્રો તથા પુત્રીઓને પણ ગૈર શરઈ અને ગૈર ઈસ્લામી મકરૂહતરીન ઉઘાડો અને અર્ધનગ્ન લિબાસ પહેરાવે અને તેમને ખૂશીપૂર્વક પોતાનાં ઘરોમાં પણ રાખે અને અન્ય બુઝુર્ગો તથા વલીઓ પર ટીકા ટીપ્પણ અને આંગળી ચીંધે !" –ઈન્કેશાફાત, પેજ–૯૪

**નોંધ** : આ જો કે કોઈ ઉસૂલી તથા બુન્યાદી ચર્ચા નથી છતાં પણ કોઈ જમાઅતના અમીરના માટે ચિંતનનો વિષય છે અને તે પણ કોઈ રાજકિય પાર્ટીનો નહીં બલ્કે જમાઅતે ઈસ્લામી નો લીડર જેના નકશે કદમ પર ચાલવાનું નિમંત્રણ આપવામાં આવતુ હોય.

## ★ મૌદૂદી સાહબની "મૈં" ! ★

ઉપરોકત વિષય હેઠળ અમુક એવા હવાલાઓ અહીં રજુ કરવામાં આવે છે જેનાથી આ બાબતનો સારી પેઠે અંદાઝો થશે કે મૌદૂદી સાહબની "મૈં" એટલે કે ઘમંડનું મહાન પૂતળુ જેની પૂજામાં તે ખૂદ વ્યસ્ત છે અને આખીને આખી જમાઅત દંડવત કરી રહી છે અને તે "મૈં" કેટલી ખતરનાક અને ભયંકર છે તેને સમજવા 'તફહીમુલ કુર્આન' સંબંધે ખૂદ મૌદૂદી સાહબની રાય વાંચો અને તેમની અયોગ્ય હિંમત તથા બેબાકી પર માતમ કરો ! :–

*"...........મેં એમાં કુર્આનના શબ્દોને ઉર્દૂનો લિબાસ પહેરાવવાના બદલે એવી કોશિશ કરી છે કે કુર્આનની એક ઈબારત (લખાણ)ને પઢીને જે ભાવાર્થ **મારી સમજમાં આવે** છે અને જે અસર મારા દિલ પર પડે છે તેને શકય ત્યાં સુધી પોતાની ભાષામાં રજુ કરી દઉં." (તફહીમુલ કુર્આન, પ્રસ્તાવના, ભાગ–૧, તફસીર લખવાના સબબોમાં)*

**નોંધ** : મૌદૂદી સાહબનો કુર્આન અભ્યાસ એ વાતનો પાબંદ નથી કે આયતના હેઠળ રસૂલે ખુદા રૂહી ફિદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ શું વાત દર્શાવી છે અથવા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને આમ સહાબા તથા ખુલફાએ રાશિદીનથી શું નકલ થયેલ છે ! આ બધું તેમની નજરમાં પૂરાણો ભંડાર અને એક ઘસાયેલી કહાની છે બલ્કે હવે તે જે કાંઈ પોતાની કૌમને આપવા ચાહે છે તે એ કે કુર્આનની તિલાવતથી તેમના દિમાગે શું તારવ્યું અને દિલે શું સ્વીકાર્યુ ! સવાલ કરી શકાય છે કે શું નબુવ્વતની દર્સગાહના તર્બિયત પામેલા સહાબા સુધ્ધાં પણ હક્કના માપદંડ નથી તો પછી એની શું ગેરંટી કે જે તમારા દિલો દિમાગે સ્વીકાર કર્યું હોય તે સોળ આના સહીહ છે ? જેને મનાવવામાં તમે તથા તમારી જમાઅતના પગારદારો અને કર્મચારીઓ એડી ચોટીનું જોર લગાડી દે છે !"

*"............ઈસ્લામને જે રૂપમાં મેં મારી આસપાસની સોસાયટીમાં પામ્યો, મારા માટે એનામાં કોઈ આકર્ષણ ન હતું. ટીકા ટીપ્પણ તથા સંશોધનની લાયકાત પેદા થયા પછી પ્રથમ કાર્ય જે મેં કર્યું તે એ જ હતું કે આ નિર્જીવ મઝહબિયતનો પટ્ટો પોતાના ગળેથી ઉતારીને ફેંકયો જે મને વારસામાં મળ્યો હતો."*

*(મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૩, પેજ–૨૬,૨૭, બઉન્વાને તઆરૂફે મકસદ, અઝ : મૌદૂદી)*

**નોંધ** : આ મૌદૂદી સાહબની ઘણી લાંબી "મૈં" છે જે કેવળ તેમના નાઝપાત્ર કદ પર જ શોભા આપે છે ! જ્યારે ચાહે તેને પહેરી લે અને જ્યારે ચાહે ઉતારીને ફેંકી મારે. મારે એનાથી બહષ નથી કે જે ઈસ્લામ મૌદૂદી સાહેબને વારસામાં મળ્યો હતો ને શું હતો ? અને કેવો હતો ? અલબત્ત જે વાત વિચાર પાત્ર છે તે એ છે કે તે ઈસ્લામમાં કોઈ આકર્ષણ ન હતું કે પછી પછી ખૂદ આ જનાબની તબીઅતમાં અવળચંડાઈ હતી જે તેને સ્વીકારવામાં આડખીલી બની ! આટલી હદ સુધી તો એ સ્વીકારવું જ પડશે કે જે બેરૂહ મઝહબનો પટ્ટો તમે તમારી ગરદનેથી ઉતારીને ફેંકયો છે એમાં ન તો સિનેમા મુબાહ રહી હશે અને ન તો તસવ્વુફથી એટલી હદે પરહેઝ લાઝિમ ઠરાવ્યો હશે જેટલો કે ડાયાબિટિશના દર્દીને ખાંડથી ! ટીકા ટીપ્પણીની લાયકાત પેદા થયા પછી જો તમે એટલું પણ ન કરત તો પછી ઈજતેહાદની શાનનું પ્રદર્શન કેમ કરીને થાત ?!

*"કિતાબ 'અલામાતે કિયામત'માં જે રિવાયતોનો ઉલ્લેખ છે તેના*



*વિશે હું ઈન્કાર અથવા સાબિતીના બારામાં કાંઈ નથી કહી શકતો. જો તે સાચી છે અને ખરેખર હુઝૂરે આવી ખબર આપી છે કે મેહદીના આગમન વેળા આસ્માનથી નિદા આવશે હાઝા ખલીફતુલ્લાહિલ મિહદી ફસ્તમિઊલહૂ વ અતીઊન (આ અલ્લાહના ખલીફા છે...) તો યકીનન મારી તે રાય ગલત છે જે "તજદીદો અહ્યાએ દીન"માં મેં પ્રદર્શિત કરી છે, પરંતુ મને એ ખાત્રી નથી કે હુઝૂરે આવી વાત કહી હોય."*

*(રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૬૩, 'મહદીનો મસ્અલો'એ વિષયમાં, અઝ : મૌદૂદી)*

**નોંધ** : ખૂશ એ'તેકાદીની હદ તો એ છે કે ટીકા ટીપ્પણીની લાયકાત પેદા થયા પછી મૌદૂદી સાહબે બેરૂહ મઝહબનો પટ્ટો કાઢીને ફંગોટી માર્યો, પરંતુ આશ્ચર્ય માથુ પીટી રહ્યું છે કે કિતાબ 'અલામાતે કિયામત'ની ઉપરોકત હદીષના બારામાં મૌદૂદી સાહબ એવું કહીને જતા રહયા કે "એના વિશે હું નકારમાં કે સાબિતીમાં કાંઈ નથી કહી શકતો !" એટલે કે આ હદીષ સાચી છે કે ખોટી ? એ ન સમજશો કે અહીં મૌદૂદી સાહબની "મૈં" માર ખાઈ ગઈ ! બલ્કે તેમની ઐન મસ્લેહતનો તકાઝો છે કે આ હદીષને આમ જ ગોળ મોળ છોડી દેવામાં આવે, નહીં તો તે આ ટૂકડાનો વધારો હરગિઝ ન કરત કે "મને ખાત્રી નથી કે હુઝૂરે આવી વાત કહી હોય !" (શેઅર) કુછ તો હૈ જિસ્કી પર્દાદારી હૈ. બસ વાત એટલી છે કે જો આ હદીષને મૌદૂદી સાહબ સહીહ માની લે છે તો મહેદવિયતનો સ્વરચિત મહેલ ગબડી જશે !

## ★ બુખારી શરીફની ટીકા ★

હવે બુખારી શરીફ પર મૌદૂદી સાહેબનુ ગરમ તેવર જુઓ ! :–

*"એ દાવો કરવો ઠીક નથી કે બુખારીમાં જેટલી હદીષો લખેલી છે તેના લખાણોને પણ જેમનાં તેમ ટીકા ટીપ્પણ વિના સ્વીકારી લેવામાં આવે. એના અનુસંધાનમાં એ વાત પણ જાણી લેવાની છે કે કોઈ રિવાયતના સનદની રૂએ સહીહ સાબિત થવાથી એ જરૂરી નથી થતું કે તેનું અસલ લખાણ પણ દરેક લેહાઝથી સહીહ અને યથાવત સ્થિતિમાં સ્વીકારવા પાત્ર હોય." (રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૪૧, અમુક હદીષો પર વાંધા અને તેના જવાબોના વિષયમાં, અઝ : મૌદૂદી)*

**નોંધ** : એવું હોવું જોઈતુ હતું કે બુખારીની તે હદીષોને અલગ તારવીને

**એકત્ર કરી લેવામાં આવતી જેના લખાણો ટીકા ટીપ્પણ વિના કબૂલને પાત્ર નથી અને એ જ પ્રમાણે તે હદીષોનો પણ નિર્દેશ કરી દેવામાં આવતો કે જે રિવાયતની રૂએ સહીહ હોવા છતાં તેનાં લખાણોને જેમનાં તેમ સ્વીકારી લેવાં કાંઈ જરૂરી નથી. અલબત્ત, જે વાત તમે ફર્માવો તેને જેમ છે તેમ માની લેવી અયને ઈસ્લામ છે ! નહીં તો અમીરનો વિરોધ કુર્આન તથા હદીષના વિરોધ સમાન ગણાશે ! આ દાવપેચ તો તમારા ડાબા હાથનો ખેલ છે !**

## ★ મુહદ્દિષો પર અવિશ્વાસ ★

*"તમારી દ્રષ્ટિએ દરેક તે રિવાયતને રસૂલની હદીષ માની લેવું જરૂરી છે જેને મોહદ્દિષો સનદની રૂએ સહીહ ઠરાવે, પરંતુ અમે સનદને હદીષના સહીહ હોવાની લાઝમી દલીલ નથી માનતા. અમારી દ્રષ્ટિએ સનદ કોઈ હદીષની સેહત (સહીહપણુ) માલૂમ કરવાનો એકલો ઝરીયો નથી ! એની સાથે અમે એ પણ જરૂરી સમજીએ છીએ કે મતન (મૂળ લખાણ) પર વિચાર કરવામાં આવે, કુર્આન તથા હદીષના સામુહિક ઈલ્મથી જે સમજ અમને હાંસલ થઈ છે તેનો લેહાઝ પણ કરવામાં આવે." (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૨૩૩, અઝ : મૌદૂદી)*

**નોંધ : અફસોસની જગા છે ! હદીષ તથા મોહદ્દિષો પરથી ભરોસો ઉઠી ચૂકયો છે. કેવળ પોતાની તે સમજ જે અભ્યાસથી પ્રાપ્ત થઈ છે તે જ ભરોસાપાત્ર છે ! ખુદારા ! મુસલમાનો પર દયા ખાવ ! જો તમે ભરોસો ખોઈ બેઠા છો તો આ ગરીબો પર રહમ કરો જેઓ અસ્લાફ તથા અકાબિર (પૂર્વ જ મહાન બુઝુર્ગો)ના દામનથી જોડાયેલા છે જેમાં તેમની નેકબખ્તી તથા સદનસીબી છે. હજી ઈલ્મવાળાઓથી દુનિયા એટલી હદે ખાલી નથી કે આપના સમર્થન વિના તે હદીષ તથા મોહદ્દિષો પ્રત્યેથી પોતાનો ભરોસો ઉઠાવી લે. આ વાત કેવળ તમારા ભાડુતી ગુલામોના ગળેથી ઉતરી શકે છે જેમની દ્રષ્ટિમાં આપની રાય છેલ્લી વાતની હૈસિયત ધરાવે છે.**

## ★ હદીષોને "કહાની" માનનાર મૌદૂદી ★

*"...........આ કાણો દજ્જાલ વગેરે તો કહાનીઓ છે ! જેમાં કોઈ*



*શરઈ હૈસિયત નથી. એ ચીજોને શોધવાની આપણે કોઈ જરૂરત પણ નથી. અવામમાં આ પ્રકારની જે વાતો મશહૂર હોય એની કોઈ જિમ્મેદારી ઈસ્લામ પર નથી. અને તેમાંથી કોઈ ચીજ જો ગલત સાબિત થઈ જાય તો તેનાથી ઈસ્લામને કોઈ નુકસાન નથી પહોંચતું." (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૨૬, કુર્આન તથા હદીષ અને વૈજ્ઞાનિક હકીકતો, અઝ : મૌદૂદી)*

**નોંધ : હદીષોને "કહાનીઓ" મૌદૂદી સાહબ જેવો વાર્તાકાર જ કહી શકે છે ! જેના દિલમાં નબુવ્વતની અઝમત અને ખુદાના ડરનો કોઈ જઝબો હશે તે કદાપિ આવી હિંમત કરી શકશે નહીં. એને ટીકા ટીપ્પણ કહેવામાં આવે કે પછી ધર્મ સાથે રમત તથા ખેલકૂદ, તમાશો !**

## ★ કાણા દજ્જાલ વિશે મૌદૂદીનું મંતવ્ય ★

**ખતા માફ કરશો ! કાણા દજ્જાલના બારામાં કોઈ કાણો દજ્જાલ જ આવું કહી શકે છે !**

*"............... શું સાડા તેરસો વરસ સુધી પણ તે શખ્સનું જાહેર ન થવું જેને હઝરત તમીમે ટાપુમાં કેદ થયેલ જોયો હતો, એ સાબિત કરવા માટે કાફી નથી કે તેણે પોતાના દજ્જાલ હોવાની જે ખબર હઝરત તમીમને આપી હતી તે સાચી ન હતી ? હુઝૂરને પોતાના સમયમાં પણ એ અંદેશો હતો કે કદાચ દજ્જાલ આપના સમયમાં જ જાહેર થઈ જાય. અથવા આપના પછી નજીકના સમયમાં જાહેર થાય. પરંતુ શું આ હકીકત નથી કે સાડા તેરસો વરસ પસાર થઈ ગયાં છે અને હજી દજ્જાલ નથી આવ્યો !" (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૪૬, તેહકીકે હદીષે દજ્જાલ, અઝ : મૌદૂદી)*

**નોંધ : વાંચકોને કેવળ એટલી જ વિનંતિ છે કે એક એક લખાણને શાંત ચિત્તે તથા સમજદારી સાથે વાંચીને તેનો અંદાઝો કરો કે ગંગા સીધી વહી રહી છે કે ઉલ્ટી ?**

## ★ હદીષો પર અવિશ્વાસ ! ★

**"...............જ્યાં સુધી અસ્નાદ (સનદો)નો સંબંધ છે તો તેમાંથી મોટા ભાગની રિવાયતોની સનદ કવી (મજબૂત) છે અને ભરોસાપાત્ર રિવાયતો કે જેના**

સહીહ હોવામાં કાંઈ કહેવાપણુ નથી. પરંતુ હદીષનું લખાણ બુધ્ધિથી તદન વિપરિત છે, અને પોકારી પોકારીને કહી રહ્યું છે કે આ વાત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ પ્રમાણે હરગિઝ નથી કહી.'' (માહનામા રિસાલો, તર્જુમાને કુર્આન, પેજ–૨૨, ભાગ–૬૧, ક્રમ–૧, ઓકટો.–૧૯૬૩)

**નોંધ** : આ એક ખૂબ જ સરળ પધ્ધતિ છે કે જે કોઈ હદીષ ''મૌદૂદી શરીઅત''થી ટકરાય તેના વિશે એવું કહી દેવામાં આવે કે ''આ વાત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ મુજબ હરગિઝ નથી ફર્માવી.'' ભાઈ ! વાત તડને ફડ વાળી હોવી જોઈએ ! જો તમારી નજરમાં તે હદીષ સ્વીકારને પાત્ર નથી તો ઉઘાડે છોગે ઈન્કાર કરી દો ! અને જો સ્વીકારપાત્ર છે તો સહીહ સીધા ઢંગથી કહી દો. દીનમાં આ દોગલી (ઓલી પોલી) પોલીસ નથી ચાલતી ! આ તો કોઈ પ્રમુખના ઈલેકશનનો મસ્અલો નથી કે સવારે કાંઈ તો સાંજે કાંઈ !

## ★ કારી અબ્દુલહમીદ (દેવબંદી)નો રિવ્યૂ ★

હવે હું શૈખુલ હદીષ વત્તફસીર કહેવાતા ઉલમાએ ઈસ્લામ તથા અન્ય મુહક્કિકો તથા મુતશક્કિકીન હઝરાતને પૂછુ છું કે ઉપરોકત લખાણ વાંચ્યા અને સમજ્યા પછી પણ હદીષને બર્બાદ કરનાર ટીકા ટીપ્પણીનો બાપ **મૌદૂદીના ઈમાનથી આંધળા અને હદીષના મુન્કિર હોવામાં હજી કશી કસર બાકી રહે છે ?** અને શું હદીષનો મુન્કિર (નકારનાર) સાબિત થવા માટે મૌદૂદીને પેશાની પર બે શિંગડાંનું પેદા થવું જરૂરી છે ? જો નથી તો પછી નબવી હદીષની રૂએ ઉલમાએ ઈસ્લામની અર્થહીન ખામોશી પર શું કિયામતમાં તેમના મોઢામાં આગની લગામ નહીં નાખવામાં આવે ? જ્યારે કે આ નિરર્થક ખામોશ રહેવાના સબબો પણ બાકી નથી રહ્યા. (ઈન્કેશાફાત, પેજ–૪૬)

★★★★★ ★★★★★ ★★★★★

''મુજદ્દિદિયત અને મહેદવિયતનું કયાંક જાહેરમાં એલાન અને કયાંક પડદા ઓથે તેનો ઈઝહાર ! કાણા દજ્જાલના વિશે જેટલી હદીષો છે તે તમામે તમામ કહાનીઓ છે ! અને આજ સુધી મુજદ્દિદે કામિલ પેદા નથી થયો !'' સમયની માંગ છે કે હવે એવો લીડર પેદા થાય જે ૧૪મી સદીના બની બેઠેલા મૌદૂદીના બેલગામ સાહિત્યનો અભ્યાસ કરે.



## ★ મુજદ્દિદોની બારગાહમાં તૌહીન ★

*''ઈતિહાસ પર દ્રષ્ટિ કરતાં જણાય છે કે હજી સુધી કોઈ કામિલ (પરિપૂર્ણ) મુજદ્દિદ પેદા નથી થયો. નજીક હતું કે ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ આ સ્થાને બિરાજમાન થાત પણ તેઓ કામયાબ ન થયા. તેમના પછી જેટલા મુજદ્દિદ પેદા થયા તેમનામાં દરેકે કોઈ ખાસ ક્ષેત્ર અથવા અમુક ક્ષેત્રોમાં કામ કર્યું. કામિલ મુજદ્દિદનું સ્થાન હજી સુધી ખાલી છે પણ બુધ્ધિ ચાહે છે, ફિતરત માંગણી કરે છે અને દુનિયાની હાલતોની ગતિ માંગ કરે છે કે ''એવો લીડર'' પેદા થાય.......''* (તજદીદો અહયાએ દીન, પેજ–૪૬, મુજદ્દિદે કામિલનો મકામ, અઝ : મૌદૂદી)

**નોંધ** : એ વાત વિચાર પાત્ર છે કે ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝથી લઈને કાલ સુધી ઈસ્લામી દુનિયા આગલી કે પાછલી સદીમાં મુજદ્દિદની માંગણી કરત, પરંતુ હવે મુજદ્દિદની નહીં બલ્કે ''લીડર''ની જરૂરત છે. આમ રિવાજના ઈસ્તેલાહી શબ્દને છોડીને તેના સ્થાને બીજો શબ્દ અપનાવવો તથા વાપરવો એની ફિલોસોફીને જમાઅતે ઈસ્લામીનો રોશન ખયાલ તબકો (ગૃપ) જ સમજી શકે છે.

વળી પૂરાણા જમાનાના દકયાનૂસી (રૂઢીચુસ્ત) મુલ્લા (મૌદૂદીના કહયાનુસાર) જેઓ પોતાની ઈજતેહાદી શકિત સુધ્ધાં ગુમાવી ચૂકયા છે તેઓ 'લીડર' અને ''મુજદ્દિદ''નો ફરક શું સમજી શકે ! તેઓ તો લકીરના ફકીર છે ! જે શબ્દ તેમને તેમના બુઝુર્ગોથી મળ્યો તેને પોતાની આંખો તથા કલેજાથી લગાડી રાખ્યો પણ ઈજતેહાદનો ઢંઢેરો પીટીને ભૂતકાળને જીવંત કરનાર જ્યાં સુધી ઈસ્તેલાહી બોલીઓને વેરવિખેર ન કરી દે, તે કોઈ નવી શરીઅતનું બીજ કઈ રીતે રોપી શકે છે. તે દિવસ પણ દૂર નથી જ્યારે મૌદૂદી શરીઅતમાં મસ્જિદને મંદિર, ગુરૂદ્વારને દેવળ, રાજકિય લીડરને મુકતદા (પેશ્વા)એ મિલ્લત અને પાદરીને પંડિત કહેવામાં આવશે.

તદ્ઉપરાંત મૌલાના મૌદૂદી સાહબનુ એવું કહેવું કે ''અત્યાર સુધી કોઈ કામિલ મુજદ્દિદ પેદા નથી થયો, બુધ્ધિ ચાહે છે તથા ફિતરત માંગણી કરે છે કે એવો ''લીડર'' પેદા થાય.'' જેની દલીલ ખૂદ તેમની નજરમાં એ છે કે અત્યાર સુધી જેટલા મુજદ્દિદો પેદા થયા તેમણે દીનના ખાસ અથવા અમુક ક્ષેત્રોમાં કામ કર્યું. આ તેમની પોતાની ''મૈં'' રાય છે જેના પર કુર્આન તથા સુન્નત વગેરેની કોઈ દલીલ નથી રજુ કરવામાં આવી. વળી, એની તેમને જરૂરત પણ શું છે ? જમાઅતે ઈસ્લામીની નજરમાં

મૌદૂદી સાહબની "મૈં" ખૂદ એક દલીલ છે !

કુર્આન, સુન્નતની દલીલ તો ચિલ્લા, મુરાકબા અને ન્યાઝ ફાતિહાના માટે જોઈએ ! પરંતુ અન્ય જમાઅતવાળા માટે એ વાત અપૂર્ણ રહી જશે કે શું કામિલ મુજદ્દિદ તેને કહેવામાં આવશે જેણે દીનના દરેક ક્ષેત્રોમાં કામ કર્યું હોય ?

કેમ કે બુધ્ધિનો એક સ્પષ્ટ તકાઝો છે કે મુજદ્દિદ કોઈ નવી શરીઅતવાળો નથી હોતો. બલ્કે સમયના વહેણ સાથે દીનના જે ક્ષેત્રમાં બિદઅતો તથા મના બાબતો વગેરેએ પોતાની જગા કરી લીધી હોય તો તે એ જ ક્ષેત્રે તજદીદ તથા અહયાએ દીન (દીનને જીવંત કરવાનું) કામ કરે છે, ચાહે એક જ ક્ષેત્ર હોય કે દીનનાં વિવિધ ક્ષેત્રો. નહીં તો જેવી રીતે આજે ૧૪મી સદીના કામિલ મુજદ્દિદ બનવાનો જઝબો શરીઅતને નવા માળખામાં ઢાળી રહ્યો છે, ખુદા ન કરતે પણ જો આ મુકદ્દસ ગિરોહના અગાઉ થયેલાઓમાં (મુજદ્દિદોમાં) જો આજ જઝબો કાર્યરત હોત તો અત્યાર સુધીમાં વિવિધ દિમાગી શરીઅતો જાહેર થઈ ચૂકી હોત, જેમ કે ૧૪મી સદીની "મૌદૂદી શરીઅત !" હવે મૌદૂદીના આવનારા હવાલા પર કારી અબ્દુલ હમીદનો રિવ્યુ વાંચશો.

*"................... અલ્લાહ દરેક સદીની શરૂમાં એ ઉમ્મતના માટે એવા લોકો ઉભા કરતો રહેશે જે તેમના માટે દીનને તાજો કરી દે." (તજદીદો અહયાએ દીન, પેજ–૪૨, શરહે હદીષ, અઝ : મોદૂદી)*

## ★ કારી અબ્દુલ હમીદનો રિવ્યૂ ★

"આ હદીષ શરીફ તે ખુશ નસીબ હદીષોમાંથી એક છે કે જેને મોર્ડન મુજદ્દિદે આઝમ મૌદૂદીએ મિજાઝને ઓળખતા રસૂલ હોવાની હૈસિયતથી સનદના એતબારથી અને લફઝી સેહત તથા મફહૂમની સેહત દુરુસ્ત તથા સહીહ ઠરાવીને કબૂલિયતનો શરફ બખ્શયો છે. તેમ જ અબુલ મુજદ્દિદ મૌદૂદીએ આ હદીષ શરીફનો તર્જુમો કર્યા બાદ તેના તફસીરી તર્જુમામાં ઈસ્લાહી ટીપ્પણી ઓર જ કાઢી, વિગત દર્શાવીને પોતાની જમાઅતને મુજદ્દિદોનો ગિરોહ અને પોતાની જાતને કામિલ મુજદ્દિદ અથવા અબુલ મુજદ્દિદ સમજાવવાનો એક સરસ અંદાઝ અપનાવ્યો છે જે શાંત ચિત્તે અને વારંવાર વાંચવા લાયક છે, જેને વાંચીને મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીના લાહોરી ગૃપને યકીનન પોતાના મુજદ્દિદના ન કેવળ ગૈરકામિલ પર જ બલ્કે તેમને પોતાના મુજદ્દિદના તજદીદી વાંઝીયાપણા પર પણ સખત શરમ મેહસૂસ થઈ."



*"પણ આ હદીષથી કેટલાક લોકોએ તજદીદ તથા મુજદ્દિદે દીનનો બિલકુલ જ એક ગલત ખયાલ અપનાવી લીધો. તેમણે <u>અલા રાસિ કુલ્લિ મિઅતિન્</u>થી સદીની શરૂઆત તથા અંત મુરાદ લીધી અને <u>મંય્ યુજદ્દિદુલહા</u>નો મતલબ એવો સમજ્યો કે એનાથી મુરાદ લાઝમી રીતે કોઈ એક જ શખ્સ છે, એના કારણે તેમણે શોધવાનું શરૂ કરી દીધું કે ઈસ્લામની પાછલી તારીખોમાં કોણ કોણ એવા શખ્સો મળે છે જે એક એક સદીની શરૂઆત તથા અંતે પેદા થયા અથવા મર્યા હોય અને તેમણે તજદીદે દીનનું કામ પણ કર્યું હોય. "જો કે ન રાસનો અર્થ સરનો છે" અને સદીના સર (શરૂ) પર કોઈ શખ્સ અથવા ગિરોહના ઉદ્ભવ કરવાનો મતલબ સ્પષ્ટપણે એ છે કે તે પોતાના દૌરના ઈલ્મો, ફિક્રો અને અમલની રફતાર પર નોંધપાત્ર અસર નાખે અને મનનો શબ્દ અરબી ભાષામાં એકવચન તથા બહુવચન બંનેના માટે વપરાય છે, એટલા માટે મનથી મુરાદ એક વ્યકિત પણ હોઈ શકે છે, અને આખી આખી સંસ્થા તથા ગૃપ પણ હોઈ શકે છે. હુઝૂરે જે ખબર આપી છે તેનો સ્પષ્ટ ભાવાર્થ એ છે કે ઈન્શાઅલ્લાહ ઈસ્લામી ઈતિહાસની કોઈ સદી એવા લોકોથી ખાલી નહીં ગુજરે જેઓ જાહિલિયતના તોફાનના મુકાબલામાં ઉઠશે અને તેને તેની અસ્લી રૂહ અને સૂરતમાં નવેસરથી સ્થાપિત કરવાની કોશિશ કરતા રહેશે. એ જરૂરી નથી કે એક સદીનો મુજદ્દિદ એક જ શખ્સ હોય, એક સદીમાં વિવિધ શખ્સો અને ગિરોહ આ ખિદમત અંજામ દઈ શકે છે. એ પણ જરૂરી નથી કે તમામ ઈસ્લામી દુનિયા માટે એક જ મુજદ્દિદ હોય, એક સમયમાં ઘણાયે દેશોમાં ઘણા બધા માણસો દીનની તજદીદના માટે કોશિશ કરવાવાળા હોઈ શકે છે. એ પણ જરૂરી નથી કે તે શખ્સ જે આ સિલસિલાની ખિદમત અંજામ આપે તેને મુજદ્દિદના લકબથી નવાજવામાં આવે. આ લકબ તો કેવળ એવા શખ્સોને જ આપી શકાય છે જેમણે દીનની તજદીદ (જીવંત કરવા)ને માટે કોઈ ઘણુ જ મોટુ અને તરી આવતું કારનામુ અંજામ આપ્યું હોય." (તજદીદો અહયાએ દીન, પેજ–૪૨/૪૩, શરહે હદીષ, અઝ : મૌદૂદી)*

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

આ લખાણની ઈન્વર્ટેટ કોમા લાઈન ધ્યાનપૂર્વક વાંચો. એમાં અબુલ

મુજદ્દિદ સાહબ (મૌદૂદી) લખે છે કે "ન **રાસ**નો અર્થ **સર** છે" અને પછી તેનો અર્થ બતાવ્યા વિના પૂરી હદીષના ભાવાર્થને મકસદના રૂપમાં સમજાવવાનું શરૂ કરી દીધું જેને શબ્દકોષ કે મુહાવરાથી કોઈ સંબંધ તો હોઈ જ નથી શકતો. કેવળ એ જ સમજી શકાય છે કે અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીને અચાનક કશ્ફ કે ઈલ્હામ થયો અને હદીષ શરીફના તર્જુમાના પૂરા લખાણનો નવો "સાફ મતલબ" કશ્ફ કે ઈલ્હામના ઝરીયે જ હાંસલ કરીને બતાવી દીધો. એના પછી ફરી અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદી તે હદીષ શરીફનો "સ્પષ્ટ ભાવાર્થ" પણ આગલા લીટી તાણેલ લખાણમાં લખે છે તેનો પણ ધ્યાનપૂર્વક અભ્યાસ કરશો. પછી બાકીના લખાણને વાંચીને પછી નવેસરથી ફરીવાર પૂરા લખાણને ધ્યાનપૂર્વક વાંચીને આગલા લખાણમાં મુજદ્દિદની વ્યાખ્યા પણ જુઓ.

| ★ મુજદ્દિદની વ્યાખ્યા મૌદૂદી થકી ★ | ★ કારી અબ્દુલ હમીદ થકી તેની સ્પષ્ટતા ★ |
|---|---|
| ૧. મુજદ્દિદ નબી નથી હોતો પણ પોતાના મિજાઝમાં નબુવ્વતના મિજાઝથી ખૂબ જ નજીક હોય છે. | ૧. એટલે કે રસૂલના મિજાઝને ઓળખનાર થઈ જાય છે ! |
| ૨. અતિશય સાફ દિમાગવાળો. | ૨. એટલે કે એ'તેકાફ, ચિલ્લાકશી, વઝીફા તથા નવાફિલ વગેરેના ચક્કરોથી દિમાગને સાફ રાખે છે ! |
| ૩. હકીકત સુધી પહોંચનાર, દરેક પ્રકારના ટેઢાપણાથી પાક. | ૩. એટલે કે તસવ્વુફ, અબા, કબા અને અમામાઓ, જભ્ભાઓ વગેરે ટેઢી વિચારસરણી તથા નિરર્થક ચીજોથી પાક ! |
| ૪. તદન સાદા સ્વભાવનો, અફરા તફરીથી બચીને મધ્યમમાર્ગ જોવા અને પોતાનું સંતુલન સ્થાપિત રાખવાની ખાસ ક્ષમતાવાળો, પોતાના માહોલ અને સદીઓના જામેલા અને રચાયેલા પૂર્વગ્રહોથી આઝાદ થઈને વિચારવાની શકિતવાળો. | ૪. એટલે કે પૂરાણી તફસીર અને હદીષોના પૂરાતા ભંડારોમાં અટકી રહેલા દકયાનૂસી (રૂઢીચુસ્તે) ઉલમાએ ઝમાનાની સાથે એકદમ મહત્વના મસ્અલાઓ તથા સંજોગોમાં મહત્વથી મહત્વના પ્રસંગો પર સહકારનો ઈત્તેહાદ (એકતા) કે મસ્લેહત કરવાથી બેનિયાઝ (બેપરવા) રહેવાની કાબેલિયત અને કામિલ કુવ્વતવાળો ! |
| ૫. જમાનાની બગડેલી રફતારની સાથે લડવાની તાકાત તથા હિંમત, આગેવાની તથા રહનુમાઈની પૈદાઈશી લાયકાત, ઈજતેહાદ તથા નવરચનાની અસામાન્ય યોગ્યતા. | ૫. એટલે કે ફિલ્મ જોવા તથા અંગ્રેજી બાલોને જાઈઝ કરવા તથા દાઢી વગેરે જેવી ઈસ્લામની નિશાનીઓને ગૈર જરૂરી ઠરાવવાની ઉત્તમ કક્ષાની નિપૂણતા તથા કાબેલિયત એટલે અમલી રીતે, સૂરતની રીતે અને લિબાસની રીતે ચાહે પૂરો મુસલમાન ન હોય ! પરંતુ દ્રષ્ટિબિંદુ અને સમઝબુઝમાં પૂરો મુસલમાન હોય અને તેના સીનામાં એવો વિશાળ ઈલ્મ હોય કે એક જ નજરે કુર્આને કરીમના બયાન કરેલા કાનૂનોને વર્તમાન સમયના તકાઝાઓના પ્રમાણે અમલને પાત્ર નથી એવું ઠરાવવા માટે ઉમ્મતના ઉલમાના મુકાબલામાં છાતી કાઢીને ઉભો રહી શકતો હોય ! |
| ૬. બારીકથી બારીક જુઝઈય્યાત સુધ્ધામાં ઈસ્લામ અને જાહિલિયતમાં તમીઝ કરવી અને લાંબા ગાળાની ઉલઝનોમાંથી હક્ક બાબતને શોધીને અલગ કાઢવી. આ તે વિશિષ્ટતાઓ છે જેના વગર કોઈ શખ્સ મુજદ્દિદ નથી થઈ શકતો. અને આ જ તે ચીજો છે જે એનાથી ઘણા જ વધુ પ્રમાણમાં નબીમાં હોય છે. | ૬. એટલે કે તલાક, ઈદ્દત, ખુલઅ તથા મોતઅ્ વગેરે જેવા ફિકહના લાંબા અરસાના ફેલાયેલા દકયાનૂસી (જૂનવાણી) મસાઈલની તબાહકારીઓ અને તેની ઉલઝનોથી હક્ક વાત શોધીને દીની બાબતોની ગુંચવણોને આસાન કરી શકતો હોય ! |

**નોંધ** : **મુજદ્દિદની વ્યાખ્યા અને તેની સ્પષ્ટતા પછી મુજદ્દિદિયત તથા મહેદવિયત પર મૌદૂદી સાહબની માન્યતાના કેટલાક મુદ્દાઓ જુઓ જે કેવળ મૌદૂદી સાહબ જ બતાવી શકે છે.**

*"આપણા ઈલ્મમાં જે શખ્સે પણ દીનને નવેસરથી તાજો કરવાની કોઈ ખિદમત અંજામ આપી હોય તેને આપણે મુજદ્દિદ કહી શકીએ છીએ અને અન્ય શખ્સની રાયમાં જો એનું કારનામુ એ મર્તબાનું ન હોય તો તે તેને એ લકબનો હકદાર ઠરાવવાથી ઈન્કાર કરી શકે છે. નાદાન લોકોએ આ મામલાને વિના કારણે મહત્વનો બનાવી દીધો છે. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે ખબર આપી હતી તે કેવળ એ હતી કે અલ્લાહ તઆલા આ દીનને નષ્ટ થવા નહીં દે બલ્કે દરેક સદીના શરૂમાં એવા શખ્સ કે શખ્સોને ઉભા કરતો રહેશે જે તેની ધુંધળી થતી નિશાનીઓને ફરીથી તાજી કરી આપશે. હદીષમાં મન શબ્દ અરબીયતના લેહાઝથી એ વાતનો તકાઝો કરનાર નથી કે જરૂર કોઈ એક જ વ્યક્તિ હોય, એ વિવિધ વ્યક્તિઓ પર પણ લાગુ થઈ શકે છે. જેનાથી એ પરિણામ કાઢી શકાય છે કે મુજદ્દિદને પોતાના ન હોવાની સમજ પણ હોવી જોઈએ અથવા એવું કે લોકોના માટે મુજદ્દિદનું ઓળખવું પણ જરૂરી છે." (તજદીદો અહયાએ દીન, પેજ–૧૩૭, મન્સબે તજદીદ ઔર ઈમામ મહદી, અઝ : મૌદૂદી)*

**નોંધ** : **મૌદૂદી સાહબે એ તો ફર્માવ્યું કે "નાદાન લોકોએ આ મામલાને વિના કારણે મહત્વનો બનાવી દીધો છે." પણ તેની કોઈ સ્પષ્ટતા નથી કરી કે તે લોકોથી મુરાદ શું છે ? ચટાઈ પર બેસનારા ગરીબ ઉલમા જેઓ સાચા અર્થમાં દીનના વારસ અને અમીન છે તેમનાથી મૌદૂદી સાહબને કાંઈ એવી ચીડ છે કે તેમની કલમ કદી માફ નથી કરી શકતી ! કયાંક તેમને નાદાન કહેવામાં આવે છે અને કયાંક જન્નતુલ હકમાના (કલ્પનાની જન્નતના) રહેવાસી ! મતલબ કે એક અમીરપણાની વિચારસરણી છે જેના હેઠળ અહલે ઈલ્મના આબરૂના દામન સાથે ખેલ ખેલવામાં આવી રહ્યો છે. મૌદૂદી ચળવળના જે રીતે અન્ય ઘણા ઝેરીલા જંતુઓ છે, તેમાં એક એ પણ છે કે અવામ તથા ખવાસની નજરથી ઉલમાની રહી સહી ઈજ્જત પણ ખત્મ કરી દેવામાં આવે, જેનું આ જમાઅતે બીડુ ઝડપેલું છે.**

*"હું તો એ કહેવાથી પણ અલગ નથી રહી શકતો કે એ બંને બુઝુર્ગોનું*



*પોતાના મુજદ્દિદ હોવાની ખૂદ સ્પષ્ટતા કરવી અને વારંવાર કશ્ફ તથા ઈલ્હામના હવાલાથી પોતાની વાતોને રજુ કરવી એ તેમના અમુક ગલત કામોમાંથી એક છે અને તેમની આ જ ગલતીઓ જેણે બાદમાં ઘણા કમહિમ્મતવાળાઓને તરહ તરહના દાવા કરવા અને ઉમ્મતમાં નિતનવા ફિત્ના ઉઠાવવાની હિંમત અપાવી." (તજદીદો અહયાએ દીન, પેજ–૧૪૭, કશ્ફો ઈલ્હામકી હકીકત, અઝ : મૌદૂદી)*

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

**જોયું તમે ! અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીની તજદીદી વિચારસરણીનું પ્રપંચી તીર ! જે એ બંને બુઝુર્ગોની પવિત્રતાને જ ઘાયલ કરવા માટે નહીં બલ્કે આખરી મંઝિલ સુધી પહોંચાડવા માટે છોડવામાં આવ્યું છે. કેમ કે લીટી તાણેલ લખાણનો મતલબ તો સાફ એ જ નીકળે છે કે નઊઝુબિલ્લાહ મિન ઝાલિક જો તમામ અંબિયા علیہم السلام અને ખાતમુલ અંબિયા, સરદારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ નબુવ્વતના દાવા ન કર્યા હોત તો અન્ય ફિત્નાખોરો તથા કઝ્ઝાબો (જૂઠાઓ) અને કમહિંમત લોકોને પણ નબુવ્વતના જૂઠા દાવા કરીને નિતનવા અને મહાન ફિત્ના ઉપસ્થિત કરવાની હરગિઝ હિંમત ન થઈ હોત."** (ઈન્કેશાફાત, કારી અબ્દુલ હમીદ, પેજ–૫૩,૫૪)

**હઝરત ઈમામ મેહદી علیہ الصلوٰۃ والتسلیم ના વિશે જે નિશાનીઓ મિશ્કાત શરીફ, અબૂ દાઊદ તથા તિર્મિઝી શરીફ વગેરે હદીષોની કિતાબોમાં નકલ થયેલ છે અને સામાન્યતઃ મશહૂર પણ એ છે કે "ઈમામ મેહદી علیہ الصلوٰۃ والتسلیم સૈયદ અને ફાતિમા ઝોહરાની ઔલાદમાંથી હશે, આપનું જાતી નામ મુહમ્મદ હશે, વાલિદનું નામ અબ્દુલ્લાહ અને વાલિદા આમિના હશે.**

**આપનું કદ મુબારક પ્રમાણમાં લાંબુ હશે, બદન ચુસ્ત, રંગ સાફ ખુલતો અને નિખરેલો હશે. ઊંચી નાક અને પહોળી પેશાની હશે. ચહેરો મુબારક સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચહેરા અન્વરથી મળતો હશે. આપના અખ્લાક તથા આદતો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم થી સામ્યતા ધરાવતી હશે. આપની જીભ મુબારકમાં લુકનત (તોતડાપણુ) હશે જેના કારણે કયારેક આજિઝ થઈને જાંગો પર હાથ મારશે. આપનો ઈલ્મ ખુદાદાદ હશે. બયઅતના સમયે ઉમર ૪૦ વરસની હશે અને બૈઅત પહેલાં રમઝાન શરીફમાં ચાંદ તથા સૂરજને ગ્રહણ લાગી ચૂકયું હશે અને આપ પોતાને છુપા**

રાખવાની અતિશય કોશિશ કરશે પરંતુ અમુક અલ્લાહવાળા હદીષોની નિશાનીઓ જોઈને આપને રુકન તથા મકામે ઈબ્રાહીમની વચ્ચે ખાનએ કા'બાનો તવાફ કરતાં કરતાં ઓળખી લેશે અને જબરદસ્તી લોકો આપનાથી બૈઅત કરશે અને બૈઅતના વખતે આસ્માનથી સાફ એ નિદા આવશે : **હાઝા ખલીફતુલ્લાહુલ મહદી....** (અર્થ) : "આ અલ્લાહના ખલીફા મહેદી છે ! સાંભળો તેમનું અને તેમની પૈરવી કરો !" જેને તમામ ખાસ તથા આમ લોકો સાંભળશે.

## ★ ઈમામ મેહદીનું આગમન અને મૌદૂદી ★

હવે એના પછી અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીની ઈમાનિયતનો અભ્યાસ કરો અને નૂરે મૌદૂદીથી દિલને મુનવ્વર કરો !

*"મુસલમાનોમાં જે લોકો ઈમામ મહેદીના આગમનના માનવાવાળ ા છે તેઓ પણ તેમને મુજદ્દિદ માનવાવાળા નથી અને તેઓ પણ પોતાની ગલત ફહમીઓમાં કાંઈ પાછળ નથી ! તેઓ સમજે છે કે ઈમામ મેહદી કોઈ આગલા સમયોના મોલ્વી કે સૂફી ટાઈપ દેખાવના માણસ હશે. તસ્બીહ હાથમાં લઈને એકાએક કોઈ મદ્રસા કે ખાનકાહના હુજરાથી નીકળશે અને આવતાં જ "હું મેહદી છું"નું એલાન કરશે. ઉલમા તથા મશાઈખ કિતાબો લઈને પહોંચી જશે અને લખેલી નિશાનીઓ વડે તેમના શરીરથી સાઈઝ વગેરેની સરખામણી કરીને તેમની ઓળખ કરી લેશે. પછી બૈઅત થશે અને જેહાદનું એલાન કરી દેવામાં આવશે. ચિલ્લા ખેંચેલા દુર્વેશ અને સૌ પૂરાની ટાઈપના "બકીયતુસ્સલફ" તેમના ઝંડા નીચે જમા થઈ જશે. તલવાર કેવળ શર્ત પૂરી કરવાના માટે નામ માત્રની ચલાવવી પડશે, અસલમાં સઘળુ કામ બરકત અને રૂહાની તસર્રુફથી થશે. ફૂંકો તથા વઝીફાઓના જોરથી મેદાન જીતવામાં આવશે, જે કાફિર પર નજર મારશે તે તડપીને બેહોશ થઈ જશે અને કેવળ બદદુઆઓના જોરથી ટેંકો અને હવાઈ જહાઝોમાં કીડા પડી જશે." (તજદીદો અહયાએ દીન, પેજ-૮૨, ઈમામ મેહદી, અઝ : મૌદૂદી)*

**નોંધ** : હઝરત મેહદી મોલ્વી કે સૂફી જેવા લિબાસમાં નહીં પણ કોટ, બુશ શર્ટ, પેન્ટ પહેરેલા હશે, મદ્રસા તથા ખાનકાહોના હુજરાથી નહીં પણ લગભગ જમાઅતે ઈસ્લામીના મુખ્ય કાર્યાલયથી બહાર આવશે, તે બકીયતુસ્સલફ નહીં બલ્કે



પશ્ચિમીપણાના ચાહવાવાળા હશે, રૂહાની બરકતોથી નહીં બલ્કે એટમી હથિયારોથી સજ્જ હશે, મોલ્વીપણા, સૂફીપણા, મદ્રસા, ખાનકાહ, બકીયતુસ્સલફ, બરકત, રૂહાની તસર્રુફ, ફૂંક, વઝીફો, તસ્બીહ જેવી બોલીઓથી તેઓ તદ્દન અજાણ હશે !

**અલ્લાહ કરે ઝોરે કલમ ઓર ઝિયાદા !**

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

આ છે અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીની સાચી સાચી, સાફ સાફ, ઈમાનિયાતની મામૂલી સરખી ઝલક ! બતાવો ! રસૂલની ઈત્તેબા (પૈરવી)ની આ પ્રશંસા તથા ઈજ્જતથી અને મુસ્લિમ શરીફની દમે ઈસાવાળી સહીહ હદીષની આ પાકી તથા તાઝીમથી દિલમાં કાંઈ નૂર પેદા થયું ? ઈમાનમાં કાંઈ તાજગી મેહસૂસ થઈ ? જો નહીં ! તો લો ! અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીના ખાસ અધિક તજલ્લિયાતી તથા ઈમાની ખયાલો પણ જોઈ લો જેથી કોઈ સાહબ આબિદ તથા ઝાહિદ અને રૂહાની તસર્રુફવાળા બુઝુર્ગની કરામતોનો શિકાર બનીને અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીની સ્થાપિત કરેલ અર્વાચીન પ્રકારની ઈસ્લામી સ્ટેટને કોઈ નુકસાનનો સામનો ન કરવો પડે.

*"ઈમામ મેહદીના ઝહૂર વિશે સામાન્ય લોકોના ખયાલો કાંઈક આ પ્રકારના છે, પણ **હું** જે કાંઈ સમજ્યો છું એનાથી **મને** મામલો તદ્દન ઉલ્ટો નજરે પડે છે. **મારો** અંદાઝો છે કે આવનારો પોતાના સમયમાં તદ્દન મોર્ડન ઢબનો **લીડર** હશે. સમયના તમામ અર્વાચીન ઈલ્મો પર તેને મુજતહિદાના બસીરત (દ્રષ્ટિ) પ્રાપ્ય હશે. જિંદગીના સર્વ મહત્વના મસાઈલને તે ખૂબ સારી પેઠે સમજતો હશે. બૌધ્ધિક તથા દિમાગી સરદારી તથા રાજનૈતિક યુક્તિઓ તથા જંગી મહારતના એ'તેબારથી તે તમામ દુનિયા પર પોતાનો સિક્કો જમાવશે. **મને** ઉમ્મીદ નથી કે પોતાની શારીરિક રચના સામાન્ય માણસોથી કાંઈ બહું જુદો હશે કે તેની નિશાનીઓથી ઓળખી લેવામાં આવે. ન **હું** એ અપેક્ષા રાખુ છું કે તે પોતાના મહેદી હોવાનું એલાન કરશે, બલ્કે શાયદ તેને પોતે પણ પોતાના મેહદી મૌઊદ હોવાની ખબર હશે નહીં અને તેના મૃત્યુ બાદ તેના કારનામાંઓથી દુનિયાને ખબર થશે કે એ જ હતો તે ખિલાફતને નબીના માર્ગે સ્થાપિત કરનારો જેના આગમનની ખુશખબરી સંભળાવવામાં આવી હતી. જેમ કે **હું** અગાઉ નિર્દેશ કરી ચૂકયો છું કે નબીના સિવાય કોઈનો એ મન્સબ*

*(સ્થાન) નથી કે દાવા સાથે કામની શરૂઆત કરે અને ન નબીની સિવાય કોઈને યકીની તૌર પણ માલૂમ થાય છે કે તે કઈ ખિદમત પર નિયુક્ત થયો છે. મુજાદ્દિદિયત દાવો કરવાની ચીજ નથી પણ કરીને દેખાડવાની ચીજ છે. આ પ્રકારના દાવાઓ જે લોકો કરે છે અને જેઓ તેના પર ઈમાન લાવે છે તેઓ બંને* **મારી** *દ્રષ્ટિએ પોતાના ઈલ્મની કમી અને દિમાગની ઉતરતી કક્ષાની સાબિતી આપે છે. મેહદીની કાર્યપધ્ધતિનો જે ખયાલ* **મારા** *દિમાગમાં છે તે પણ તે હઝરાતના ખયાલથી તદ્દન વિપરિત છે.* **મને** *આ કામમાં કરામતો, કશ્ફ તથા ઈલ્હામો અને ચિલ્લાંઓ તથા મુજાહિદાઓની કોઈ જગા નજર નથી આવતી.* **હું** *એવું સમજું છું કે ક્રાંતિમય લીડરને દુનિયામાં જેવી રીતે સખત જદ્દો જેહદ (મહેનત) તથા કશ્મકશના સંજોગોએથી પસાર થવું પડે છે એ જ સંજોગોએ થઈને મેહદીએ પણ પસાર થવાનું થશે. તે તદ્દન અસલ ઈસ્લામની બુનિયાદો પર એક નવો ચિંતનમય મઝહબ (Shool of thought) પેદા કરશે, દિમાગોને બદલશે. એક જબરદસ્ત તેહરીક (ચળવળ) ઉપાડશે જે એકી સાથે સંસ્કારી પણ હશે અને રાજકિય પણ હશે. જાહિલિયત પોતાની તમામ તાકતોની સાથે તેને કચડવાની કોશિશ કરશે પણ છેવટે તે જાહિલ સત્તાને પલટીને ફેંકી દેશે અને એક એવુ જબરદસ્ત ઈસ્લામી રાજ્ય સ્થાપિત કરશે જેમાં એક તરફ ઈસ્લામની પૂરી રૂહ કાર્યરત હશે અને બીજી તરફ વૈજ્ઞાનિક પ્રગતિના ઉચ્ચતાના કમાલ પર પહોંચી જશે." (અઝ : મૌદૂદી)*

**નોંધ :** **મેહદીના ઝહૂરના અકીદાને આ પ્રમાણે વર્ણન કરવામાં આવે તો મૌદૂદી સાહબના દિમાગી ખયાલોની યોગ્ય રજુઆત થશે. તે પોતાના સમયનો મોડર્ન ટાઈપ લીડર હશે નહીં બલ્કે લીડર છે !**

**તસવ્વુફ અને તરીકત સિવાયના તમામ ઈલ્મો તથા વિષયો પર પ્રભુત્વવાળો છે. તે ચિલ્લા, મુરાકબા, તહજ્જુદ, નવાફિલ, ઝાળ ફૂંક, તસ્બીહ, વઝીફહ, બરકત, રૂહાની તસર્રુફ, કશ્ફ તથા ઈલ્હામ, કરામતોથી ન કેવળ ખીજવાય છે બલ્કે ખૂદ તેમની બેઅદબી કરે છે.**

**મોલ્વી અને સૂફી સાહેબો તેની આધુનિકતાના વિરૂધ્ધ હંગામો મચાવશે નહીં ! બલ્કે હંગામો મચાવી દીધો અને આકસ્મિકતાએ કે "શોરિશ" (હંગામો) મચાવવામાં "શૌરિશ કશ્મિરી" પ્રથમ હરોળમાં છે !**

**એક વધુ લખાણ મૌદૂદીનું વાંચો પછી કારી અબ્દુલ હમીદનો રિવ્યુ**



**જુઓ :–**

*"પ્રથમ તો ખૂદ મેહદી શબ્દ પર વિચાર કરવો જોઈએ જે હદીષમાં વાપરવામાં આવે છે. હુઝૂરે મેહદીનો શબ્દ વાપર્યો છે જેનો અર્થ છે હિદાયત પામેલ, "હાદી"નો શબ્દ નથી વાપર્યો. મેહદી દરેક તે સરદાર, લીડર અને અમીર હોઈ શકે છે જે સીધા માર્ગ પર હોય. 'અલ મહદી' વધુમાં વધુ તે વિશિષ્ટતાને માટે વપરાશે જેનાથી આવનારા કોઈ ખાસ તફાવતકર્તા શાનના પ્રદર્શનનો હેતુ છે. અને તે ફરક દર્શાવતી શાન હદીષમાં આ રીતે બયાન કરી દેવામાં આવી છે કે આવનારો નબીના માર્ગ પર હોય તેવી ખિલાફતની વ્યવસ્થા વેરવિખેર થઈ ગયા તથા જુલ્મ તથા બળથી જમીનને ભરાઈ ગયા પછી નવેસરથી નબીના માર્ગ પર ખિલાફતને સ્થાપિત કરશે અને જમીનને ન્યાયથી ભરી દેશે."*

*(તજદીદો અહયાએ દીન, પેજ–૧૬૪, મેંહદીની અલામત, અઝ : મૌદૂદી)*

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

**વિચાર્યું તમે ! અલ્લાહના રસૂલ તો ફર્માવે છે કે મેંહદી મારી ઔલાદમાંથી હશે, આ અને આ તેની નિશાની હશે. જ્યારે અબુલ ઈસ્તેહઝા સાહબ શરીર (બદમાશ) મૌદૂદી, આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની તમામ નિશાનીઓને અતિ તુચ્છકાર તથા તિરસ્કૃત અંદાઝમાં જૂઠલાવીને ફર્માવે છે કે મેહદી દરેક તે સરદાર તથા લીડર અને અમીર થઈ શકે છે જે સીધા માર્ગ પર હોય ! હવે તો સ્પષ્ટ સમજમાં આવી ગયું હશે કે અબુલ ઈસ્તેહઝા સાહબ શરીર મૌદૂદીના માટે નઊઝુબિલ્લાહ મિન ઝાલિક અબુલ અંબિયાનો લકબ પણ યકીનન જરૂરી છે, કેમ કે ખાતિમુલ અંબિયા સરદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદોથી ન કેવળ ઉઘાડો મતભેદ જ કરવો બલ્કે ઠઠ્ઠા મશ્કરી ઉડાવવી અને આપની પૈરવી કરનારા તથા તાબેદારો પર ચાર્જશીટ પણ લગાડવી એટલે કે તેમને નાસમજ ઠરાવવા (જેમ કે લખાણ અંદરલાઈન કરેલ લીટીઓથી જાહેર છે) એ શું કોઈ મામૂલી મર્તબાના માણસનું કામ હોઈ શકે છે ? કોઈ હાકિમના ફર્માનની વિરૂધ્ધ યકીનન કોઈ મોટો હાકિમ જ મતભેદ અથવા મંતવ્યોની રજુઆત કરી શકે છે.**

અને શું પયગંબરાના મન્સબથી પસાર થઈને અલ્લાહની હદોમાં રાય આપવાનુ કામ કરવું અથવા સામાન્ય કાયદા ઘડવા અબુલ ઈસ્તેહઝા સાહબ શરીર મૌદૂદીના અસામાન્ય મર્તબાઓનો નિર્દેશ નથી ! (થોડીક લીટીઓ પછી) અને શું દાવા વિના આપોઆપ ઓટોમેટિક તરીકાથી મોડર્ન મુજદ્દિદ અને ન્યૂ સ્ટાઈલ મેહદી બની જવા માટે મૌદૂદીની આ સ્પષ્ટતાઓ પૂરતી તથા દલીલ યુકત નથી ? હજી પર જો અબુલ ઈસ્તેહઝા સાહબ શરીર મૌદૂદીના ફુલ પાવર, મોડર્ન મુજદ્દિદે આ'ઝમ અને ન્યૂ સ્ટાઈલ હોવામાં શંકાકુશંકા રહી હોય તો પછી તમારે જોઈએ કે ન્યૂ સ્ટાઈલ મેહદીની ઈમાનનો સફાયો કરનારી કિતાબો તજદીદો અહયાએ દીન, તન્કીહાત, તફહીમાત, રસાઈલો મસાઈલ, મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ અને હુકૂકુલ્ ઝવજૈન વગેરેનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કરો.'' (ઈન્કેશાફાત, પેજ–૫૭, ૫૮)

## ★ પૂર્વજ બુઝુર્ગો અને મૌદૂદી ★

''..........**મારો** *તરીકો એ છે કે હું પૂર્વજ બુઝુર્ગોના ખયાલો તથા કામો પર નિષ્પક્ષ રીતે તેહકીકી તથા તન્કીદી (ટીકા ટીપ્પણી કરતી) નજર દોડાવુ છું. જે કાંઈ તેમાં* **હક્ક પામુ** *છું તેને* **હક્ક કહું છું** *અને જે ચીજને કિતાબ તથા સુન્નતના લેહાઝથી અથવા* **કાર્યને અનુરૂપ હિકમતના એ'તેબારથી દુરુસ્ત નથી પામતો** *તેને સાફ સાફ નાદુરુસ્ત* **કહી દઉં છું.''** (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૪૧૫, જમાઅતે ઈસ્લામિકે મુતાબિક ચંદ શુબ્હાત, અઝ : મૌદૂદી)

**નોંધ** : ઉપરોકત લખાણમાં મૌદૂદી સાહબની મુજદ્દિદાના અને મુજતહિદાના બંને હૈસિયતો બિલકુલ ઓપન થઈ ગઈ છે. અત્યાર સુધી તો કુર્આન તથા સુન્નતથી જ દલીલો કરવામાં આવતી હતી. પરંતુ મસ્લેહતપસંદોએ ત્રીજી દલીલ ''હિકમતે અમલી (કાર્યલક્ષી હિકમત)'' ને પણ જન્મ આપી દીધો. આ લખાણ પર રિવ્યૂ જોતાં પહેલાં વધુ એક હવાલો જોઈ લો :–

*''હું ન મસ્લકે અહલે હદીષને તેની તમામ વિગતો સાથે* **સહી સમજુ છું** *અને ન હનિફયત કે શાફઈયતનો* **પાબંદ છું.''** *(રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૧૮૯, તકલીદ વ અદમે તકલીદ, અઝ : મૌદૂદી)*



## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યુ ★

''શું અબુલ હિકમત સાહબ મૌદૂદીની આ અંદર લાઈન કરેલ ''હિકમતે અમલી''નો અર્થ અથવા તેની શરઈ સ્પષ્ટતા કોઈ આલિમે દીન બતાવવાની કે સમજાવવાની તકલીફ ઉઠાવી શકે છે ? કે અલ્લાહ તઆલાના દીનમાં ''હિકમતે અમલી''નું શું સ્થાન છે અને શરઈ બોલીમાં અને મુહાવરામાં ''હિકમતે અમલી'' કોને કહે છે ? અને શું ઈસ્લામના ઈતિહાસમાં આ ''હિકમતે અમલી''ની ઈસ્તેલાહ (શરઈ બોલી) આથી પહેલાં પણ કદીક કોઈ મુજતહિદ કે મોહદ્દિષ કે કોઈ ફકીહે ઈસ્તેમાલ કરી છે ? કે પછી કેવળ મૌદૂદી સાહબે તજદીદે દીનની જરૂરતોના માટે આ નવી ઈસ્તેલાહ (શરઈ બોલી) પોતે પ્રાપ્ત કરેલા ખાસ ઈખ્તિયારોના હેઠળ શોધી કાઢી છે ?''

## ★ રસૂલ, સહાબી તથા પૂર્વજ બુઝુર્ગોની પૈરવી મૌદૂદીની નજરમાં ★

*''રસૂલ તથા સહાબીઓની પૈરવીનો એ ભાવાર્થ જ મુદ્દલે ગલત છે અને મોટા ભાગના દીનદાર લોકો ગલતીથી તેનો એ જ ભાવાર્થ લે છે. તેમની દ્રષ્ટિએ પૂર્વજ બુઝુર્ગોની પૈરવી એનું નામ છે કે જેવો લિબાસ તેઓ પહેરતા હતા તેવો જ આપણે પણ પહેરીએ, જે પ્રકારનાં ભોજનો તે જમતા હતા તે જ પ્રકારનાં ભોજનો આપણે પણ જમીએ, જેવી સામાજિક રીતભાત તેમનાં ઘરોમાં હતી તો તદ્દન એવી જ સામાજિક રીતભાત આપણા ઘરોમાં પણ હોય, સંયુકત સમાજની રહણીકરણીની જે હાલત તેમના સમયમાં હતી તેને આપણે પણ તદ્દન જૂનવાણીની (FOSEILISED) સ્થિતિમાં કિયામત સુધી બાકી રાખવાની કોશિશ કરીએ અને આપણા આ માહોલથી બહારની દુનિયામાં જે ફેરફારો અસ્તિત્વમાં આવી રહ્યા છે તે સૌથી આંખો બંધ કરીને આપણે આપણા દિમાગ અને આપણી જિંદગીની આસપાસ એક વર્તુળ ખેંચી લઈએ જેની સરહદમાં સમયની હરકત અને જમાનાના ફેરફારોને પ્રવેશવાની ઈજાઝત ન હોય. ઈત્તેબા (પૈરવી)નો આ ખયાલ જે ગુજરી ગયેલી કેટલીય*

*સદીઓથી દીનદાર મુસલમાનોના દિમાગ પર સવાર રહ્યો છે એ વાસ્તવમાં ઈસ્લામની રૂહ (મૂળભૂતપણા)થી તદ્દન વિપરિત છે ! ઈસ્લામની એ તાલીમ હરગિઝ નથી કે આપણે જીવતા જાગતા પૂરાણા નમૂના બનીને રહીએ અને આપણી જિંદગીને પ્રાચીન સંસ્કૃતિનો એક ઐતિહાસિક ડ્રામો (નાટક) બનાવીને રાખીએ." (તન્કીહાત, પેજ–૩૭૦, ૩૭૧, વિષય : મર્ઝ ઔર ઉસ્કા ઈલાજ, અઝ : મૌદૂદી)*

**નોંધ :** અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની રહેણી કરણી, લિબાસ ખાસ પધ્ધતિ જે સાલેહ તથા નેક લોકોની નિશાની તથા ઓળખ છે તેને તથા તેમના દેખાવ, રીતભાતને "ઐતિહાસિક નાટક (ડ્રામો)" કહેવું તેને હું એક નાજાઈઝ હિંમત સમજુ છું જેનાથી દિલને ઠેસ પહોંચે છે અને દિલને સદમો થાય છે.

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

શું આ લખાણ મૌદૂદી અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીને હાઈ સ્ટાન્ડર્ડ કક્ષાનો ફુલ પાવર મોડર્ન મુજદ્દિદે આ'ઝમ અને હાઈ ઓથોરિટી ધરાવનાર ન્યૂ સ્ટાઈલ પશ્ચિમી મેહદી સમજવા તથા સ્વીકારવા માટે પૂરતી નથી ? જો નહીં ! તો લો ! એનાથી પણ અધિક સાફ તથા ચોખ્ખો ઈર્શાદ રજુ કરું છું. તેને જુઓ અને ફૈસલો પણ કરીને અલ્લાહની બારગાહેથી અજરે અઝીમ મેળવો :–

## ★ મુજદ્દિદ અલ્ફેષાની તથા અન્ય બુઝુર્ગોની ટીકા ★

*"પ્રથમ ચીજ જે **મને** હઝરત **મુજદ્દિદ અલ્ફેષાની**ના સમયથી **શાહ (વલીયુલ્લાહ)** સાહબ અને તેમના ખલીફાઓ સુધ્ધાંના તજદીદી કામમાં ખટકી છે તે એ છે કે તેમણે તસવ્વુફના બારામાં મુસલમાનોની બીમારીનો પૂરો અંદાઝો નથી લગાડયો અને અજાણતામાં તેમને ફરી તે જ ગિઝા (ખોરાક) આપ્યો જેનાથી સંપૂર્ણ પરહેઝ કરાવવાની જરૂરત હતી. (તજદીદો અહયાએ દીન, પેજ–૧૧૯)*

**આગળ જતાં આ લખાણમાં પરહેઝવાળી ગિઝાનો ખુલાસો કરે છે કે :–**

*"જે ચીજને હું પરહેઝને લાયક કહી રહ્યો છું તે તસવ્વુફના રહસ્યો તથા ઈર્શાદો તથા તસવ્વુફમય બોલીનો ઉપયોગ અને સૂફીપણાના તરીકાથી મળતાપણુ રાખનારા તરીકાઓને ચાલુ રાખવું છે." (હવાલો ઉપર મુજબ)*



*"તો જેવી રીતે પાણી જેવી હલાલ ચીજ પણ તે વખતે મના થઈ જાય છે જ્યારે તે બીમારના માટે નુકસાનકર્તા હોય, એ જ પ્રમાણે (તસવ્વુફનું) માળખુ પણ મુબાહ હોવા છતાં આ કારણે તદ્દન ત્યજી દેવાને પાત્ર થઈ ગયું છે, કે એના લિબાસમાં મુસલમાનોને અફીણનો ચસ્કો લગાડવામાં આવ્યો છે અને તેની નજીક જતાં જ તે જૂના બીમારોને પછી તે જ અફીણ યાદ આવી જાય છે જે સદીઓ સુધી તેમને થપકારી થપકારીને સૂવડાવતું રહ્યું છે. બયઅતનો મામલો પેશ આવ્યા પછી થોડીવાર નથી લાગતી કે મુરીદોમાં તે વિચારસરણી પેદા થવાનું શરૂ થઈ જાય છે જે મુરીદીની સાથે ખાસ થઈ ચૂકેલી છે." (હવાલો ઉપર મુજબ, પેજ–૧૨૦)*

*"હવે જે કોઈએ પણ તજદીદના માટે કામ કરવું હોય તેના માટે લાઝિમ છે કે સૂફીપણાની ભાષા તથા બોલીઓથી, રહસ્યો તથા ઈર્શાદોથી, લિબાસ તથા તરીકાઓથી, પીરી મુરીદીથી અને દરેક તે ચીજથી જે એ તરીકાની યાદ તાજી કરનારી હોય તેનાથી મુસલમાનોને એવી રીતે પરહેઝ કરાવે જેવી રીતે ડાયાબિટીસના દર્દીઓને ખાંડથી પરહેઝ કરાવાય છે." (હવાલો ઉપર મુજબ, પેજ–૧૨૨)*

**નોંધ :** આપની આ વિચારધારા એ ખુલાસાની મોહતાજ છે કે આ કુર્આન હદીષનો હુકમ છે કે પછી જનાબેવાલાની "હિકમતે અમલી"નો તકાઝો છે ?!

કયાંક એવું તો નથી કે ચુન્યા બેગમ (અફીણ)નો વારંવાર ઉલ્લેખ કરીને ભૂતકાળની યાદ તાજી કરવામાં આવી રહી છે ! (શેઅર : **કુછ તો હૈ જિસ્કી પર્દાદારી હૈ !**)

*"અહીં કોઈ કોશિશ કેવળ પાકીઝા ખ્વાહિશો અને સારી નિય્યતોના આધારે કામયાબ નથી થઈ શકતી. અને ન કેવળ નુફૂસે કુદ્સિયહ્ની બરકતો જ તેને પાર લગાડી શકે છે, બલ્કે તેના માટે તે શરતોનું પૂરું થવું જરૂરી છે જે આવી કોશિશોને પાર લગાડવા માટે કાનૂને ઈલાહીમાં નિશ્ચિત કરેલી છે. જો તમે ખેતી કરો પણ ભલે તમે કેટલાયે બુઝુર્ગ સિફત ઈન્સાન હોઉ અને તસ્બીહ તથા તહલીલમાં કેટલીય અતિશયતા કરતા હોઉ છતાં તમારું ફેંકેલું કોઈ પણ બીજ ઉગી નથી શકતું જ્યાં સુધી તમે ખેતી કરવામાં તે કાનૂનની પૂર્ણપણે પાબંદી ન કરો જે અલ્લાહ તઆલાએ ખેતીઓના ઉછેર માટે નિશ્ચિત કરી દીધી છે. એ જ*

*પ્રમાણે ઈમામતના નિઝામનો તે ઈન્કિલાબ પણ જે આપની નજરો સમક્ષ છે કદી પણ કેવળ દુઆઓ અને પાક તમન્નાઓથી પરિણામ પામી શકશે નહીં બલ્કે એના માટે પણ અનિવાર્ય છે કે તમે એ કાનૂનને સમજો અને તેની સર્વ શરતો પૂરી કરો જેના હેઠળ દુનિયામાં ઈમામત સ્થાપિત થાય છે, કોઈને મળે છે તો કોઈનાથી છિનવાઈ છે." (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૧૬૧, ૧૬૨, અઝ : મૌદૂદી)*

**નોંધ : પાકીઝા ખ્વાહિશો, સારી નિય્યતો અને નુફૂસે કુદ્સિયહ્ (અલ્લાહના વલીઓ)ની બરકતો એ અખૂટ દૌલત દરેક ઐરા ગૈરાને નથી મળતી. એ તો સદ્નસીબોને જ મયસ્સર થાય છે, અલ્લાહની તૌફીક જેમના હાલમાં શરીક રહે છે, નહીં તો તમે જે હકીકતના ઈન્કાર માટે તત્પર થયા છો તેનું ડો. ઈકબાલે ઉઘાડે છોગે એલાન પણ કર્યું છે કે :– निगाहे मर्दे मोमिनसे बदल जाती हैं तकदीरें !**

*"માણસ ખુદા વ રસૂલ તથા આખેરતને માને છે કે નહી ? દિલની પાકી અને સારી નિય્યત તથા નેક અમલથી સજ્જ છે કે નહી ? સારા હેતુસર કામ કરી રહ્યો છે કે બુરા મકસદના માટે. એ સિવાય કે કોઈનામાં ઈમાન હોય કે ન હોય અને તેની જિંદગી પાક હોય કે નાપાક, તેની કોશિશનો હેતુ સારો હોય કે બુરો, પણ જે શખ્સ અથવા પાર્ટી તે પણ પોતાનામાં તે ગુણો ધરાવતા હશે જે દુનિયામાં સફળતા માટે અનિવાર્ય છે તો યકીનન કામયાબ થશે." (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૨૬૫)*

**નોંધ : એ કામયાબી બસ તમને તથા તમારી જમાઅતને મુબારક થજો ! જ્યાં કામયાબી તો હોય પણ ઈમાન ન હોય ! તમારી દ્રષ્ટિ કેવળ સબબો તથા ઝરીયાઓ પર છે અને અલ્લાહવાળાઓની નજર સબબો તથા ઝરીયા પેદા કરનાર રબ પર.**

**ઈમાન જ જિંદગીનો મકસદ છે અને જિંદગીનો સાર છે.**

**ગર બહ મુસ્તફા ન રસીદી તમામ બૂલહબીસ્ત**

*"મને ઉમ્મીદ છે કે તમે એ પણ સારી રીતે સમજી લીધું હશે કે મુસલમાનોની વર્તમાન અધોગતિનો સબબ શું છે ? જાહેર વાત છે કે જે લોકો ન ભૌતિક ઝરીયાઓથી ન પ્રાથમિક સંસ્કારથી સજેલા હોય અને ન સામુહિક રીતે તેમનામાં ઈસ્લામી અખ્લાકો (સંસ્કારો) પણ જોવા મળે તેઓ કોઈ રીતે*



*પણ ઈમામત (સરદારી)ના હોદ્દા પર બિરાજમાન નથી થઈ શકતા. ખુદાની નિષ્પક્ષ સુન્નતનો તકાઝો એ જ છે કે તેમના પર એવા કાફિરોને અગ્રિમતા આપવામાં આવશે જેઓ ઈસ્લામી અખ્લાકિયાતથી ખાલી ભલે હોય પણ કમસે કમ પ્રાથમિક સંસ્કારિકતા અને ભૌતિક ઝરીયાઓના ઈસ્તેમાલમાં તો તેમનાથી આગળ વધેલા છે. અને પોતે પોતાને તેમની સરખામણીમાં દુનિયાની વ્યવસ્થાના માટે અધિક લાયક સાબિત કરી રહ્યા છે." (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૨૮૪, અઝ : મૌદૂદી)*

**નોંધ : આ મધ્યમ માર્ગ નથી જેને તમે અપનાવ્યો છે. તસવ્વુફ તથા રૂહાનિયતને છોડીને કેવળ ભૌતિક સામગ્રી પર ભરોસો કરવો એ જ ઈફરાતો તફરીત છે. જમાઅત વિવિધ ભાવના વ્યકિતઓનો એક સમુહ છે. ફિતરત, કાનૂન અને હકીકતોથી ટકરાઈને કોઈ જમાઅત ન જીવંત રહી છે ન જીવંત રહી શકશે. બસ ! જે પ્રમાણે ખરાબ ગોશતનું ઓપરેશન તો બરાબર છે પણ શરીરના સારા ભાગ પર વાઢ કાપ અયોગ્ય છે, એ જ પ્રમાણે માન્યતા તથા પ્રવૃત્તિઓના ખતરનાક ધસારાથી તો રોકવામાં આવશે પણ હકીકતોથી મુખ ફેરવીને જીવંત નથી રહી શકતું.**

## ★ સુન્નત પ્રમાણેની દાઢી અને મૌદૂદી ★

*"જ્યાં ઈમાન જ એ હૈસિયતોથી પોતાની વિશાળતા તથા વ્યાપકતા તથા પુખ્તગી તથા મજબૂતીમાં અપૂર્ણ હોય ત્યાં તકવો તથા અહસાન (તસવ્વુફ–સૂફીપણા)ની શું શકયતા હોઈ શકે છે ? શું આ ખામીની કસર દાઢીઓની લંબાઈ તથા લિબાસની સજધજ અથવા તસ્બીહ ફેરવવાથી કે તહજ્જુદ પઢવાથી પૂરી કરી શકાય છે ?" (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૨૯૦, અઝ : મૌદૂદી)*

**નોંધ : દાઢીની લંબાઈ, લિબાસની સજાવટ, તસવ્વુફ, તહજ્જુદ, તસ્બીહથી તો આ કમી પૂરી નહીં થાય પણ કદાચ સિનેમાના પડદા પર તસ્વીર નહીં બલ્કે પ્રતિબિંબો દેખાય છે ! તેની દેખભાળ અને આંખોને ગરમી પહોંચાડવાથી પૂરી થઈ શકે !**

*"વળી શું મઆઝલ્લાહ ખુદાના વિશે તમારું એવું ગુમાન છે કે તે પોતાના વફાદારોને પહેચાનવાની એટલી પણ તમીઝ નથી ધરાવતો જેટલી*

*દુનિયાના તે કમ અકલ ઈન્સાનોમાં જોવા મળે છે ? શું તમે સમજો છો કે તે બસ દાઢીઓની લંબાઈ, ઘૂંટી તથા પાયચાઓનું અંતર, તસ્બીહોનું ભ્રમણ, વિર્દો તથા વઝીફાઓ અને નફલો તથા મુરાકબાની વ્યસ્તતા અને એવી બીજી અમુક ચીજો જોઈને જ ધોકો ખાઈ જશે કે તમે તેના સાચા વફાદાર અને જાનિષાર છો !" (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૩૦૪, અઝ : મૌદૂદી)*

**નોંધ : માણસ જે ચીજોથી ખીજવાય છે તેના વિશે તેનો કાંઈક આવો જ અંદાજ હોય છે, જેમ કે મૌદૂદી સાહબનું દાઢી, પાઈચા, તસ્બીહ, વિર્દો વઝાઈફ, મુરાકબા, નવાફિલના બારામાં છે.**

**હવે એ ફેંસલો વાંચકોના પર છે કે આ અંદાઝ હકીકત પસંદીથી નજીક છે કે ખીજવાઈ જવાથી !**

*"આજે ત્રણ દિવસથી મારી પાસે ચિઠ્ઠીઓની ભરમાર થઈ રહી છે, જેમાં સર્વ માંગો બસ એની જ છે કે જમાઅતના લોકોની દાઢીઓ વધારાવવામાં આવે, પાયચા ઘૂંટીથી ઊંચા કરાવવામાં આવે અને એ જ પ્રમાણે એવી જ અન્ય શાખાકીય બાબતોની વ્યવસ્થા કરાવવામાં આવે. એ ઉપરાંત અમુક લોકોના એ ખયાલનો પણ ઈલ્મ થયો છે કે તેમને જમાઅતમાં એ ચીજની કમી મેહસૂસ થાય છે જેને તેઓ "રૂહાનિયત"થી તાબીર કરે છે. પણ કદાચ તેઓ નથી બતાવી શકતા કે આ રૂહાનિયત ખરેખર શું ચીજ છે ? એના કારણે એમનું મંતવ્ય એ છે કે ઉસૂલ અને કાર્યપધ્ધતિ તો આ જમાઅતની અપનાવવામાં આવે અને નફસની પાકી તથા રૂહાની તર્બિયત માટે ખાનકાહો પ્રતિ રુજૂઅ કરવામાં આવે, આ સર્વ વાતો સાફ સાફ દર્શાવે છે કે અત્યાર સુધી અમારી તમામ કોશિશો છતાં લોકોમાં દીનની સમજ પેદા નથી થઈ." (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૩૦૫, અઝ : મૌદૂદી)*

**નોંધ : આ ગરમ તેવરનો કોઈ જવાબ નથી ! સત્ય રજુઆત પર ઉશ્કેરાઈ જવાનો અંદાઝ ! ખુદા ખૈર કરે ! પાયજામો, દાઢી, તસવ્વુફ અને ખાનકાહ આ એવા શબ્દો છે જેને સાંભળીને મૌદૂદી સાહબ માનસિક સંતુલન ગુમાવી બેસે છે ! જાદૂ વો હૈ જો સર ચઢકે બોલે !**

**જમાઅતના મુખ્લિસોની દરખાસ્ત ગળાં ફાડી ફાડીને એલાન કરી રહી છે કે જમાઅતે ઈસ્લામી રૂહાનિયતથી સદંતર ખાલી છે અને આ મસ્અલો જમાઅતના**



**અમીરથી નહીં, બલ્કે ખાનકાહના અલ્લાહવાળાઓથી હલ થઈ શકે છે. પરંતુ મૌદૂદી સાહબ તેને કેમ કરીને માન્ય કરી શકે છે કે કોઈ તેમનો બનીને ખાનકાહી થઈ જાય ! શિર્કતે ગમ ભી નહીં ચાહતી ગૈરત અપની !**

*"સૌ પ્રથમ ઠંડા દિલથી આ પ્રશ્ન પર વિચારણા કરો કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ દુનિયામાં કયા હેતુસર મોકલ્યા છે ? દુનિયામાં છેવટે કઈ ચીજની કમી હતી ? શું ખરાબી જોવા મળતી હતી જેને દૂર કરવા માટે અંબિયાને મબ્ઊષ કરવાની જરૂરત ઉભી થઈ ? શું એ તે જ હતી કે લોકો દાઢીઓ રાખતા ન હતા અને તેમને રખાવવા માટે મોકલવામાં આવ્યા ? કે પછી લોકો ઘૂંટી ઢાંકેલી રાખતા હતા અને અંબિયાના થકી તેને ઉઘાડાવવાનો હેતુ હતો ? અથવા તે અમુક સુન્નતો જેની કાળજી રાખવાની તમારા લોકોમાં ખૂબ ચર્ચા છે તેને ચાલુ કરવા માટે અંબિયાની જરૂરત હતી ?" (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૩૦૬, અઝ : મૌદૂદી)*

**નોંધ : દીનની કોઈ પણ વાતને મામૂલી સમજીને તેને ટાળી દેવી બલ્કે તેને કેવળ મામૂલી (તુચ્છ) સમજવી જ તબાહી તથા બર્બાદી છે. આ એક એવી કુખ્યાત ઈબારત (લખાણ) છે જેને વાંચીને કલેજુ કાંપી ઉઠે છે. જો દાઢી તમને તમારા ચહેરા પર ગમતી નથી, અને સુન્નતની પૈરવી તથા શરીઅતની પાબંદીનો હુકમ તમે અન્યોને નથી આપતા તો તમારા જુર્મ તથા ખતાને તમારા સુધી જ સીમિત રાખો પરંતુ આ માર્ગ ચાલનારા તથા ચલાવનારાઓને મહેણાં તાણાનું નિશાન ન બનાવો. ઉપરોકત લખાણમાં ન કેવળ દાઢીની તૌહીન છે બલ્કે નબુવ્વતની બઅ્ષત (આગમન) અને રિસાલતની તાલીમની પણ હંસી ઉડાડવામાં આવી છે.** (અલ્ અયાઝુ બિલ્લાહિ મિનૂઝાલિક)

## ખુદા મેહફૂઝ રખ્ખે ઈસ બલાસે

*"અસલમાં જે વાતો મારી તે તકરીર સાંભળ્યા પછી તે ગૃપના માણસોએ કરી છે તેનાથી તો **મને** યકીન પ્રાપ્ત થઈ ગયું છે કે આ લોકો હકીકતમાં દીનના કોઈ કામના નથી, એ કે તેમનું અમારી નજીક આવવું તેમના દૂર રહેવાથી બલ્કે મુખાલિફત કરવાથી પણ અધિક ખતરનાક છે. તમે જાતે જ અંદાઝો કરો કે જે લોકો કુર્આન તથા સુન્નતના લેહાઝથી **મારી** તકરીરમાં કોઈ શબ્દ પણ પકડ કરવા લાયક નથી બતાવી શકતા. બલ્કે એથી ઉલ્ટુ જે એવું માનવા પર મજબૂર છે કે જે ચીજને **મૈં** દીનનો મૂળ*

*મુદ્દો (હેતુ) બતાવ્યો છે તો ખરેખર કુર્આન તથા સુન્નતની રૂએ દીનનો અસલ મુદ્દો (હેતુ) તે જ છે અને જે ચીજોનું હું અગ્રસ્થાને તથા પાછળ કરી રહ્યો છું તે ખરેખર અગ્રસ્થાને કે પાછળ છે, પણ તેમ છતાં જેમને મારી આ તકરીર પર વાંધો ઉઠાવવા અને બદદિલી તથા નારાજગીનો ઈઝહાર કરવામાં કોઈ ખચકાટ નથી થતો તેઓ છેવટે કેટલા પ્રમાણમાં ઈજ્જતના હકદાર છે કે તેમના જઝબાત તથા ખયાલોનો લેહાઝ કરવામાં આવે." (રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૨૩૯, અઝ : મૌદૂદી)*

**નોંધ : તમે કુર્આન તથા સુન્નતનો ઉલ્લેખ કર્યો પણ ખૂદ તમારી રજુ કરેલી ત્રીજી દલીલ "હિકમત"ને ભૂલી બેઠા ! બની શકે છે કે વાંધો ઉઠાવનારની નજરમાં તમારી તકરીર "હિકમતે અમલી"ની વિરૂધ્ધ હોય ! તો સોળ આના સાચુ છે કે તે લોકોએ સહાબા અને મોહદ્દિષો તથા મુજતહિદ ઈમામો વગેરે પર વાંધો તથા ટીકા ટીપ્પણ કરવી જોઈએ. તમારા જેવી ટીકાથી પર શખ્સિયત પર વાંધો તથા ટીકાની હિંમત અયોગ્ય નથી તો બીજુ શું છે ! તૌબા અરે તૌબા !**

*"**હું** ઉસ્વહ્ તથા સુન્નત અને બિદઅત વગેરે ઈસ્તેલાહો (શરીઅતની બોલી)ના આ ભાવાર્થોને ગલત બલ્કે દીનમાં ફેરફારનો સબબ સમજુ છું જે સામાન્યતઃ તમારા લોકોને ત્યાં રિવાજ પામેલ છે. તમારો એ ખયાલ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم જેટલી મોટી દાઢી રાખતા હતા એટલી જ મોટી દાઢી રાખવી સુન્નતે રસૂલ અથવા ઉસ્વહ્એ રસૂલ છે. આ વાત એવો અર્થ ધરાવે છે કે તમે રસૂલની આદતોને બરાબર તે જ સુન્નત સમજો છો જેને ચાલુ કરવા તથા કાયમ કરવા માટે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને અન્ય અંબિયા علیہم السلام મોકલવામાં આવતા રહ્યા. બલ્કે હું એ અકીદો રાખુ છું કે આ પ્રકારની ચીજોને સુન્નત ઠરાવવી અને પછી તેની પૈરવી કરવા માટે આગ્રહ કરવો એક સખ્ત પ્રકારની બિદઅત અને એક ખતરનાક તેહરીફે દીન (દીનમાં ફેરફાર) છે, જેનાં અતિશય બુરાં પરિણામો પહેલાં પણ જાહેર થતાં રહ્યાં છે અને ભવિષ્યમાં પણ જાહેર થવાનો ખતરો છે." (રસાઈલો મસાઈલ, પેજ–૨૪૭, ૨૪૭, અઝ : મૌદૂદી)*

**નોંધ :– મૌદૂદી સાહબની માનસિક બિમારીનું નિહટ્ટુ કારણ એ છે કે દાઢીનો સફાયો તો ચાહે છે પણ ઉઘાડે છોગે કહી નથી શકતા. તેની બુરાઈ કરવા તો ચાહે છે પણ ખચકાટ અનુભવે છે એટલા માટે માનસિક સલામતી સલામ કરીને**



**રૂખસદ થઈ જાય છે. ત્યાર પછી તે નકલ (દલીલ)થી કામ નથી લેતા બલ્કે પોતાની "મૈં" થી ઉલ્લૂ સીધો કરે છે. જેના પરિણામે નજર તથા સોચને લગતી બેચૈની લખાણની અનિવાર્યતા બને છે.**

## ★ યૂરોપની તારીફમાં ઝમીરનો અવાજ કે ડોલરનો ! ★

*"પશ્ચિમી ઈલ્મો તથા વિદ્યાઓ તેના સ્થાને પોતે તમામે તમામ લાભદાયી છે અને ઈસ્લામને તેમાંથી કોઈની સાથે પણ દુશ્મની નથી. બલ્કે જવાબમાં હું એ કહીશ કે જ્યાં સુધી ઈલ્મી હકીકતોને સંબંધ છે તેમાં ઈસ્લામ તેમનો દોસ્ત છે અને તે ઈસ્લામના દોસ્ત છે." (તન્કીહાત, પેજ–૩૩૬, અઝ : મૌદૂદી)*

**નોંધ : પશ્ચિમી ઈલ્મો તથા વિદ્યાઓ (હુન્નરો)માં અમુક જ નહીં બલ્કે તમામે તમામ લાભદાયી છે. અલબત્ત તસવ્વુફ તથા તરીકતનો ઈલ્મ તથા વિદ્યા બેહદ ખતરનાક તથા અતિશય નુકસાનકર્તા છે ! ઈસ્લામ જેવી રીતે પોતાની વિશાળ તા પસંદીના હેઠળ પશ્ચિમી ઈલ્મો તથા કળાઓનો દોસ્ત છે તેવી જ રીતે પોતાની રોશન ખયાલીના હેઠળ મુરાકબા, ચિલ્લાવાળા હુન્નરનો દુશ્મન છે ! આ છે મૌદૂદી શરીઅત ! જરા ઓર આગળ વધો !**

*"યૂરોપના ઘણા એવા દેશો છે જેમાં સામાજિક ભલાઈના માટે ઘણી લાભદાયી તથા ઉપયોગી સ્કીમો ચાલે છે ત્યાં સામુહિક ન્યાય પ્રાપ્તિ માટે કેટલીયે બધી અસરકારક યોજનાઓ અપનાવવામાં આવી છે. ત્યાં વ્યકિતગત આઝાદીની હિફાઝત અને સુરક્ષાના માટે દસ્તૂર તથા કાનૂનમાં રક્ષણો મૌજૂદ છે. ત્યાં શિક્ષણ આપવા લેવાની એક સુંદર વ્યવસ્થા રિવાજ પામેલી છે. ત્યાં ગરીબ તથા કચડાયેલા તબકાને ઉઠાવવા માટે જદ્દોજેહદ કરવામાં આવી રહી છે. ત્યાં લોકશાહી અને લોકશાહી કાર્યવાહીનો દિલોમાં એહતેરામ છે અને કોઈ મોટામાં મોટો માણસ તેમને નુકસાન પહોંચાડવાની કોશિશ નથી કરતો. ત્યાં લોકોનો એક રાજનૈતિક અખ્લાક તથા કિરદાર છે અને તેના પ્રમાણે તેઓ પોતાનું સામુહિક જીવન પસાર કરે છે. ત્યાંના સત્તાધારીઓને પોતાના વતન તથા કૌમથી મહોબ્બત હોય છે અને તેઓ પોતાના વતની ભાઈઓમાં પોતાની મોટાઈનો ઠાઠ નથી જમાવતા. તેઓ*

પ્રજાના દુઃખ સુખમાં બરાબરના ભાગીદાર થાય છે." (અઝ : મૌદૂદી, માહનામા તર્જુમાને કુર્આન, પેજ–૬૨, ૬૩, જમા. અવ્વલ, હિ.સ. ૧૩૭૭, ફેબ્રુ–૧૯૮૫)

**નોંધ : ઉપરોકત લખાણને વારંવાર વાંચવા છતાં એ ફૈસલો ન કરી શકાયો કે આ ઝમીરનો અવાજ છે કે ડોલરનો !**

**નીચેનું લખાણ થોડુક લાંબુ છે પરંતુ પશ્ચિમ નવાઝીનું સંપૂર્ણ પ્રતિબિંબ છે તેને ધ્યાનથી વાંચો અને મૌદૂદી સાહબના વિશે તમારી યોગ્ય રાય નિશ્ચિત કરો :–**

"જે દૌરમાં આપણા શાહ વલીયુલ્લાહ સાહબ, શાહ અબ્દુલ અઝીઝ સાહબ અને શાહ ઈસ્માઈલ શહીદ પેદા થયા તે દૌરમાં યૂરોપ મધ્યયુગની ઊંઘથી જાગૃત થઈને નવી શકિતની સાથે ઉભુ થયું હતું. અને ત્યાં ઈલ્મો તથા કળાઓના (હુન્નરોના) સંશોધકો, ભેદના પારખુઓ અને શોધકો એટલા પ્રમાણમાં પેદા થયા હતા કે તેમણે એક દુનિયાની દુનિયા બદલી નાખી. એ જ દૌર હતો જેમાં હ્યુમ, કાન્ટ, ફશ્તે, હૈગલ, કોમત, શ્લાઈર માશર અને મિલ જેવા ફિલોસોફર પેદા થયા જેમણે તત્વજ્ઞાન તથા ફિલોસોફી, અખ્લાકિયાત, નફસાનિયાત અને તમામ અકલી ઈલ્મોમાં ક્રાંતિ લાવી દીધી. તે જ દૌર હતો જ્યારે ડોકટરીમાં ગેલ્વેના અને ડોલ્ટા, કેમેસ્ટ્રીમાં લોડ વેઝેર પ્રીસ્ટે, ડેવી, હાઈવી, બર્ઝીલેસ, જીવ શાસ્ત્રમાં લૈને, હાલર બેશાત અને ડોલ્ફ જેવા સંશોધકો ઉઠયા જેમના સંશોધને કેવળ વિજ્ઞાનને જ પ્રગતિ નથી આપી બલ્કે કાયનાત અને ઈન્સાનિયતના વિશે પણ એક નવી વિચારધારા પેદા કરી દીધી. તે જ દૌર કવૈસએ ટર્ગૂટ, આદમ સ્મીથ અને માલ્થ્સની દિમાગી કોશિશોથી અર્થશાસ્ત્રનો નવો ઈલ્મ સંપાદિત થયો. તે જ દૌર જ્યારે ફ્રાંસમાં રૂસો, વોલ્ટર, મોન્ટેસ્કો, ડેનીસ, ડોલકયુરો, લામેટ્રી, કૈબાનેસ, બફૂન, રૂબીના, ઈંગ્લિસ્તાન ટાઈમ્સ પીન, વલ્યુમગોડોન, ડેવીડ હાર્ટે, બુઝફ પ્રિસ્ટે, અરાસ્મસ, ડાર્વિન અને જર્મની ગવૈથે, હર્ડર, શેલર, વન્કામાન, લેસ્તંગ બેર્નડીહોલબાશ, જેવા લોકો પેદા થયા જેમણે અખ્લાકિયાત, સાહિત્ય, કાનૂન, મઝહબ, રાજનીતિ અને તમામ સામાજિક ઈલ્મો પર ભારે અસર ફેંકી અને અતિશય હિંમતભેર તથા બેબાકીની સાથે પૂરાની દુનિયા પર ટીકા ટીપ્પણ કરીને વિચારધારા તથા ચિંતનની એક નવી દુનિયા બનાવી નાખી. પ્રેસનો ઉપયોગ, પબ્લિકેશન્સની અધિકતા, અનોખી વર્ણન શૈલી અને મુશ્કેલ



ઈસ્તેલાહી બોલીના બદલે સામાન્ય સમજમાં આવે તેવી બોલીના થકી ખયાલ પ્રદર્શિત કરવાના કારણે તે લોકોના ખયાલો ખૂબ જ વિશાળ માત્રામાં ફેલાયા. તેમણે લિમિટેડ વ્યકિતઓને નહીં બલ્કે કૌમોને સંક્ષિપ્ત હૈસિયતથી પ્રભાવિત કર્યા, વિચારધારાઓ બદલી નાખી, અખ્લાક બદલી નાખ્યા, શિક્ષણ વ્યવસ્થા બદલી નાખી, જીવનની માન્યતા અને જિંદગીનો હેતુ બદલી નાખ્યો અને સમાજ વ્યવસ્થા તથા રાજનીતિનું આખુ બંધારણ ફેરવી નાખ્યું.

એ જ જમાનામાં ફ્રાંસની ક્રાંતિ ઉદ્ભવી જેનાથી એક નવી સંસ્કૃતિ ઉભી થઈ. તે જ જમાનામાં મશીનની શોધે બનાવટોની ક્રાંતિ સર્જી દીધી જેણે એક નવી સમાજ વ્યવસ્થા, નવી શકિત અને જિંદગીના નવા મસાઈલ સાથે પેદા કરી. એ જ જમાનામાં એન્જીનીયરીંગને અસામાન્ય પ્રગતિ મળી જેનાથી યૂરોપને તે શકિતઓ મળી કે પહેલાં દુનિયાની કોઈ કૌમને હાંસલ થઈ ન હતી. એ જ જમાનામાં લડાઈની જુની કલાને બદલે નવી જંગની કલા, નવાં શસ્ત્રો અને નવી યુકિતઓની સાથે પેદા થયાં. બાકાયદા ડ્રિલના ઝરીયે ફોજોની ગોઠવણી કરવાનો તરીકો ઈખ્તિયાર કરવામાં આવ્યો જેના કારણે જંગના મેદાનમાં પલ્ટનો મશીનની જેમ હરકત કરવા લાગી અને જુની પધ્ધતિની ફોજોનું તેમના મુકાબલામાં ઉભા રહેવું મુશ્કેલ થઈ ગયું. ફોજોની ગોઠવણી અને લશ્કરોની વહેંચણી અને જંગી ચાલોમાં લગાતાર ફેરફારો થતા રહ્યા અને દરેક જંગના અનુભવોથી ફાયદો ઉઠાવીને તે કલાને સતત તરક્કી આપવામાં આવતી રહી. લડાઈના શસ્ત્રોમાં સતત નવી શોધો થતી ગઈ. રાયફલ શોધાઈ. હલકી અને જલ્દી હરકત કરનારી ટોપો બનાવવામાં આવી. કિલ્લાને ભેદતી ટોપો પહેલાં કરતાં અધિક શકિતશાળી બનાવવામાં આવી અને કારતૂસની શોધે નવી બંદૂકોના મુકાબલે જૂની બંદૂકોને બેકાર કરી દીધી. એના જ પરિણામે યૂરોપમાં તુર્કીઓને અને હિંદુસ્તાનમાં દેશી રજવાડાઓએ નવિન ઢબની ફોજોની સામે સતત હારો ઉઠાવવી પડી અને ઈસ્લામી દુનિયાના તદ્દન દિલ પર હુમલો કરીને નેપોલિયને મુઠ્ઠીભર ફોજ વડે મિસ્ર પર કબજો કરી લીધો.

ઈતિહાસના સંક્ષિપ્ત માળખા પર નજર કરવાથી સરળતાપૂર્વક એ વાત માલૂમ થઈ જાય છે કે આપણે ત્યાં તો થોડાક શખ્સો જ જાગૃત

થયા હતા પણ ત્યાં તો કૌમોની કૌમો જાગી ઉઠી હતી, અહીં ફકત એક દિશામાં થોડુક સરખુ કામ થયું અને ત્યાં દરેક ક્ષેત્રે હજારોગણુ અધિક કામ કરી નાખવામાં આવ્યું, બલ્કે કોઈ જીવનનું ક્ષેત્ર એવું ન હતું જેમાં તે જ ગતિએ પ્રગતિ ન કરવામાં આવી હોય. અહીં શાહ વલીઉલ્લાહ અને તેમની ઔલાદે થોડીક કિતાબો ખાસ ખાસ ઈલ્મો પર લખી જે અતિશય મર્યાદિત વર્તુળ સુધી પહોંચીને રહી ગઈ અને ત્યાં લાયબ્રેરીઓની લાયબ્રેરીઓ દરેક ઈલ્મ તથા કલા પર તૈયાર થઈ. અહીં ફિલોસોફી, સંસ્કારિકતા, સામાજિકતા, રાજનીતિ અને અર્થશાસ્ત્ર વગેરે ઈલ્મો પર નવી પધ્ધતિની વાતચીત કેવળ પ્રારંભિક તથા ઉપર છલ્લી હદ સુધી જ રહી જેના પર આગળ કાંઈ ન થયું અને ત્યાં એ દરમ્યાનમાં એ મસાઈલ પર પૂરે પૂરા ચિંતનના બંધારણ સંપાદિત થયાં જેમણે દુનિયાનો નકશો બદલી નાખ્યો. જ્યાં ફીઝીકસ તથા ભૌતિક શાસ્ત્રનો ઈલ્મ તે જ રહ્યો જે પાંચસો વરસ પહેલાં હતો અને ત્યાં આ મેદાનમાં એટલી પ્રગતિ થઈ અને તે તરક્કીના કારણે પશ્ચિમવાળાઓની શકિત એટલી વધી ગઈ કે તેમના મુકાબલામાં પૂરાણા સાધનો તથા માધ્યમો થકી કામયાબ થવું તદ્દન અશકય હતું. આશ્ચર્ય તો એ છે કે શાહ વલીઉલ્લાહ સાહબના જમાનામાં અંગ્રેજો બંગાળ પર છવાઈ ગયા હતા અને ઈસ્લામાબાદ સુધી તેમની સત્તા પહોંચી ચૂકી હતી પણ તેમણે આ નવી ઉભરનારી તાકાતની નોંધ ન લીધી. શાહ અબ્દુલ અઝીઝ સાહબના જમાનામાં દિલ્હીનો બાદશાહ અંગ્રેજોનો પેન્શન ખાનારો થઈ ચૂકયો હતો અને લગભગ આખા હિંદુસ્તાન પર અંગ્રેજોના પંજા જામી ચૂકયા હતા, પણ તેમના દિમાગમાં પણ એ સવાલ પેદા ન થયો કે આખરે કઈ ચીજ આ કૌમને ધપાવી રહી છે અને નવી તાકાતની પાછળ તાકાતના સબબો શું છે ? સૈયદ સાહબ અને શાહ ઈસ્માઈલ શહીદ જેઓ અમલી રીતે ઈસ્લામી ક્રાંતિ સર્જવા માટે ઉઠયા હતા તેમણે સર્વ ઈન્તેઝામો કર્યા પણ એટલું ન કર્યું કે દ્રષ્ટિવાન ઉલમાનું એક પ્રતિનિધિમંડળ યૂરોપ મોકલતા અને એ તેહકીક કરાવતા કે આ કૌમ જે તોફાનની જેમ છવાતી જઈ રહી છે તે નવા સાધનો, નવા ઝરીયા, નવા તરીકા અને નવા ઈલ્મો હુનરોથી કામ લઈ રહી છે તેની આટલી



શકિત અને આટલી પ્રગતિનું રાજ શું છે ? તેમના ઘરમાં કયા પ્રકારના ઈદારા સ્થાપિત છે ? તેમનાં ઈલ્મો કયા પ્રકારનાં છે ? તેમની સમાજ વ્યવસ્થાનો પાયો કઈ ચીજ પર છે અને તેના મુકાબલામાં આપણી પાસે કઈ ચીજની કમી છે ?" (તજદીદો અહયાએ દીન, પેજ–૧૨૪, ૧૨૮, અઝ : મૌદૂદી)

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યુ ★

**કુનદ હમ જિન્સ પરવાઝ કબૂતર બા કબૂતર બાઝ બા બાઝ**

**(અર્થ : પક્ષી પોતાની જાતીના પક્ષી સાથે જ ઉડે છે, કબૂતર કબૂતર સાથે અને બાઝ બાઝ સાથે)**

**કોઈ ઈમાનના આ પશ્ચિમી ..........................ને પૂછનાર છે કે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہ એ રોમીઓથી મુકાબલો કરવા અને તેમના પર જીત હાંસલ કરવા માટે કયા કયા મુજાહિદોના મંડળો અને કયા કયા પ્રગતિ પામેલ દેશોમાં તરક્કીની હાલતો અને કામયાબીનાં રહસ્યો માલૂમ કરવા મોકલ્યા હતા ?!**

## ★ મૌદૂદીના રંગ અનેક ! ★

"વળી એવું કહેવું તદ્દન ગલત છે કે આ ચળવળને ઉઠાવવા અને ચલાવવાના માટે બાહ્ય કોઈ સામાન અને માહોલમાં કોઈ અનુકૂળતાની જરૂરત છે. જે સામાન અને જે અનુકૂળ માહોલને આ લોકો શોધે છે તે ન કદી મયસ્સર થયો છે ન મયસ્સર થશે. અસલમાં બહાર નહીં પણ મુસલમાનના અંતરમાં ઈમાનની જરૂરત છે, એ દિલી શહાદત (ગવાહી)ની જરૂરત છે કે એ જ હક્ક તઆલાનો મકસદ છે અને એ નિશ્ચયની જરૂરત છે કે મારું જીવવું અને મરવું એ જ મકસદના ખાતર છે. આ ઈમાન આ શહાદત આ નિશ્ચય મૌજૂદ હોય તો ***દુનિયાભરમાં એક એકલો માણસ એ એલાન કરવા માટે પૂરતો છે કે હું જમીન પર ખુદાની બાદશાહત સ્થાપિત કરવા ચાહુ છું. તેની પીઠ પર કોઈ વ્યવસ્થિત લઘુમતી અથવા કોઈ હુકૂમત ખૂદ ઈખ્તિયારવાળી બહુમતીની તદ્દન કોઈ જરૂરત નથી.*** (મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૩, પેજ–૧૩૯, અઝ : મૌદૂદી)

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

**બક રહા હૂં જુનૂં મેં કયા કયા કુછ**
**કુછ ન સમઝે ખુદા કરે કોઈ !**

અબુલ મુતઝાદ સાહબ, મુજદ્દિદે આઝમ મગરબી મહદી મૌદૂદીને કોઈ પૂછવાની હિંમત કરી શકે છે કે પાછલા લખાણના છેવટમાં આં જનાબે સૈયદ અહમદ તથા શાહ ઈસ્માઈલની ખામીઓ અને તેમની કમજોરીઓ અને હારોના સબબોમાં ઉલ્લેખ કર્યો છે કે તેમણે સર્વ વ્યવસ્થાઓ કરી પણ એટલું ન કર્યું કે દ્રષ્ટિવાન ઉલમાનું એક પ્રતિનિધિમંડળ યૂરોપ મોકલતા અને એ તેહકીક કરતા કે **આ કૌમ જે તોફાનની જેમ છવાતી જઈ રહી છે અને નવા હથિયારો અને નવા માધ્યમો અને નવા તરીકા અને નવા ઈલ્મો તથા હુન્નરોથી કામ લઈ રહી છે તેની આટલી શકિત અને આટલી પ્રગતિનું રહસ્ય શું છે ? તેના ઘરમાં કયા પ્રકારનું તંત્ર સ્થાપિત છે ? તેના ઈલ્મો કયા પ્રકારના છે ? તેની સમાજ રચનાનો પાયો કઈ ચીજો પર છે ? અને તેના મુકાબલામાં આપણી પાસે કઈ ચીજની કમી છે ?**

અને હવે આં જનાબ એવું કહી રહ્યા છે કે **એક એકલો ઈન્સાન જ પૂરતો છે !** જેની પીઠ પર ન કોઈ વ્યવસ્થિત લઘુમતીની જરૂરત છે અને ન કોઈ હુકૂમત ખૂદ ઈખ્તિયારી ધરાવનારી બહુમતીની પણ હાજત છે. તો એ વાત સમજમાં નથી આવતી કે તે એકલો માણસ બીચારો કઈ રીતે દ્રષ્ટિવાન ઉલમાનુ પ્રતિનિધિમંડળ યૂરોપ મોકલશે ? અને કેવી તે બીચારા એકલા માણસને તોફાનની જેમ છવાઈ જનાર અનહદ અને અસીમિત તાકતોનો અંદાજો થશે ? અને કેવી રીતે કશીય તાકાત તથા સામાન તથા અનુકૂળ માહોલ વિના કામયાબ થશે ? જ્યારે સૈયદ અહમદ અને શાહ ઈસ્માઈલ જેવા મુજાહિદો (જો કે આ મુજાહિદો ન હતા પણ અંગ્રેજોના ભાડૂતી ટટ્ટુ હતા એ માટે અમારી કિતાબ ''રહનુમાએ હક્ક'' વાંચો.–પ્રકાશક) કે જેમણે તમારા કહ્યાનુસાર સર્વ વ્યવસ્થાઓ કરી પણ દ્રષ્ટિવાન ઉલમાનું પ્રતિનિધિમંડળ યૂરોપ ન મોકલીને હાર ખાધી અને એ પણ તમારા કહ્યાનુસાર બુધ્ધિ નથી સ્વીકારતી કે આ એકલો માણસ કેવળ વઝીફાઓ અને ચિલ્લાંઓ અને ફૂંકોના જોરથી જ મેદાન મારી જશે અથવા બદ દુઆ કરીને



જ ટેંકો અને લડાયક વિમાનોમાં કીડા નાખી દેશે ! જેમ કે પાછલા લખાણમાં તમે તમારા વિશિષ્ટ અને સભ્ય તથા પ્રપંચી અંદાઝમાં પ્રદર્શિત કર્યું છે.

## ★ જમાઅતે ઈસ્લામી શું છે ? ★

*''જમાઅતે ઈસ્લામી કોઈ મઝહબી જમાઅત નથી પણ એક રાજકિય પાર્ટી છે અને બીજા શબ્દોમાં આ જમાઅતનો હેતુ હક્ક પ્રાપ્તિ નથી બલ્કે સત્તા પ્રાપ્તિ માટે ''આયતુલ કુર્સી'' પઢનારી જમાઅત છે.'' (તંત્રી લેખ દૈનિક ''આફાક'' લાહોર, તા. ૧૪–૧૨–૧૯૬૩ બહવાલા ઈન્કેશાફાત, પેજ ૧૪૫, અઝઃ મૌદૂદી)*

**નોંધ** : ઉપરોકત લખાણ પર ''આફાક''નો તંત્રી લેખ જુઓ :–

''હઝરત સૈયદ મૌદૂદી સાહબ એક ઉચ્ચ કક્ષાના આલિમે દીન છે. તેમનો અઢળક ઈલ્મ રશ્ક કરવા પાત્ર છે પરંતુ તેમના ઉપરોકત લખાણથી સાબિત થાય છે કે ''અલ ઈલ્મુ હિજાબુલ અકબર'' (ઈલ્મ મહાન પડદો છે) વાળી વાત તેમના માટે સાચી ઠરે છે, બલ્કે કદાચ ૧૦ કરોડની આ આબાદીમાં તેમનાથી અધિક કોઈના પર ફીટ થતી નથી. એક આલિમની હૈસિયતથી તે પોતાના સ્થાન તથા મર્તબાની સાચી ઓળખ ધરાવતા હોત તો તેમનો મકામ તથા મન્સબ જાનશીને રસૂલે અકરમ હતો. તે નબુવ્વત તથા રિસાલતના નાયબપણાના સ્થાન પર હતા. પરંતુ તેમાં એમના માટે કદાચ એ અગવડ હતી કે ઉલમાએ કિરામ રાજકિય પાર્ટીઓ બનાવવા નથી આવતા, તેમનો મકસદ દુનિયાવી સત્તા કે હુકૂમત નથી હોતો. તેઓ એના કરતાંય ઘણા ઉચ્ચ મકામના માલિક હોય છે. તેઓ હુકૂમત તથા સત્તા માટે રાજકીય પાર્ટી એટલા માટે નથી બનાવતા કે તેમને કોઈની સત્તાની ખુરશી કોઈ ટ્રીકથી છીનવાની હોય છે, બલ્કે તેઓ જાણે તથા સમજે છે કે જ્યારે વ્યકિતગત કિરદારનો હુસ્નો જમાલ કોઈ કૌમના અકલી મિજાઝના પાયા પર છવાય જાય છે તો હુકૂમત તથા સત્તા તે કૌમના માટે આપોઆપ ખુદાના ઈનામના રૂપમાં જાહેર થાય છે. તખ્તો તાજના માલિકો તેમની પવિત્ર બારગાહમાં આજીજીની સાથે હાજર થાય છે. તેમનું પ્રથમ કાર્ય કિરદાર તથા સંસ્કારની સફાઈનું હોય છે. તેમની જમાઅત પ્રધાનો, ગવર્નરો અને હાકિમોની જમાઅત નથી પણ સાલેહીન, સિદ્દીકીન તથા શોહદાએ કિરામની જમાઅત હોય છે. આ (ઉલમા)ની જમાઅતની સમક્ષ સિયાસત (રાજસત્તા) નહીં પણ સયાદત તથા સઆદત હોય છે. એવી સયાદત (સરદારી) અને સઆદત (નેક નસીબી) જેના

માર્ગની ધૂળ સામે હજારો તાજ તથા તખ્ત રજકણોથી અધિક મહત્વ તથા હૈસિયત નથી ધરાવતા. તે લોકોની નજરમાં તખ્તો તાજનું કોઈ મહત્વ નથી. સત્તા તથા ઈખ્તિયારનો ખયાલ પણ તેમના દિલોમાં નથી આવતો, તેઓ બુઝુર્ગી તથા બેહતરીની નિશાનીઓ ખેંચાયેલી ગરદનો, ટાઈટ છાતીઓ અને લહેરાતા ઝંડાઓમાં નથી શોધતા. તેમના ફખ્રની પૂંજી કપાયેલી ગરદનો, છેદ પામેલાં શરીરો, ટાંચેલા પેટ હોય છે ! તેઓ (ઉલમા) નફસની રઝાને બદલે અલ્લાહની રઝાના ચાહક હોય છે. તેઓ તલબ તથા હાંસલ કરવાને બદલે તર્ક તથા ત્યાગ પર નજર રાખે છે, તેઓ મકામી નહીં આફાકી હોય છે. કૌમી નહીં માનવ ભલાઈ તેમની નજરો સમક્ષ રહે છે. તેઓ પોતાની જમાઅતને પોલિટિકસ નહીં હિઝબુલ્લાહ કહે છે. તેઓ સત્તાના લાલચુ નથી હોતા, સત્તા તો તેમના તકવા તથા તદબ્બુરના પરિણામે ખૂદ એક પાકા ફળની જેમ તેમની જોલીમાં આવીને પડે છે. તેઓ સિરાતે મુસ્તકીમ પર કદમ વધારતા અને મેળવતા હોય છે. દુનિયા તથા આખેરતની ભલાઈ તેમનો હક્ક હિસ્સો જરૂર છે પરંતુ હક્ક તથા હિસ્સાની તે મંઝિલ પર તેઓ પોલિટિકસના માર્ગે નથી પહોંચતા પણ કાનૂને ઈલાહીનું પાલન તેમનો આ હિસ્સો ખૂદ બ ખૂદ મુકર્રર કરી આપે છે. તેમના માટે રાજકરણ મના કરેલ ઝાડ નથી હોતું બલ્કે એ અતિશય તુચ્છ ચીજ હોય છે. તેમને ત્યાં શાહીનો ખયાલ તાજ તથા તખ્તના ખયાલથી સંબંધિત નથી હોતો.

**આં મુસલમાનાં કે મીરી કરદા અન્દ**
**દર શહનશાહી ફકીરી કરદા અન્દ**

તેમની શકિતનું રહસ્ય વોટ માંગવા કે હાંસલ કરવાની કોશિશોમાં નથી પણ ખુદાથી ખુદાની રઝા માંગવામાં હોય છે. તેઓ દુનિયાના હુસૂલ કે વુસૂલની પરવા નથી કરતા પણ તેને પોતાની ઠોકરોમાં રાખે છે. તેઓ અવામનો તો શું ખાસનો પણ સહારો નથી તલાશ કરતા, બલ્કે તેઓ ખૂદ અવામ તથા ખાસનો સહારો હોય છે. એટલા માટે તેઓ સૌથી અલગ રહીને પણ સૌની સાથે રહેતા હતા. આમ જ તો નથી કહેવામાં આવ્યું ! :–

**શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન**
**દીન અસ્ત હુસૈન દીન પનાહ અસ્ત હુસૈન**
**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**
**હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન**



સત્તા તેમના પગો ચૂમે છે અને તેઓ તેને ઠુકરાવે છે. ફિકહના ઈમામોની જિંદગીઓ પુકારી પુકારીને કહી રહી છે કે તેઓ પોલિટિકલ નહીં પણ દીની તથા ખાલિસ દીની છે. પછી મૌલાના મૌદૂદી કયા મોઢે કહે છે કે તેમની જમાઅત દીની નથી પણ પોલિટિકલ પાર્ટી છે ! અને કહીને તે કોને ધોકો આપી શકે છે ? (તંત્રી)

(તંત્રી લેખ, દૈનિક "આફાક" લાહોર, ૧૪–૧૨–૧૯૬૩, બહવાલા ઈન્કેશાફાત, પેજ–૧૪૫)

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

આ તંત્રી લેખમાં ("આફાક" દૈનિક) અંડર લાઈન કરેલ અબુલ ઈખ્તેલાફ મૌલાના મૌદૂદીના લખાણે જે ઝમીર ફરોશીનું પ્રદર્શન કર્યું છે શું તેનું દ્રષ્ટાંત કયાંય મળી શકે છે ? કોઈ મામૂલી ભણેલા ગણેલાથી તો શું પણ એક જાહિલ પ્રકારના શરાબી ટાઈપ અને આઝાદ બેપરવા લીડરથી પણ આવી અપેક્ષા નથી કરી શકતી કે તે પ્રેસ કોન્ફરન્સોને અખ્બારો માટે આવા અવિચારી અને ઈમાનસોઝ નિવેદનો આપીને દરેક ખાસ તથા આમમાં પોતાની બદનામીનો સામાન પેદા કરે.

## ★ પૂર્વજ બુઝુર્ગોની પૈરવી કરવી કે મૌદૂદીની ?! ★

"કિયામતના દિવસે તે ગુનેહગારોની સાથે તેમના દીની પેશ્વા પણ પકડાઈને આવશે અને અલ્લાહ તઆલા તેમને પૂછશે કે શું અમે તમને ઈલ્મ તથા અકલથી એટલા માટે નવાજ્યા હતા કે તમે તેનાથી કામ ન લો ? શું અમારી કિતાબ અને અમારા નબીની સુન્નત તમારી પાસે એટલા માટે હતી કે તમે તેને લઈને બેસી રહો અને મુસલમાનો ગુમરાહીમાં સપડાતા રહે ? અમે અમારા દીનને આસાન બનાવ્યો હતો તો તમને શું હક્ક હતો કે તેને મુશ્કેલ બનાવી દો ? અમે તમને કુર્આન તથા મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પૈરવીનો હુકમ આપ્યો હતો તો તમારા પર કોણે ફર્ઝ કર્યું હતું કે તે બંનેથી વધીને પૂર્વજ બુઝુર્ગોની પૈરવી કરો ? અમે દરેક મુશ્કેલીનો ઈલાજ કુર્આનમાં રાખ્યો હતો તો તમને એવું કોણે કહ્યું કે કુર્આનને હાથ ન લગાડો અને પોતાના માટે માણસોની લખેલી કિતાબોને પૂરતી સમજો ? આ પૂછતાછના જવાબમાં આશા નથી કે કોઈ આલિમે દીનને કન્ઝુદ્ દકાઈક, હિદાયહ તથા આલમગીરીના લેખકોના દામનોમાં પનાહ મળી શકશે !

અલબત્ત ! જાહિલોને આ જવાબ આપવાનો મોકો જરૂર મળી જશે કે :–

**રબ્બના ઈન્ના અતઅ્ના સાદતના વ કુબરાઅના......લઅ્નન કબીરા.** (અર્થ : હે અમારા રબ ! અમે પૈરવી કરી અમારા સરદારોની અને અમારા મોટેરાંઓની, તેમણે અમને સાચા માર્ગથી ગુમરાહ કર્યા ! હે અમારા રબ ! તેમને બે ગણો અઝાબ આપ તેમના પર મોટી લા'નત કર !)

## ★ રિવ્યુ ★

વિચાર કર્યો તમે આ પૈગંબરાના અંદાઝે બયાન અને પૈગંબરાના ધમકી પર ? અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદીનો જે લોકોને ઊંડો પરિચય નથી તેઓ કેવળ એ ગમમાં સપડાયેલા છે કે અબુલ મુજદ્દિદ સાહબ મૌદૂદી "મેહદી" હોવાનું એલાન કરવાવાળા છે !

આયતે કરીમાનો તર્જુમો તમે જોયો કે :– "હે અમારા રબ ! અમે પૈરવી કરી અમારા સરદારોની અને અમારા મોટેરાંઓની, તેમણે અમને સાચા માર્ગેથી ગુમરાહ કર્યા. હે અમારા રબ ! તે લોકોને બમણો અઝાબ આપ ! અને તેમના પર મોટી લા'નત ફર્માવ."

દર હકીકત આ આયત તે કાફિરો તથા મુશ્રિકો માટે છે કે જ્યારે તેઓને દોઝખમાં નાખવામાં આવશે તો તેઓ પોતાના મોટેરાંઓથી બેઝારીનો ઈઝહાર અને એલાન આ શબ્દોમાં કરશે. પરંતુ મૌદૂદીએ કન્ઝુદ્ દકાઈક, હિદાયહ્ તથા આલમગીરીને પઢવા પઢાવવાવાળાઓને તે કાફિરો તથા મુશ્રિકોની સફમાં ખડા કરી દીધા ! જ્યારે કે આ તે કિતાબો છે કે જે તે સમયના તમામ મુજદ્દિદો તથા મોહદ્દિષો તથા ઉમ્મતના ફકીહોએ કુર્આન તથા હદીષ સુધી પહોંચવાનો ઝરીયો સમજીને જ પઢી અને પઢાવી. પરંતુ આ મૌદૂદી તે ઉલમા તથા ફકીહો પર જૂઠો અને પાયાહિન ઈલ્ઝામ લગાડે છે કે તેઓ એવું કહે છે કે કુર્આનને હાથ ન લગાડો અને માણસોની લખેલી કિતાબોને જ પઢો. **લઅ્નતુલ્લાહિ અલલ્ કાઝિબીન.** (જૂઠાઓ પર અલ્લાહની લા'નત)

*"જે લોકો આ પ્રકારની શંકાઓ પ્રદર્શિત કરીને ખુદાના બંદાઓને જમાઅતે ઈસ્લામીની હક્કની દાવતથી રોકવાની કોશિશ કરી રહ્યા છે તો મેં તેમને એક એવી ખતરનાક સજા આપવાનો ફેંસલો કરી*



*લીધો છે કે જેનાથી તેઓ કોઈ રીતે મુકિત પામી શકશે નથી. અને તે સજા એ છે કે ઈન્શાઅલ્લાહ હું દરેક પ્રકારના દાવાઓથી મારો દામન બચાવીને મારા ખુદાની ખિદમતમાં હાજર થઈશ અને પછી જોઈશ કે આ હઝરાત ખુદાની સામે પોતાની એ શંકાઓની અને તેને વર્ણન કરીને લોકોને હક્કથી રોકવાની શું સફાઈ પેશ કરે છે."* (રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૫૫૬, અઝ : મૌદૂદી)

**મુજરિમ ઉન્કો સમઝા થા, કુસૂર અપના નિકલ આયા !**

## ★ રિવ્યૂ ★

આ બંને લખાણોમાં અબુલ વઈદ સાહબ મૌદૂદીએ વઈદી (ધમકીમય) અંદાઝમાં અલ્લાહ પાસે પહોંચવાને ખૂબ સૂરતીની સાથે રદિયો ન આપી શકાય તેવા અંદાઝમાં જાહેર કર્યું છે. શું એના પછી પણ કોઈ પ્રકારના દાવા કરવાની જરૂરત બાકી રહે છે !

**તાળનેવાલે કિયામતકી નઝર રખતે હૈં**
**ખૂબ પહચાનતે હૈં ચોરકો થાનેવાલે**

## ★ ફિકહના ઈમામોની બારગાહમાં ટીકા ★

*"ઈમામ અબૂ હનીફા (رحمۃ اللہ علیہ)ની ફિકહમાં તમે અસંખ્ય એવા મસાઈલ જુઓ છો જે મુરસલ તથા મુફસ્સલ તથા મુન્કતઅ હદીષો પર આધારિત છે અથવા જેમાં એક કવી અસનાદને છોડીને એક ઝઈફુલ અસનાદ હદીષને કબૂલ કરવામાં આવી છે અને જેમાં હદીષો કાંઈ કહે છે તો* **ઈમામ અબૂ હનીફા** *અને તેમના સાથીઓ કાંઈ બીજુ ! એ જ હાલ* **ઈમામ માલિક**નો છે. *જો કે અખ્બારી દ્રષ્ટિબિંદુ તેમના પર વધુ ગાલિબ છે તો પણ તેમના તફક્કોહે (દીની સમજે) ઘણા મસાઈલમાં તેમને એવી હદીષોના વિરૂધ્ધ ફત્વા આપવા મજબૂર કરી દીધા જેમને મુહદ્દિષો સહીહ ઠરાવે છે. જેમ કે લૈષ ઈબ્ને સઅદે તેમના તફક્કોહથી લગભગ ૭૦ મસ્અલા એ પ્રકારના કાઢયા છે.* **ઈમામ શાફઈ**નો *હાલ પણ એનાથી કાંઈ ઓર વિપરિત છે !"* (તફહીમાત, ભાગ–૧, પેજ–૩૦૫)

**નોંધ** : મૌદૂદી સાહબનું એ કહેવું કે, "હદીષો કાંઈ કહે છે અને ઈમામ

અબૂ હનીફા તથા તેમના સાથીઓ કાંઈ બીજુ કહે છે ! અથવા એ કે ઈમામ સાહબના ફિકહના જ્ઞાને ઘણા મસાઈલમાં તેમને એવી હદીષોના વિરૂધ્ધ ફત્વો આપવા માટે મજબૂર કરી દીધા જેને મોહદ્દિષો સહીહ ઠરાવે છે." અને આ ન કેવળ ઈજતેહાદ તથા તફક્કોહ ફિદ્દીનથી એક પ્રકારની ખુલ્લી બગાવત છે બલ્કે પોતાની અંધી સમજ અને નાવાકેફિયતનું પણ ઉઘાડુ એલાન છે. ફિકહી મસાઈલની એ તાવીલ તદ્દન ગલત છે કે મુજતહિદે હદીષની વિરૂધ્ધ ફત્વો આપ્યો. મઆઝલ્લાહ ! મઆઝલ્લાહ ! જ્યારે મુજતહિદ મસ્અલાના ઈસ્તેખરાજ તથા ઈસ્તિમ્બાત (કાઢવામાં)માં કુર્આન તથા સુન્નતને માખઝ ઠરાવે છે. નહીં તો જો એવું ન હોય તો ફિકહની બુન્યાદી હૈસિયત જ અસ્વીકારને પાત્ર ઠરાવી દેવામાં આવે. કેમ કે મુજતહિદોના બુન્યાદી ઉસૂલમાં કયાંક કયાંક મતભેદ છે જેની અસલ મસાઈલ પર પડવી અનિવાર્ય છે. જેથી એ જ મતભેદના પરિણામે કેટલીકવાર અમુક હદીષો ઈમામ શાફઈની નજરમાં કવી અસનાદવાળી છે પરંતુ ઈમામ અબૂ હનીફાની નજરમાં તે ઝઈફ અસ્નાદ વાળી છે. હવે ચાહે કોઈ કવી અસ્નાદને માખઝ બનાવે અથવા જે જાહેરી રીતે ઝઈફ અસ્નાદ છે તેને પોતાનો માખઝ બનાવે પણ છતાં કોઈ એક પર એ ઈલ્ઝામ નથી લગાડી શકાતો કે તેણે હદીષની વિરૂધ્ધ ફત્વો આપ્યો. કેમ કે એક મુજતહિદ પર બીજા મુજતહિદની તકલીદ હરામ છે એટલા માટે તેમના ઉસૂલ કે ઉસૂલની હેઠળની કલમો (દફા) એકની બીજાથી રદ થઈ શકે છે, જે તેમના પોતાના મન્સબથી સંબંધિત છે. પરંતુ એક મુકલ્લિદ જો એવું કહીને ગુજરી (છટકી) જવા ચાહે તો તેની હૈસિયત છોટા મુંહ બડી બાત સિવાય કાંઈ નથી.

## ★ મૌદૂદી દીનમાં ઉલમાથી હટીને નવી રવિશ ચાહે છે ! ★

*"અફસોસ છે કે મુદ્દતોથી ચાલી આવતી આ રવિશને છોડવા માટે આપણા ઉલમાએ કિરામ કોઈ કિંમત પર રાજી નથી થતા. તેમણે અસ્લ તથા શાખ (ફરઅ), નસ અને તાવીલના ફર્કને નઝર અંદાઝ કરી દીધો છે. તેઓ તે ફુરૂઅને પણ ઉસૂલ બનાવીને બેઠા છે જેમને તેમણે ખૂદ અથવા તેમના પૂર્વ જ બુઝુર્ગોએ પોતાની વિશિષ્ટ સમજના કારણે ઉસૂલથી અખ્ઝ કરેલ છે. તેઓ એ તાવીલોને પણ નસો (દલીલો)ના દરજ્જામાં રાખે છે જે નસોથી મઆની (મતલબ) અખ્ઝ કરવામાં તેમના ગિરોહે*



*અપનાવી છે. (તફહીમાત, ભાગ–૨, પેજ–૧૫૧, ૧૫૨, અઝ : મૌદૂદી)*

**નોંધ : સલામતી એમાં છે જે રવિશ પર ઉલમાએ હક્ક ચાલતા આવ્યા છે. નહીં તો જો એવું હોત તો જેવું કે તમે ચાહી રહ્યા છો તો અત્યાર સુધીમાં એક નવો ઈસ્લામ અને નવી શરીઅત દરેક સદી બાદ જોવા મળત.**

*"અલબત્ત ઈસ્લામના માટે આ રુકાવટને જે ચીજે સખ્તતર રુકાવટ બનાવી દીધી તે આપણી આ મૃતઃપાય તથા નિષ્પ્રાણ મઝહબિયત છે જેને આજકાલ ઈસ્લામ સમજવામાં આવી રહેલ છે. આ નિષ્પ્રાણ મઝહબિયતની પ્રથમ પાયાની ખામી એ છે કે એમાં ઈસ્લામના અકીદા કેવળ એક ધર્મના વહેમો બનાવીને રાખી દેવામાં આવ્યા છે. બીજી પાયાની ખામી આ ખરાબ થઈ ચૂકેલ મઝહબિયતમાં એ છે કે એમાં ઈસ્લામી શરીઅતને એક જામી (થીજી) ગયેલુ શાસ્ત્ર બનાવીને રાખી દેવામાં આવેલ છે. એમાં સદીઓથી ઈજતેહાદનો દરવાજો બંધ છે જેના કારણે ઈસ્લામ એક ઝિંદા ચળવળને બદલે કેવળ ભૂતકાળની એક ઐતિહાસિક યાદગાર બનીને રહી ગયો છે અને ઈસ્લામની તાલીમ આપનારી દર્સગાહો પૂરાણી નિશાનીઓના રક્ષક ઘરોમાં ફેરવાઈ ગઈ છે." (મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૩, પેજ–૧૮૫, ૧૮૯, મૌદૂદી)*

*"ઈબાદતો અને અમુક ખાસ મઝહબી અમલો આ જિંદગીના ગુનાહોનો કફ્ફારો છે. બસ તેને જ પૂરી લગનની સાથે ઠીક માપી તોલીને અંજામ આપતા રહેવું જોઈએ જેથી આખેરતમાં નજાત હાંસલ થાય. આ વિચારસરણીએ અંબિયાની ઉમ્મતોમાં એક ગિરોહને મુરાકેબા, મુકાશિફા, ચિલ્લાકશી તથા રિયાઝત અને વિર્દો વઝીફાઓ, અહઝાબો આમાલ (એટલે અમલિયાત કે જેનાથી વધીને બેઅમલીની કોઈ સૂરત માનવ દિમાગોએ આજ સુધી નથી શોધી) સૈરે મકામાત (એટલે રૂહાની સ્થાનો) અને હકીકતની મનોવૈજ્ઞાનિક તાબીરો (એટલે વહદતુલ વજૂદ)ના ચક્કરમાં નાખી દીધા." (તજદીદો અહયાએ દીન, પેજ–૨૫, ૨૬, મૌદૂદી)*

**નોંધ : અમને એનો સ્વીકાર છે કે પશ્ચિમીપણાના જે ચક્કરમાં તમે શિકાર છે તેમાં મુરાકેબા, મુકાશિફા, દાઢી, પાઈચા, તસ્બીહ, તહજજુદ, ચિલ્લાકશી, રિયાઝત, તથા અમલો અને વિર્દો વઝીફાઓને સ્થાન મળી શકતુ નથી. ન અમારી એ દરખાસ્ત છે કે તમે ઈલેકશન, પ્રમુખની ચૂટણી, બૈતુલ માલનો**

**ખજાનો છોડીને કોઈ એકાંત ખૂણામાં અલ્લાહ, અલ્લાહ કરવાના માટે પણ જાવ, ન તમને એટલી ફુરસદ છે અને ન તો તમારો નફસ તેની ઈજાઝત આપી શકે છે. અલબત્ત એ ગુઝારિશ જરૂર કરવામાં આવશે કે અલ્લાહના તે નેક બંદાઓ જે તેની યાદમાં લાગેલા છે તેમને વિના વાંકે તમારા બુરું ભલુ કહેવાનાં તીરોનો નિશાનો ન બનાવો. નહીં તો મહેશરના માલિકની સમક્ષ કેવળ તમને જ એકલાને બોલવાનો અધિકાર નહીં હોય, જો અલ્લાહવાળાઓની જીભો ખુલી ગઈ તો તમે અને તમારી જમાઅતનો શો આલમ થશે ?**

## ★ મૌલાના મૌદૂદી, ઉલમાને કુર્આન–હદીષથી હટીને કયો માર્ગ સૂચવે છે ? ★

*"હું એ વાતનો સખત વિરોધી છું કે ઉલમાએ કિરામ સમયથી વિમુખ થઈને બેસી જાય અને એ બાબતને તદ્દન ભૂલી જાય કે તેઓ હિદાયહ્ તથા બદાએઅ્ના પ્રસિધ્ધ થવાના જમાનામાં નથી, બલ્કે નિત નવી વૈજ્ઞાનિક શોધો અને તીવ્ર ગતિવાળા સામાજિક ક્રાંતિઓના દૌરમાં રહે છે. આ દૌરમાં રોજ બરોજ નવા મસાઈલનું પેદા થવું નિશ્ચિત છે. અને એ મસાઈલને 'હિદાયહ્' તથા 'બદાએઅ'ની રોશનીમાં હલ કરવાનું પરિણામ એના સિવાય કાંઈ નથી જેનો ખતરો નવયુવાન પ્રશ્નકારે પોતાના પ્રશ્ન (ઈસ્તિફસાર)માં જાહેર કર્યો છે. આપણી નવી પેઢીઓ ભારપૂર્વક પોતાના સમયની હાલતોથી પ્રભાવિત થઈ રહી છે અને એ કોઈ રીતે શકય નથી કે જમાનો પોતાની સ્વભાવિક ગતિથી જે સંજોગો તથા સમસ્યાઓ (મસાઈલ) પેદા કરી આપે તેનાથી તે કૌમ તદ્દન બેતઅલ્લુક થઈને જે કરોડોની સંખ્યામાં દુનિયાના દરેક હિસ્સામાં ફેલાયેલી છે. તે નવી નસલોમાં જો કોઈ ગૈર ઈસ્લામી આકર્ષણ પેદા થાય તો તેને રોકવાના માટે ઈસ્લામના ઉલમા પાસે તે શકિતશાળી દલીલો જોઈએ જે આ જમાનાના દિમાગો પાસે પોતાની સચ્ચાઈ સાબિત કરી શકે. છટ્ઠી સદી હિજરીની મન્તિક (ફિલોસોફી) હવે કામ આપી શકશે નહીં અને જો આ લોકો આધુનિક સામાજિક જિંદગીમાં ઈસ્લામના ધોરી માર્ગ પર આગળ વધવા ચાહે તો તેમની રહનુમાઈના માટે ઈસ્લામના ઉલમામાં વિશાળ દ્રષ્ટિ અને ઈજતેહાદની રૂહની જરૂરત છે. કદમ કદમ પર 'આલમગીરી' અને 'તાતારખાની'ને લાવીને રસ્તાની આડ બનાવવાનું લાઝમી પરિણામ એ થશે કે નવા જમાનાના*



*મુસલમાન કુર્આન તથા હદીષને પણ પાછળ છોડીને જે તરફ મોઢુ ઉઠશે તે તરફ ચાલી નીકળશે જેવી રીતે તુર્ક તથા ઈરાની ચાલી નીકળ્યા."* (તફહીમાત, ભાગ–૨, પેજ–૩૮૦, અઝ : મૌદૂદી)

*"આ તાલીમ જે તમારી કોલેજો તથા યુનિવર્સિટીઓમાં આપવામાં આવી રહી છે, ગૈર ઈસ્લામી ગવર્નમેન્ટો માટે તો સેક્રેટરી તથા પ્રધાનો સુધ્ધાં પૂરા પાડી શકે છે પણ ખોટુ ન લગાડશો ઈસ્લામી અદાલતો માટે ચપરાશી અને ઈસ્લામી પોલીસ કોન્સ્ટેબલ સુધ્ધાં પૂરા પાડી શકતી નથી. અને આ વાત આધુનિક તાલીમ સુધી જ સીમિત નથી પણ આપણું જે પૂરાણુ તાલીમનું બંધારણ જે મુદ્દલથી જમીનના પરિભ્રમણને માનતુ જ નથી તે પણ આ મામલામાં એટલુ નકામુ છે કે આ આધુનિક યુગમાં ઈસ્લામી હુકૂમતના માટે એક કાઝી, એક નાણા પ્રધાન, એક સંરક્ષણ પ્રધાન એક કેળવણી નિયામક તથા એક સફીર પણ પૂરો નથી પાડી શકતો."* (મુસલમાન ઔર મૂજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૩, પેજ–૨૨૦, અઝ : મૌદૂદી)

*"એક તરફ તુર્કી કૌમમાં આટલા મોટા ઈન્કિલાબની શરૂઆત થઈ રહી હતી તો બીજી તરફ તુર્કીના ઉલમા તથા મશાઈખ હતા જેઓ હજી પણ સાતમી સદીના વાતાવરણમાંથી નીકળવા તૈયાર ન હતા. તેમનો તરીકો, તેમની ગુમરાહ વિચારધારા, તેમની હઠપસંદી અને જમાનાની સાથે ચાલવાનો તેમના તદ્દન ઈન્કારનો હજી એ જ હાલ હતો જે સુલ્તાન સલીમના જમાનામાં હતો. તેઓ હજી પણ કહી રહ્યા હતા કે ચોથી સદી પછી ઈજતેહાદનો દરવાજો બંધ થઈ ચૂકયો છે. જ્યારે કે તેમની નજરો સમક્ષ ઈલ્હાદ (અધર્મતા)નો દરવાજો ખૂલી રહ્યો હતો. તેઓ હજી સુધી ફિલોસોફી તથા કલામની તે જ કિતાબો પઢવા પઢાવવામાં મશગૂલ હતા જેને ફેંકીને જમાનો પાંચસો વરસ આગળ નીકળી ચૂકયો હતો. તેઓ હજી પણ પોતાની વઅઝોમાં કુર્આનની તે જ તફસીરો અને તે જ ઝઈફ હદીષો સંભળાવી રહ્યા હતા જેને સાંભળીને સો વરસ પહેલાં સુધીના લોકો માથુ ધુણાવતા હતા, પણ આજકાલનાં દિમાગ તેને સાંભળીને કેવળ તે મુફસ્સિરો તથા મોહદ્દિષોથી જ નહીં બલ્કે ખૂદ કુર્આન તથા હદીષથી પણ ફરી જાય છે. તેઓ હજી સુધી આગ્રહ કરી રહ્યા હતા કે તુર્કી કૌમમાં તે જ ફિકહી કાનૂનો લાગુ કરવામાં આવશે જે 'શામી' તથા 'કન્ઝુદ્ દકાઈક'માં લખેલા છે, ભલે એ આગ્રહનું પરિણામ એ જ કેમ ન થાય કે તુર્ક કાનૂનોની પૈરવીથી પણ આઝાદ થઈ જાય જે કુર્આન તથા સુન્નતે રસૂલ (હદીષ)માં નિશ્ચિત કરવામાં આવ્યા છે."* (તફહીમાત, પેજ–૧૨૫, ૧૨૬, અઝ : મૌદૂદી)

*"તુર્કી ઈતિહાસના આ ફેરફારોથી જે લોકો વાકેફ છે તેઓ ચિત્ર વિચત્ર ગલતીઓના શિકાર થઈ રહ્યા છે. પૂરાના મઝહબી ખયાલના લોકો નવજવાન તુર્કીઓ પર કુફ્ર તથા ફિસ્કના ફત્વા લગાડી રહ્યા છે પણ તેમને ખબર નથી કે નવજવાન તુર્કીઓ કરતાં અધિક ગુનેહગાર તો તુર્કીના ઉલમા તથા મશાઈખ છે."* *(તફહીમાત, પેજ–૧૨૮, અઝ : મૌદૂદી)*

**નોંધ : ઉલમા તથા મશાઈખ તો કશાય જુર્મ તથા ખતા વિના તમારી દ્રષ્ટિએ ગુનેહગાર છે ! તેમનો એ જ જુર્મ શું ઓછો છે કે તેઓ અપ્ટુડેટ તથા લીડર નથી બલ્કે મોલ્વી તથા સૂફી છે !**

*"તેની સાથે ઈસ્લામી ઈલ્મોને પણ પૂરાની કિતાબોમાંથી જેમના તેમ (યથાવત) ન લો બલ્કે તેમાંથી મુતાખ્ખેરીન (પાછલા ઉલમા)ના ઉમેરાને અલગ કરીને ઈસ્લામના કાયમી ઉસૂલ તથા હકીકી અકીદાઓ તથા ફેરફાર વિનાના કાનૂન લો, તેની અસલ સ્પ્રિટ દિલોમાં ઉતારો અને તેનો સાચો તદબ્બુર દિમાગોમાં પેદા કરો. આ હેતુ માટે તમને બનેલો બનાવેલો તૈયાર કોર્સ તમને કયાંય નહીં મળે, દરેક ચીજ નવેસરથી બનાવવી પડશે. કુર્આન તથા સુન્નતે રસૂલની તાલીમ સૌના પર અગ્રસ્થાને છે. પણ* **તફસીર તથા હદીષના પૂરાના ભંડાળો નહીં, એના પઢાવવાવાળા એવા હોવા જોઈએ જે કુર્આન તથા સુન્નતના અસ્લ ન પામી શકે. ઈસ્લામી કાનૂનની તાલીમ પણ જરૂરી છે પણ અહીં પણ પૂરાની કિતાબો કામ નહીં આપે."** *(તફહીમાત, પેજ–૨૦૪, ૨૦૫, અઝ : મૌદૂદી)*

**નોંધ** : ઉપરોકત લખાણો પર નીચે મુજબના સવાલો છે :–

(૧) જો હદીષોનો પૂરાણો ભંડાર ન જોઈએ તો નવી હદીષના માટે નવા પયગંબર જોઈશું ! તો ખાતમુન્નબિય્યિનના મસ્અલા પર ઘા પડે છે.

(૨) મુતાખ્ખેરીન (પાછલા ઉલમા)ના ઉમેરાને આપણે છોડી દઈએ પરંતુ તમારો અર્વાચીન ઉમેરો સ્વીકારવામાં આવે કે નહીં ? ને જો સ્વીકારવામાં આવે તો શા માટે ?

(૩) આ હેતુ માટે તૈયાર તાલીમી કોર્સ (નિસાબ) કયાંય મળશે નહીં, દરેક ચીજ નવેસરથી બનાવવી પડશે, તો તેને કોણ બનાવશે ?

(૪) તફસીરના પૂરાના ભંડારો જો બેકાર છે તો શા માટે ? અને નવો ઉપયોગી



**છે તો શાથી ?**

**(૫) જે કુર્આન તથા સુન્નતની અસ્લ પામી ચૂકયા છે તેમનો નિર્દેશ પણ કરી દો ! કે એવી વ્યકિતઓ જમાઅતે ઈસ્લામીની દર્સગાહ સિવાય કયાંય પણ છે કે નહીં ?!**

## ★ મૌદૂદીનો ભ્રામક ભટકાવનાર ખયાલ ★

*"જ્યાં સુધી મુસલમાનોનો એજ્યુકેટેડ તબકો કુર્આન અને સુન્નત સુધી વાસ્તા વિના પહોંચ હાંસલ નહીં કરે ત્યાં સુધી ઈસ્લામની રૂહને પામી શકશે નહીં. ન ઈસ્લામમાં બસીરત હાંસલ કરી શકશે. તે હમેશાં અનુવાદકો અને શરહ લખનારાઓનો મોહતાજ રહેશે."* *(તફહીમાત, પેજ–૩૩૦, ૩૩૧)*

**નોંધ : તમારી દર્સગાહોને તર્જુમાઓ, તફસીરો, શરહો, હાશિયાઓથી ખાલી કરીને અનુભવ કરી જુઓ પછી બીજાને અમલની દાવત આપો અથવા તો ઓપનલી કહી દો કે તમને વાસ્તો બનાવ્યા સિવાય (મૌદૂદીને) કોઈ ઈસ્લામની રૂહ નથી પામી શકતો ! ગોળ ગોળ વાત કરવાથી શો ફાયદો ?**

*"કુર્આને પાકના માટે કોઈ તફસીરની જરૂરત નથી. એક ઉચ્ચ કક્ષાનો પ્રોફેસર જેણે તીવ્ર દ્રષ્ટિથી કુર્આનનો અભ્યાસ કર્યો હોય અને જે નવી પધ્ધતિ પર કુર્આન પઢાવવા તથા સમજાવવાની લાયકાત ધરાવતો હોય, તે પોતાનાં લેકચરોમાં ઈન્ટરમિડયટમાં વિદ્યાર્થીની અંદર કુર્આનની સમજની જરૂરી કાબેલિયત પેદા કરશે. પછી બી.એ. માં પૂરું કુર્આન એવી રીતે પઢાવી દેશે કે તેઓ અરબીયતમાં પણ ખાસ્સી પ્રગતિ કરી જશે અને ઈસ્લામની રૂહથી પણ ખૂબીપૂર્વક વાકેફ થઈ જશે."* *(તફહીમાત, પેજ–૩૪૨, ૪૩૪, અઝ : મૌદૂદી)*

**નોંધ : બરાબર સાચુ કહ્યું તમે ! કુર્આનના માટે કોઈ તફસીરની જરૂરત નથી, અલબત્ત તમારો તર્જુમો કરેલ કુર્આન તથા 'તફહીમે કુર્આન'ની આખી દુનિયા મોહતાજ છે ! ત્યારે જ તો તમે તેની પાછળ પડયા છો.**

*"અમુક એવા ફાઝિલોની ખિદમત લેવામાં આવે જેઓ ઉપરોકત ઈલ્મો પર નવી કિતાબો લખે. ખાસ કરીને ઉસૂલે ફિકહ, અહકામે ફિકહ, ઈસ્લામી*

*મઆશિયાત (આર્થિકતા), ઈસ્લામના સામાજિક ઉસૂલો તથા કુર્આનની હિકમતો પર નવીન કિતાબો લખવી અતિશય જરૂરી છે કેમ કે પૂરાણી કિતાબો હવે પઢવા પઢાવવા માટે કામની નથી." (તફહીમાત, પેજ–૩૩૪, અઝ : મૌદૂદી)*

**નોંધ** : ફાઝિલોને તો જવા દો તમારી જમાઅતના અફઝલુલ ફુઝલા હોવાની હૈસિયતથી જૂની કિતાબોનો સહારો લીધા વિના તમે જ ઉસૂલે ફિકહ તથા એહકામે ફિકહ પર લખીને પોતે પોતાને અજમાવી લો પછી ખબર પડી જશે કે કોણ કેટલા પાણીમાં છે ?!

## ★ કારી અબ્દુલહમીદનો રિવ્યૂ ★

અબુલ ઈલ્હાદ સાહબ મુજદ્દિદે આ'ઝમ મૌદૂદીને શું કોઈ પૂછવાની હિંમત કરી શકે છે કે જનાબે પાછલા લખાણોમાં પયગંબરની શાન સાથે ધમકીરૂપે ફર્માવ્યું હતું કે અલ્લાહ તઆલા કિયામતના દિવસે પૂછશે કે તમને કોણે કહ્યું કે કુર્આનને હાથ ન લગાડો અને માણસોની લખેલી કિતાબોને પૂરતી સમજો ? પરંતુ અહીં આ લખાણમાં જનાબ ફર્માવી રહ્યા છે કે ઉસૂલે ફિકહ તથા અહકામે ફિકહ વગેરે નવીન કિતાબો લખવા માટે અમુક ફાઝિલોની ખિદમત હાંસલ કરવામાં આવે ! તો શું આ ફાઝિલો માણસો સિવાયની અલ્લાહની કોઈ જુદી મખ્લૂકમાંથી હશે ? અને કિયામતના દિવસે અહકમુલ હાકિમીનના દરબારમાં જો પૂછપરછ થઈ ગઈ તો તે ફાઝિલોના દામનોમાં પણ પનાહ મળી શકશે કે નહીં ?! જેમ કે જનાબે આગલા લખાણોના છેવટમાં સૌને સાવધાન કર્યા હતા કે અલ્લાહ તઆલાની આ પૂછતાછથી ઉમ્મીદ નથી કે કિયામતના દિવસે કોઈ આલિમે દીનને 'કન્ઝુદ્ દકાઈક' અને 'હિદાયહ્' વગેરેના લેખકોના દામનોમાં પનાહ મળી શકશે !

**એને કેવળ વાંચશો નહીં બલ્કે દિમાગમાં બેસાડયા પછી સહાબાએ કિરામ સાથે સુગ (બેપરવાઈ) અને તેમની બારગાહમાં જંગલીપણુ તથા ગુસ્તાખીના અમુક અમુક લખાણો વાંચો :–**

## ★ મૌદૂદીનું સ્થાન શું છે ?! ★

*"અમીરે જમાઅત (મૌલાના મૌદૂદી) અથવા તમારા સ્થાનિક*



*અમીરે જમાઅતે ઈસ્લામીના હુકમો તથા ઈચ્છાઓથી બેપરવાઈ વર્તવી એ એવો જ ગુનોહ છે જેવો કે ખુદા તથા રસૂલના હુકમો તથા ઈચ્છાથી બેપરવાઈ વર્તવાનો ગુનોહ થાય છે." (રુદાદે ઈજતેમાએ જમાઅતે ઈસ્લામી, ભાગ–૪, માહનામા તર્જુમાને કુર્આન, મે–૧૯૬૨)*

## ★ રિવ્યૂ ★

"હું જમાઅતના તે કઝ્ઝાબ (જૂઠા) તેમજ દીન તથા ઈમાનના દુશ્મન પગારખાઉ તથા દજ્જાલ ટાઈપના ઈમાનથી અંધ લોકોને પૂછું છું કે જેઓ સામાન્યતઃ પકડને પાત્ર તથા રદ ન કરી શકાય તેવા વાંધાઓના જવાબોમાં જ્યારે લાજવાબ થઈ જાય છે તો તરત ઈજ્જત બચાવવા માટે પ્રપંચી તરીકાથી કહ્યા કરે છે કે, **"છોડો ! મૌલાના મૌદૂદીને ! તમે જમાઅતની વાત કરો ! અમે મૌલાના મૌદૂદીના મુકલ્લિદ નથી, અમારો સંબંધ જમાઅતે ઈસ્લામી સાથે છે, મૌલાના મૌદૂદીની જાત સાથે નથી."** શું તે લોકો આવા પ્રકારના પ્રપંચી જવાબોથી ખુદા તથા ખુદાના નેક દીનદાર બંદાઓને ધોકો નથી આપતા ? જ્યારે કે એ અકીદો તેમની જમાઅતના પાયાના અકીદાઓમાં સામેલ છે. અને શું ભોળી ભાળી અવામને એવું કહીને ધોકો નથી આપવામાં આવતો કે હદીષ શરીફમાં અમીરની ફર્માબરદારીની આવી જ વ્યાખ્યા વર્ણન કરવામાં આવી છે ? જ્યારે હદીષ શરીફમાં જે અમીરની તાબેદારીની વ્યાખ્યા આપવામાં આવી છે તે એ અમીરની તાબેદારીનો હુકમ છે જે સત્તાવાળો તથા ન્યાયવાળો હોય અને કાફિરોના મુકાબલા માટે ફોજ અને તેની તમામ જરૂરી વ્યવસ્થાઓ પણ ધરાવતો હોય અને અલ્લાહના દીનની સાચા અર્થમાં ઉચ્ચતા ચાહતો હોય, ન કે મૌદૂદીની જેમ આંતરિક રીતે દીનને તોડી પાડવામાં વ્યસ્ત હોય. અને રાત તથા દિવસ ન કેવળ ઔલિયાએ કિરામ, મોહદ્દિષો, ઉમ્મતના ફકીહો, મહાન સહાબીઓ તથા મહાન અંબિયાએ કિરામની વિરૂધ્ધ ખામીઓ જ તલાશ કરવામાં તથા બયાન કરવામાં મશગૂલ રહેતો હોય, બલ્કે કુર્આને કરીમના ભાવાર્થો તથા મતલબોમાં ફેરફાર તથા તબદીલી અને અલ્લાહની સ્થાપિત કરેલી હદો (સજાઓ)ને રદિયો આપવામાં ખચકાટ ન અનુભવતો હોય અને જેને ન કેવળ માન પાન તથા મોટાઈ પામવાની જ બદહઝમી હોય બલ્કે દીન તથા દુનિયાના દરેક દૌર દરેક જમાના, દરેક તબકા, દરેક ગિરોહ, દરેક ક્ષેત્ર, દરેક મઝહબ તથા દરેક મસ્લકની મોટામાં

**મોટી હસ્તીઓની ખામીઓની તલાશની બીમારી પણ હોય ! હદીષમાં તો આવા બાતિલ અમીરોનો સત્યાનાશ કરવાની અને તેમનાથી બચવા તથા બચાવવાનો હુકમ છે.''** (અલિફ–નૂન, પેજ–૧૪૯/૧૫૦)

## ★ છેતરામણો ગુમરાહ કરનાર ખયાલ !! ★

*''રસૂલે ખુદાના સિવાય કોઈ માણસને હકનું માપદંડ (આધાર) ન બનાવે, કોઈને ટીકા ટીપ્પણીથી અલિપ્ત ન સમજે, કોઈની માનસિક ગુલામીમાં ન સપડાય, દરેકને ખુદાના બનાવેલા તે જ માપદંડ પર રાખે, અને જો એ માપદંડ પ્રમાણે જે દરજ્જામાં હોય તેને તે દરજ્જામાં રાખે.''* *(દસ્તૂરે જમાઅતે ઈસ્લામી, પાકિસ્તાન, પેજ–૨૪, મૌદૂદી)*

**નોંધ : ઉપરોકત લખાણ એ ન તો કુર્આનની કોઈ આયતનો તર્જુમો છે અને ન તો કોઈ હદીષનો. એક એવા ગૈર નબી દિમાગની ઉપજ છે જે પોતે પણ હક્કનું માપદંડ નથી. એટલા માટે આવા માપદંડ નહીં એવા માણસની નિરર્થક વાત પર ધ્યાન આપવાથી શો ફાયદો ? હક્કનું માપદંડ તો સરવરે કૌનૈન રૂહી ફિદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાતે ગિરામી છે. જેથી આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષ મુબારકમાં શોધવામાં આવે કે પોતાના સહાબા, અશરાએ મુબશ્શિરા (૧૦ તે સહાબીઓ જેમને હુઝૂરે દુનિયામાં જન્નતી કહ્યા), બદરના સહાબીઓ વગેરેના વિશે શું ઈર્શાદ ફર્માવ્યો છે ? શું એ કે તેમની ટીકા ટીપ્પણી કરવામાં આવે અને તેમની માનસિક ગુલામી ન કરવામાં આવે ? કે પછી એના સિવાય બીજુ કાંઈ ? દા.ત. ફર્માવ્યું (અર્થ) : ''મારા સહાબીઓ સિતારાઓની જેમ છે તમે જેની પણ પૈરવી કરશો હિદાયત પામશો'' વગેરે.**

*''સ્ટાન્ડર્ડ મુસલમાન (જેને ખરા ખોટાની કસૌટીનો આધાર બતાવી શકાય તે) તો હકીકતમાં તે જમાનામાં પણ રહ્યા હતા અને **હજી પણ તેઓ જ છે** જેઓ કુર્આન તથા હદીષના ઈલ્મો પર નજર રાખતા હોય અને જેમની રગ રગમાં કુર્આનનો ઈલ્મ અને નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાતે પાકનો નમૂનો ઘર કરી ગયો હોય.''* *(તફહીમાત, ભાગ–૧, પેજ–૩૧૯, અઝ : મૌદૂદી)*

**નોંધ : કેમ કે આ એક અનસ્ટાન્ડર્ડ માણસની કરેલી વાત છે એટલા માટે એ તલાશ કરો કે હક્ક અહીં છે કે બીજે કયાંક ?**



## ★ રિવ્યૂ ★

**લીટી દોરેલ વાકય હજી ત્યાં જ છે તેને જરા ધ્યાનથી વાંચો અને સમજો કે અબુલ મેઅ્યાર મૌદૂદી કઈ ચીજ દિમાગમાં બેસાડવા ચાહે છે ? શું ''હજી પણ તેઓ જ છે''નો મતલબ સાફ તથા સ્પષ્ટ નથી કે રસૂલ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબત તદ્દન અર્થહિન છે જ્યારે કે સ્ટાન્ડર્ડ મુસલમાન અત્યારે પણ તે સમયની જેમ બની શકે છે. જેનો ખુલાસો એ છે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબત પામનારા સહાબીઓ આ સ્થિતિમાં માપદંડ થવાને પાત્ર નથી.**

## ★ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની ટીકા ★

*''માણસના અંગત જઝબાત કૌમી તથા ખાનદાની જઝબાત કરતાં કેટલાયે અધિક હિંમત તોડનારા અને બેપનાહ હોય છે. જ્યારે ગૈરત તથા શરમનું તોફાન જોશ મારે છે તો મોટામાં મોટા હિંમતવાનના પગો પણ તેના હેઠળ પાછા પડે છે. નફસનો આ સૌથી કામયાબ તથા ખતરનાક વાર છે જેને રોકવામાં માટે નબુવ્વતની અડગતા જોઈએ. ઈસ્લામની ઉચ્ચ દ્રષ્ટિ તથા હક્ક પસંદી અહી પોતાના અતિશય કમાલ પર પહોંચી જાય છે. જો કે ''ગૈરત'' (શરમ) માણસનું એક શ્રેષ્ઠ જૌહર છે પણ ઈસ્લામ તેને પણ આઝાદ નથી છોડતો. તેને પણ પોતાના તાબે બનાવે છે. તેને મધ્યમ કક્ષાની હદોથી બહાર નથી જવા દેતો અને માણસને હુકમ આપે છે કે તે કદી પણ નફસના ખેંચાણથી પ્રભાવિત ન થાય, જે કાંઈ કરે નફસાનિયત તથા જઝબાતથી અલગ રહીને કેવળ ખુદાને ખાતર તેને રાજી કરવાના માટે અને તેના ન્યાયના બંધારણને યથાવત રાખવાના માટે કરે. ઈસ્લામની આ નાઝુકતરીન માંગણી છે કે **એકવાર સિદ્દીકે અકબર જેવો બેનફસ, પરહેઝગાર અને સરાપા લિલ્લાહિયત ઈન્સાન પણ એને પૂર્ણ કરવાથી ચૂકી ગયો.''*** *(માહનામા તર્જુમાને કુર્આન, રબીઉષ્ષાની, હિ.સ. ૧૨૫૭, અઝ : મૌદૂદી)*

**નોંધ : રસૂલે ખુદાના પ્રિય તથા મકબૂલ સહાબી હઝરત સૈયેદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની શાને પાકમાં આ એક નાજાઈઝ હિંમત છે. તેમના ફઝાઈલો તથા ખૂબીઓ જ એટલી છે કે તેને સમેટવામાં જ જિંદગી પૂરી થઈ જાય ! તે દીશાને તેમની**

ખામીઓ તથા કમજોરીઓની છાનબીન તથા તલાશ કરવી એ ઈમાનની કમજોરી તથા ગંદા અંતરની સ્પષ્ટ દલીલ છે. ખુદાએ કદીર તેના બુઝુર્ગો, મહાન હસ્તીઓના આપણને નિયાઝમંદ તથા અકીદતમંદ બનાવે, તેમની બારગાહના બાગી ન બનાવે.

## ★ હઝરત ઉમર رضی اللہ عنہની ટીકા ★

*"પરંતુ દુનિયા તો દરેક બુલંદીની સાથે માથુ ટેકવી દેવાની આદી હતી તથા દરેક બુઝુર્ગ ઈન્સાનને માણસ (બશર)ના સ્થાને કાંઈ ન કાંઈ ઉચ્ચતર જ સમજતી આવી રહી હતી. જેથી આ ખયાલની અસર મિટતાં મિટતાં પણ કયારેક જાહેર થઈ જાય છે. લગભગ આ જ વ્યકિતની મહાનતા જાણવાનો ખયાલ હતો કે જેણે હુઝૂરના વિસાલના સમયે હઝરત ઉમરને બેચૈનીના રૂપે ઘેરી લીધા હતા...... પરંતુ આ સર્વ સ્પષ્ટતાઓ છતાં એ દિલ તોડનારી ખબર સાંભળીને કે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ વફાત પામી, હઝરત ઉમર જેવો કેળવણી પામેલ મુસલમાન પણ જઝબાતના જોશમાં સંતુલન ગુમાવી બેસે છે. થોડીવારના માટે ભૂલી જાય છે કે કઝાએ ઈલાહીની સાથે ઉચ્ચ કે નીચ સૌ સરખા છે અને આશ્ચર્યમાં પડી પડીને વિચારે છે કે આટલી મોટી હસ્તી કેવી રીતે આવા મામૂલી અંદાઝમાં ગુજરી જઈ શકે છે ! પયગંબરાના શખ્સિયતની અઝમતનો જે સિક્કો નફસમાં બેસેલો હતો તેના કારણે તેઓ આપની વફાતનું યકીન કરવા માટે તૈયાર ન હતા. (લો ! આ લખાણનો સાફ તથા સ્પષ્ટ મતલબ પણ સમજી લો.) એટલે કે* ***હઝરત ઉમર****ના દિલેથી તે અકાબિર (મહાન વ્યકિતઓ) પરસ્તીનો જઝબો જેહાલતના જમાનાની પેદાવાર હતો અને છેવટે તે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલના સમયે ઉભરી આવ્યો."*

*(માહનામા તર્જુમાને કુર્આન, રબીઉષ્પાની, હિ.સ. ૧૩૫૭, મૌદૂદી)*

**નોંધ :** સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلمના પર્દો ફર્માવતાં હઝરત સૈયેદેના ઉમર ફારૂકે આ'ઝમનો બેચૈની ભર્યો સવાલ તેમના અતિશય ઈશ્કો મહોબ્બતનું પરિણામ હતું કે તે અકાબિર પરસ્તીનો જઝબો જે જાહિલિયતના જમાનાની પેદાશ હતો ?! (મઆઝલ્લાહ) આ બંને તાબીરોમાં જે વધુ યોગ્ય જણાય તેને વાંચકો કબૂલ કરે.



એ વાત કેમ કરીને સ્વીકારી શકાય છે કે ફારૂકે આ'ઝમ જેવા જલીલુલ કદર સહાબી ખુદાએ કદીરના સિવાય કોઈ ગૈરે ખુદાના હૈયૂ કૈયૂમ (હમેશાં જીવંત રહેનાર) હોવાના માનવાવાળા હતા ! આ એક નફસયાતી વાત છે, આ પ્રકારના આકસ્મિક પ્રસંગોએ બેચૈનીના રૂપે એવા શબ્દો જીભ પર આવી જાય છે. બસ, એવો જ કાંઈક હાલ ફારૂકે આ'ઝમનો પણ હતો, ન કે અકાબિર પરસ્તીનો જઝબો જે જાહિલિયતના જમાનાની પેદાશ હતો તે ઉભરાઈને આવ્યો હતો.

## ★ હઝરત ઉષ્માન તથા અલીની ટીકા ★

*"પણ એક તરફ ઈસ્લામી હુકૂમતના વિસ્તારની તીવ્ર ગતિના કારણે કામ રોજ બ રોજ અધિક સખ્ત થતું જઈ રહ્યું હતું અને બીજી બાજુ* ***હઝરત ઉષ્માન*** *જેમના પર આ મહાન કાર્યનો ભાર રાખવામાં આવ્યો હતો તેઓ એ તમામ ખાસિયતો ધરાવનાર ન હતા, જે તેમની આગળની જલીલુલ કદર હસ્તીઓને અતા થઈ હતી. એટલા માટે તેમની ખિલાફતના સમયમાં જાહિલિયતને ઈસ્લામી સમુહના બંધારણમાં ઘુસી આવવાનો મોકો મળી ગયો. હઝરત ઉષ્માને પોતાનું સર આપીને ખતરાનો માર્ગ રોકવાની કોશિશ કરી પણ તે ન રોકાયો. તેમના પછી* ***હઝરત અલી*** کرم اللہ تعالیٰ وجہہ الکریم *આગળ વધ્યા અને તેમણે ઈસ્લામની રાજકિય સત્તાને જાહિલિયતના સંબંધથી બચાવવાની અતિશય કોશિશ કરી પણ તેમના જાનની કુર્બાની પણ આ ઉલ્ટી ક્રાંતિને ન રોકી શકી."* *(તજદીદો અહ્યાએ દીન, પેજ-૨૬, અઝ : મૌદૂદી)*

**નોંધ :** સરખામણીની દિશામાં એ યોગ્ય નથી કે કોઈ સહાબીની ટીકા ટીપ્પણી કરવામાં આવે. ઉપરોકત લખાણમાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ જેવી મહાન શખ્સિયત પર પ્રહારો કરવામાં આવ્યા છે. આ ઈસ્લામની કોઈ મુખ્લિસાના ખિદમત નથી બલ્કે આ પર્દામાં ખૂદ ઈસ્લામની જડો ખોખરી કરવામાં આવી રહી છે. ખુદાવંદે કરીમ ઈસ્લાહ તથા હિદાયત અતા કરે અને લોકોને એવું સમજવાની તૌફીક આપે કે આ મૌદૂદી ચળવળ સ્વીકારપાત્ર છે કે એનાથી દૂર ભાગવાની જરૂરત છે.

## ★ સૈફુલ્લાહ હઝરત ખાલિદની ટીકા ★

*"ઈસ્લામની બૌધ્ધિક વિચારસરણી કોઈ હલકાથીય હલકા ગૈર ઈસ્લામી જઝબાની શિર્કત પણ ગવારા નથી કરી શકતી અને આ મામલામાં એટલા પ્રમાણમાં નફસના ખેંચાણથી નફરત ધરાવનાર છે કે* ***હઝરત ખાલિદ*** *જેવા સમજદાર માણસને પણ તેની હદોની તમીઝ મુશ્કેલ થઈ ગઈ." (માહનામા તર્જુમાને કુર્આન, હિ.સ. ૧૩૭૫, રબીઉષ્ષાની, મૌદૂદી)*

**નોંધ** : ઈસ્લામની બૌધ્ધિક વિચારસરણી બસ ! એ છે કે સિદ્દીકે અકબર, ફારૂકે આ'ઝમ, ઉષ્માનગની, હઝરત અલી, હઝરત ખાલિદ અને સર્વ સહાબાની ટીકાઓ કરવામાં આવે ! કોઈ ચૂકી ગયો ! કોઈ હદોની તમીઝ ન કરી શકયો, કોઈનામાં ખૂબીઓની કમી હતી, કોઈનામાં જાહિલિયતનો જઝબો ઘર કરી ગયો હતો ! બસ ! એક મૌદૂદી સાહબ સાફ સુથરા છે જે નથી ચૂકતા કે નથી ભૂલતા ! **બળે પાક દામન બળે પાક તીનત...**

## ★ આમ સહાબાની ટીકા ★

"આ ખયાલની નિખાલસ સંસ્કારિકતા તથા નિઃસ્વાર્થ બુધ્ધિમતા એટલી ઉચ્ચ હતી કે તેની ઊંચાઈઓ સુધી પહોંચવામાં તે લોકોને પણ શરૂઆતમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડયો જેઓ નફસાનિયત અને જાહિલિયતને એકદમ વિદાય કરી ચૂકયા હતા. વરસોની તાલીમ તથા કેળવણી પછી રસૂલુલ્લાહ رضی اللہ عنہ તેઓને જંગના મેદાનમાં લાવ્યા અને તેમ છતાં કે તેમની વિચારધારામાં મહાન ક્રાંતિ સર્જાઈ ચૂકી હતી, પણ તેમ છતાં ઈસ્લામની પ્રારંભિક લડાઈઓમાં **સહાબાએ કિરામ જેહાદ ફી સબીલિલ્લાહની અસલ સ્પિટ સમજવામાં વારંવાર ભૂલો કરી જતા હતા.**

**નોંધ** : સહાબાએ કિરામ વારંવાર ભૂલો કરતા હતા ! કદાચ મૌદૂદી શરીઅતમાં સહાબાએ કિરામની રૂહોને ઈસાલે સવાબનો આ પણ કોઈ તરીકો છે !

## ★ સહાબા પ્રતિ નફરત પેદા કરવાનો પ્રયાસ ! ★

*"એ સૌથી વધીને અજીબ વાત એ છે કે કેટલીકવાર સહાબા*



*رضی اللہ عنہم પર પણ માનવસહજ કમજોરીનો પ્રભાવ આવી જતો હતો અને તેઓ એકબીજા પર ઘા કરી જતા હતા.* ***ઈબ્ને ઉમરે*** *સાંભળ્યું કે અબૂ હુરૈરહ્ વિત્રને જરૂરી નથી સમજતા તો ફર્માવવા લાગ્યા,* ***અબૂ હુરૈરહ જૂઠા છે !*** *હઝરત આઈશાએ એક મોકા પર* ***અનસ*** *અને* ***અબૂ ખુદરી*** *رضی اللہ عنہما ના વિશે કહ્યું કે તેઓ રસૂલની હદીષને શું જાણે ! તેઓ તો એ સમયે બાળક હતા. હઝરત હસન ઈબ્ને અલીથી એક વાર* ***શાહિદિંવ વ મશ્હૂદા****નો અર્થ પૂછવામાં આવ્યો તો તેમણે તેની તફસીર બયાન કરી. અર્ઝ કરવામાં આવી કે* ***ઈબ્ને ઉમર*** *અને* ***ઈબ્ને ઝુબૈર*** *તો આ પ્રમાણે કહે છે ! તો તેમણે ફર્માવ્યું કે બંને જૂઠા છે !હઝરત અલી رضی اللہ عنہ એ એક પ્રસંગે* ***મુગીરહ ઈબ્ને શઅબા****ને જૂઠા ઠરાવ્યા.* ***ઓબાદા ઈબ્ને સામતે*** *એક મસ્અલો બયાન કરતાં* ***મસઊદ ઈબ્ને અવસ અન્સારી*** *પર જૂઠનો ઈલ્ઝામ લગાડયો, જ્યારે કે તે બદરી સહાબીમાંથી છે." (તફહીમાત, ભાગ–૧, પેજ–૩૦૨,૩૦૩, અઝ : મૌદૂદી)*

## ★ રિવ્યૂ ★

નઊઝુબિલ્લાહ ! નઊઝુબિલ્લાહ ! પ્રથમ તો આ પ્રસંગો જે અંદાઝમાં પેશ કરવામાં આવ્યા છે તે તદ્દન વાસ્તવિકતાથી વિરૂધ્ધ અને પાયાવિહિન છે. બીજુ એ કે જો આ અબુલ્ કઝ્ઝાબ, પશ્ચિમી ઢબનો પ્રપંચી મૌદૂદી અરબી ભાષાનો માહિર તથા અરબી મુહાવરાથી વાકેફ હોત તો આવી નીચ તથા બુરાઈથી ભરપૂર નિરર્થક બકવાસ બકવાની હિંમત કદી ન કરી શકત. એટલા માટે કે સહાબાના યુગમાં જ્યારે આપસમાં મસાઈલ પર એક બીજાના માટે શબ્દ **કિઝ્બ** વપરાતો હતો તો તેનો અર્થ કેવળ **ગલતફહમી**નો જ લેવામાં આવતો હતો. જેમ કે ઈસ્લામના ઈતિહાસમાં આજ સુધી સહાબાએ કિરામની સમજવા સમજાવવાના આ મતભેદોને આવા બુરા તથા મકરૂહ અંદાઝમાં દીનના દુશ્મનોની જેમ કોઈ સારા માણસે તથા મજબૂત ઈમાનવાળા આલિમે કે ઈતિહાસકારે રજુ કર્યા નથી.

## ★ નબીની કામયાબી મૌદૂદીની દ્રષ્ટિએ ★

*"નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને જે જબરદસ્ત કામયાબી અરબમાં પ્રાપ્ત થઈ અને*

*જેની અસરો થોડોક સમય પસાર થતાં સિંધના દરિયાથી લઈને આટલાંટિકના કિનારા સુધી દુનિયાના એક મોટા હિસ્સાએ મેહસૂસ કરી લીધી તેનું કારણ એ જ તો હતું કે આપને અરબમાં બેહતરીન માનવ જથ્થો મળી ગયો હતો જેમનામાં કેરેકટરની જબરદસ્ત તાકાત મૌજૂદ હતી. જો ખુદા ન ખ્વાસ્તા ને આપને ડરપોક, કમહિંમત, કમજોર ઈરાદાવાળા અને બિનભરોસાપાત્ર લોકોની ભીડ મળી જાત તો શું તેમ છતાં એ પરિણામો નીકળી શકતાં હતાં ?" (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૨૬૮, ૨૬૯, મૌદૂદી)*

**નોંધ : "તો શું તેમ છતાં એ પરિણામો નીકળી શકતાં હતાં ?" આ પ્રશ્નાર્થ ઈન્કારી છે. એટલે કે જો આવી લાયકાતવાળી વ્યકિતઓ રસૂલે ખુદાને ન મળી હોત તો હરગિઝ હરગિઝ કામયાબી પ્રાપ્ત ન થાત ! જેનો સીધો અર્થ એ છે કે કામયાબીનો સબબ તે લોકોની લાયકાત પર છે નહીં કે રસૂલની કેળવણી પર !**

## ★ કુર્આન સાથે મૌદૂદીનું વર્તન ★

*"કુર્આને કરીમ નજાતના માટે નથી બલ્કે હિદાયતના માટે પૂરતુ છે. તેનું કામ સાચુ ચિંતન તથા સાચી અમલની રાહ બતાવવાનું છે અને માર્ગદર્શનમાં તે યકીનન પૂરતુ છે." (તફહીમાત, ભાગ–૧, પેજ–૩૨૧, મૌદૂદી)*

*"મેં તેમાં કુર્આનના શબ્દોને ઉર્દૂનો પોશાક પહેરાવવાને બદલે એવી કોશિશ કરી છે કે કુર્આનની એક લીટીને પઢીને જે ભાવાર્થ મારી સમજમાં આવે છે અને જે અસર મારા દિલ પર પડે છે તેને શકય ત્યાં સુધી સેહતની સાથે મારી બોલીમાં તબદીલ કરી દઉં." (તફહીમુલ કુર્આન, પ્રસ્તાવના, ભાગ–૧, પેજ–૧૦, મૌદૂદી)*

**નોંધ** : આગલા પૃષ્ઠો પર આ લખાણ આવી ગયું છે તેને ઉડતી નજરે જોઈ લેવામાં આવે.

**રિવ્યૂ** :– આવી તફસીર અને આવો તર્જુમો તો યકીનન દરિયાને ભેટ ધરી દેવાને જ લાયક હોઈ શકે છે !



## ★ શું આ બિદઅત નથી ! ★

*"આ કિતાબની ત્રણ હજાર કોપીઓ છપાવી ચૂકયા હતા એવામાં અમારી જાણમાં એ વાત આવી કે એક સાહબ તેને નાજાઈઝ તૌર પર છપાવવાની કોશિશ કરી રહયા છે. જેથી હવે અમે એવી ગોઠવણ કરી છે કે દરેક કોપી પર લેખક તથા છાપનાર તથા પ્રકાશકની કલમી દસ્તખતો (હાથની સહીઓ) હશે જેથી દરેક તે કોપી ચોરીનો માલ ઠરાવવામાં આવશે જેના પર સહી નહીં હોય. સહી કરવાનો આ તરીકો પ્રથમ પ્રકારની કોપી ૪૦૦૧, પ્રકાર બેની કોપી ૨૦૦૧ અને ત્રીજા પ્રકારની કોપી ૫૦૦૧ થી શરૂ કરવામાં આવે છે. અમે એ બાબતનું એલાન પણ કરીએ છીએ કે "મકતબાએ તામીરે ઈન્સાન'ની ઓફીસમાં તે સૌ લોકોનાં નામ તથા સરનામાં મેહફૂઝ રાખવામાં આવે છે જેમને કિતાબની કોઈ કોપી કિંમતથી કે ભેટમાં આપવામાં આવે છે જેથી જે કોઈ વ્યકિત લેખકની પરવાનગી વિના આ કિતાબ છપાવશે તથા પ્રસિધ્ધ કરશે તેમની ચોરી છુપાઈ શકશે નહીં અને તેમની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે."…. મૌદૂદી (સહી મોહર સાથે) (તફહીમુલ કુર્આન, ભાગ–૧, બહવાલા ઈન્કેશાફાત, પેજ–૬૦)*

## ★ રિવ્યૂ ★

**કુર્આને કરીમ અને તેની તફસીર જ ઈસ્લામ ધર્મના ઝરણાનું ઉદ્ભવસ્થાન છે અને અલ્લાહના દીનનો પ્રચાર અને હક્ક કલમાના એલાનનો સૌથી મોટો ઝરીયો છે. અને અલ્લાહના દીનનો પ્રચાર અને હક્ક કલમાનું એલાન શકય ત્યાં સુધી કરવું એ દરેક મુસલમાનની ફરજ છે એટલા માટે કુર્આને કરીમ તથા તેની તફસીરને વધુને વધુ પ્રમાણમાં છાપવી એ યકીનન તેના પ્રચારનો સહુલતવાળો તથા આસાન સબબ થઈ શકે છે. કુર્આને કરીમ અને તફસીરો, મુબારક હદીષો તથા ફિકહ હરગિઝ કોઈ એક વ્યકિત કે કોઈ કમિટીની જાગીર નથી બની શકતી. જેમ કે ઈસ્લામના ઈતિહાસમાં આજ સુધી કુર્આન તથા હદીષ અને ફિકહ તથા તફસીરનું છાપકામ એટલા પ્રમાણમાં આમ રહ્યું છે કે "નવલ કિશોર" જેવા ગૈર મુસ્લિમોએ પણ અગણિત સંખ્યામાં કુર્આન તથા હદીષ અને ફિકહ તથા તફસીરનું પ્રકાશ કરાવ્યું છે જે સસ્તામાં સસ્તી કિંમતોમાં મળવાનો તથા અધિકથી અધિક ફેલાવાનો સબબ બન્યું. અબૂત્તુજજાર સાહબ**

મૌદૂદીએ પોતાની તફસીર અને પોતાની તે તમામ ખાસ કિતાબો જે ઈસ્લામી દુનિયામાં તજદીદો અહયાએ દીન તથા ઈકામતે દીન તથા દીનના પ્રચાર તથા દીનની તબ્લીગ તથા દીનના આકર્ષણ તથા દીની તલ્કીનનો જ સહારો લઈને લખી અને પ્રકાશિત કરવામાં આવી છે, તે સૌના બધા હક્કો પર છપાવવાની પાબંદી લગાડીને અને મોંઘીથી મોંઘી કિંમતો પર વેચીને ન કેવળ પોતાની કે પોતાના બાપ દાદાની જાગીર જ બનાવી લીધી છે બલ્કે આ ગુમરાહકુન તરીકાને અન્યોના માટે જાઈઝનો અથવા અનુકરણિય બનાવી દીધો છે. અને આ ઈસ્લામ તથા દીનફરોશી તથા કલમ ફરોશીનો રદ ન કરી શકાય તેવો તથા ઓપન સબૂત છે કે જેનો ડૂબી મરવા સિવાય અથવા પાકિસ્તાન તથા અન્ય ઈસ્લામી દેશોથી છુપાઈ જવા અથવા અલ્લાહની બારગાહમાં તૌબા કરવા અને કૌમથી માફી માંગવા સિવાય કોઈ માર્ગ કે જવાબ નથી થઈ શકતો. પરંતુ એથી ઉલ્ટુ બેશરમી તથા ધટાઈ જુઓ કે અબૂત્તુજ્જાર મૌદૂદીની આ પ્રપંચભરી ચાલોને પારખી લઈને અને તેના ખતરાથી ભરપુર પરિણામોથી અસર પામીને કેવળ "કલમ ફરોશ" જ કહી દીધા કે લખી દીધા તો તુરત જ તેમના ચેલાઓ કોટ પેન્ટના બટન ખોલીને અને બાંયો ચઢાવીને એવા ગુસ્સે થાય છે કે જાણે માલૂમ નહીં હઝરત કિબ્લા મૌલાના અબૂતુજ્જાર સાહબ મૌદૂદીની મુબારક શાનમાં કોઈ અયોગ્ય ગુસ્તાખી કે પાયાહિન આક્ષેપ અને મકરૂહ બોહતાન લગાડી દીધું હોય ! એટલા માટે હવે હું અબૂત્તુજ્જાર અને અબુલ કલમ સાહબ મૌદૂદીનું એક દીની તથા ઈલ્મી અને અદબી તથા ઈસ્લાહી લખાણ પેશ કરું છું :–

## ★ હરમે કા'બાના વ્યવસ્થાપકો અને મૌદૂદી ★

*"તે સરઝમીન જ્યાંથી કયારેક ઈસ્લામનું નૂર તમામ આલમમાં ફેલાયું હતું તે એવી જાહિલિયતની નજીક પહોંચી ગઈ છે કે જેમાં તે ઈસ્લામથી પહેલાં સપડાયેલી હતી. હવે ન ત્યાં ઈસ્લામનો ઈલ્મ છે ન ઈસ્લામી અખ્લાક છે ન ઈસ્લામી જિંદગી છે. લોકો દૂર દૂરથી ઘણી અકીદતો સાથે હરમે પાકની સફર કરે છે પણ તે ઈલાકામાં પહોંચીને જ્યારે દરેક બાજુ તેમને જેહાલત, ગંદકી, લાલચ, બેહયાઈ, દુન્યા પરસ્તી, બદઅખ્લાકી, બદઈન્તેઝામી અને આમ રહેવાસીઓની જેમ કથળેલી હાલત નજરે પડે છે, તો તેની અપેક્ષાનું સર્વ રાઝ ટૂકડા ટૂકડા*



*થઈને રહી જાય છે. એટલે સુધી કે ઘણા લોકો હજ્જ કરીને પોતાનું ઈમાન વધારવાને બદલે ઉલ્ટુ કાંઈક ગુમાવીને આવે છે ! એ જ પૂરાની મહંતગિરી જે હઝરત ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ عَلَيْهِمُ السَّلَام પછી જાહિલિયતના સમયમાં કા'બામાં રચાઈ ગઈ હતી અને જેને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આવીને ખત્મ કરી હતી, હવે ફરીથી તાજી થઈ ગઈ છે. હરમે કા'બાના વ્યવસ્થાપકો ફરી એ જ પ્રમાણે મહંત બનીને બેસી ગયા છે. ખુદાનું ઘર તેમના માટે જાયદાદ અને હજ તેમના માટે વેપાર બની ગઈ છે. હજ કરનારાઓને તેઓ પોતાના આસામી સમજે છે. વિવિધ દેશોથી મોટા મોટા પગારો મેળવનારા એજન્ટો નિયુકત છે જેથી આસામીઓને ઘેરી ઘેરીને મોકલે. દર વરસે અજમેરના ખાદિમોની જેમ એક લશ્કરનું લશ્કર દલાલો તથા ટ્રાવેલ એજન્ટોનું મક્કાથી નીકળે છે જેથી દુનિયાભરના મુલ્કોના આસામીઓને ઘેરી લાવે. કુર્આનની આયતો અને હદીષના હુકમો લોકોને સંભળાવી સંભળાવીને હજ્જ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. એટલા માટે નહીં કે તેમને ખુદાનો નિશ્ચિત કરેલ ફર્ઝ યાદ અપાવવામાં આવે બલ્કે કેવળ એટલા માટે કે તે હુકમોને સાંભળીને લોકો હજ્જ કરવા નીકળે તો આવકનો દરવાજો ખુલે ! જાણે અલ્લાહ અને તેના રસૂલે આ સઘળો કારોબાર તે જ મહંતો અને તેમના દલાલોની પરવરિશના માટે ફેલાવેલો છે. પછી જ્યારે એ ફર્ઝને અદા કરવા માટે માણસ ઘરથી નીકળે છે તો સફર શરૂ કરવાથી લઈને પાછા ફરતા સુધી દરેક જગાએ તેમને મઝહબી મજૂરો અને દીની વેપારીઓ સાથે વર્તવાનું થાય છે. મુઅલ્લિમ, મતૂફ, કા'બાની ચાવી રાખનાર અને ખૂદ હિજાઝની હુકૂમત સૌ આ વેપારમાં ભાગીદાર છે. હજના સર્વ મનાસિક ચાર્જ લઈને અદા કરાવવામાં આવે છે. એક મુસલમાનના માટે ખાનએ કા'બાનો દરવાજો સુધ્ધાં ફીઝ વગર નથી ખુલી શકતો. નઊઝુબિલ્લાહિ મિન ઝાલિક ! આ બનારસ અને હરદ્વારના પંડિતો જેવી હાલત આ દીનના કહેવાતા ખિદમતગુઝારો તથા કેન્દ્રિય ઈબાદતગાહના મુજાવરોએ ઈખ્તિયાર કરી રાખી છે, જેણે મહંતગિરીના કારોબારની જડ કાપી નાખી હતી. વળી જ્યાં ઈબાદત કરાવવાનું કામ મજૂરી અને વેપાર બની ગયું હોય, જ્યાં ઈબાદતગાહોને આવકનું સાધન બનાવી લેવામાં આવી હોય, જ્યાં ઈલાહી*

*હુકમોને એ હેતુથી વાપરવામાં આવતા હોય કે ખુદાનો હુકમ સાંભળીને લોકો ફર્ઝ અદા કરવા માટે મજબૂર બને અને એ શકિતના બળે તેમના ખિસ્સામાંથી રૂપિયા સરકાવી લેવામાં આવે, જ્યાં માણસને ઈબાદતનો દરેક રુકન અદા કરવા માટે ચાર્જ આપવો પડતો હોય અને દીની સઆદત એક રીતે ખરીદ વેચાણની વસ્તુ બની ગઈ હોય, એવી જગાએ ઈબાદતની રૂહ બાકી કયાં રહી શકે છે ? કેવી રીતે તમે ઉમ્મીદ કરી શકો છો કે હજ્જ કરનારાઓને આ ઈબાદતના હકીકી રૂહાની ફાયદા હાંસલ થશે ? જ્યારે કે આ સઘળુ કામ સૌદાગરી અને બીજી તરફથી ખરીદારીની વિચારશૈલીથી થઈ રહ્યું હોય." (ખુત્બાત, હિસ્સા–૪, પેજ–પર, પ૩, મૌદૂદી)*

## ★ રિવ્યૂ ★

**લો ! સાંભળો ! અબૂલ હફવાત સાહબ મૌદૂદીનું કલેજુ ચીરી દેનારું અને મોમિનઆઝાર લખાણ ! શું ઈસ્લામી વિશ્વમાં તજદીદો અહ્યાએ દીનનો કોઈ ઝંડાધારી તો દૂરની વાત કોઈ સામાન્ય અને મઝહબથી આઝાદ રહેનાર મુસલમાન પણ કયાંક આટલી હિંમત અને બેબાકી દેખાડી શકે છે ? મને યકીન છે કે કોઈ ગૈર મુસ્લિમ પણ હરમે પાક અને ઉલમાએ હક્ક તથા કા'બાના વ્યવસ્થાપકોની વિરૂધ્ધ આટલી હિંમત અને બેબાકીથી કલમ નથી ઉઠાવી શકતો. સારું ! હું પણ પૂછું છું કે અલ્લાહે આખો ઈસ્લામી નિઝામ કુર્આન, હદીષ અને ગિલાફે કા'બા વગેરેનો કારોબાર કેવળ મૌદૂદી પ્રસાદ અને તેમના દલાલ સાથીઓના માટે ફેલાવ્યો છે ?** (ઉપર મુજબ, પેજ–૯પ)

## ★ મૌદૂદીનો ધોકામય ખયાલ ★

*"આ દુન્યાવી જિંદગી કેમ કે આજમાઈશની મોહલત (પરીક્ષાખંડ) છે એટલા માટે અહીં ન હિસાબ છે ન બદલો ન સજા. અહીં જે કાંઈ આપવામાં આવે છે તે કોઈ નેક અમલનું ઈનામ નથી બલ્કે ઈમ્તેહાનનો સામાન છે. અને જે તકલીફો, મુસીબતો, પરેશાનીઓ વગેરે પેશ આવે છે તે કોઈ બુરા અમલની સજા નથી બલ્કે અધિકતર એ તબઈ કાનૂન હેઠળ જેના પર આ દુનિયાની વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી છે, આપો આપ જાહેર થનારાં*



*પરિણામો છે." (તજદીદો અહયાએ દીન, પેજ–ર૯)*

## ★ રિવ્યૂ ★

**આ અકીદો કુર્આન તથા ઈસ્લામી તાલીમની તદ્દન વિરૂધ્ધ છે, એમાં અધર્મતા અને નાસ્તિકતાનું ન કેવળ અતિશય ધોકામય અંદાઝમાં સમર્થન કરવામાં આવ્યું છે બલ્કે તાલીમ પણ આપવામાં આવી છે અને કુર્આને કરીમનો સ્પષ્ટ વિરોધ તથા તેને જૂઠલાવવામાં આવ્યું છે.**

## ★ મોતાઅ વિશે ગૈર ઈસ્લામી મૌદૂદી વિચારધારા ★

*"એ કે મોતાઅ (ટેમ્પરરી નિકાહ)ને તદ્દમ હરામ ઠરાવી દેવામાં અથવા મુબાહ ઠરાવવામાં સુન્નીઓ તથા શિઆઓની વચ્ચે જે મતભેદો જોવા મળે છે એમાં બહસ તથા મુનાઝરાઓએ નિરર્થક સખ્તી પેદા કરી દીધી છે, નહીં તો હક્ક બાબત માલૂમ કરવી કાંઈ મુશ્કેલ નથી. માણસને ઘણીવાર એવા સંજોગો સાથે કામ પડે છે જેમાં નિકાહ શકય નથી થતો અને તે ઝિના કે મોતાઅમાંથી કોઈ એકને અપનાવવા માટે મજબૂર થઈ જાય છે, એવા સંજોગોમાં ઝિનાના કરતાં મોતાઅ કરી લેવો બેહતર છે. દા.ત. ધારો કે એક જહાઝ સમુદ્રમાં તૂટી જાય છે અને એક સ્ત્રી તથા પુરૂષ કોઈ તખ્તા પર વહેતા રહી એક એવા સુમસામ ટાપુ પર જઈ હોંચે છે જ્યાં કોઈ આબાદી મૌજૂદ નથી. તેઓ એક સાથે રહેવા માટે પણ મજબૂર છે અને શરઈ શરતો પ્રમાણે તેમના વચ્ચે નિકાહ શકય નથી. એવી હાલતમાં તેમના માટે તેના સિવાય કોઈ માર્ગ નથી કે આપસમાં જાતે જ ઈજાબ તથા કુબૂલ કરીને તે સમયના માટે ટેમ્પરરી નિકાહ કરી લે જ્યાં સુધી તેઓ આબાદીમાં ન પહોંચી જાય, અથવા આબાદી તેમના સુધી પહોંચી જાય. લગભગ આવા જ પરેશાનીભર્યા સંજોગો અન્ય પણ બની શકે છે. મોતાઅ એ પ્રકારની પરેશાનીભર્યી સ્થિતિઓના માટે છે."*

*(માહનામા તર્જુમાને કુર્આન, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૫૫, મૌદૂદી)*

## ★ રિવ્યૂ ★

સારું ! ચાલો થોડીવારના માટે ધારી જ લેવામાં આવે અને આવી અક્કલને આશ્ચર્યમાં નાખી દે તેવી સ્થિતિ ઉપસ્થિત થઈ જ જાય કે સમુદ્રની સેંકડો હજારો ફૂટ બેપનાહ બુલંદોબાલા ખતરનાક લહેરો કોઈ જહાઝને આ રીતે તોડી ફોડીને નેસ્તોનાબૂદ કરી દે કે કેવળ એક જ તખ્તો જણાવ્યાનુસાર સલામત રહી જાય કે તેના પર એક સ્ત્રી તથા એક પુરૂષ વહેતાં વહેતાં કોઈ સુમસામ અને વસ્તી વિનાના ટાપુમાં પહોંચી જાય (એ સિવાય કે તેઓ બંને હકીકી ભાઈ બહેન અથવા માં તથા બેટો અથવા બંને વૃધ્ધવસ્થામાં હોય) તો શું ત્યાં પહોંચી બંને સ્ત્રી પુરૂષને ખાવા પીવાની ફિકર નહીં હોય, ન ગરમી ઠંડીના બચાવની ફિકર થશે અને ન સગાં વહાલાં, માં બાપ અને બાલ બચ્ચાંની યાદ સતાવશે અને ન માલ દૌલત અને સાઝો સામાન છૂટી જવાનો ગમ થશે અને ન તો જંગલી ફાડી ખાનાર જાનવરોનો ડર લાગશે અને જિંદગી તથા મૌતનો ભયાનક ખયાલ સતાવશે ! બસ, કેવળ ભરપૂર જવાનીનો જોશ તથા જુનૂન જ દિલ તથા દિમાગ પર સવાર થશે ! અને તખ્તા પરથી ઉતરતાં જ "મન તૂ શુદમ તૂ શુદી મન તન શુદમ તૂ જાન શુદી"ના ગીત ગાવામાં વ્યસ્ત થઈ જશે ! **લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ....** શું સદ્‌બુધ્ધિ આ વાતને સ્વીકારી શકે છે ? કે આવી લાચારીભરી અને ભયાનક સ્થિતિમાં પણ વાસનાની ભૂખની બેકરારી ભરી કૈફિયત પેદા થશે ? નઊઝુબિલ્લાહ ! આવા પ્રકારનાં નીચ સ્ત્રી તથા પુરૂષ અબુલ મોતાઅના જ દિમાગમાં વસી શકે છે. ......................... અસલમાં અબુલ ઈઝતેરાર મૌદૂદીને મોતાઅની સાચી વ્યાખ્યાની ખબર જ નથી. જો મોતાઅની સાચી વ્યાખ્યાથી બાખબર હોત તો યકીનન તફસીરે કુર્આનના નામથી તો આ લગઝિશ તેમનાથી હરગિઝ ન થાત."

## ★ બની બેઠેલ મુજતહિદનો ગૈર શરઈ ઈજતેહાદ ★

*"ખુલઅના મસ્અલામાં હકીકતમાં આ સવાલ કાઝીના માટે છાન બીનના લાયક છે જ નથી કે ઔરત શું જાઈઝ કારણે ખુલઅની માંગણી કરે છે કે કેવળ નફસાની ખ્વાહિશાતના માટે અલાઈદગી ચાહે છે." (હુકૂકુલ ઝવજૈન, પેજ–૭૦,૭૧, મૌદૂદી)*



## ★ રિવ્યૂ ★

અબૂત્તન્કીહ મૌદૂદી ગૈર મશરૂત (બિન શર્તી) તૌર પર સ્ત્રીને ખુલઅની આઝાદી આપીને ન કેવળ ઝવજૈનની ખાનગી જિંદગીને જ તબાહ અને ઉલઝનોમાં સપડાવી રહ્યા છે બલ્કે આ ફિત્નાના દૌરમાં ઔરતને શરીઅતની વિરૂધ્ધ આઝાદી આપીને ઈસ્લામી સમાજને પણ તબાહ તથા બદનામ કરવાનો ઝરીયો બનાવી રહ્યા છે. લાગે છે કે અબુત્તન્કીહ મૌદૂદીને ઈજતેહાદની બીમારી થઈગઈ છે ! વિચાર કરો જ્યારે કે કાઝીના માટે ખુલઅનો સબબ અથવા ખુલઅ છાનબીનને લાયક જ નથી તો ઔરતે કાઝી પાસે દરખાસ્ત આપવાનો મતલબ ખુલઅ પ્રાપ્તિ તો ન થઈ બલ્કે કેવળ ખુલઅની ખબર જ હેતુમાં રહી કે જેથી તે પોતાના રજીસ્ટરમાં નોંધણી કરી લે કે મેં આજે મારા ઓલ્ડ ટાઈપ ખોસ્ટ પતિને (કે જે ન મને સિનેમા દેખાડે છે ન તો કલબમાં મને મારા મિત્રો સાથે જવા દે છે અને ન મને શોપિંગ માટે બજાર જવા દે છે) તલાક આપી દીધી છે. જેથી લખાણ લખી આપો કે સનદ રહે અને જરૂરતના સમયે કામ લાગે.

*"ખુલઅની સ્થિતિમાં ઈદ્દત કેવળ એક હૈઝ છે. અસલમાં આ ઈદ્દત છે જ નથી બલ્કે આ હુકમ કેવળ ગર્ભની હાલત જાણવાના માટે આપવામાં આવ્યો છે જેથી બીજો નિકાહ કરતા પહેલાં એ વાતનો સંતોષ થઈ જાય કે સ્ત્રી સગર્ભા નથી." (તફહીમુલ કુર્આન, ભાગ–૧, પેજ–૧૭૬, મૌદૂદી)*

## ★ રિવ્યૂ ★

અબુલ ઈજતેહાદ મૌદૂદીએ એ પણ કુર્આનની વિરૂધ્ધ ઈજતેહાદ કર્યો છે, કેમ કે **ખુલઅ** અને **તલાક**ની ઈદ્દતનો હકીકતમાં એક જ હુકમ છે. એટલા માટે ખુલઅના માટે ઈદ્દત કેવળ એક હૈઝ મુકર્રર કરી દેવું કુર્આનની આયત بِأَنفُسِهِنَّ ثَلَاثَةَ قُرُوءٍ (તર્જુમો) : પોતે પોતાને રોકી રાખે ત્રણ હૈઝ સુધી. (સૂ. બકરહ્, આ. ૨૨૮) ની તદ્દન વિરૂધ્ધ છે.

## ★ પયગંબરોના વિશે મૌદૂદી ખયાલ ★

*"અન્ય તો અન્ય કેટલીકવાર પયગંબરો સુધ્ધાંને આ બુરા નફ્સની*

*રહઝની (હુમલા)ના વસવસા પેશ આવ્યા છે."* (તફહીમાત, ભાગ–...., પેજ–૬૩, મૌદૂદી)

## ★ રિવ્યૂ ★

જોઈ તમે આ હિંમતને કે અંબિયા عليهم السلام ના પાક નફસોના માટે પણ "નફસે શરીર" (બુરો નફસ)ના શબ્દોમાં "શરીર" (બુરો) શબ્દ વાપરી રહ્યા છે. અબૂશ્શરીર મૌદૂદીના આ શરીર તથા ખબીસ (બુરા તથા ગંદા) લખાણ પર વિચાર કરો. જાણે જેવી રીતે સામાન્ય માણસોના માટે "નફસે શરીર"નો ઉપયોગ કરવામાં આવે છે તેવી જ રીતે અંબિયા عليهم السلام ના માટે વાપરી રહયા છે. નઊઝુબિલ્લાહ મિન ઝાલિક ! જાણે અંબિયા عليهم السلام ની પાસે પણ "નફસે શરીર" (બુરો નફસ) હોય છે, તેમ છતાં અબૂશ્શરીર મૌદૂદીને અદીબ તથા ફસીહ સમજવામાં આવે છે ! લઅનત થાય આવી ગુસ્તાખ તથા બુરી વિચારસરણી પર !

## ★ મૌદૂદીનો શેખચલ્લી ખયાલ ! ★

*"અમે હકીકતમાં એક એવો ગિરોહ તૈયાર કરવા માંગીએ છીએ જે એક તરફ ઝોહદ તથા તકવામાં ઈસ્લાહી ઝાહિદો અને મુત્તકીઓથી વધીને હોય અને બીજી તરફ દુનિયાનો ઈન્તેઝામ ચલાવવાની કાબેલિયત તથા સલાહિયત પણ આમ દુનિયાદારોથી અધિક અને બેહતર ધરાવતો હોય. સાલેહીનની એક એવી જમાઅત તૈયાર કરવામાં આવે જે ખુદાથી ડરનાર પણ હોય, પ્રમાણિક, દિયાનતદાર પણ હોય, ખુદા પસંદીદા ગુણો તથા ખૂબીઓથી સુસજ્જ પણ હોય અને તેની સાથે સાથે દુનિયાના મામલાઓને દુનિયાદારો કરતાં અધિક સારી રીતે સમજી શકે."* (દાવતે ઈસ્લામી ઔર ઉસ્કે મુતાલેબાત, પેજ–૧૦, મૌદૂદી)

**નોંધ** : અમને પણ તમારી કામયાબીનો બેચૈનીપૂર્વક ઈન્તેઝાર છે. કાંઈક એવું જ મેહસૂસ થાય છે કે આપને હુમાયૂં દૌરમાં રોકેટ અને જહાઝ ચાંદ પર ન મોકલવામાં આવે બલ્કે ચાંદ ખૂદ જમાઅતે ઈસ્લામીની ઓફિસનો તવાફ કરવા લાગે. ઈસ્લાહી ઝાહિદોની ફૂંકથી તો ટેન્કમાં કીડા નહીં પડે, અલબત્ત તમારી ખાનકાહ જેના સહનની મધ્યમાં સિનેમા હોલ પણ હોય એનાથી જે પણ મુત્તકી તથા પરહેઝગાર નીકળશે તેની નિગાહનું ગરમ તેવર પણ ટેન્ક સહન કરી શકશે નહીં



બલ્કે બરફની જેમ પીગળીને પાણી પાણી થઈ જશે. આપની તૈયાર કરેલી સાલેહીનની જમાઅતમાં યકીનન એવી વ્યકિતઓ હશે જેઓ શાહ ઈસ્માઈલ, સૈયદ અહમદ, શાહ વલીયુલ્લાહને મોઢે ચઢાવશે અને ડાર્વિન, લેનીન, માર્કસને અંગૂઠા દેખાડશે.

હું પોતે પણ ન સમજી શકયો કે આપના આ લખાણને વાંચીને મને શેખ ચલ્લી કેમ યાદ ન આવ્યો ?!

## ★ સભ્યતા તથા શરાફતનો શ્રેષ્ઠ નમૂનો ★

"જાહિલ આક્ષેપબાઝ, આરોપ લગાડનાર, અખ્લાકી તાલીમાતથી વંચિત, તકવા, પાકીઝગી, લિલ્લાહિયત તથા અલ્લાહની કુર્બતનો ઢોંગ રચાવનાર, કઢંગી ગરીબ સૂરતવાળા, પ્રપંચી, જૂઠી પવિત્રતા તથા પાકીનો ઢોંગ રચનાર, હલકટભરી હરકતો કરનાર, ઈલ્મ તથા અખ્લાકથી બેતઅલ્લુક, ફાસિદ દિમાગનો માલિક, ધંધાદારી દીનદાર, બુધ્ધિનો આંધળો, બેજવાબદાર, કુર્આનની સમજથી પર, નાખુદા તરસ, સુસ્ત, ખુદા તથા મખ્લૂકની શર્મથી વંચિત, બેહયા, બેવકૂફ, ધૃણાત્મક તથા નાપસંદીદા અખ્લાકવાળો, દેવબંદના ગોચરથી નીકળેલો પ્રપંચી, દજલ તથા જૂઠનો માલિક, શોર મચાવનાર કફનચોર, અફીણી પાગલ." –નસ્રુલ્લાહખાન અઝીઝ, તંત્રી–એશિયા, લાહોર, માખૂઝ : તેહરીકે જમાઅતે ઈસ્લામી ઔર મસ્લકે એહલે હદીષ (અલ્ એઅ્તેશામ, લાહોર, ૧૮–૧૧–૧૯૫૫, બહવાલા એશિયા–લાહોર, બહવાલા–ઈન્કેશાફાત, પેજ–૧૧૨)

## ★ મૌદૂદી શરીઅતમાં ફિલ્મ જોવી જાઈઝ ! ★

*"જે સિનેમામાં ઈલ્મી તથા બનાવોવાળી ફિલ્મ બતાવવામાં આવેલ હોય તેને જોવામાં વાંધો નથી. આપણા દેશમાં તો સિનેમા ઘરે જવું ખૂદ એક તોહમતનો સબબ છે. એટલા માટે ઈલ્મી તથા પ્રસંગોવાળી ફિલ્મ જોવાના માટે પણ એ ખરાબ અડ્ડામાં કદમ નથી રાખવામાં આવી શકતો. ઈંગ્લેન્ડમાં તમે ચાહો તો આવી ફિલ્મ જોઈ લો."* (રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૨૫૯, મૌદૂદી)

**નોંધ** : ફિલ્મ જોવાનો ભડકીલો જઝબો તમને મુબારક ! પાકિસ્તાનમાં નહીં તો ઈંગ્લેન્ડમાં જઈને જુઓ ! પરંતુ એ અલીમો ખબીરની ખુદાઈ દરેક જગાએ

**છે જેની પકડ ઘણી જ સખત અને અઝાબ અતિશય દર્દનાક છે.**

*''હું આ પહેલાં પણ કેટલીયવાર ખયાલ પ્રદર્શિત કરી ચૂકયો છું કે સિનેમા પોતાના સ્થાને જાઈઝ છે. અલબત્ત તેનો નાજાઈઝ ઉપયોગ તેને નાજાઈઝ કરી દે છે. સિનેમાના પર્દા પર જે તસ્વીર જોવા મળે છે તે હકીકતમાં તસ્વીર નથી બલ્કે પ્રતિબિંબ છે જેવી રીતે આઈનામાં જોવા મળ્યા કરતી હોય છે એટલા માટે તે હરામ નથી. રહી તે છબી જે ફિલ્મ (પટ્ટી)ની અંદર હોય છે તો તે જ્યાં સુધી કાગળ પર અથવા કોઈ અન્ય ચીજ પર છાપી લેવામાં ન આવે ત્યાં સુધી ન તેના પર તસ્વીરનો હુકમ લાગી શકે છે અને ન તે આ કામોમાંથી કોઈ કામના માટે વાપરી શકાય છે. જેનાથી અલગ ન રહેવાના જ ખાતર શરીઅતમાં તસ્વીર હરામ કરવામાં આવી છે. આ કારણોથી* ***મારી*** *નજીક* ***સિનેમા જાતે પોતે મુબાહ છે.''*** *(રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૨૫૯, મૌદૂદી)*

**નોંધ : જો એ માની પણ લેવામાં આવે કે સિનેમાના પર્દા પર જે ચીજ જોવા મળે છે તે તસ્વીર નથી બલ્કે પ્રતિબિંબ છે. તો પછી એ સવાલનો શું જવાબ હશે કે જે તસ્વીરનું પ્રતિબિંબ પર્દા પર જોવા મળે છે તે તસ્વીર કયાંથી લેવામાં આવી ? ફોટો પડાવવો જોઈઝ છે કે હરામ ? એને બેહયાઈ પર બેહયાઈનો પાયો રાખવો કહેવામાં આવે છે. એ ઉપરાંત જે ચીજ બહેયાઈ પ્રતિ દોરનાર હોય તે ખૂદ ફાસિદ (બેહયા) છે. આ સ્થિતિમાં ઈલ્મી તથા પ્રસંગોવાળી પાબંદી તેની બુરાઈથી મેહફૂઝ નથી કરી શકતી. વળી તે ગમે તેટલી પ્રસંગોવાળી તથા ઈલ્મી હોય, મનોરંજનથી ખાલી નથી હોઈ શકતી. તો મનોરંજનના બારામાં મૌદૂદી શરીઅતનો શું ફત્વો છે ?**

આ બુરાઈનાં વિવિધ પાસાંઓ છે. ભાગ–૧માં લખાણનું કેવળ ઉપર છલ્લુ પરિક્ષણ છે, ''શીશ મહલ''ના ભાગ–૨માં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

## ★ મૌદૂદીનાં ''હું'' અને ''મેં'' ભર્યાં નિવેદનો ★

*''જ્યાં સુધી* ***મને*** *જાણ છે, કુર્આનનો હેતુ એ જ છે કે દારુલ ઈસ્લામ અને દારુલ કુફ્રના મુસલમાનોમાં વારસા તથા શાદી વિવાહના સંબંધો ન હોય. ............ .................... હવેથી શાદી વિવાહનો સંબંધ*



*પાકિસ્તાની અને હિંદુસ્તાની મુસલમાનો વચ્ચે ન હોવો જોઈએ.'' (રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૧૬૬, મૌદૂદી)*

**નોંધ : જ્યારે (તમારા કહ્યાનુસાર) સહાબીઓ સુધ્ધાં હક્કના માપદંડ નથી તો પછી તમારી સમજ પર કેમ કરીને ભરોસો કરવામાં આવે ? તમારી ''મૈં'' જ્યાં ચાલે છે તે દુનિયા બીજી છે ! તમારી ''મૈં''ના સિવાય કોઈ એવી દલીલ રજુ કરો જેના પર ભરોસો તથા યકીન કરવામાં આવી શકે.**

*''અને આ જ જેહાલત અમે એક થોડીક જમાઅત સિવાય પૂર્વથી લઈને પશ્ચિમ સુધી આમ મુસલમાનોમાં જોઈ રહ્યા છીએ, ચાહે તે અભણ અવામ હોય કે દસ્તાબંદ ઉલમા, ખિર્કાપોશ શૈખ કે કોલેજો અને યુનિવર્સિટીઓના તાલીમ પામેલ લોકો. તે સૌના ખયાલો અને તૌર તરીકા એક બીજાથી અતિશય જુદા છે પણ ઈસ્લામની હકીકત અને તેની રૂહ (અસ્લ)થી નાવાકેફ હોવામાં એ સૌ સરખા છે.'' (તફહીમાત, ભાગ–૧, પેજ–૩૮, મૌદૂદી)*

''ગાલિબ જેવો શખ્સ ગર્વભેર એવું કહે છે કે ''સો પેઢીઓથી બાપદાદાનો સિપાઈ ગિરીનો ધંધો છે.'' આ વાત કહેતાં આટલા મોટા શાયરને જરા ખયાલ સુધ્ધાં ન ગુજર્યો કે ધંધાદારી સિપાહીગિરી કોઈ ગર્વની વાત નથી, ડૂબી મરવાની વાત છે.'' (ઈસ્લામી નિઝામે ઝિંદગી, પેજ–૩૨૯, મૌદૂદી)

**નોંધ : અફસોસ છે કે ગાલિબે આપનો જમાનો ન મેળવ્યો, નહીં તો અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી જેવા ફાઝિલે અસ્રનો સાથ છોડીને તમારાથી લાભ ઉઠાવત. શું આશ્ચર્ય કે ગાલિબની રૂહ પોતાની કબ્રમાં બેચૈનીપૂર્વક આ ચોટ મેહસૂસ કરતી હોય !**

**સાચુ છે તમે ગાલિબથી લઈને સહાબા સુધી દરેકને કાંઈને કાંઈ સંભળાવવા (ટીકા ટીપ્પણ)નો બેડો સંભાળી રાખ્યો છે કે ન તો કમંડળમાં કોઈ તીર બાકી રહે અને ન તમારા નિશાનામાંથી કોઈ બચીને નીકળી જાય, નહીં તો તમારા માટે પણ કામિલ મુજદ્દિદ હોવામાં શંકા રહી જાત.**

''જેમ કે આપણો શાયર એને ખાનદાની ગર્વની વાતમાં ગણે છે એટલે સો પેઢી થી છે ''ધંધાદારી સિપાઈગિરી.'' જ્યારે કે કોઈ શખ્સનું ધંધાદારી સિપાહી થવું હકીકતમાં તેના તથા તેનાથી સંબંધિત લોકો માટે

ઝિલ્લતનો સબબ છે ન કે ઈજ્જતનો સબબ." (મુસલમાનોકા માઝી વ હાલ, પેજ–૧૪, મૌદૂદી)

**નોંધ** : ગાલિબ બિચારો, હકીકતથી અજાણ, જે પોતાના સમયનો કેવળ શાયર હતો, ન મુજદ્દિદ હતો ન મેહદી અને ન મુજતહિદ. આ સર્વ ખૂબીઓ તો કેવળ તમારી મહાન હસ્તી સાથે લાગેલી છે. તેને શું ખબર હતી કે ધંધાદારી સિપાઈ હોવું બેઈજ્જતીનું કારણ છે કે ઈજ્જતનું કારણ ! તેને તો 'રદીફ' તથા 'કાફિયા'થી મતલબ હતો ન કે છુપાં રહસ્યોને ઉઘાડવાનો ! જે કેવળ તમારા એકલાનું જ કામ છે. જો તેને એવી ખબર હોત કે મારા પછી મુજદ્દિદના સ્થાને પોતાના સમયનો મોડર્ન ટાઈપનો મુજદ્દિદ નહીં બલ્કે લીડર પેદા થનારો છે જે આખા ઈસ્લામી જગતમાં ગરબડ મચાવી દેશે, તો તો યકીનન તે સાવચેતીથી કામ લેતે અને આવી ભૂલ કદાપિ ન કરતે જેના લીધે તમારે કલમનો ચાબખો ઉઠાવવાની જરૂર પડી.

## ★ હજ્જ ન કરનાર વિશે મૌદૂદી ફત્વો ! ★

*"રહ્યા તે લોકો જેમને જીવનભર કદી એ ખયાલ નથી આવતો કે હજ્જ પણ કોઈ ફર્ઝ ચીજ તેમના માથે છે. દુનિયાભરની સફર કરતા ફરે છે યૂરોપના કા'બાએ આવતા જતાં હિજાઝની સરહદેથી પણ પસાર થઈ જાય છે જ્યાંથી મક્કા કેવળ અમુક કલાકોનાં અંતરે છે અને છતાં પણ હજ્જનો ઈરાદો સુધ્ધાં તેમના દિલમાં નથી આવતો, તેઓ* **કતઅન્ (તદ્દન) મુસલમાન નથી.** *જૂઠુ કહે છે પોતે પોતાને મુસલમાન કહે છે ! અને કુર્આનથી જાહિલ છે જેઓ તેમને મુસલમાન સમજે છે. તેમના દિલમાં જો મુસલમાનનું દર્દ ઉઠે છે તો ઉઠયા કરે, અલ્લાહની ફર્માંબરદારી અને તેના હુકમ પર ઈમાનનો જઝબો તો ગમે તેમ પણ તેમના દિલમાં નથી." (ખુત્બાત, ભાગ–૪, પેજ–૨૮, ૨૯, મૌદૂદી)*

**નોંધ** : આ પણ એક રહી ! જિદ્દાના કિનારેથી ગુજરી જનાર ભલે ગમે તેવું કહે કે ન કહે પરંતુ તેની નિય્યત પર હુમલો કરીને તેને કાફિર બનાવવો એ તો તમારા જેવા સમયના મુજતહિદને જ શોભા આપે છે ! એના પર ઓર તમાશો એ કે જે તે ગરીબને મુસલમાન સમજે તે કુર્આનથી જાહિલ છે ! કુફ્રની ઘર



બનાવટની મશીનગન તમારા હાથમાં છે, તમે તમારે પરવા કર્યા વગર ચલાવો કે કોનું કલેજુ છેડાઈ જશે !!

## ★ ઈસ્લામ કેવળ મૌદૂદીઓમાં જ છે ! ★

*"પણ ઈસ્લામ કયાં ? મુસલમાનમાં ન ઈસ્લામી સીરત છે ન ઈસ્લામી અખ્લાક ન ઈસ્લામી ચિંતન છે, ન ઈસ્લામી જઝબો. હકીકી ઈસ્લામી રૂહ ન તેમની મસ્જિદોમાં છે ન મદ્રસાઓમાં છે, ન ખાનકાહોમાં. અમલી જિંદગીથી ઈસ્લામનો સંબંધ બાકી નથી રહ્યો. ઈસ્લામનો કાનૂન ન તેમની વ્યકિતગત જિંદગીમાં લાગુ છે ન સામુહિક જિંદગીમાં, સમાજ તથા સભ્યતાનું કોઈ ક્ષેત્ર એવું નથી જેની વ્યવસ્થા સાચી ઈસ્લામી પધ્ધતિ પર બાકી હોય. આવા સંજોગોમાં મુકાબલો હકીકતમાં ઈસ્લામ અને પશ્ચિમી સંસ્કૃતિ સાથે નથી બલ્કે મુસલમાનોના સુસ્ત, નિષ્ક્રિય કલ્ચરનો મુકાબલો એવા કલ્ચર સાથે છે જેમાં જિંદગી છે, સક્રિયતા છે, ઈલ્મની રોશની છે, અમલની હુંફ છે. આવા અસમાન મુકાબલાનું જે પરિણામ થઈ શકે છે તે જ જાહેર થઈ રહ્યું છે. મુસલમાન પાછો પડી રહ્યો છે, તેની સંસ્કૃતિ હાર ખાઈ રહી છે." (તન્કીહાત, પેજ–૪૫, ૪૬, મૌદૂદી)*

**નોંધ** : *સવાલ :* પણ ઈસ્લામ કયાં ? ***જવાબ*** *:* જમાઅતે ઈસ્લામીની હેડ ઓફીસમાં ! આખા ઈસ્લામી જગતની રૂહ સમેટાઈને તમારા સુધી પહોંચી ગઈ છે. હવે તો આખી દુનિયા આપની દયા હેઠળ છે ! જે તમારાથી તથા તમારી જમાઅતથી સંકળાઈ જાય, બસ ! તે જ મુસલમાન છે, નહીં તો તમામે તમામ પાપી, ગુનેહગાર અને જહન્નમી છે ! **જો ચાહે આપકા હુસ્ને કરિશ્માસાઝ કરે !**

## ★ વર્તમાન સમસ્યાઓનો હલ કેવળ મૌદૂદી પાસે ! ★

*"વર્તમાન સમયે મુસલમાનો માટે જે ગુંચવણભર્યા ઈલ્મી તથા અમલી મસાઈલ ખડા કરી દીધા છે તેમને હલ કરવામાં તે હઝરાતને હમેશાં નિષ્ફળતા મળે છે. એટલા માટે કે તે મસાઈલનું નિવારણ ઈજતેહાદના વગર શકય નથી અને ઈજતેહાદને તેઓ પોતાના પર હરામ*

*કરી ચૂકયા છે. ઈસ્લામી તાલીમાત અને તેના કાનૂનને બયાન કરવાની પધ્ધતિ આજે આપણા ઉલમા અપનાવી રહયા છે તે આધુનિક શિક્ષિત લોકોને ઈસ્લામથી પ્રભાવિત કરવાને બદલે ઉલ્ટા નફરતકર્તા કરી દે છે. અને ઘણીવાર તેમના વાઈઝો સાંભળીને કે તેમનાં લખાણો વાંચીને અનાયાસે દિલથી દુઆ નીકળે છે કે ખુદા કરે કોઈ ગૈર મુસ્લિમ કે કોઈ ભટકેલા મુસલમાનની આંખો કે કાનો સુધી આ નિરર્થક સદા ન પહોંચી હોય. (તફહીમાત, પેજ–૪૯, ૫૦)*

**નોંધ :** **આ શિકવા અયોગ્ય કેવી રીતે ? કેમ કે મિલ્લત તથા હુર્મતની ચાવી તમારા હાથમાં છે ! ઉલમાએ સિનેમાને હરામ અને જાઈઝ કરી તેને તમે તમારી વિશિષ્ટ તાવીલ થકી મુબાહ અને જાઈઝ ઠરાવી દીધી. હવે જો ઉલમાએ ચોથી સદી બાદ ઈજતેહાદ અમલી રીતે મના ઠરાવી દીધો તો તેને જાઈઝ તથા હલાલ કરતાં તમને શું વાર ?!**

*"કેટલાક લોકો મુસલમાનોના માર્ગદર્શન માટે ઉઠે છે તેમની જિંદગીમાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની અદના ઝલક પણ જોવા નથી મળતી. કયાંક સંપૂર્ણપણે ફિરંગીપણુ છે તો કયાંક નેહરૂ તથા ગાંધીનું અનુસરણ છે, કયાંક જબ્ભા તથા અમામામાં મેલુ મન અને ગંદા અખ્લાક લપેટેલા છે, જીભ પર વાઅઝ અને અમલમાં બદકારીઓ, જાહેરમાં દીનની ખિદમત અને બાતિનમાં ખયાનતો, ગદ્દારીઓ અને નફસાની ઈચ્છાઓની ગુલામીઓ, મુસલમાનોનો સમુહ મોટી મોટી આશાઓ સાથે દરેક નવી ચળવળ પ્રતિ દોડે છે પણ હેતુઓની પડતી અને અમલોની બગડતી હાલત જોઈને તેમનાં દિલો તૂટી જાય છે." (મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૧, પેજ–૫૫, મૌદૂદી)*

**નોંધ :** **કૌષર નિયાઝીનો પત્ર અને રાજીનામુ આગલાં પૃષ્ઠોમાં આવી ગયું છે જે આ વાતના યકીન માટે પૂરતુ છે ! કે એ આઈનામાં મૌદૂદી સાહબને પોતાની છબી જોવા મળી રહી છે. જબ્ભાઓ અને અમામાઓની આડમાં જેટલી ખરાબીઓ ગણાવવામાં આવી છે તે સૌ જમાઅતે ઈસ્લામીના સભ્યો અને તેના અમીરમાં જોવા મળે છે, બલ્કે એનાથી પણ કયાંક વિશેષ "શીશ મહલ"ના ભાગ–૨ માં "તાબીરકી ગલતી"નાં લખાણો રજુ કરવામાં આવશે જેનાથી તેમની**



**હકીકત અધિક વધારે ઉઘાડી થઈ જશે. ("તાબીરકી ગલતી"ના લેખક મોલ્વી વહીદુદ્દીનખાં આઝમી જમાઅતે ઈસ્લામીના સક્રિય કાર્યકર તથા લેખક હતા. હવે જમાઅતથી અલગ થઈ ગયા છે.)**

*"આઝાદીના પરવાનાને લઈને જે લોકો એવું સમજી રહ્યા છે કે ભાવિના સેકયુલર લોકશાહી રાજ્યમાં તેમના મઝહબ અને તેમના સમાજની પૂરી રક્ષા થશે, તેમણે જાણવું જોઈએ કે આ રક્ષા તે પ્રકારની રક્ષા છે કે પૂરાની ઐતિહાસિક ઈમારતોની થતી રહે છે. એ કેવળ એ બાબતની ઝમાનત છે કે વર્તમાન પેઢીના જે લોકો પોતાની ધાર્મિકતાને સલામત રાખવા ચાહે છે, તેમની ગરદન પર છરી રાખીને જબરદસ્તી કુફ્રી કલ્મો કહેવડાવવામાં નહીં આવે પણ એ એ બાબતની ઝમાનત નથી કે તેમની ભાવિ પેઢીને ગૈર મુસ્લિમ બનાવવાવાળી તાલીમ તથા કેળવણી આપવામાં નહીં આવે. આ રક્ષણનો મતલબ કેવળ એ છે કે જો તમે ચાહો તો* **કાલલ્લાહ** *તથા* **કાલર્રસૂલ***માં વ્યસ્ત રહો, તમારી દાઢી યકીનન જબરદસ્તી નહીં મુંડવામાં આવશે, ન આપની અબા (કુરતો) છીનવામાં આવશે, ન તમારી તસ્બીહ છીનવામાં આવશે, ન તમારી જીભ કુર્આન તથા હદીષના દર્સથી રોકવામાં આવશે, પણ એનો અર્થ એ નથી કે ભાવિ પેઢીને પણ આ ગલતફહમીમાં સપડાયેલી રહેવા દેવામાં આવશે કે ઈસ્લામ જ સાચો ધર્મ છે અને તમામ ધર્મોથી શ્રેષ્ઠ છે. મઝહબી આઝાદીનો આ પરવાનો લઈને જે ભાઈ ખુશ થવા ચાહે છે તે ખુશ થઈ લે ! અમારે આ પરવાનાની કોઈ જરૂરત નથી."*

*(મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૨, પેજ–૧૪૩)*

**નોંધ :** **"ન તમારી અબા છીનવી લેવામાં આવશે, ન તમારી તસ્બીહ છીનવી લેવામાં આવશે, તમારી દાઢી યકીનન જબરદસ્તી મુંડવામાં નહીં આવે." આ દિલને ઠેસ પહોંચાડનાર બયાનના અંદાઝનો ખુલાસો એ છે કે :**

**તુઝકો પસંદ હો તો મુઝકો તો પસંદ નહીં !**

## ★ પોતાના જેવા સૌને મૌદૂદી સસ્તા જાણે છે ! ★

*"ગરીબી, અજ્ઞાનતા અને ગુલામીએ આપણા લોકોને બેગૈરત*

*અને નફસના બંદા બનાવી દીધા છે, તેઓ રોટી અને ઈજ્જતના ભૂખ્યા થઈ રહયા છે. તેમનો એ હાલ થઈ ગયો છે કે જ્યાં કોઈકે રોટીના થોડાક ટૂકડા અને નામ માત્રના થોડાક રમકડાં ફેંકયાં એઓ કૂતરાની જેમ લપકે છે અને તેના બદલામાં પોતાના દીન તથા ઈમાન, પોતાના ઝમીર, પોતાની ગૈરત તથા શરાફત, પોતાની કૌમ તથા મિલ્લતની વિરૂધ્ધ કોઈ કામ અંજામ આપવામાં તેમને કોઈ ડર નથી લાગતો." (મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૧, પેજ–૨૧)*

**નોંધ** : બુરુ થાય આ અમીરપણાની વિચારસરણીનું કે જેણે તમને એટલી હદે આંધળા બનાવી દીધા છે કે તેમને એટલો પણ હોશ નથી કે તમે કોને સંબોધી રહ્યા છો ?!

મુસલમાન હોવાનો દાવો અને પોતાના જ ભાઈ બિરાદરને એવું લખવું કે આ કૌમ રોટીના થોડાક ટૂકડાના માટે કૂતરાઓની જેમ લપકે છે. ખુદાનો શુક્ર છે કે આ કિરદાર તમે તથા તમારી જમાઅતના લોકોનો છે. આમ મુસલમાન ગરીબી કે તંગદસ્તીના કેટલાયે ખતરનાક દલદલમાં કેમ ફસાયેલો ન હોય પરંતુ તે નામ માત્રનાં થોડાંક રમકડાં અને રોટીના થોડાક ટૂકડાઓ પર આ રીતે નથી વેચતા જે રીતે તમે તથા તમારી જમાઅતના લોકો વેચાતા રહો છો.જેના માટે કૌષર નિયાઝીનો પત્ર તથા રાજીનામુ ન્યાયી સાક્ષી છે.

**જબ તક બિકા ન થા તો કોઈ પૂછતા ન થા**

**તુમને ખરીદકર મુઝે અનમોલ કર દિયા**

જે મદીનાના બજારમાં વેચાઈ ચૂકયો હોય તો હવે દુનિયા કોઈ માર્કેટમાં તેની દુકાન નથી લગાડી શકાતી. રોટીના થોડાક ટૂકડા પર કૂતરાઓની જેમ લપકવું **"અતાઅતૂ લિકાઅતૂ"**ના પ્રમાણે આં બદૌલત (તમને) મુબારક થજો !

## ★ મુસ્લિમ કૌમ મૌદૂદીની કલમના નેજા પર ! ★

*"એ પણ શકય છે કે માણસ પર બદલાની ભાવનાએ પકડ જમાવી હોય, તેને અંગ્રેજોના હાથે એટલી તકલીફો પહોંચી હોય કે તે ગુસ્સાના આવેશમાં*



*આંધળો બની ગયો હોય અને કહેતો હોય કે જો હક્કની તલ્વાર નથી મળતી તો પરવા નથી હું બાતિલની જ તલ્વાર વડે એ દુશ્મનનું માથુ કાપી નાખીશ. ચાહે સાથોસાથ મારી પોતાની મિલ્લતની પણ રગે જાન કપાઈને રહી જાય ! એવા શખ્સની બીમારી, દિલનો ઈલાજ ખુદાવંદે આલમના સિવાય કોઈ અન્યની પાસે નથી. અલ્લાહ તેને તૌબાની તૌફીક અતા ફર્માવે, નહીં તો ડર છે કે જે માર્ગ પર તે આ જઝબાની સાથે ચાલી રહ્યો છે તેમાં પોતાની જીવનભરની કમાણી વેડફી નાખશે અને કિયામતના દિવસે એ હાલમાં ખુદા સમક્ષ હાજર થશે કે સર્વ ઈબાદતો તથા તેની નેકીઓ તેના આમાલનામામાંથી ગાયબ હશે અને એક પૂરી કૌમને ગુમરાહી અને ઈર્તેદાદમાં સપડાવવાનો મહાન જુર્મ તેના માથા પર હશે. (મુસલમાન ઔર મૌજૂદા સિયાસી કશ્મકશ, ભાગ–૨, પેજ–૧૯૨)*

*"આ ગરીબ શિક્ષણ માટે આધુનિક સ્કૂલોમાં જાય છે ત્યાં અધિકતર સ્વાર્થી તથા પ્રપંચી, અધર્મી કે અધકચરા મુસ્લિમ, અધર્મી જેવા લોકોથી તેને પાલો પડે છે અને પૂરાણી સ્કૂલો તરફ ધ્યાન કરે છે તો મોટા ભાગના મઝહબી સોદાગરોના હાથે ચઢી જાય છે. દીની જાણકારી પ્રાપ્ત કરવા ચાહે છે તો ખતીબો અને વાઈઝોની મોટી બહુમતી તેમને ગુમરાહ કરે છે. રૂહાની તર્બિયત તાલિબ થાય છે તો પીરોની મોટા ભાગની બહુમતી તેમના માટે ખુદાના માર્ગની રહઝન સાબિત થાય છે. દુનિયવી નીતિ નિયમોના ઉદ્‌ભવસ્થાનો પ્રતિ વળે છે તો વર્તમાનપત્રો તથા મેગેઝિનો સાથે પાલો પડે છે જે મોટા ભાગે આપણી કૌમના સૌથી વધુ* **નીચ તબકા***ના હાથમાં છે. કૌમી તથા દેશને લગતા મામલાઓની સરદારી માટે લીડર શોધે છે તો તેઓ વધારે પડતા અધર્મી કે અધર્મી અને ડબલબાજુવાળા ગિરોહથી નીકળે છે. પોતાની રોજીની તલાશમાં રોજીના દ્વારો પ્રતિ જાય છે તો ત્યાં મોટા ભાગે તે લોકોને કબજો જમાવેલ જુએ છે જેમણે હલાલ તથા હરામના તફાવતને તદ્દન જ ખત્મ કરી દીધો છે. મતલબ કે આપણી કૌમના તે તબકા જે હકીકતમાં એક કૌમનું દિલ તથા દિમાગ હોય છે અને જેમના પર તેના બનાવ તથા બિગાડનો આધાર હોય છે તે અત્યારે બદકિસ્મતીથી એક એવું તત્વ (બળ) બનેલ છે જે તેને બનાવવાને બદલે બગાડવા પર ઉતરી આવેલ છે, અને બનવાની દરેક સાચી તથા પરિણાત્મક તદબીરમાં આડો*

(રુકાવટો) છે. *(જમાઅતે ઈસ્લામીકા મકસદ તારીખ ઔર લાએહા અમલ, પેજ–૧૦૩, ૧૦૪, મૌદૂદી)*

## ★ રિવ્યૂ ★

**ફર્માવો ! કાંઈ આંખોમાં રોશની, દિલમાં નૂર, ઈમાનમાં કાંઈ તાજગી પેદા થઈ ! આ છે હાઈ સ્ટાન્ડર્ડ પોઝિશનના અધિક ફુલ પાવર મોડર્ન મુજદ્દિદે આઝમ મૌદૂદીની ઈલ્મી અઢળકતા અને સમજબુઝવાળા મિજાઝના દુર્લભ તથા અજોડ પ્રકારનો નમૂનો ! શું આ લખાણને વાંચ્યા પછી વાજિબુત્તઅઝીર, મુઅલ્લિમુલ મલકૂત, અબુલ ફુતૂર મૌદૂદી કોઈ પ્રકારની અદબ તથા લેહાઝનો સમજી શકાય છે ?!**

## ★ શું ખુદા ચાલબાઝ છે ?! ★

*"અહીં જે કૌમનું નામ મુસલમાન છે તે દરેક પ્રકારના બુરા ભલા લોકોથી ભરેલી છે. ખાસિયતોના આધારે જેટલી ટાઈપ કાફિર કૌમોમાં જોવા મળે છે તેટલા જ પ્રકાર આ કૌમમાં મૌજૂદ છે." (ઈસ્લામી હુકૂમત કિસ તરહ કાઈમ હોતી હૈ, પેજ–૧૮, મૌદૂદી)*

*"અને શું તેઓ અલ્લાહની ચાલથી નીડર થઈ ગયા ! જો કે અલ્લાહની ચાલથી તો તે જ નીડર બને છે જેને બર્બાદ થવું છે." (તફહીમાત, પેજ–૧૩૬, મૌદૂદી)*

**નોંધ : આવું તો કોઈ ચાલબાઝ જ કહી શકે છે.**

*"તે **ચાલો**ના મુકાબલામાં ખુદા પણ એક **ચાલ** ચાલ્યો, પણ ખુદાની **ચાલ** એવી હતી કે તેઓ તેને સમજી શકતા ન હતા. પછી તેનો ઉકેલ કેમ કરીને કરતા ? (તફહીમાત, પેજ–૪૩, મૌદૂદી)*

## ★ નબીની શાનમાં ગુસ્તાખી ★

*"વળી ઈસ્રાઈલી ચરવાહાને (ભરવાડ)ને જુઓ કે જેની સાથે મુકદ્દસ વાદી તૂવામાં બોલાવીને વાતો કરવામાં આવી. તે પણ સામાન્ય ચરવાહાઓ જેવો*



*ન હતો." (તફહીમાત, પેજ–૨૪૧, મૌદૂદી)*

**નોંધ : હું નથી કહી શકતો કે ખુદાના એક ચહીતા પયગંબરને ઈસ્રાઈલી ચરવાહો કહીને તમે દીનની ખિદમત કરી કે ઝબાનની ? ખુદાવંદે કુદુસ આવા અપમાનજનક પ્રકારની લેખન શૈલીથી દરેક ખુશ અકીદા તથા નિયાઝમંદ મુસલમાનને મેહફૂઝ રાખે. આમીન....**

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગુસ્તાખી★

"અરબના રણનો આ અભણ અને બાદયાનશીં (જંગલવાસી) જે ચૌદસો વરસ પહેલાં તે અંધકારમય દૌરમાં પેદા થયો હતો, હકીકતમાં તે વર્તમાન સમયનો બાની અને તમામ દુનિયાનો લીડર હતો."

(તફહીમાત, પેજ–૨૧૦, મૌદૂદી)

*"એક **રખેવાળી** અને **સૌદાગરી** કરનાર **અભણ જંગલવાસી**ના અંદર એકાએક આટલો ઈલ્મ, આટલી રોશની, આટલી શકિત, આટલા કમાલો, આટલી જબરદસ્ત કેળવણી પામેલ કૌમો પૈદા થઈ જવાનો કયો ઝરીયો હતો." (તફહીમાત, પેજ–૨૪૧)*

**નોંધ : રબના મહબૂબની બારગાહ અને આ શબ્દો ! રખેવાળ (ગોવાળિયો), સોદાગર, જંગલવાસી, લીડર, અભણ....! સાચી વાત છે નવા ઈસ્લામને નવો લિબાસ જોઈએ !**

*"અને કયારેક કયારેક માનવી હોવાના તકાઝા હેઠળ જ્યારે કદીક આપનાથી કોઈ ઈજતેહાદી લગઝિશ થાય છે." (તફહીમાત, પેજ–૨૪૫, મૌદૂદી)*

**નોંધ : આ તે જ અંદાઝ છે જેમ કે કોઈ મોટો પોતાનાથી નાનાના વિશે કહી રહ્યો હોય. ઉપરોકત લખાણમાં ઘમંડ, ગુરૂર, સરકશી, બેપરવાઈનાં ભરપૂર દર્શન થાય છે, અલબત્ત જે ચીજ એમાં શોધવાથી નથી મળતી તે નિયાઝમંદીની તથા અકીદતની અદના ઝલક છે.**

*"ઈસ્લામમાં એવા શખ્સને મુસલમાન કહેવામાં આવવાનો અવકાશ નથી જે નમાઝ ન પઢતો હોય." (હકીકતે સૂમો સલાત, પેજ–૧૮)*

*"સૌથી મોટી ગલતી એ જ છે કે તમે નમાઝ રોઝાના અરકાન અને*

*તેની જાહેરી સ્થિતિઓને જ ઈબાદત સમજી રાખી છે."*
(હકીકતે સૂમો સલાત, પેજ–૪૫)

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષોની ટીકા ★

*"આ કાણો દજ્જાલ તો કહાનીઓ છે જેની કોઈ શરઈ હૈસિયત નથી."* (તર્જુમાન, સપ્ટેમ્બર તથા ઓક્ટો., ઈ.સ. ૧૯૪૫)

*"એ બાબતો (એટલે કાણો દજ્જાલ વગેરે)ના વિશે જે વિવિધ વાતો હુઝૂરથી હદીષમાં નકલ થયેલી છે તે હકીકતમાં આપના* **કયાસો** *છે જેના બારામાં આપ (*صلی اللہ تعالیٰ علیہ وسلم*)* **ખૂદ શકમાં હતા.** *........................... પરંતુ શું સાડા તેરસો વરસના ઈતિહાસે એ વાત સાબિત નથી કરી કે હુઝૂરનો આ અંદેશો સહીહ ન હતો !*
(તર્જુમાન, ફેબ્રુ., ૧૯૪૬, મૌદૂદી)

**નોંધ :** શકય છે કે મૌદૂદી શરીઅતમાં તે પયગંબર જેને અલ્લાહ તરફથી ગૈબની ખબરો આપવામાં આવી તેની આગાહીઓનું સ્થાન એવું જ હોય જેવું કે જ્યોતિષો અને જોગીઓની અટકળોનું. એનો ભાવાર્થ એ છે કે "લાગ્યું તો તીર નહીં તો તુક્કો !" મઆઝલ્લાહ ષુમ્મ મઆઝલ્લાહ ! નહીં તો આ બાબતમાં જે લોકોની નજરો કુર્આન તથા હદીષના યકીનીપણા પણ છે તે તમારી આ બાળ હરકતને બેહૂદાપણાથી વિશેષ સમજશે નહીં. વળી આટલી મુદ્દત ગુજરી જવા છતાં કાણા દજ્જાલનું જાહેર ન થવું એ આગાહી સાચી ન હોવાની દલીલ છે તો હઝરત મેહદીના વિશે પણ આ જ દલીલને કામે લગાડવી જોઈએ, ત્યાં તેમના આગમન માટે આગ્રહ કેમ છે ?

## ★ મુહદ્દિષો તથા ઈમામો પર અવિશ્વાસ ! ★

*"તમે કહો છો કે જે હદીષને તે મોહદ્દિષો સહીહ ઠરાવી દે છે તે હદીષ હકીકતમાં પણ સહીહ છે. સેહતનું (સહીહ હોવાનુ) સંપૂર્ણ યકીન તો મોહદ્દિષોને પણ ન હતું.* (તફહીમાત, પેજ–૨૯૨, મૌદૂદી)

**નોંધ :** તમને જાતે પોતે હદીષના સહીહ હોવાનું યકીન હોય કે ન હોય



પરંતુ જો મોહદ્દિષોને તેની સેહતનું યકીન ન હોત તો તેઓ તેને યકીનન સહીહ ન ઠરાવી દેત. નહીં તો આ ઈલ્મ તથા અક્કલની દુનિયામાં એક ઘણી જ મોટી મુજરિમાના ખયાનત છે ! કદાચ હદીષના મુન્કિરોના ખોળામાં ઉછરેલ પણ આવા ફિત્નાપરવર દિમાગો નથી ઉછેરતા. તે ઉપરાંત જો હદીષના રાવીઓ અને વાસ્તાઓને આ જ પ્રમાણે અવિશ્વસનીય સમજી લેવામાં આવે તો આખા કુર્આનના વિશે પણ અધર્મતાની જીભ બેલગામ થઈ શકત. જેની રહનુમાઈ આં બદૌલત (તમે) ફર્માવી રહ્યા છો એ દીનની ખિદમત નથી બલ્કે ઈસ્લામના વૃક્ષમાં કુહાડો મારવાનું કામ છે.

*"તમારી દ્રષ્ટિમાં દરેક તે રિવાયતને રસૂલની હદીષ માની લેવું જરૂરી છે જેને મોહદ્દિષો સનદના એતબારથી સહીહ ઠરાવે છે. પરંતુ અમારી દ્રષ્ટિમાં એ જરૂરી નથી."* (તફહીમાત, પેજ–૨૦૩, મૌદૂદી)

*"મોહદ્દિષોમાં જે બુનિયાદોના આધારે હદીષોને સહીહ તથા ગલત થવા કે ઝઈફ વગેરે થવાનો ફેંસલો કરાય છે, તેમનામાં કમજોરીનાં વિવિધ પાસાં હું બયાન કરી ચૂક્યો છું."* (તફહીમાત, પેજ–૨૦૩, મૌદૂદી)

*"અમે કદી એ ખયાલને સમર્થન નથી આપ્યું કે દરેક શખ્સને હદીષના ઈમામોની આંધળી તકલીદ કરવી જોઈએ અથવા તેમને ગલતીથી પાક સમજવા જોઈએ, ન કદી અમે એ દાવો કર્યો કે દરેક કિતાબમાં જે રિવાયત* **કાલર્રસૂલથી** *શરૂ થાય તેને આંખો બંધ કરીને રસૂલ* صلی اللہ تعالیٰ علیہ وسلم *ની હદીષ માની લેવામાં આવે."*
(તફહીમાત, પેજ–૨૦૫, ભાગ–૧, મૌદૂદી)

**નોંધ :** હદીષના ઈમામોની આંધળી તકલીદ કરવી અથવા તેમને ગલતીથી પાક માનવા અથવા જે કિતાબ **કાલર્રસૂલથી** શરૂ થાય તેને હદીષ માની લેવાનું સમર્થન તમે કરી જ નથી શકતા ! આ બધું તો પૂરાણા ઈસ્લામનો રિવાજ તથા દસ્તૂર છે. હવે એટલું કહી દેવું પૂરતુ થશે કે 'તફહીમાત'માં આવું છે અને 'તજદીદો અહ્યાએ દીન'માં આવું છે. આ કિતાબોની જાળ અને પ્રકાશન ઓફીસ કયા દિવસે કામ લાગશે !

## ★ અંબિયા–ઔલિયાની બારગાહમાં બેઅદબી ★

*"ખુદાની સલ્તનતમાં સૌ બેઈખ્તિયાર પ્રજા છે, ભલે તે ફરિશ્તો હોય કે અંબિયા કે ઔલિયા."* (દસ્તૂરે જમાઅતે ઈસ્લામી, પેજ–૫, મૌદૂદી)

## ★ મોહક્કિકો તથા મુફક્કિરોની તૌહીન ★

*"ઈસ્લામમાં એક નવી જિંદગીની જરૂરત છે, જૂના ઈસ્લામી મુફક્કિરો તથા મોહક્કિકોનો સરમાયો હવે કામ આપી શકતો નથી."* (તફહીમાત, પેજ–૧૫)

**નોંધ : પૂરાણા ઈસ્લામી મુફક્કિરો કે મુહક્કિકોનો સરમાયો મૌદૂદી શરીઅતમાં કામ લાગે કે ન લાગે પરંતુ જેનું નામ શરીઅતે મુહમ્મદી છે (صلى الله تعالى عليه وسلم) તેના માટે આ સરમાયો કામનો હતો, છે અને રહેશે.**

*"જો હું તરસની હાલતમાં અથવા બીમારીમાં ખાદિમ અથવા ડોકટરને પુકારવાને બદલે કોઈ વલી કે દેવતાને પુકારું છું તો એ જરૂર તેને **મઅબૂદ** બનાવવું છે અને તેનાથી દુઆ માંગવું છે."* (કુર્આનકી ચાર બુન્યાદી ઈસ્તેલાહેં, પેજ–૧૯, મૌદૂદી)

*"કોઈને ખુદાને ત્યાં સિફારશી ઠરાવીને તેનાથી મદદ ચાહવી અને તેની આગળ તાઝીમની રસમો અંજામ આપવી અને નઝરો નિયાઝ પેશ કરવી, એને **મઅબૂદ** બનાવવું કહે છે."* (હવાલો ઉપર મુજબ, પેજ–૨૨)

*"કોઈને શફીઅ થવા સિફારશી સમજવો એ તેને **મઅબૂદ** બનાવવો અને ખુદાઈમાં અલ્લાહનો શરીક ઠરાવવું છે."* (હવાલો ઉપર મુજબ, પેજ–૨૩)

**નોંધ : શફીઅ કે સિફારશીને ઈલાહ તથા મઅબૂદ ઠરાવવું અથવા ખુદાઈમાં અલ્લાહનો શરીક ઠરાવવું એ અંધેર નથી તો બીજુ શું છે ? જો તે તેને ઈલાહ કે મઅબૂદ જ સમજતો હોત તો સિફારશી શા માટે ઠરાવત ? શફીઅ સમજવું એ ખૂદ એ વાતની રોશન દલીલ છે કે તે શફીઅને મઅબૂદ નથી સમજતો.**

*"કોઈનામાં એ શકિત નથી કે તે તમારી ફરિયાદરસી કરી શકે, દુઆઓ કબૂલ કરી શકે, પનાહ આપી શકે, હિમાયત કરનાર કે મદદ કરનાર, વલી તથા કારસાઝ બની શકે, નફો કે નુકસાન પહોંચાડી શકે. જેથી મઅબૂદનો જે ભાવાર્થ પણ તમારા દિમાગમાં છે તેના લેહાઝથી બીજો કોઈ 'ઈલાહ' (મઅબૂદ) નથી. ત્યાં સુધી કે કોઈ આ અર્થમાં પણ મઅબૂદ નથી કે કાયનાતના માલિકને ત્યાં બારગાહનો મુકર્રબ હોવાની હૈસિયતથી જ તેનું જોર ચાલતુ હોય અને તેની સિફારિશ માનવામાં આવતી હોય."* (હવાલો ઉપર મુજબ, પેજ–૩૭)



*"મઅબૂદોથી મુરાદ ઔલિયા તથા સુલહા છે અને તેમની ઈબાદતથી મતલબ તેમની જિંદગીની સિફતોથી ઉચ્ચતર અને ઝાતી સિફતોથી સંબંધિત સમજવું, તેમને ગૈબી મદદો, મુશ્કિલકુશાઈ તથા ફર્યાદરસી માટે શકિતમાન સમજવું અને તેમના માટે તાઝીમની તે રસમો અદા કરવી જે પૂજાની હદ સુધી પહોંચેલી હોય."* (હવાલો ઉપર મુજબ, પેજ–૧૨૩)

*"અમે અમારા મસ્લક તથા બંધારણને કોઈ ખાસ વ્યકિત પ્રતિ સંબંધિત કરવાને જાઈઝ નથી સમજતા, મૌદૂદી તો શું અમે આ મસ્લકને મુહમ્મદી કહેવા માટે પણ તૈયાર નથી."* (તર્જુમાને કુર્આન, મૌદૂદી)

**નોંધ : હક્ક વાત જીભ પર આવી જ ગઈ ! પોતાના ઘર બનાવટના મસ્લકને મૌદૂદી કહે કે ન કહે, પણ ખરેખર તે મુહમ્મદી નથી જ !**

*"ઝકાત વિના નમાઝ, રોઝા તથા ઈમાનની ગવાહી સૌ બેકાર છે, કોઈનો પણ ભરોસો કરવામાં નહીં આવે."* (ખુતબાત, પેજ–૧૨૭, મૌદૂદી)

**નોંધ : મૌદૂદી બૈતુલ માલ જે રાજકિય કાવાદાવામાં વપરાય છે તેને પૂર કરવાનો આ સરસ તરીકો છે !**

## ★ મૌદૂદીની દ્રષ્ટિએ મુસલમાન કોણ ? ★

*"ઈસ્લામમાં કોઈ એવા શખ્સને મુસલમાન સમજી લેવાનો અવકાશ નથી જે નમાઝ ન પઢતો હોય, કુર્આનની રૂએ કલ્મા તૈયેબાનો ઈકરાર નિરર્થક છે જો તે તેની સાબિતિમાં નમાઝ તથા ઝકાતનો પાબંદ ન હોય."* (ખુતબાત, પેજ–૧૩૩, મૌદૂદી)

**નોંધ : શકય છે કે મોલ્વી મન્ઝૂર નોઅમાની, મોલ્વી અમીન અહસન ઈસ્લાહી જેવા લોકોની જમાઅતથી બેઝારી તથા અલાઈદગીના કારણોમાં એક એ પણ હોય જેમાં ઝબાન ગાલિબ ફત્વા મગ્લૂબ ! (ફત્વા પર ઝબાનની ચાલાકી ચઢી જતી હોય !)**

*"કેવળ એટલા માટે કે ખુદા ખુશ થશે પછી દુનિયાને છોડીને ખૂણાઓ તથા ગોશાઓમાં જઈને બેસવું અને તસ્બીહ હલાવવી ઈબાદત*

*નથી."* (હકીકતે સૂમો સલાત, પેજ–૧૮)

*"દાઢીના વિશે શારેએ (હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ) કોઈ હદ નિશ્ચિત નથી કરી. ઉલમાએ જે હદ મુકર્રર કરવાની કોશિશ કરી છે તે એક ઈસ્તિમ્બાતી (કાઢવામાં આવેલી) ચીજ છે."* (રસાઈલો મસાઈલ, પેજ–૮૬)

**નોંધ :** **ઈસ્લામી શરીઅતના હજારો મસાઈલ ઈસ્તિમ્બાતી છે તો પછી એક દાઢી પર કેમ કેહરો જલાલની વીજળી વરસી રહી છે ! જે કહેવું હોય તે ઉઘાડા શબ્દોમાં કહી દો ! આ ઢાકયું છુપુ કયાં સુધી !**

## ★ ચોરની સજા અને મૌદૂદીની શરીઅત ! ★

*"એ પ્રમાણે ચોરીની સજાને પણ કયાસ કરી લો કે તે કેવળ તે જ સમાજ માટે મુકર્રર કરવામાં આવી છે જેમાં ઈસ્લામના આર્થિક ખયાલો તથા ઉસૂલો અને કાનૂનો સંપૂર્ણપણે લાગુ થયેલ હોય. હાથ કાપવાને અને ઈસ્લામી આર્થિક બંધારણને એવો સંબંધ છે જેને કટ નથી કરી શકાતો. જ્યાં આ આર્થિક બંધારણ સ્થાપિત હોય ત્યાં હાથ કાપવો ઐન ઈન્સાફ છે અને ફિતરતના તકાઝા હેઠળ છે. અને જ્યાં આર્થિક બંધારણ ન હોય ત્યાં ચોરનો હાથ કાપવો બમણો જુલમ છે."* (તફહીમાત, પેજ–૨૮૨, મૌદૂદી)

*"પોતાની જગાએ તો ચોરના માટે હાથ કાપવો જ નહીં બલ્કે કૈદની સજા પણ અમુક સંજોગોમાં જુલ્મ થશે."* (તફહીમાત, પેજ–૨૮૧, મૌદૂદી)

## ★ ઝિના તથા તોહમતની ઈસ્લામી સજા અને મૌદૂદી શરીઅત ! ★

*"જ્યાં સ્કૂલોમાં, ઓફિસોમાં, કલબોમાં તથા હરવા ફરવાના સ્થળોમાં એકાંત તથા જાહેરમાં દરેક સ્થળે યુવાન પુરૂષો અને બની ઠની સ્ત્રીઓને મુકતપણે મળવા જુલવા અને સાથે ઉઠવા બેસવાનો મોકો મળે છે, જ્યાં દરેક બાજુ સેકસી પ્રવૃત્તિઓ ફેલાયેલ હોય, અને પતિ પત્નીના સંબંધ વિના ખ્વાહિશોના સંતોષ માટે દરેક પ્રકારની સહુલતો પણ મૌજૂદ હોય, જ્યાં*



*અખ્લાકનું સ્તર પણ એટલુ નિમ્ન હોય કે નાજાઈઝ સંબંધોને કાંઈ ઐબદાર ન સમજવામાં આવતા હોય એવી જગાએ ઝિના અને કઝફ (ઝિનાના આક્ષેપ)ની શરીઅત મુજબની હદ (સજા) લાગુ કરવી નિઃશંક જુલ્મ થશે."* (તફહીમાત, પેજ–૨૮૧, ભાગ–૨, મૌદૂદી)

**નોંધ :** **કુર્આન** તથા **હદીષ**માં ઝિના (વ્યભિચાર)ની શિક્ષા માટે **કોઈ વાતાવરણ કે માહોલની શરતો નથી,** પણ આ મૌદૂદી નવી શરીઅત કાઢીને કુર્આન હદીષના હુકમોને ખોટા ઠરાવી રહ્યા છે !

## ★ આખરી અપીલ ★

હે કલમો પઢનારા મુસલમાન ! જે અલ્લાહ અને રસૂલનો તું કલમો પઢે છે તે રબનો ડર દિલમાં હાજર રાખીને તે રસૂલની શરમને સામે રાખીને વિચાર કે આવા ગંદા તથા ગુમરાહીભર્યા ખયાલો જે જમાઅતના ગુરૂના હોય તે જમાઅતમાં જોડાઈને કઈ રીતે તું ઈસ્લામ પર તથા ઈમાન પર રહી શકે છે ?! મૌદૂદીનો સૂચવેલ મઝહબ **અસલ ઈસ્લામ** નહીં પણ **ડુપ્લીકેટ** છે જે તેના ગંદા ભેજાની ઉપજ છે.

કોઈનામાં લાખ ખૂબીઓ હશે, દીનના નામે ભાગ દોડ, કૌમની ખિદમતના નામે તનતોડ કોશિશો કરતો હશે, દૌલતના અંબાર લૂટવાનો હશે, પણ **અસલ ચીજ ઈમાન** નહીં હોય તો હમેશાંની જહન્નમ સિવાય કાંઈ હાથ આવશે નહીં. માટે હજી સમજ અને ગુમરાહોથી દૂર રહી આખેરતની જિંદગીને બચાવી લે.

(સંપૂર્ણ)

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ